સ્વાધ્યાય

જન્માષ્ટમી
વિ. સં. ૨૦૨૨

પુસ્તક ૩
અંક ૪

સ્વાધ્યાય અને સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

વલભીની એક સુંદર સ્ત્રી-મૂર્તિ (જુઓ આ અંકમાંનો લેખ)
(ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ ખાતાના સૌજન્યથી)

પ્રાચ્યવિ
મહારાજા સય

સ્વાધ્યાય

પુસ્તક ૩ઃ અંક ૪ સપ્ટેમ્બર, ૧૯૬૬
જન્માષ્ટમી અંક વિ. સં. ૨૦૨૨

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	જરાસંધ-વધ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા	... ૩૬૯–૩૯૪
૨.	જામવિજય કાવ્ય—ડોલરરાય માંકડ	... ૩૯૫–૪૦૮
૩.	ઈશાન ગુજરાત પર પરમારોની સત્તા—એન. એ. આચાર્ય	... ૪૦૯–૪૧૪
૪.	નાટ્યગૃહ વિધાન—કાંતિલાલ ફુલચંદ સોમપુરા ...	... ૪૧૫–૪૨૪
૫.	"કાદમ્બરી"માંથી એક પરિચ્છેદ—રાજેન્દ્ર નાણાવટી ...	... ૪૨૫–૪૨૯
૬.	રાજર્ષિ કુમારપાલ—લાલચંદ્ર ભગવાન ગાંધી	... ૪૩૦–૪૪૫
૭.	ધૂમલી કે ભૂમલી ?—સ્મૃતિશેષ એક નગર—પુષ્કર ચંદરવાકર	... ૪૪૬–૪૫૪
૮.	ગુલબદન બેગમ અને હુમાયુનામા—એમ. એફ. લોખંડવાલા	... ૪૫૫–૪૫૮
૯.	સૌંદર્યવિભાવના—હસિત હ. બૂચ	... ૪૫૯–૪૬૯
૧૦.	વસંત નૃત્યગીતો—રેવાબહેન તડવી—શંકરભાઈ સોમાભાઈ તડવી	... ૪૭૦–૪૯૦
૧૧.	વાર્તાકાર શામળ : એક દૃષ્ટિ—સુમન શાહ	... ૪૯૧–૪૯૮
૧૨.	વલભીની એક સુન્દર સ્ત્રી-મૂર્તિ—ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ	... ૪૯૯–૫૦૦
૧૩.	ગ્રન્થાવલોકન :	
	૧. શંખપરાભવ વ્યાયોગ	... ૫૦૧–૫૦૪
	૨. ભગવાન ઈસુનો શુભ સંદેશ અને પ્રેષિતોનાં ચરિત્રો ...	... ૫૦૪–૫૦૯

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૨ પુસ્તક ૩

સપ્ટેમ્બર, ૧૯૬૬ અંક ૪

જરાસંધ-વધ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

ખાંડવદહન થઈ ગયું. શ્રીકૃષ્ણ-અર્જુન મયદાનવની સાથે યમુનાના કિનારે આરામ માટે બેઠા. (૧-૨૨૫-૧૯). ત્યાં પોતાનો પ્રાણ બચાવ્યો, તેથી ઉપકારવશ બનેલા મયદાનવે વારંવાર આદર આપી, અર્જુનને, પોતાને યોગ્ય સેવાકાર્ય ફરમાવી પ્રત્યુપકારની તક આપવા વિનંતી કરી. અર્જુને પરસ્પર પ્રેમભાવ એટલે કે મૈત્રી રાખવા કહ્યું. મયે પુનઃ વિનંતી કરી, 'હું દાનવોનો મહાનિષ્ણાત (महाकविः) વિશ્વકર્મા—ઈજનેર છું. મારી ઈચ્છા છે કે હું પ્રેમપૂર્વક તમારું કંઈક કાર્ય કરું.' ત્યારે આર્યશીલવાળા અર્જુને કહ્યું, 'તું એમ માને છે કે મેં તને પ્રાણસંકટમાંથી છોડાવ્યો છે. એટલે તારી પાસે (બદલારૂપી) કંઈ કામ કરાવી શકાય નહિ તેમ તારો મનોરથ નિષ્ફળ થાય તે ય ઠીક નથી. તેથી તું આ શ્રીકૃષ્ણનું કંઈક કામ કર, એટલે મને બદલો વળી જશે.' (૨-૧-૧ થી ૭)

એટલે મયદાનવે શ્રીકૃષ્ણને કંઈ કામ સૂચવવા વિનંતી કરી. વાસુદેવે થોડોક વખત વિચાર કરીને કહ્યું, 'દૈતેય! તું ધર્મરાજ માટે તને જેવી યોગ્ય લાગે તેવી સરસ સભા બનાવી આપ. તેને એવી અનુપમ બનાવ, અને તેમાં તારી દિવ્ય, આસુરી અને માનુષી તમામ ચાતુરી તથા કારીગરીનો ઉપયોગ કરીને એવી અદ્વિતીય બનાવ કે એને જોઈને માણસો આભા બની જાય.' (૨-૧-૮ થી ૧૧)

આમ સૂચવીને શ્રીકૃષ્ણ-અર્જુન મયદાનવને યુધિષ્ઠિરની પાસે લઈ ગયા. યુધિષ્ઠિરે મયનો યોગ્ય આદરસત્કાર કર્યો. પછી મયદાનવે યુધિષ્ઠિર માટે વિમાન જેવી—સમ્રાટના મહાલય જેવી, (ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય હજુ તો ઠકરાત જેવું હતું, તેની સાધનસંપત્તિ અલ્પ હતી, હજુ હવે તે મહારાજ્ય થવાનું હતું, અને યુધિષ્ઠિર સમ્રાટ પણ હવે થવાના હતા.) સભા—જેમાં સંસદ ખંડ હોય તેવો મહેલ બનાવવાનું શરૂ કર્યું. શ્રીકૃષ્ણ અને પાંડવોના અભિપ્રાય અનુસાર મયે શુભ દિવસે કૌતુક મંગલ કર્યું. બ્રહ્મભોજન કરાવી બ્રાહ્મણોને પાયસ અને દાનથી તૃપ્ત કર્યા. ચોમેર દશ-દશ હજાર કિષ્કુ—હાથ જેટલા પ્રમાણની સર્વ ઋતુના ગુણવાળી સરસ જમીનની માપણી કરી અને સભા બનાવવાનું કાર્ય ચાલુ કર્યું. (૨-૧-૧૨ થી ૧૯)

પાંડવો સાથે પ્રેમપૂર્વક રહેતા અને એકબીજાનો આદર કરતા શ્રીકૃષ્ણે ખાંડવદહનનું કાર્ય પતી જવાથી, પિતાને મળવા માટે દ્વારકા જવાનું નક્કી કર્યું. એમણે ધર્મરાજ અને કુન્તી ફોઈની વિદાય માગી તથા એ જગદ્વન્દ્યે ફોઈના ચરણમાં મસ્તક ઢાળીને પ્રણામ કર્યા. ફોઈએ કેશવનું માથું સૂંઘ્યું અને પ્રેમથી ભેટ્યાં. પછી યશસ્વી કૃષ્ણ પ્રિય બ્હેન સુભદ્રાને મળ્યા. મળતાં હેતને લીધે એમની આંખોમાં આંસુ છલકાઈ ગયાં. મંગલભાષિણી સુભદ્રાને એમણે અર્થભરેલી, તથ્યવાળી, હિતકારી, લઘુ, યોગ્ય અને ઉત્તમ વાતો કહી. સુભદ્રાએ પણ વારંવાર પગે લાગીને સ્વજનોના સમાચાર કહેવડાવ્યા. સુભદ્રાને વળતો આદર આપીને જનાર્દન (સખી) કૃષ્ણાને મળ્યા. તેને મીઠા શબ્દોથી રાજી કરી. પછી પુરોહિત ધૌમ્યને યથાન્યાય વન્દન કરીને એમની વિદાય લીધી. ત્યારબાદ બુદ્ધિમાન અને બળવાન શ્રીકૃષ્ણ અર્જુનને સાથે લઈને પાંડવોને મળવા આવ્યા. પાંડવો એમને ભાવથી મળ્યા. પછી પ્રસ્થાન કરતાં અગાઉ શ્રીકૃષ્ણે માળા, જપ, નમસ્કાર અને વિવિધ સુગંધી પદાર્થોથી દેવો અને દ્વિજોનું અર્ચન કર્યું.[1] એમ પ્રસ્થાનને લગતાં કાર્યો કરીને સનાતન શ્રીકૃષ્ણ (तस्थुषां वरः स्थितिमतां वरः सनातन इत्यर्थः । પં. નીલકંઠ) બહાર નીકળ્યા. સ્વસ્તિવાચન કરતા વિપ્રોને દહીં ભરેલાં પાત્રો, ફળ, ચોખા અને ધન આપ્યું તથા પ્રદક્ષિણા કરી. પછી ગરુડધ્વજવાળા, ગદા, ચક્ર, તલવાર, શાર્ઙ્ગ વગેરે આયુધોથી સજ્જ સૈન્ય અને સુગ્રીવ ઘોડાઓ જોડેલા, સુવર્ણના ઝડપી રથમાં બેસીને, શુભ તિથિ, નક્ષત્ર અને મુહૂર્તમાં પુંડરીકાક્ષ કૃષ્ણે પ્રયાણ કર્યું. એ વખતે રાજા યુધિષ્ઠિર પ્રેમપૂર્વક રથમાં ચઢી ગયા. સારથિ દારુકને આઘો કાઢીને પોતે જ રથ હાંકવા માંડ્યા. અર્જુન પણ રથ ઉપર ચઢીને સોનાના દાંડાવાળું ધોળું ચામર ઢોળવા લાગ્યા. એવી જ રીતે ભીમ, નકુલ, સહદેવ, ઋષિઓ અને નગરજનો શ્રીકૃષ્ણની પાછળ પાછળ જવા લાગ્યા. આમ પાંડવોથી અનુસરાતા કેશવ જાણે પ્રિય શિષ્યોથી ગુરુ શોભે એમ શોભવા લાગ્યા.[2]

એ પછી ગોવિન્દે યુધિષ્ઠિર તથા ભીમનું (નમીને) પૂજન કર્યું. અર્જુનને ભેટ્યા. નકુલ-સહદેવને આલિંગન કર્યું, અને નકુલ-સહદેવે તેમને પ્રમાણ કર્યા. પછી એમની સાથે ફરી મળવાનું નક્કી કરીને, તથા પાંડવોને પાછા વાળીને શ્રીકૃષ્ણ દ્વારકા તરફ ગયા. પાંડવો પોતાની નજર પહેંચી ત્યાં સુધી પ્રેમપૂર્વક તેમની પાછળ તાકી રહ્યા—નેત્રો વડે તેમની પાછળ ગયા, અને પ્રીતિને લીધે મનથી પણ તેમની પાછળ ગયા, તેમનું ધ્યાન કરવા લાગ્યા. તેમનાં મન કેશવને જોતાં ધરાતાં જ નહોતાં, ત્યાં તો પ્રિયદર્શન શૌરિ કૃષ્ણ તુરત જ દેખાતા બંધ થયા. એટલે પાંડવો ઉદાસ ચિત્તે ઇન્દ્રપ્રસ્થમાં પાછા ફર્યા. શ્રીકૃષ્ણ સમયસર દ્વારકા પહોંચી ગયા.

*

આની બાજુ મયદાનવ અર્જુનની રજા લઈને હિમાલયમાં ગયો. દાનવોએ ત્યાં યજ્ઞ કરેલો અને તે વખતે મયની પાસે મણિમય સંગ્રહપાત્ર બનાવડાવેલું. એ પાત્રને ત્યાં દાનવરાજ

---

૧. આ નિર્દેશ દેવમૂર્તિના પૂજનનો સંભવી શકે; જુઓ ૨-૨-૧૦.

૨. अनुगम्यमानः शुशुभे शिष्यैरिव गुरुः प्रियैः ॥ ૨–૨–૧૭ગધ

ધર્મરાજ અને ભીમ શ્રીકૃષ્ણ કરતાં ઉમરમાં મોટા છે, છતાં આ ઉપમા સાભિપ્રાય આપેલી છે.

વૃષપર્વાની સભામાં મૂકી રાખેલું, તે પાત્રને તથા બીજી ઉપયોગી સામગ્રી લેવા માટે ગયો. (સંભવતઃ મય ત્યાંથી સ્ફટિક વગેરે ચોક્કસ પ્રકારના પથ્થરો અને એવી કોઈ ખનિજસંપત્તિ લેવા ગયો હશે). હિમાલયમાં કૈલાસની ઉત્તરે મૈનાક પર્વત છે. તેની બાજુમાં હિરણ્યશૃંગ પર્વતની જોડે બિન્દુસરોવર છે. એ સ્થળે ગંગાને જોઈને ભગીરથે તપ કરેલું અને પ્રજાપતિએ એકસો યજ્ઞ કર્યા હતા. ત્યાં વાસુદેવે શ્રદ્ધાપૂર્વક શિષ્ટસંપ્રતિપત્તિ માટે ૧૦૦૦ વર્ષનાં (=૧૦૦૦ દિવસનાં) સત્રો કરેલાં.[૧] ત્યાંથી મયદાનવ યૌવનાશ્વની—માંધાતાની[૨] ગદા ભીમ માટે, વરુણનો દેવદત્ત શંખ અર્જુન માટે, અને વૃષપર્વાનાં સભા માટેનાં સ્ફટિકનાં સાધનો લાવ્યો (૨-૩-૧ થી ૧૮) એ પછી મયદાનવે પોતાની બધી કલાકારીગરીનો વિનિયોગ કરીને સભાને ચૌદ માસમાં સંપૂર્ણ કરી, એને એવી તો સુંદર બનાવી કે આ અપ્રતિમ સભાની તોલે જગતની કોઈ પણ સભા આવી શકે નહિ. (૨-૩-૧૯ થી ૩૪)

આ સભામાં—મહાલયમાં અનેક રાજકાર્યો ચાલતાં. તે સાથે અર્જુન, રુરુમૃગનાં વસ્ત્રો પહેરનાર (ક્ષત્રિય વિદ્યાર્થીઓનો આ પોશાક હશે), અનેક રાજપુત્રોને ધનુર્વેદનું શિક્ષણ આપતા હતા. અનેક યાદવકુમારો પ્રદ્યુમ્ન, સામ્બ અને યુયુધાન સાત્યકિને પણ અર્જુને અહીં જ કેળવીને તૈયાર કર્યા હતા. (૨-૪-૨૮ થી ૩૦)

એક વખત સભામાં રાજકાર્યો ચાલતાં હતાં, તેવામાં મહર્ષિ નારદ બીજા કેટલાક ઋષિઓની સાથે ત્યાં પધાર્યા. ઋષિ નારદે યુધિષ્ઠિરને રાજકાજ ધર્મપૂર્વક અને સુવ્યવસ્થિત ચાલે છે કે કેમ તે જાણવા માટે લંબાણથી પ્રશ્નો પૂછ્યા. આ પ્રશ્નોમાં એવા મૂલગામી, કેન્દ્રવર્તી, માર્મિક અને ચિરંજીવ વિચારો મૂકવામાં આવ્યા છે કે અત્યારના સંકુલ તથા વૈજ્ઞાનિક સાધનો-વાળા અણુયુગમાં પણ તાજા લાગે છે. (જુઓ 'સભાપર્વ' અ. ૫) એમાં રાષ્ટ્રના સંરક્ષણ માટે કેટલીક વાર આક્રમણ જરૂરી હોય છે તે દર્શાવ્યું છે.[૩] લાંચરુશવત ઉપર કડક પ્રતિબંધ, બધા પ્રકારનો વૈજ્ઞાનિક વિદ્યાભ્યાસ, સિંચાઈદ્વારા ખેતી અને તે બધા ઉપરાંત શાસક જિતેન્દ્રિય અને અતન્દ્રિત જ હોવો જોઈએ વગેરે બાબતો ઉપર યોગ્ય ભાર મૂકીને પ્રશ્નો કરવામાં આવ્યા.[૪]

યુધિષ્ઠિરે નારદને નમ્રતાપૂર્વક જણાવ્યું કે, 'આ સત્પથે ચાલવા હું યથાશક્તિ પ્રયત્ન કરું છું, પણ પૂર્વના જિતેન્દ્રિય રાજાઓની તોલે આવી શકતો નથી.' (૨-૬-૧ થી ૪) એ પછી બીજી વાતો નીકળતાં નારદે યુધિષ્ઠિરને બ્રહ્મા, ઇન્દ્ર, યમ, વરુણ અને કુબેરની સભાઓની

---

૧. જુઓ ખંડ ૧, પ્રક૦ ૯, 'શ્રીકૃષ્ણનાં શિષ્ટસંપ્રતિપત્તિસત્રો'

૨. યૌવનાશ્વના બદલે બીજું મહત્ત્વનું પાઠાંતર 'વૃષપર્વા' મળે છે.

૩. સર૦ પાકિસ્તાને ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને સપ્ટેમ્બર ૧૯૬૫માં રેડિયો ઉપર રાષ્ટ્ર જોગું ભાષણ કર્યું તેમાં : Sometimes aggression is best defence તથા वीरभोग्या वसुंधरा । ઇત્યાદિ.

૪. વાલ્મીકિ રામાયણમાં આવો જ એક અધ્યાય છે, ('રામાયણ' સમીક્ષિત વાચના ૨-૯૪; પ્રચલિત વાચના ૨-૧૦૦). એમાંના સંખ્યાબંધ શ્લોકો મહાભારતના શ્લોકો સાથે અક્ષરશઃ મળતા છે. એ અધ્યાય મહાભારતમાંથી 'રામાયણ'માં લેવાયેલો માલૂમ પડે છે. એ માટે જુઓ 'રામાયણ'ના અયોધ્યાકાંડની સંપાદકની નોંધ.

રોચક વિગત કહી. તે પછી યમની સભામાં રહેલા પાંડુરાજાનો સંદેશો કહ્યો કે, 'તું (યુધિષ્ઠિર) પૃથ્વી જીતવાને સમર્થ છે. ભાઈઓ તારા વશમાં છે. માટે હે ભારત! ક્રતુશ્રેષ્ઠ રાજસૂય યજ્ઞ કર.' (૨-૧૧-૬૬) (પાંડુરાજાનો રાજસૂય યજ્ઞ કરવાનો જૂનો સંકલ્પ હોય એમ બની શકે તેનું આ કાવ્યમય નિરૂપણ લાગે છે.) માટે હે પુરુષ શ્રેષ્ઠ! તેમનો આ સંકલ્પ પૂરો કર...' (૨-૧૧-૬૭ થી) પછી આશીર્વાદ આપીને નારદ ઋષિ દાશાર્હનગરી દ્વારકા તરફ ગયા. (૨-૧૧-૭૧ થી).

નારદ ગયા ત્યારબાદ, યુધિષ્ઠિર નિરંતર રાજસૂય યજ્ઞ કેવી રીતે કરવો તેના જ વિચારમાં રહેવા લાગ્યા. આ માટે સર્વ જગતનું હિત કેવી રીતે થાય તેવો સંકલ્પ નજર સમક્ષ રાખીને સર્વ પ્રજાઓનું એક સરખી રીતે હિત કરવા લાગ્યા. એમના આવા હિતકારી વર્તનથી પ્રજાને તેમનામાં પિતાના જેવો વિશ્વાસ બેઠો. તેમનો કોઈ દ્વેષી રહ્યો નહિ, એટલે તેમને '**અજાતશત્રુ**' નામ મળ્યું. પ્રજામાં આવી લોકપ્રિયતા પ્રાપ્ત કર્યા પછી યુધિષ્ઠિરે ભાઈઓ અને મન્ત્રીઓની સભા ભરી રાજસૂય કરવા અંગે સલાહ લીધી. એ બધાએ અલગ અલગ અને એક સાથે રાજસૂય યજ્ઞ કરવો જ જોઈએ એવો અભિપ્રાય આપ્યો. તેથી યુધિષ્ઠિરે મનથી તેનો સ્વીકાર કર્યો. વિશેષ ચોક્કસાઈ માટે ધૌમ્ય, દ્વૈપાયન વગેરે ઋષિઓ અને ઋત્વિજોને સાથે રાખીને ભાઈઓ તથા મન્ત્રીઓ સાથે એમણે ફરીથી મન્ત્રણા કરી. ઋષિઓ અને ઋત્વિજોએ પણ અનુમતિ આપી. (૨-૧૨-૧ થી ૨૧)

એટલે એ મહાપ્રાજ્ઞ રાજા પોતાના મનોમન (રાજસૂય યજ્ઞથી) લોકોનું હિત કેવી રીતે થાય એનું મનન કરવા લાગ્યા. 'જે પ્રાજ્ઞ પોતાના સામર્થ્યનો, દેશકાળનો અને આવકજાવકનો બરાબર વિચાર કરીને બુદ્ધિપૂર્વક કામ કરે છે તે દુઃખી થતો નથી, અને કેવળ દુઃખી થવા તો કોઈ યજ્ઞ સમારંભ કરે જ નહિ.' આવા વિચારથી નિર્ણય કરવા માટે જનાર્દન—અધર્મી જનોના પીડક કૃષ્ણનું, સર્વ જગતથી શ્રેષ્ઠ માનીને, સ્મરણ કર્યું. અપ્રમેય, મહાબાહુ, અજન્મા અને મનુષ્ય-લોકમાં સ્વેચ્છાથી જન્મેલા તેમનાં દેવમાન્ય કર્મો ઉપરથી પાંડવ ધર્મરાજે તર્ક કર્યો કે, તેમને કંઈ અજાણ્યું નથી, કંઈ અસાધ્ય નથી. તેમ એવું કંઈ પણ નથી જેને એ પહોંચી ન શકે.'[1] પછી આવો એકનિષ્ઠ નિશ્ચય કરીને યુધિષ્ઠિરે ગુરુની જેમ ભૂતગુરુ—જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણને બોલાવવા તત્કાલ દૂત ઇન્દ્રસેનને દ્વારકા મોકલ્યો. એટલે પોતાનું દર્શન ઇચ્છતા યુધિષ્ઠિરનું દર્શન કરવા માટે ક્ષિપ્રવાહન શ્રીકૃષ્ણ ત્વરાથી ઇન્દ્રપ્રસ્થ આવ્યા. ધર્મરાજ અને ભીમે, ભાઈ શ્રીકૃષ્ણનું ભાઈની જેમ સ્વાગત કર્યું. તે પછી શ્રીકૃષ્ણ ફોઈ કુન્તીને મળ્યા. મિત્ર અર્જુનની જોડે આનંદ કર્યો.

---

૧. स निश्चयार्थं कार्यस्य कृष्णमेव जनार्दनम् ।
सर्वलोकात्परं मत्वा जगाम मनसा हरिम् ॥ २–१२–२५.

अप्रमेयं महाबाहुं कामाज्जातमजं नृषु ।
पाण्डवस्तर्कयामास कर्मभिर्देवसंमितैः ॥ २६.

नास्य किंचिदविज्ञातं नास्य किंचिदकर्मजम् ।
न स किंचिन्न विषहेदिति कृष्णममन्यत ॥ २७.

નકુલ-સહદેવે તેમને ગુરુ-વડીલ તરીકે માન આપ્યું. પછી એમણે વિશ્રાંતિ લીધી. આરામ લીધા બાદ ધર્મરાજ, સમર્થ અચ્યુતને મળવા ગયા, અને ઇન્દ્રપ્રસ્થ બોલાવવાનું કારણ સમજાવતાં કહ્યું, 'કૃષ્ણ ! મારે રાજસૂય કરવો છે, પણ કેવળ ઇચ્છા કરવાથી એ નથી થતો. જેનામાં સર્વ કંઈ સંભવે છે, જે સર્વત્ર પુજાય છે અને જે સર્વેશ્વર હોય છે, તે રાજા જ રાજસૂય કરી શકે છે, એ આપ જાણો છો. આવો રાજસૂય કરવો જોઈએ એમ મારા સુહૃદો એકત્ર થઈને મને કહે છે. તે બાબતમાં તમારું વચન મને સર્વથી મોટું નિશ્ચિતતમ પ્રમાણ બની રહેશે; કારણ કે સલાહકારોમાં કેટલાક સૌહાર્દને લીધે જ દોષ જોતા નથી; કેટલાક સ્વાર્થને લીધે જ મીઠું મીઠું બોલે છે; કેટલાક જે પોતાને હિતકર હોય તેને જ પ્રિય ગણે છે. આમ કાર્ય પ્રયોજન અંગે સામાન્ય રીતે લોકો જાતજાતની સલાહો આપ્યા કરે છે; પણ તમે તો હેતુથી પાર જઈને, કામ તથા ક્રોધને અળગા રાખીને, અમારે માટે જે પરમ કલ્યાણકારી હોય તે બરાબર કહો એવા છો.[1] (૨-૧૨-૩૫ થી ૪૦).

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર બધી રીતે રાજસૂય કરવાને પાત્ર હતા એમ જણાવીને કેટલોક જૂનો ઇતિહાસ કહ્યો. જામદગ્ન્ય રામે ક્ષત્રિયોનો સંહાર કર્યા પછી બચેલા ક્ષત્રિયોનો વંશવેલો પાંગર્યો. તેમાંથી ઐલ-ઇલાનો એટલે કે ચંદ્રવંશ, અને ઇક્ષ્વાકુવંશ—સૂર્યવંશનાં ૧૦૧ કુળ થયાં.[2] એ બધાને દબાવીને જરાસંધ સમ્રાટ થયો છે. પ્રતાપી શિશુપાલ તેના લીધે જ સેનાપતિ થયો છે. હંસ અને ડિભક જેવા મહાપરાક્રમીઓ તેના આશ્રિત હતા. મૂર્ખાઈથી ચેદિ પ્રદેશમાં પોતાને પુરુષોત્તમ તરીકે ઓળખાવતો અને શ્રીકૃષ્ણનાં ચિહ્ના ધારણ કરતો—ગરુડધ્વજ, શંખ, ચક્ર વગેરે—પૌણ્ડ્રક વાસુદેવ, જેને પોતે પ્રથમ માર્યા વિના જવા દીધો હતો તે જરાસંધને મળી ગયો છે.[3] શ્રીકૃષ્ણનો પોતાનો સસરો ભીષ્મક પણ તેનો ભક્ત થઈ ને રહ્યો છે. એ સિવાય પણ બીજા અનેક રાજાઓ કાં તો તેને નમીને રહેતા હતા કે તેના ડરથી પોતાનાં રાજ્યો મૂકીને જુદે જુદે સ્થળે ભાગી ગયા હતા, વગેરે હકીકત સમજાવીને કહ્યું કે, 'આ બધામાં કેવળ તમારા મામા કુન્તીભોજ સિવાય તમને કોઈની મદદ નથી'. અને પછી કંસવધ તથા તેને પરિણામે યાદવો મથુરાથી નાસીને દ્વારકા આવ્યા તેનો વૃત્તાંત કહીને[4] સમારોપ કર્યો કે, 'તમે સદૈવ સમ્રાટ થવાના ગુણોવાળા છો, માટે તમારે સમ્રાટ થવું જોઈએ. પણ જ્યાં સુધી જરાસંધ જીવે છે ત્યાં સુધી તમે રાજસૂય યજ્ઞ કરી શકો નહિ (અને સમ્રાટ પણ ન થઈ શકો). મહાદેવનું આરાધન

---

૧. त्वं तु हेतूनतीत्यैतान्कामक्रोधौ व्यतीत्य च ।
परमं नः क्षमं लोके यथावद्वक्तुमर्हसि ॥ २–१२–४०.

૨. ૨-૧૩-૧ થી ૬; સર૰ મત્સ્ય૰ ૨૭૩-૬૬, ૬૮; વાયુ. ૯૯–૪૪૯ થી ૪૫૨.

૩. આ પૌણ્ડ્રક વાસુદેવ અંગે ખાસ મહત્ત્વની માહિતી મહાભારતમાં નથી. પણ 'વિષ્ણુપુરાણ' ૫-૩૪ અને 'ભાગવત' ૧૦-૬૬માં આના વધની કથા છે. કાશીરાજા પૌણ્ડ્રકનો મિત્ર હતો તેથી યુદ્ધ કાશી પાસે લડાયેલું અને શ્રીકૃષ્ણે પછી કાશીદહન કરેલું તે વિગત પણ ત્યાં છે. (મ૰ ભા૰માં કેવળ કાશીદહનનો નિર્દેશ છે. 'આપણે બાળી મૂકેલી વારાણસી નગરી ઘણાં વર્ષ સુધી અનાથ રહી હતી' ૫-૪૭-૭૦) શ્રીકૃષ્ણે આ કાશીદહન અગાઉ તેને ક્યારે જવા દીધેલો તે વિશે હજુ માહિતી ઉપલબ્ધ નથી. 'હરિવંશ' ૩.૯૧ થી ૧૦૧માં પૌણ્ડ્રકના વધની કથા બહુ વિસ્તારથી છે.

૪. જુઓ 'સ્વાધ્યાય' જન્માષ્ટમી અંક, સં. ૨૦૨૧માં 'કંસ-ચાણૂરમર્દક ભગવાન શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા).

કરતા અને (પુરુષ) યજ્ઞ કરવા ઇચ્છતા એણે છ્યાશી રાજાઓને જીતીને ગિરિવ્રજમાં પૂર્યા છે અને તેમનો પુરુપ્રવ્રજ-પુરુષોને પૂરવાનો વાડો બનાવ્યો છે. અમેય એના ભયથી દ્વારકા નાસી ગયા છીએ. એટલે મહારાજ! તમે જો રાજસૂય કરવા ઇચ્છતા હો તો આ રાજાઓના મોક્ષ માટે—એમને છોડાવવા માટે તથા જરાસંધના વધ માટે પ્રયત્ન કરો. આ સિવાય રાજસૂય પૂર્ણ કરવાનો બીજો કોઈ ઇલાજ નથી. હે રાજન! આ મારો મત છે. માટે હવે તમે હેતુપૂર્વક નક્કી કરીને મને કહો.' ('સભાપર્વ' અ. ૧૩).

યુધિષ્ઠિરે જવાબ આપ્યો, 'તમે બુદ્ધિશાળીએ જે કહ્યું તે બીજો કોઈ કહી શકે નહિ. જગતમાં તમારા જેવો સંશયોનું નિરસન કરનાર કોઈ છે જ નહિ.[૧] પોતાનું જ ભલું કરનારા રાજાઓ તો ઘેર ઘેર છે, પણ કોઈ સમ્રાટ થયો નથી. કારણ કે 'સમ્રાટ' શબ્દ તો કૃત્સ્નભાક્—સંપૂર્ણતા ધારણ કરનાર છે.[૨] વળી જે પારકાની રાજનીતિ અને બળને જાણે છે તે પોતાની પ્રશંસા કેવી રીતે કરે? જે શત્રુનો ભેટો થતાં પ્રશસ્ત થાય છે તે જ પૂજાય છે. આ ભૂમિ વિશાળ, બહોળી અને બહુરત્નોથી ભરેલી છે. તેથી દૂર ઘૂમીને (૧. બધે ફરીને, ૨. અત્યંત બુદ્ધિપૂર્વક, નીતિ અનુસાર ચોમેરનો વિચાર કરીને) માણસ શ્રેયને પામે છે. હું તો શમ-શાન્તિને જ શ્રેષ્ઠ માનું છું. પણ (રાજાઓના) મોક્ષથી શાન્તિ નહિ થાય. (રાજસૂયના) આરંભથી જ કંઈ પારમેષ્ઠ્ય સમ્રાટપદ નહિ મળે એમ હું માનું છું.[૩] આવું બધું સમજતા અમારા કુળના બુદ્ધિશાળી પુરુષો એમ માને છે કે, 'કદાચ આમનામાંનો (અમારા વંશજોમાંનો) કોઈ સમ્રાટ થશે.' (૨-૧૪-૧ થી ૬).

રાજા યુધિષ્ઠિરની કંઈક ઢીલી વાત સાંભળી અહીં ભીમસેને વચ્ચે સલાહ આપી, 'જે રાજા (શત્રુ ઉપર ચઢાઈના) કાર્યનો આરંભ કરતો નથી, અને દુર્બળ હોવા છતાં ઉપાય વિના

---

૧. उक्तं त्वया बुद्धिमता यन्नान्यो वक्तुमर्हति ।
संशयानां हि निर्मोक्ता त्वन्नान्यो विद्यते भुवि ॥ २–१४–१.

સર° ६–२६–४० થી ૪૨ (ગીતા. ૪-૪૦ થી ૪૨) તેમાં
संशयात्मा विनश्यति ॥ ગીતા. ૪–૪૦ ખ.
સંશયી ચિત્તવાળો પુરુષ નાશ પામે છે.
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत । ગીતા. ૪-૪૨ગઘ.

આ સંશયને કાપી નાખીને કર્મયોગ આચર અને (યુદ્ધ માટે) ઊભો થા.

૨. ૨.૧૪-૨. આ વિધાનનો અર્થ એમ થયો કે, સમ્રાટ થવાનો શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિરનો આદર્શ સ્વાર્થ માટે નથી પણ પરહિત માટે છે. સામાન્ય માન્યતા કરતાં આ ઘણી વિશિષ્ટ વિચારસરણી છે.

૩. शममेव परं मन्ये न तु मोक्षाद्भवेच्छमः ।
आरम्भे पारमेष्ठ्यं तु न प्राप्यमिति मे मतिः ॥ २–१४–५.

જરાસંધવધના સમગ્ર કથાનકમાં આ '**મોક્ષ**' શબ્દ ઉપર ભાર મૂકીને, તેના રૂઢ અર્થ 'વ્યક્તિનો આ અસાર સંસારમાંથી મોક્ષ' નહિ પણ નરમેધ માટે કેદમાં પૂરાયેલાં મનુષ્યોનો '**મોક્ષ**' એવા ઉત્ક્રાંત અર્થમાં તે પ્રયોજાયેલો છે. (જુઓ ૨-૧૩-૬૬; ૧૮-૧૧; ૨૦-૨૩, ૨૪. ઉપરાંત સર° ૨-૨૨-૧૨, ૩૩).

યુધિષ્ઠિર સ્વભાવથી જ શમાર્થી છે. શ્રીકૃષ્ણ પણ શમાર્થી છે. છતાં બન્નેની શાન્તિચાહનામાં બહુ ફેર છે. શ્રીકૃષ્ણ લોકહિતકારી કાર્ય પાર પાડવા માટે કૃતનિશ્ચય છે. એમનું ભગવત્તત્ત્વ એમાં છે.

(રાજનીતિના ચાર ઉપાય; સામ, દાન, દંડ, ભેદ.) બળવાન ઉપર ચઢાઈ કરે છે તે નાશ પામે છે. એમ છતાં દુર્બળ રાજા અતન્દ્રિત હોય તો મોટે ભાગે બળવાનને પણ હરાવે છે. શ્રીકૃષ્ણ નયવેત્તા છે, મારામાં બળ છે અને ધનંજય જયશીલ છે એટલે અમે ત્રણે ભેગા મળીને ત્રણ અગ્નિથી જેમ યજ્ઞ થાય છે, એમ માગધ જરાસંધને તાબે કરી લઈશું.' (૨-૪-૭ થી ૯).

હવે શ્રીકૃષ્ણે પોતાનો અભિપ્રાય આપ્યો, 'લાભ ખાટવા અનુબન્ધ સમજ્યા વિના કાર્યારંભ કરનાર નાદાન અને કૃપણ શત્રુને ક્ષમા આપવામાં આવતી નથી. (માટે આગળપાછળના પરિણામનો વિચાર કરીને કાર્યારંભ કરવો.) પૂર્વે યૌવનાશ્વ માંધાતાએ કરવેરા કાઢી નાખીને, ભગીરથે પ્રજાપાલનથી, કાર્તવીર્ય સહસ્રાર્જુને તપ અને યોગથી, વિભુ ભરતે બળથી, અને મરુત્તે સમૃદ્ધિથી—એમ આ પાંચ જણાએ સમ્રાટપદ પ્રાપ્ત કર્યું હતું એમ સાંભળ્યું છે.[1] હવે હે ભરતર્ષભ! (તમારે પણ સમ્રાટ થવા માટે) ધર્મ, અર્થ અને રાજનીતિથી જરાસંધને તાબે કરવાનો સમય આવી પહોંચ્યો છે એમ જાણો. એકસો કુળના રાજવીઓ એને પહોંચી શકતા નથી અને એટલે એ બલાત્કારે સામ્રાજ્ય ભોગવે છે. રત્નસંપન્ન-શ્રેષ્ઠ સાધનોવાળા રાજાઓ પણ (લાચારીથી) જરાસંધને ઉપાસે છે. છતાં તે તો મૂર્ખતાથી અન્યાય આચર્યા કરે છે, અને ધરાતો જ નથી. એ મૂર્ધાભિષિક્ત રાજાને નમાવીને બળથી તેને જ કરરૂપે લઈ લે છે. એણે પુરુષને કરમાં ન લીધો હોય એવું કદી જોયું નથી. આમ એણે સો કરતાં ઓછા રાજાઓને (૮૬ રાજાઓને) કેદ કર્યા છે. આવાને દુર્બલતર રાજા તો પહોંચે જ કેવી રીતે? આ કેદ કરેલ રાજાઓને એણે પશુપતિના મંદિરમાં પ્રોક્ષિત અને પ્રમૃષ્ટ કરેલા છે—યજ્ઞમાં બલિદાન દેવા માટે નવડાવીને શુદ્ધ કરેલા છે. ભરતર્ષભ! આમ પશુની જેમ જીવવામાં શું મજા છે—પશુની જેમ યજ્ઞમાં બલિ તરીકે હોમાવા માટે જીવવું એ વ્યર્થ છે. ક્ષત્રિયનું તો લડાઈમાં શસ્ત્રથી મરણ થાય તે પ્રશસ્ત છે. એણે ૮૬ રાજાઓને પકડયા છે. બાકીના ચૌદ આવતાં એ (પુરુષમેધનું) ક્રૂર કાર્ય કરશે. માટે આપણે સર્વે જરાસંધને આંતરીએ જ. જે આ ઘાતકી કાર્યમાં વિઘ્ન કરશે તેને (સફળ થાય કે નિષ્ફળ થાય તો પણ) ઉજ્જવળ કીર્તિ મળશે. અને જે એને જીતી લેશે એ (કીર્તિમાન થવા ઉપરાંત) સમ્રાટ થશે જ. (માટે તમે આ રાજાઓને છોડાવીને સમ્રાટ બનો)'. (૨-૧૪-૧૦ થી ૨૦).

શ્રીકૃષ્ણે આમ ભારપૂર્વક સલાહ આપી, છતાં આ લોકસંગ્રહના કાર્યમાં પોતાનો સમ્રાટ થવાનો સ્વાર્થ નીહાળતા અનુકમ્પાવાન ધર્મરાજે કહ્યું, 'જનાર્દન! સમ્રાટ થવાના સ્વાર્થથી કેવળ સાહસ કરીને, તમને સૌને આવા ભયંકર કામમાં કેવી રીતે હોમી દઉં? ભીમ-અર્જુન એ બે મારાં નેત્ર છે, અને તમે મારું મન છે. (કદાચ કંઈ અજુગતું બને તો) મન અને આંખો વિનાનો હું પછી કેવી રીતે જીવું? જરાસંધની અફાટ ભયંકર સેના સામે લડવું તે તો હારવા

૧. આ પાંચ સમ્રાટોની સમ્રાટ તરીકેની મહત્તા માટે જુઓ (૧) યૌવનાશ્વ માંધાતા માટે, શાન્તિ. ૨૯-૭૪ થી ૮૬; સર° દ્રોણ. ક્ષેપક પરિશિષ્ટ ૧-૮-લીટી ૫૨૮ થી; (૨) ભગીરથ માટે શાન્તિ. ૨૯-૫૬ થી ૬૩; સર° દ્રોણ. ક્ષેપક પરિશિષ્ટ ૧-૮-લીટી ૪૮૩ થી; (૩) કાર્તવીર્ય સહસ્રાર્જુન માટે આરણ્યક. ૩-૧૧; શાન્તિ મે. ૪૯; સભા. ક્ષેપક પરિશિષ્ટ ૧-૩૬ લીટી ૧૬ થી; (૪) ભરત માટે, શાન્તિ. ૨૯-૪૦ થી ૪૫; આદિ અ. ૬૨ થી ૬૯ (શકુન્તલોપાખ્યાન); દ્રોણ. ક્ષેપક, પરિશિષ્ટ ૧-૮ લીટી ૭૩૦ થી; (૫) મરુત્ત માટે શાન્તિ. ૨૯-૧૬ થી ૨૧; દ્રોણ. ક્ષેપક, પરિશિષ્ટ ૧-૮ લીટી ૩૩૫ થી.

માટે જ, એટલે મને તો આ કાર્ય છોડી દેવું સારું લાગે છે—તેનો સંન્યાસ રુચે છે.[1] આવો ભયાનક રાજસૂય તો મારો ઉત્સાહ ભાંગી નાંખે છે. (૨-૧૫-૧ થી ૫)

આ વખતે અર્જુને મન્ત્રણામાં ઝુકાવ્યું. એણે જુસ્સાથી જણાવ્યું કે, 'શ્રેષ્ઠ ધનુષ્ય, બાણો, પરાક્રમ, પક્ષ, ભૂમિ, યશ અને બળ એ બધું દુષ્પ્રાપ્ય હોવા છતાં મને યથેચ્છ મળ્યું છે. જો કે નિષ્ણાત સજ્જન વિદ્વાનો—વૈદ્યો, ઊંચા કુળમાં થયેલા જન્મને પ્રશંસે છે પણ મને તો બળની બરાબરીમાં આવે એવું કંઈ લાગતું નથી. મને તો પરાક્રમી જ રુચે છે.[2] પરાક્રમી કુળમાં જન્મેલો નિર્વીર્ય શું કરી શકવાનો છે? બધી જાતના ગુણ વિનાનો પરાક્રમી, શત્રુઓને તરી જાય છે, જ્યારે સર્વગુણ સંપન્ન નિર્વીર્ય શું કરી શકશે? ખરેખર બધા ગુણો પરાક્રમમાં જ રહેલા છે. બળવાન મનુષ્યની દીનતા અને મૂર્ખતા વિનાશક છે. તેથી વિજયેચ્છુ બળવાન રાજાએ દૈન્ય અને મૂર્ખતા છોડી દેવાં જોઈએ. (અર્થાત્ આપણે બળવાન છીએ માટે શ્રીકૃષ્ણની સલાહ પ્રમાણે) જો આપણે યજ્ઞ નિમિત્તે જરાસંધનો નાશ કરીને રાજાઓને છોડાવીએ તો તેનાથી વધુ ચઢિયાતું બીજું કયું કાર્ય હોઈ શકે? આપણે જો આ કાર્ય નહિ આરંભીએ તો આપણે ગુણહીન છીએ એમ નક્કી થશે. જ્યારે આપણે નિઃસંદેહ ગુણસંપન્ન જ છીએ. તે છતાં તમે શા માટે આપણને ગુણહીન માનો છો? પછી તો શમાર્થી મુનિઓ માટે કાષાય વસ્ત્ર પહેરવું સુલભ છે, પણ (જનહિત અર્થે) સામ્રાજ્ય ઇચ્છતા તમારે માટે અમે શત્રુઓ સાથે લડીશું. (રાજાઓને છોડાવીશું અને યજ્ઞ પણ કરીશું)'[3] (૨-૧૫-૬ થી ૧૬).

શ્રીકૃષ્ણે અર્જુનના મતને સમર્થન આપ્યું. 'ભરતવંશી અને કુન્તી કુળે જન્મેલા પુત્રને છાજે એવા જ વિચાર અર્જુને દર્શાવ્યા છે. મૃત્યુ ક્યારે આવશે—રાતે કે દિવસે, તેનો સમય આપણે જાણતા નથી. તેમ યુદ્ધમાં ન ઊતરવાના કારણે જ કોઈ અમર થયો હોય એવું (જોયું તો નથી જ

---

૧. संन्यासं रोचये साधु कार्यस्यास्य जनार्दन । २–१५–५.कभ

પૃષ્ઠ ૩૭૪ ઉપરની નોંધ ૩માં 'મોક્ષ' શબ્દનો વિશિષ્ટ અર્થમાં ઉપયોગ થયો છે, એ દર્શાવ્યું છે. એમ '**સંન્યાસ**' શબ્દ અહીં ખાસ અર્થમાં પ્રયોજાયો છે. ધર્મરાજના આ વક્તવ્યના અનુસંધાનમાં અર્જુન પછી કહે છે કે, 'શાન્તિ ઇચ્છતા મુનિઓ માટે પછી તો કાષાય-ભગવું વસ્ત્ર સુલભ છે. પણ (જનહિતાર્થાય) સામ્રાજ્ય ઇચ્છતા તમારે માટે અમે દુશ્મનો સાથે લડીશું.' ૨-૧૫-૧૬. તે વિધાન કલહના ભયથી નિષ્કામ જનકલ્યાણનાં કાર્યોથી ભાગતા, 'આત્મકલ્યાણ કે મોક્ષ, નિર્વાણ' વગેરેને નિઃસ્વાર્થ મનાવતા સ્વાર્થી સંન્યાસી-સાધકોના ઉપાલંભ રૂપે મૂક્યું જણાય છે.

૨. कुले जन्म प्रशंसन्ति वैद्याः साधु सुनिष्ठिताः ।
बलेन सदृशं नास्ति वीर्यं तु मम रोचते ॥ २–१५–८.

૩. (क) काषायं सुलभं पश्चान्मुनीनां शममिच्छताम् ।
साम्राज्यं तु तवेच्छन्तो वयं योत्स्यामहे परैः ॥ २–१५–१६.

(ख) 'યજ્ઞ' નિમિત્તે નિષ્કામ કર્મયોગનો પુરુષાર્થ કરવાનો છે. સામાન્યતઃ વૈદિક યજ્ઞયાગોને પરિણામે મળનારાં વિશાળ સ્વર્ગલોકનાં સુખો કે ઐહિક ભોગો ભોગવવાની ખેવના નથી. પરન્તુ છયાશી રાજાઓને પુરુષપશુ તરીકે યજ્ઞમાં હોમવાના છે તેમને છોડાવવાનો મુખ્ય ભાવના છે. ગીતાના અ. ૩, ૪માં ભગવાન શ્રીકૃષ્ણે વર્ણવેલા યજ્ઞરહસ્યનું વૃક્ષ અહીં ઊગી રહેલું જણાય છે.

પણ) સાંભળ્યું યે નથી. તેથી મનુષ્યોએ હૃદયતોષણ કાર્ય કરવું જ જોઈએ.[૧] જે (ચઢાઈના) નિયમ પ્રમાણે—વિજ્ઞાન પ્રમાણે, શત્રુઓ ઉપર આક્રમણ કરે છે, તે સુનય અને અનુકૂળતા બન્નેના પ્રતાપે મહાન જીત મેળવે છે. બન્ને સરખા હોય તો હારજીતમાં સંશય રહે છે, પણ આપણા અને એનામાં સામ્ય નથી (અમે ચઢિયાતા છીએ). અમે નયમુજબ શત્રુ પાસે જઈશું. અમારાં છિદ્રોને ઢાંકીશું અને શત્રુનાં છિદ્રો ઉપર આક્રમણ કરીશું, તો નદીનો (જોરદાર) પ્રવાહ જેમ વૃક્ષોને તાણી જાય છે, એમ અમે એનો અંત કેમ નહિ લાવી દઈએ ? ' કુમકવાળી વ્યૂહબદ્ધ સેનાઓવાળા બળવત્તર શત્રુ સામે લડવું નહિ. ' એવી બુદ્ધિમાનોની નીતિ મનેય રુચે છે. અમે જરાય ગફલત વગર, ગુપ્ત રીતે શત્રુના ઘરમાં પેસીને, તેના ઉપર આક્રમણ કરીને અમારું કામ પાર પાડીશું. અન્તરાત્મા જેમ પ્રાણીઓની શ્રીનો ધારક છે, એમ એ એકલો જ (સામ્રાજ્યની) શ્રીને ધારણ કરે છે. તેનો નાશ થતાં તેના બળનો (૧. સૈન્યોનો; ૨. પાશવી શક્તિનો) પણ નાશ થશે. (એટલે અમને ઈજા નહિ થાય). એમ છતાં તેને માર્યા પછી, બાકી રહેલા (જરાસંધના સહાયકો) જો અમને યુદ્ધમાં મારી નાખશે તો સ્વજાતિના—ક્ષત્રિયજાતિના રક્ષણ પરાયણ એવા અમે સ્વર્ગે જઈશું. ' (૨-૧૬-૧ થી ૯).

શ્રીકૃષ્ણની આવી પ્રેરક વાણી સાંભળતાં યુધિષ્ઠિર થોડા મક્કમ થયા. એમણે જરાસંધનું બળ અને પરાક્રમ જાણવા પ્રશ્ન કર્યો, કારણ કે અગ્નિ જેવા શ્રીકૃષ્ણને સ્પર્શ્યા છતાં, એ પતંગિયાની જેમ બળી ગયો નહોતો. (૨-૧૫-૧૦).

શ્રીકૃષ્ણે યાદવોનું અત્યંત અપ્રિય કરનાર જરાસંધનો પૂર્વઇતિહાસ કહ્યો. ' જરાસંધનો પિતા મગધરાજ બૃહદ્રથ ત્રણ અક્ષૌહિણી સેનાવાળો, પરાક્રમી અને બીજા શતક્રતુની જેમ કાયમ યજ્ઞયાગ કરનારો હતો. કાશીરાજાની બે જોડકી પુત્રીઓને પરણ્યો હતો પણ નિઃસંતાન હતો. અનેક હોમ, હવન અને મંગલકાર્યો કર્યા છતાંય તે અપુત્ર રહ્યો એવામાં ગૌતમ કાક્ષીવાનના પુત્ર ચણ્ડકૌશિક મગધમાં આવ્યા.[૨] રાજાએ તેમને પ્રસન્ન કર્યા. ઋષિએ તેને પુત્રપ્રાપ્તિ માટે હૃદયથી અભિમંત્રિત કરેલી કેરી આપી. બૃહદ્રથની બન્ને રાણીઓએ

---

૧. न मृत्योः समयं विद्म रात्रौ वा यदि वा दिवा ।
न चापि कंचिदमरमयुद्धेनापि शुश्रुमः ॥ २–१६–२.
एतावदेव पुरुषैः कार्यं हृदयतोषणम् । २–१६–३कख.

૨. ચણ્ડકૌશિકના દાદા ગૌતમ દીર્ઘતમસની કથા માટે જુઓ ' આદિપર્વ ' અ. ૯૮. એ કથા દંતકથાઓના જાળામાં ગૂંચવાયેલી છે, પણ તેમાંથી એક ફલિત થાય છે કે, આ દીર્ઘતમસને શૂદ્રાથી કાક્ષીવાન વગેરે ૧૧ પુત્રો થયા હતા. ચણ્ડકૌશિક આ કાક્ષીવાનના પુત્ર હોવાનું સંભવે છે. ' જરાસંધવધ '-ના કથાનકમાં પણ ૨-૯-૫ થી આને ટેકો મળે છે. ' આદિપર્વ 'ની કથામાં દીર્ઘતમસને બ્રાહ્મણી પત્નીથી ગૌતમ વગેરે પુત્રો હતા એમ નિર્દેશ છે : ૧-૯૮-૧૮; એની સામે ' શાન્તિપર્વ ' ૩૨૮–૪૨ થી ૫૧માં નારાયણના ' કેશવ ' શબ્દનું માહાત્મ્ય વર્ણવતાં (' સૂર્ય, ચન્દ્ર અને અગ્નિનાં કિરણો મારા કેશ કહેવાય છે, માટે સર્વજ્ઞ દ્વિજશ્રેષ્ઠો મને ' કેશવ ' કહે છે. ૧૨-૩૨૮-૪૩), ' આદિપર્વ ' અ. ૯૮ની કથાનો દોર સાંધતાં ' આ દીર્ઘતમસે અંગ ઉપાંગ સાથે ચારે વેદોનું અધ્યયન કર્યા પછી વિધિપૂર્વક ' કેશવ ' નામનો જાપ કરવાથી, તે ચક્ષુષ્માન થયા હતા, અને એમનું ' ગૌતમ ' નામ પ્રસિદ્ધ થયું હતું ' એવી વિગત છે.

તેના સરખા ભાગ કરીને ખાધી. પૂરા દિવસે બંનેએ શરીરના એકેક સજીવ ફાડિયાને જન્મ આપ્યો. આને લીધે ગભરાયેલી બંને બહેનોએ એ ફાડિયાંને ચકલામાં ફેંકી દેવડાવ્યાં. તેને 'જરા' નામની રાક્ષસીએ લીધાં અને સહેલાઈથી લઈ જઈ શકાય માટે બંનેને દૈવેચ્છાથી જોડી દીધાં. બંને ટુકડા જોડાતાં તેનો કુમાર થઈ ગયો! જરા રાક્ષસીએ બૃહદ્રથને કુમાર સોંપી દીધો. ('સભાપર્વ' અ. ૧૬).

'જરા રાક્ષસીએ સાંધ્યો માટે બૃહદ્રથે તેનું નામ જરાસંધ પાડ્યું.[૧] એ મોટો થતાં તેનો રાજ્યાભિષેક કરી બૃહદ્રથ બંને પત્નીઓ સાથે વનમાં ગયો. આ જરાસંધના મંત્રણા અને યુદ્ધ-શાસ્ત્રમાં નિષ્ણાત બે મન્ત્રી હતા. એ બે (હંસ-ડિભક) મન્ત્રી અને ત્રીજો જરાસંધ એમ ત્રણે જણા ત્રણે લોકોને પહોંચી વળે એવો મારો મત હોઈ (બળવાનની સાથે બાથ ન ભીડવી એ) નીતિ મુજબ બળવાન યાદવોએ એની ઉપેક્ષા કરી હતી (સભાપર્વ' અ. ૧૭).

'પણ હવે સમય ફર્યો છે. હંસ-ડિભક માર્યા ગયા છે. કંસને તેના અમાત્યો સાથે રોળી નાખ્યો છે એટલે જરાસંધનો મૃત્યુકાળ પણ આવી ગયો છે (એમ સમજો). (મોરચાબંધ) યુદ્ધમાં તો કોઈ એને જીતી શકે નહિ. એટલે તેને પ્રાણયુદ્ધથી-દ્વંદ્વયુદ્ધથી જીતવો જોઈએ એવું મને બેસે છે.[૨] મારામાં નીતિ છે, ભીમમાં બળ છે અને અર્જુન અમારો રક્ષક છે. એટલે ત્રણ અગ્નિઓથી જેમ યજ્ઞ પૂરો થાય છે, એમ અમે જરાસંધને પૂરો કહીશું.[૩] અમે એને એકાન્તમાં મળીશું. એ અમારામાંથી એકની સાથે યુદ્ધમાં ઊતરશે જ. જગતમાં અપકીર્તિના ડરથી, બળને લીધે, (અને અમોએ કરેલા) અપમાનથી એ ચોક્કસ ભીમ જોડે જ લઢશે અને એટલે યમ જેમ ઘમંડીઓને મારી નાખે છે એમ ભીમ પણ જરાસંધને પહોંચી વળશે. તેથી જો તમારા હૃદયને ખાત્રી થાય અને જો તમને મારામાં પૂર્ણ વિશ્વાસ હોય તો, તુરત જ ભીમ-અર્જુનને મને થાપણ રૂપે સોંપો.[૪] (૨-૧૮-૧ થી ૭).

---

૧. ૨-૧૭-૬; અહીં જરા બહદ્રથને પોતાની ઓળખ આપે છે: ૨-૧૭-૧ થી ૩; તેમાં ક્ષેપક ૧૮૫ની આઠ લીટીઓમાં જરા પોતાને, ઘેર ઘેર સ્થાપન થયેલી ગૃહદેવી તરીકે ઓળખાવે છે, અને દીવાલ ઉપર પોતાનું ચિત્ર આલેખીને પૂજા કરવાથી વૃદ્ધિ, અને પૂજા નહિ કરવાથી ક્ષય થાય એમ કહે છે! ક્ષેપક શાક્ત સંપ્રદાયની અસર સ્પષ્ટ દેખાડે છે.

૨. આહૂત—લલકારવામાં આવે તો દ્વંદ્વયુદ્ધ અને દ્યૂતમાં ક્ષત્રિય ના ન પાડી શકે એવો રિવાજ હતો. શ્રીકૃષ્ણે એ ગણત્રીથી જરાસંધને મારવા ધાર્યું છે. યુધિષ્ઠિર દુર્યોધનની આવી ગણત્રીમાં ફસાઈ પડી દ્યૂત રમેલા. જુઓ ૨-૫૩-૧૧, ૧૩ ઇ. પારગામી નયવેત્તા શ્રીકૃષ્ણ પોતે આવી ચુંગાલમાં કદી ન આવે.

૩. मयि नीतिर्बलं भीमे रक्षिता चावयोऽर्जुनः ।
साधयिष्याम तं राजन्वयं त्रय इवाग्नयः ॥ २-१८-३.

સર૦ ઉપર ભીમનું વચન ૨-૧૪-૯.

૪. यदि ते हृदयं वेत्ति यदि ते प्रत्ययो मयि ।
भीमसेनार्जुनौ शीघ्रं न्यासभूतौ प्रयच्छ मे ॥ २-१८-७.

શ્રીકૃષ્ણની લોકસંગ્રહની ભાવના—નરમેધ જેવી ક્રૂરતાની પરિસીમા જેવી 'ધાર્મિક' વિધિને અટકાવવાની ભાવના, એવી ઉત્કટ છે કે, રાજસૂય યજ્ઞ થતાં યુધિષ્ઠિર સમ્રાટ બનવાના છે, છતાં આ જાણે પોતાની ગરજ હોય એવી રીતે તેઓ યુધિષ્ઠિરને વિનંતી કરે છે અને જોખમ માથે ઊઠાવે છે.

શ્રીકૃષ્ણનાં નિષ્કામ ભાવનાવાળાં વચનો સાંભળીને અને ભીમ-અર્જુનનો તરવરાટ જોઈને યુધિષ્ઠિરે અનુમતિ આપતાં કહ્યું, 'હે અચ્યુત! અચ્યુત! તમે આમ ન બોલો. તમે તો પાંડવોના નાથ છો. અમે તો તમારા આશ્રિત છીએ. ગોવિન્દ! તમે બધું યોગ્ય જ કહો છો. જેમનાથી લક્ષ્મી પરાઙ્મુખી હોય છે તેના આગેવાન તમે થતા નથી.[1] તમારી આજ્ઞા પ્રમાણે મેં જરાસંધને માર્યો છે, રાજાઓને છોડાવ્યા છે, (मोक्षिताश्च महीक्षितः । ૨-૧૮-૧૧૫) અને મારો રાજસૂય પૂર્ણ થઈ ગયો છે (એવું મને લાગે છે). માટે હવે મારું કાર્ય—સમ્રાટ થવાનું અને જગતનું કાર્ય-અશ્રુતપૂર્વ, ક્રૂર એવા નરમેધને બંધ કરવાનું કાર્ય ઝડપથી પાર પાડો, કારણ કે ધર્મ, અર્થ, કામ વિનાના અભાગીઓ રોગીને જેમ જીવવું ગમતું નથી, એમ તમારા ત્રણ વિના મને જીવવું ગમે નહિ. શૌરિ—શૂરવંશી કૃષ્ણ વિના અર્જુન નહિ, અર્જુન વિના કૃષ્ણ નહિ, અને આ બે કૃષ્ણ-કૃષ્ણાર્જુન વડે આ જગતમાં અજેય કંઈ નથી એવો મારો મત છે.[2] વળી બળવાનોમાં શ્રેષ્ઠ શ્રીમાન વૃકોદર તમારા બંનેની સાથે રહીને શું ન કરી શકે? સારી રીતે દોરવેલું-નિષ્ણાત સેનાપતિવાળું સૈન્ય જ ઉત્તમ કાર્ય કરે છે. સેનાને તો અન્ધ અને જડ કહેવામાં આવે છે. તેના સેનાપતિઓ વિચક્ષણ હોવા જોઈએ. બુદ્ધિશાળીઓ જ્યાં નીચાણ હોય છે ત્યાં જ જળને વાળે છે, અને જ્યાં છિદ્ર-શત્રુની નબળાઈ હોય છે ત્યાં જ સેનાને કૂચ કરાવે છે. તેથી નીતિવિધાનના જ્ઞાતા, ખ્યાતનામ મહાપુરુષ ગોવિન્દને આશ્રયે અમે કાર્ય સિદ્ધ કરવા યત્ન કરીએ છીએ. ક્રિયા અર્થાત્ સમજ, બુદ્ધિ અને શોધનથી લાભ મેળવવાની કુશળતા,[3] તથા ઉપાય (સામ, દામ, દંડ અને ભેદ) વાળી પ્રજ્ઞા અને નયના બળવાળા કૃષ્ણને કાર્યાર્થની સિદ્ધિને સારુ બધાં કાર્યોમાં આગળ કરવા. એટલે આમ અર્જુન યદુશ્રેષ્ઠ કૃષ્ણને અનુસરો અને ભીમ ધનંજયને અનુસરો. એ રીતે નય (શ્રીકૃષ્ણ), જય (અર્જુન) અને બળ (ભીમસેન) પરાક્રમ કરીને સિદ્ધિને વરશે.' (૨-૧૮-૮ થી ૨૮).

યુધિષ્ઠિરની અનુમતિ મળી એટલે ત્રણે ઓજસ્વી ભાઈઓ, વર્ચસ્વી સ્નાતક બ્રાહ્મણનો—વેદવેત્તાનો, પોષાક પહેરીને મગધ તરફ જવા નીકળ્યા. સુહૃદોએ અભિનન્દન આપ્યાં. જરાસંધ-વધના એક જ કાર્યમાં, યુદ્ધમાં અપરાજિત શ્રીકૃષ્ણ-અર્જુનને, ભીમની સાથે ઉદ્યુક્ત જોઈને યુધિષ્ઠિરે માન્યું કે, 'જરાસંધ માર્યો ગયો,' **કારણ કે એ બન્ને મહાપુરુષો ધર્મ, અર્થ અને કામનાં (સત્) કાર્યોના પ્રવર્તક હતા તેમ જ (અસત્) કાર્યોના નિગ્રહમાંયે**

---

૧. न हि त्वमग्रतस्तेषां येषां लक्ष्मीः पराङ्मुखी ॥ ૨-૧૮-૧૦ગધ.

આ સાથે પાછળ જ આવતું ક્ષેપક ૨૦૦ વાંચો :

येषामभिमुखी लक्ष्मीस्तेषां कृष्ण त्वमग्रतः ।

એટલે કે શ્રીકૃષ્ણ અનાસક્ત છે, અસંગ છે, સાથે લક્ષ્મીના દ્વેષી નથી પણ ધર્મ્ય સામાજિક લક્ષ્મી અને શ્રીના—અર્થ પુરુષાર્થના ધારક અને સર્જક છે. શ્રીના દાસ નથી, શ્રીકાન્ત છે માટે શ્રી-કૃષ્ણ છે.

૨. न शौरिणा विना पार्थो न शौरिः पाण्डवं विना ।
नाजेयोऽस्त्यनयोर्लोके कृष्णयोरिति मे मतिः ॥ ૨-૧૮-૧૪.

૩ ક્રિયા અને બળના સમન્વય વિશે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા, ૧૯૬૩), પૃ. ૩૭૬, ૩૭૭

સમર્થ હતા, ઈશ હતા. કુરુદેશથી નીકળીને વિવિધ પ્રદેશો, સરોવરો અને નદીઓ પાર કરતા, તેઓ કુરવ વૃક્ષોની ઝાડીવાળા મગધની સીમમાં પ્રવેશ્યા, અને ગોધન, પાણી અને સુંદર વૃક્ષોથી ભરપૂર ત્યાંના ગોરથ પર્વત ઉપરથી મગધની રાજધાની ગિરિવ્રજને જોઈ. (૨-૧૮-૨૧ થી ૩૦)

શ્રીકૃષ્ણે અર્જુન-ભીમને ઉદ્દેશીને આ સરસ હવાપાણી ધરાવતી સમૃદ્ધ મગધનગરીની ભૌગોલિક અને ઐતિહાસિક માહિતી આપી. એકમેકથી જોડાયેલા, વૈહાર, વરાહ, વૃષભ, ઋષિગિરિ અને ચત્યક[1] એ પાંચ પર્વતોથી રક્ષાયેલા ગિરિવ્રજ નગરના કુદરતી સંરક્ષણનો ખ્યાલ આપ્યો. અર્બુદ, શક્રવાપી, સ્વસ્તિક અને મણિનાગ નામનાં નાગોનાં સ્થાન (સૈનિક-થાણાં હશે?) બતાવ્યાં અને કહ્યું, 'કૌશિક (ચણ્ડકૌશિક) અને મણિમાને (આ પણ કોઈ ઋષિ લાગે છે) તેના ઉપર અનુગ્રહ કર્યો છે. આવાં બધાં કારણોથી જરાસંધ પોતાને શાશ્વત અર્થસિદ્ધિ મળ્યાનો ગર્વ રાખે છે, પણ આજે આપણે આક્રમણ કરીને તેનો દર્પ ઉતારી નાખીશું. (૨-૧૯-૧ થી ૧૧)

એવી રીતે વાતો કરતાં કરતાં ત્રણે ભાઈઓ ગિરિવ્રજ પાસે આવ્યા. પણ નગરના મુખ્ય પ્રવેશદ્વારેથી નહિ જતાં નગરના એક ઊંચા ગિરિ (ઘણું કરીને ચૈત્યક. જુઓ ૨-૧૯-૧૭) તરફ ગયા. એને બૃહદ્રથના વંશજો અને નગરવાસીઓ પૂજતા હતા. અડદ ખાનાર એક આખલાને મારીને બૃહદ્રથે તેનાં શીંગડાં, અને ગરદનની નસની ત્રણ ભેરીઓ બનાવીને, તે વૃષભના ચામડાથી જ મઢાવી હતી, અને તેમને ચૈત્યક ઉપરના મિનારા ઉપર વગાડવામાં આવતી હતી. (**स्थिरं सुविपुलं शृङ्गं॰ । शृङ्गं तं गिरिमेव शृङ्गवदुच्छ्रितं भाषायां 'मनुरा' इति प्रसिद्धम् ।** પં. નીલકંઠ ૨-૧૯-૧૮). જરાસંધને મારી નાખવા ઇચ્છતા આ ત્રણે (નિઃશસ્ત્ર) વીરોએ પોતાના વિશાળ બાહુઓ વડે જ એ સ્થિર, સુવિશાળ, મોટા, પુરાતન, સુપ્રતિષ્ઠિત તથા ગંધ અને માળાઓથી પૂજાયેલા (નગરના સ્મારક સમા) મિનારાને તોડી નાખ્યો. અને (પછી **अद्वारेण** એટલે કે છીંડેથી) નગરમાં પ્રવેશ્યા. (૨-૧૯-૧૨ થી ૧૯). આ ત્રણે ગિરિવ્રજમાં પ્રવેશ્યા, બરાબર તે જ સમયે (નરમેધની તૈયારી તરીકે) હાથી ઉપર બેઠેલા જરાસંધનું અર્ચન કરીને, પુરોહિતો **'પર્યગ્નિ'** કૃત્ય કરતા હતા. ('પર્યગ્નિ' કૃત્ય એટલે દર્ભની મશાલ ત્રણ વખત પ્રદક્ષિણે ફેરવવીઃ જુઓ **दर्भरूपेणोल्मुकेन त्रिः प्रदक्षिणीकरणं तत्पर्यग्नीकरणम् ।** ઐતરેય બ્રાહ્મણ ૩૬-૧૬નું સાયણ ભાષ્ય). આમ ખરે ટાંકણે સ્નાતકવ્રતી, બાહુઓરૂપી આયુધવાળા, નિઃશસ્ત્ર અને જરાસંધની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાવાળા શ્રીકૃષ્ણ અને ભીમ-અર્જુન, મગધની સમૃદ્ધ રાજધાનીના ચૌટાની શોભા જોતાં જોતાં આગળ ચાલ્યા. માર્ગમાં માળી પાસેથી બળાત્કારે ફૂલમાળાઓ લઈને પહેરી લીધી.

---

૧. (क) ગિરિવ્રજ (રાજગૃહ) આજુબાજુ અત્યારે પણ આ પાંચ પર્વત છે. તેમનાં હાલનાં નામ વૈભાર (વૈહાર), વિપુલ, ઉદય, રત્ન અને સ્વર્ણગિરિ છે. જુઓ 'जैन संस्कृति और राजगृह', શ્રી સુરેન્દ્રપ્રસાદ 'તરુણ', ૧૯૬૪.

(ख) બૌદ્ધ પરંપરા અનુસાર રાજગૃહના પાંચ પર્વતનાં નામ : પાણ્ડવ, ગિજ્ઝકૂટ (ગૃધ્રકૂટ), વેભાર (વૈહાર), ઈસિગિલિ (ઋષિગિરિ), વેપુલ્લ (વિપુલ). જુઓ Dictionary of Pāli Proper Names, Vol. II, p. 721. મૂળ સંદર્ભ 'મજ્ઝિમ-નિકાય' ૩-૬૮; 'સુત્ત-નિપાત' ટીકા ૨-૩૮૨. આ નગર પાંચ પર્વતથી વીંટાયેલું હોવાથી ગિરિવ્રજ, અને તેમાં રાજાનું ગૃહ (પ્રાસાદ) આવેલું હોઈ રાજગૃહ તરીકે ઓળખાયું.

અને પછી હિમાલયના સિંહો જેમ આખલાને ખોળતા જાય એમ,[1] શ્વેતવસ્ત્ર, પુષ્પમાળાઓ અને કુંડલ પહેરેલા, પત્થરના સ્થંભ જેવા દૃઢ હાથ ઉપર ચન્દન-અગુરુનું લેપન કરેલા,[2] હાથી જેવા પુષ્ટ, શાલવૃક્ષ જેવા ઊંચા, અને વિશાળ છાતીવાળા એ નરવીરો મગધનિવાસીઓને આશ્ચર્ય પમાડતા, ત્રણ ડેલીઓ વટાવીને (तिस्रः कक्ष्याः) ગર્વપૂર્વક (=રોફથી) જરાસંધને મળ્યા. પાદ્ય, અર્ધ્ય, મધુપર્ક વગેરે સત્કારને યોગ્ય તેમની સામે, જરાસંધ યથાવિધિ ઊઠીને ગયો અને બોલ્યો, 'આપનું સ્વાગત હો'. જરાસંધ એક બાજુ નરમેધ કરવા ઉદ્યુક્ત હતો. તે સાથે જ રૂઢિચુસ્ત હોઈ એનું 'જગતમાં પ્રસિદ્ધ વ્રત હતું કે સ્નાતક બ્રાહ્મણ આવ્યાનું સાંભળે તો અર્ધી રાત્રે પણ તેમને સામે મળવા જવું.'[3] આ વ્રતને કારણે જ શ્રીકૃષ્ણાદિએ ગિરિવ્રજમાં ઉપદ્રવ કર્યો હતો અને અહંકારયુક્ત દેખાતા હતા, તથા જરાસંધ આને લીધે વિસ્મિત થયો હતો, તો પણ તેમને આવકાર્યા હતા. (૨-૧૯-૨૦ થી ૩૨).

આવકાર મળતાં (સ્વાગત સ્વીકાર્યા વિના જ) શ્રીકૃષ્ણાદિએ 'તારું કલ્યાણ થાઓ' એવી શુભેચ્છા પ્રકટ કરી અને ઊભા રહ્યા. જરાસંધે એમને બેસવાની વિનંતી કરી એટલે તેઓ બેઠા. પછી જરાસંધે ઠપકો આપતાં પૂછ્યું, 'સ્નાતકવ્રતી બ્રાહ્મણો (ઉત્તરીયની) બહાર દેખાય એવી રીતે માળા અને ચંદનાદિનું લેપન કરતા નથી. જ્યારે તમે તો પુષ્પમાળા પહેરી છે.[4] હાથ ઉપર

---

૧. गोवासमिव वीक्षन्तः सिंहा हैमवता यथा ॥ ૨–૧૯–૨૫ગઘ.

આ ઉપમામાં ઐતિહાસિક તથ્ય રહેલું હોય તો તે મહત્ત્વની ગણાય, કારણ કે હિમાલયમાં કોઈક સમયે સિંહો થતા હશે, એવો આમાં નિર્દેશ છે.

૨. विरागवसनाः सर्वे स्रग्विणो मृष्टकुण्डलाः ॥ ૨–૧૯–૨૪ખગ.
शैलस्तम्भनिभास्तेषां चन्दनागुरुभूषिताः । ૨–૧૯–૨૬કખ.

विरागवसनाः પદનો અર્થ પં. નીલકંઠ विचित्ररागवसनाः એટલે રંગબેરંગી વસ્ત્રવાળા કરે છે. પણ તે યોગ્ય નથી. મહાભારતમાં અહીં આવતું શ્રીકૃષ્ણાદિનું વર્ણન, તેમના સ્નાતક તરીકેના વેશને બંધબેસતું છે.

('મનુસ્મૃતિ' ૪-૩૪ થી ૩૬; 'યાજ્ઞવલ્ક્ય.' ૧-૧૩૧, ૧૩૩; 'વસિષ્ઠધર્મસૂત્ર' ૧૪-૩૭, ૩૮; 'આપસ્તંબ ધર્મસૂત્ર' ૧-૧૧-૩૦, ૧૦ થી ૧૩; 'ગૌતમધર્મસૂત્ર' ૧૦-૪, ૫; ઇત્યાદિ. સંદર્ભો માટે જુઓ History of Dharmaśāstra Vol. II-I (by Dr. P. V. Kane), 1941. P. 413 etc.

૩. ૨-૧૯-૨૯ થી ૩૧. જરાસંધના આ વ્રતને ઉઠાવ આપવાના હેતુથી ક્ષેપક ૨૨૧ રચાયું છે. તે મુજબ, 'જરાસંધે, સ્વાગત કરતાં ભીમ-અર્જુન મૌન રહ્યા. પણ શ્રીકૃષ્ણે કહ્યું કે, 'આ બન્ને નિયમસ્થ છે એટલે મધ્યરાત્રી વીત્યા પછી તારી સાથે વાત કરશે.' એટલે એમને યજ્ઞશાળામાં વાસ આપીને રાજા મહેલમાં ગયો અને મધ્યરાત્રી થતાં મળવા માટે આવ્યો !'

૪. न स्नातकव्रता विप्रा बहिर्माल्यानुलेपनाः । ૨–૧૯–૩૮ કખ; ખ = ૪૦ખ.

સર૦ (क) શતાયુષી થવાના નિયમોમાં

स्रजश्च नावकर्षेत न बहिर्धारयेत च ॥ ૧૩–૧૦૭–૭૫ગઘ.

(ખ) જુઓ 'He should wear a wreath (of flowers) and ointment so as not to be easily noticed.' (History of Dharmaśāstra, Vol. II-I, P. 413. 'સ્નાતક-ધર્મ'ના વિવેચનમાં અવતરણ સંદર્ભ 'આપસ્તંબધર્મસૂત્ર' ૧-૧૧-૩૨-૫; 'મનુસ્મૃતિ' ૪-૭૨; 'વસિષ્ઠધર્મસૂત્ર' ૧૨-૩૯; 'ગૌતમધર્મસૂત્ર' ૯-૩૨).

પણ્ છ ચઢાવ્યાને લીધે આંટણ પડ્યાં છે. ક્ષાત્રતેજથી ઝળકો છો છતાં બ્રાહ્મણ જણાઓ છો. આવા શ્વેત વસ્ત્રોવાળા છતાં બહાર દેખાય એવાં માળા અને અંગરાગને ધારણ કરનાર તમે કોણ છો તે સાચું કહો. રાજા આગળ સાચું જ શોભે.[1] રાજાનો ગુન્હો થયાનો ડર રાખ્યા વિના, ચૈત્યક ગિરિના શ્રૃંગને (-શ્રૃંગ ઉપર આવેલા મિનારાને) તોડીને તમે શા માટે છીંડા દ્વારા અમારા આવાસમાં પેઠા છો ? (**अद्वारेण प्रविष्टाः।**) તમારું આ કાર્ય બ્રાહ્મણવર્ણનું નથી, તેથી તમે શું ધાર્યું છે તે કહો, કારણ કે બ્રાહ્મણનું બળ તો ખાસ કરીને વાણીમાં રહેલું છે. વળી તમે મને મળવા આવ્યા છો, તોપણ સત્કારને કેમ સ્વીકારતા નથી ? તો અહીં આવવાનું પ્રયોજન શું છે ? (૨-૧૯-૩૩ થી ૪૩).

એટલે વાકયવિશારદ શ્રીકૃષ્ણે સ્નિગ્ધ ગંભીર વાણીથી કહ્યું, 'બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ત્રણે સ્નાતકવ્રતી હોય છે. તેમ છતાં તેમનામાં સામાન્ય અને વિશિષ્ટ નિયમો પણ હોય છે. આમાં વિશેષ નિયમવાળો ક્ષત્રિય સતત શ્રીને-ચઢતીને પામે છે. પુષ્પધારીઓને શ્રી મળે જ છે, માટે અમે પુષ્પ ધારણ કર્યાં છે. ક્ષત્રિયનું બળ બાહુમાં છે. વાણીમાં નથી.[2] એટલે તેમનાં વચન અપ્રગલ્ભ-નમ્ર હોય છે. ધાતાએ ક્ષત્રિઓના બાહુમાં પરાક્રમ મૂકયું છે, તે જો જોવાની ઇચ્છા હશે તો હે રાજન્ ! નિઃસંશય તું આજે જ જોઈશ ! શત્રુના ઘરમાં આડે માર્ગેથી (अद्वारेण) અને મિત્રના ઘરમાં મુખ્ય દ્વારેથી સજ્જનો પ્રવેશે છે.[3] માટે અમે રાજમાર્ગ લીધો નથી. અમે કાર્ય પાર પાડવા માટે શત્રુનાં ભવનોમાં આવ્યા છીએ, એટલે અમારે શત્રુનો-તારો, સત્કાર સ્વીકારવો ન જોઈએ. આ અમારું શાશ્વત વ્રત છે એમ જાણ'.[4] (૨-૧૯-૪૪ થી ૫૦).

જરાસંધ થોડો આશ્ચર્યમાં મુકાયો. તેણે સામું પૂછ્યું, 'તમારી સાથે ક્યારે વૈર થયું, તે મને સાંભરતું નથી. વિચાર કરતાં ય મેં તમારું કંઈ ભૂંડું કર્યું હોય એમ દેખાતું નથી.[5] આમ તમારું કંઈ પણ ભૂરું નથી કર્યું તોપણ મને નિર્દોષને તમે શાથી શત્રુ માનો છો, તે મને કહો, કારણ સત્પુરુષોનો આ જ નિયમ છે.' અને આગળ ચાલતાં જો કે પોતે તો નરમેધનું, ધર્માભાસ-વાળું મહાભયંકર અધાર્મિક કાર્ય કરવાનું આયોજન કરી રહ્યો હતો, છતાં શ્રીકૃષ્ણને સત્યધર્મના અંતઃસત્ત્વને સ્પર્શતો સવાલ તેણે કર્યો, 'ધર્મ ઉપર આઘાત થવાથી મારું મન ઊકળી ઊઠે છે. જે ક્ષત્રિય મિથ્યાચરણ કરીને નિર્દોષ પર આળ ચઢાવે છે, તે ધર્મજ્ઞ અને મહાવ્રતી હોય

---

૧. **सत्यं राजसु शोभते।** ૨-૧૯-૪૦ઘ = ૧-૧૮૭-૬ખ. આ કહેવત વાકય છે એ સ્પષ્ટ છે.

૨. **क्षत्रियो बाहुवीर्यस्तु न तथा वाक्यवीर्यवान्।** ૨-૧૯-૪૭કખ.

ઉપર ૨-૧૯-૪૨માં **वदध्वं वाचि वीर्यं च ब्राह्मणस्य विशेषतः।** છે, તેથી ઊલટું ક્ષત્રિયનું પરાક્રમ વાણીમાં નહિ પણ બાહુમાં છે.

૩. ૨-૧૯-૪૯; સર૰ 'રામાયણ' ૫-૪-૨ ઉપરની ટીકા, ग्रामं वा नगरं वापि पत्तनं वा परस्य हि। विशेषात् समये सौम्य न द्वारेण विशेन्नृपः ॥

૪. મહાયુદ્ધ પહેલાં હસ્તિનાપુર વિષ્ટિ માટે ગયેલા શ્રીકૃષ્ણે દુર્યોધનનો સત્કાર નહોતો સ્વીકારેલો (૫-૮૯- ૧૧ થી ૩૨), તે અહીં સરખાવો.

૫. જરાસંધની મથુરા ઉપરની ચઢાઈઓને બહુ લાંબો સમય થયેલો તેમજ શ્રીકૃષ્ણ સ્નાતકના પોષાકમાં હતા, તેથી જરાસંધ તેમને ઓળખી શકયો નથી એમ લાગે છે.

તોપણ પાપીઓની ગતિને પામે છે અને તેનું શ્રેયસ્—કલ્યાણ નષ્ટ થાય છે. ત્રણે લોકમાં ક્ષાત્રધર્મ કરતાંય સદાચરણ શ્રેયસ્કર છે, તેથી મને નિર્દોષ જાણો છો, છતાં પ્રમત્તની જેમ કેમ લફારા કરો છો ?' (૨-૨૦-૧ થી ૫).

શ્રીકૃષ્ણે તરત જ ખુલાસો કર્યો. તેની અધાર્મિકતા અને ક્રૂરતાની પરિસીમા તરફ ધ્યાન દોર્યું અને યુદ્ધનું આહ્‌વાન કર્યું. 'મહારાજ ! એક કુલધુરંધર (યુધિષ્ઠિર) કોઈ એક પુરુષાર્થ કરી રહ્યા છે. તેની આજ્ઞાથી અમે ત્રણે તારી પાસે આવ્યા છીએ. હે રાજન્ ! તેં સ્વતંત્ર—लोकवासिनः-ક્ષત્રિયોનું (નરમેધ માટે) અપહરણ કર્યું છે. આવો ક્રૂર અપરાધ કર્યા છતાં તું પોતાને નિર્દોષ કેમ માને છે ? ! કોઈ રાજા બીજા સજ્જન રાજાઓની હિંસા કેવી રીતે કરી શકે ? તું તો આ રાજાઓને પકડીને રુદ્રને બલિ ચઢાવવા ઇચ્છે છે. હે બાર્હદ્રથિ ! ધર્મના રક્ષણમાં સમર્થ એવા અમે ધર્મચારીઓ (જીવતા) છીએ (છતાં જો તું આવું પાપ કરે તો) તારા એ પાપનો દોષ અમનેય લાગે.[1] યજ્ઞમાં બલિદાન આપવા મનુષ્યને પકડ્યો હોય એવું કદી પણ જોયું-જાણ્યું નથી. એમ છતાંય તું શા માટે મનુષ્યના હોમથી દેવ શંકરનું યજન કરવા ઇચ્છે છે ?[2] પોતાની (માનવ) જાતિનો, પોતાની જાતિનાને જ પશુસંજ્ઞા આપે, એવું કાર્ય તારા જેવા મિથ્યાબુદ્ધિ—અક્કલ વગરના સિવાય બીજો કોણ કરે ? એટલે (ક્ષત્રિય) જાતિની વૃદ્ધિ માટે, દુઃખિયાની વહારે ધાનારા અમે (ક્ષત્રિય) જાતિનો નાશ કરનાર તને સીધો કરવા અહીં આવ્યા છીએ.[3] 'આ જગતમાં મારા જેવો (શ્રેષ્ઠ) ક્ષત્રિય કોઈ નથી' એમ તું માને છે, એ તારો મહા બુદ્ધિભ્રમ છે. પોતાની કુલમર્યાદાને જાણતો કયો ક્ષત્રિય રણમાં મૃત્યુ પામ્યા પછી અતુલ અને અવ્યય સ્વર્ગને પામતો નથી ? સ્વર્ગે જવાનો નિર્ણય કરીને જ ક્ષત્રિયો રણયજ્ઞની દીક્ષા લે છે. વિજય, મહાન

---

૧. अस्मांस्तदेनो गच्छेत त्वया बार्हद्रथे कृतम् ।
वयं हि शक्ता धर्मस्य रक्षणे धर्मचारिणः ॥ २-२०-९.

શ્રીકૃષ્ણે કહેલો આ સિદ્ધાંત—શક્તિશાળી ધાર્મિક જો પાપકૃત્ય ન અટકાવે તો તે ધાર્મિક હોવા છતાં, પાપકૃત્યથી લેપાય જ. પછી ભલેને પોતે સીધી રીતે પાપ ન કર્યું હોય. શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન આવાં દુષ્કૃત્યોને તથા આ આચરનારાઓને જેર કરવાના પ્રસંગોથી ભરપૂર છે. પુરાણોએ તેને 'ભૂમિનો ભાર ઉતાર્યો' કહી આવકાર્યું છે. શ્રીકૃષ્ણે તેને 'ધર્મસંસ્થાપક' કહ્યું છે. (૬-૨૬-૭, ૮; = ગીતા ૪-૭, ૮). કવિ વેદવ્યાસનો મત આ હતો. મહાભારતમાં અન્યત્ર કવિ કહે છે.

जानन्नपि च यः पापं शक्तिमान्न नियच्छति ।
ईशः सन्सोऽपि तेनैव कर्मणा संप्रयुज्यते ॥ १-१७१-१०.

જે શક્તિમાન જાણવા છતાં પણ પાપને રોકતો નથી તે ઈશ-સમર્થ, હોય તોપણ (પાપ) કર્મથી લેપાય છે જ.

આ અંગે વિશેષ વિવેચન માટે જુઓ, 'ભારત-રત્ન' (ભો. જ. સાંડેસરા, ૧૯૬૩), પૃ. ૨૪૮.

૨. વૈદિક યજ્ઞયાગોમાં મનુષ્યને કદી પણ હોમવામાં આવતો ન હતો. એ માટે જુઓ લેખને અંતે પરિશિષ્ટ.

૩. ते त्वां ज्ञातिक्षयकरं वयमार्तानुसारिणः ।
ज्ञातिवृद्धिनिमित्तार्थं विनियन्तुमिहागताः ॥ २-२०-१२.

યશ અને તપથી સ્વર્ગ મળે છે. તથા યુદ્ધમાં થયેલા મૃત્યુથી નિઃસંદેહ સ્વર્ગ મળે છે, કારણ કે એ ઇન્દ્રનો વૈજયંત ગુણ છે, અને એનાથી સદા સાવધાન ઇન્દ્ર અસુરોનો પરાજય કરીને જગતનું સંરક્ષણ કરે છે પણ સ્વર્ગે જવા માટે તું કરે છે એવો વિગ્રહ તો કોણ કરે? વિપુલ માગધી સેનાઓની તાકાતથી છકી જઈને તું બીજાઓની અવગણના ન કર. કંઈ દરેક મનુષ્યમાં સરખું વીર્ય હોતું નથી, પરન્તુ જ્યાં સુધી તારા જેટલું તેજ બીજામાંયે છે એવું તું જાણતો નથી ત્યાં સુધી જ આ છાકુ રહેશે. તારો આ દર્પ અમારે માટે અસહ્ય છે. માટે હે માગધ! તારા સમાન પરાક્રમી અમારી આગળ તારાં માન અને દર્પ મૂકી દે. પુત્રો, અમાત્યો અને સૈન્યો સાથે યમદ્વારે ન જા. પૂર્વે થઈ ગયેલા દંભોદ્ભવ કાર્તવીર્ય, ઉત્તર અને બૃહદ્રથ એ સબળ રાજાઓ પણ શ્રેયસ્‌ની અવગણના કરવાથી નાશ પામ્યા છે.[1] અમે તારી પાસેથી (રાજાઓનો) મોક્ષ કરાવવાની ઇચ્છાવાળા છીએ. અમે બ્રાહ્મણ નથી. હું શૌરિ હૃષીકેશ છું. આ બે નરવીરો પાંડવો છે.[2] હે માગધ! અમે તને આહ્વાન કરીએ છીએ કે કાં તો સ્થિર થઈને યુદ્ધ કર અથવા સર્વ રાજાઓને છોડી મૂક અને યમપુરીએ ન જા–જીવતો રહે' (૨-૨૦-૬ થી ૨૪).

શ્રીકૃષ્ણના આ આહ્વાનથી ખીજાયેલા જરાસંધે, શ્રીકૃષ્ણે જેમ ધાર્યું હતું, બરાબર તેવી જ રીતે પ્રત્યુત્તર વાળ્યો, 'હું કોઈ રાજાને જીત્યા વિના કેદમાં નાખતો નથી, કૃષ્ણ! 'પરાક્રમથી શત્રુને તાબે કરીને તેની સાથે યથેચ્છ વર્તન રાખવું' એવી ક્ષત્રિયની ધર્મસંમત આજીવિકા છે. (તદ્દન જંગલી લાગતા આ કાયદાને–'ધર્મ'ને, પાકિસ્તાન અને ચીન જેવાં રાષ્ટ્રો તો અનુસરે જ છે, પણ પોતાને અત્યંત સંસ્કારી તથા સુધરેલાં માનતાં અને બીજાને પરાણે મનાવતાં રાષ્ટ્રો આજેય તે મુજબ જ વર્તે છે.) હવે એ ક્ષાત્રવ્રતને સંભારીને હું દેવને ભોગ ચઢાવવા લાવેલા રાજાઓને આજે ડરને લીધે કેવી રીતે છોડી મૂકું?' એમ કહીને યુદ્ધનું આહ્વાન સ્વીકારતાં બોલ્યો, 'વ્યૂહબદ્ધ સેનાથી સેના સાથે, એકલા સાથે એકલો, અથવા બે કે ત્રણ સાથે અલગ અલગ કે એકસામટો લડવા હું તૈયાર છું.' (૨-૨૦-૨૫ થી ૨૮).

આમ આહ્વાન સ્વીકારીને, આવતી આફતના ઓળા પારખીને જરાસંધે પુત્ર સહદેવનો રાજ્યાભિષેક કરવાનો હુકમ કર્યો. આ બારીક સમયે એણે પોતાના પરાક્રમી સેનાપતિઓ કૌશિક અને ચિત્રસેનને (=હંસ અને ડિભક) યાદ કર્યા અને યુદ્ધની તૈયારી કરી.[3] (૨-૨૦-૨૯ થી).

---

૧. જુઓ દંભોદ્ભવ માટે ઉદ્યોગ. અ-૯૪; કાર્તવીર્ય અર્જુન માટે શાન્તિ. અ-૪૯; દ્રોણ, ક્ષેપક. પરિશિષ્ટ ૧-૮ વગેરે તથા આગળ આવી ગયેલી નોંધ; અહીં નિર્દેશાયેલા ઉત્તર અને બૃહદ્રથ વિશે મહાભારતમાં ખાસ માહિતી મળતી નથી.

૨. मुमुक्षमाणास्त्वत्तश्च न वयं ब्राह्मणब्रुवाः ।
शौरिरस्मि हृषीकेशो नृवीरौ पाण्डवाविमौ ॥ २–२–२३.

મોક્ષ શબ્દના વિશિષ્ટ પ્રયોજન માટે જુઓ પૃ. ૩૭૪ ઉપરની નોંધ ૩ અને પૃ. ૩૭૯ ઉપરની નોંધ ૧.

૩. (૧) હંસ અને ડિભક માટે જુઓ, 'કંસ-ચાણૂરમર્દક ભગવાન શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા, 'સ્વાધ્યાય', જન્માષ્ટમી અંક, સં. ૨૦૨૧).

(૨) મહાભારત અહીં વધુમાં ઉમેરે છે, 'સિંહ જેવા પરાક્રમી જરાસંધને, વિભુ કૃષ્ણે, 'એ વધ કરવા માટે બીજાના ભાગમાં છે' એવી બ્રહ્માની આજ્ઞાનું સ્મરણ કર્યું તથા તે આજ્ઞાને માન આપીને, આત્મવાનોમાં શ્રેષ્ઠ મધુસૂદને, મારી નાખવાની ઇચ્છા કરી નહોતી.' ૨-૨૦, ૩૨ થી ૩૪.

પછી યુદ્ધ કરવા માટે તૈયાર જરાસંધને વાગ્મી (વાક્યકુશળ) અધોક્ષજ શ્રીકૃષ્ણે પૂછ્યું :[1] 'અમારા ત્રણમાંથી કોની સાથે યુદ્ધ કરવા તારું મન માને છે? અમારામાંથી લડવા માટે કોણ સજ્જ થાય?' (૨-૨૧-૧, ૨). જરાસંધે ભીમસેન સાથે લડવાનું પસંદ કર્યું. પછી વિદ્વાન પુરોહિત (તે વૈદ્ય પણ છે), ત્યાં ભાનમાં લાવનારાં મુખ્ય ઔષધો લઈને યુયુત્સુ જરાસંધ પાસે આવ્યો. તેણે જરાસંધનું સ્વસ્તિવાચન કર્યું. પછી જરાસંધે મુકુટ ઉતાર્યો, કેશ કસીને બાંધ્યા, અને પછી જાણે મર્યાદા છોડતો ઘૂઘવતો સાગર હોય, એમ ગર્જતો લડવા ખડો થઈ ગયો. એણે કૃષ્ણ-અર્જુન પ્રત્યે તોછડાઈ દાખવતાં ભીમને કહ્યું : 'ભીમ! હું તારી સાથે યુદ્ધ કરીશ. શ્રેષ્ઠથી જિતાવું પણ સારું છે.[2] એટલે ભીમસેન શ્રીકૃષ્ણ સાથે (યુદ્ધ અંગેની) મંત્રણા કરીને તથા સ્વસ્તિવાચન કરાવીને રણમેદાનમાં ઉતર્યો. વિશાળ છાતી અને દીર્ઘ બાહુ-વાળા, તથા મુષ્ટિયુદ્ધમાં કુશલ (नियुद्धकुशलावुभौ। ૨-૨૧-૧૬ ખ) બંનેનું ભયંકર યુદ્ધ શરૂ થયું. કાર્તિક માસની પડવેથી (કૃષ્ણપક્ષની પડવે), શરૂ કરીને તેરશ સુધી થંભ્યા વિના અવિશ્રાંત રીતે યુદ્ધ ચાલ્યું. ચૌદશની રાત્રે મગધરાજ થાકથી ઢીલો પડ્યો. એને ઢીલો પડેલો જોઈને, (ચૌદ દિવસરાત અનવરત ખાધાપીધા વિના લડવાથી ભીમ પણ થોડો ઢીલો પડ્યો જ હશે તેથી), ભીમને સમજ પાડવા અને જરાસંધ પ્રત્યેની દયા સાથે દયાળુ શ્રીકૃષ્ણે કહ્યું : 'કૌન્તેય! થાકેલા શત્રુને રણમાં પીડવો ન જોઈએ. તેને (ખાલી) પીડ્યા કરવાથી તે (સ્વેચ્છાએ) સંપૂર્ણ રીતે પોતાનું જીવન ત્યજી દે છે—આત્મઘાત જેવું કૃત્ય કરે છે.[3] માટે તારે આ રાજાને પીડવો નહિ, પણ તેની સાથે બંને હાથ વડે સમાન રીતે યુદ્ધ કર.' (૨-૨૧-૧ થી ૨૧).

શ્રીકૃષ્ણની સૂચના મળતાં ભીમસેનને આ છિદ્રની—તે થાકયો છે એવી, સમજણ પડી ગઈ, અને તેણે અજિત જરાસંધને જીતી લેવાનો નિશ્ચિત સંકલ્પ કર્યો. (૨-૨૧-૨૨ થી ૨૩).

---

૧. 'અધોક્ષજ' એટલે 'બહેડાંના ઝાડ નીચે જન્મેલા' એવો શબ્દાર્થ છે પણ મહાભારત (૧) अधो न क्षीयते जातु यस्मात्तस्मादधोक्षजः । ૫-૬૮-૧૦ કખ—કદી (પોતાના સ્વરૂપથી) નીચે ક્ષીણ નથી થતા માટે 'અધોક્ષજ', એવી અને (૨) ૧૨-૩૩૦-૧૭ થી ૧૯માં 'પૃથ્વી અને આકાશને ધારણ કરવાથી અધોક્ષજ' એવી વ્યુત્પત્તિ આપે છે.

શ્રીમદ્ શંકરાચાર્ય 'વિષ્ણુસહસ્રનામ'ના ભાષ્યમાં (૧૩-૧૩૫-૪૭) મ૦ ભા૦ની ઉપરોક્ત વ્યુત્પત્તિઓ ઉપરાંત 'અક્ષગણ (ઇન્દ્રિયો) અધોભૂત થતાં (અંતર્મુખ થતાં) તે પરમાત્માનું જ્ઞાન થાય છે માટે અધોક્ષજ' એવો અર્થ આપે છે.

૨. भीम योत्स्ये त्वया सार्धं श्रेयसा निर्जितं वरम् ॥ ૨-૧૧-૭ગઘ

સર૦ શિશુપાલનો ઉપાલંભ : 'તે મહાબળવાન રાજા જરાસંધનું હું બહુમાન કરું છું, જેણે 'આ (કૃષ્ણ) તો દાસ છે' એમ ગણીને તેની સાથે રણમાં યુદ્ધ કરવા ઇચ્છયું નહોતું.' ૨-૩૯-૧.

સર૦ કૃષ્ણ-અર્જુનની લઘુતા બતાવી તેમને પોતાની સાથે દ્વંદ્વયુદ્ધ કરવા અયોગ્ય બતાવતાં જરાસંધનાં વચનો, ક્ષેપક નં. ૨૪૧, ૨૪૨, ૨૪૩, ૨૪૫.

૩. क्रान्तः शत्रुर्न कौन्तेय लभ्यः पीडयितुं रणे ।
पीडयमानो हि कार्त्स्न्येन जह्याज्जीवितमात्मनः ॥ ૨-૨૧-૨૦.

એણે ખૂબ બુદ્ધિ વાપરીને શ્રીકૃષ્ણની સલાહ માગી, 'યદુશાર્દૂલ ! લંગોટ કસીને બાંધ્યો હોવા છતાં આ પાપીને હું દબાવી શકતો નથી (તો શું કરવું ?) ' એટલે શ્રીકૃષ્ણે ઉત્સાહ પ્રેરતાં ત્વરાથી ઉત્તર આપ્યો : 'તારી પાસે દૈવી બળ છે, અને જે માતરિશ્વાનું બળ છે, તે તું તત્કાળ જરાસંધને દર્શાવ અને અમનેય દર્શાવ.' શ્રીકૃષ્ણનાં વચનોથી ઉત્સાહિત થઈને મહાબળવાન ભીમે એવા જ મહાબળવાન જરાસંધને હાથથી સોવાર (અનેકવાર) ભોંય પર પટક્યો. પીઠ તોડીને પીસી નાખ્યો, અને ગર્જવા માંડ્યો. એ પિસાતા જરાસંધની ચીસોથી અને પીસતા ભીમની ગર્જનાઓથી મગધવાસીઓ ત્રાસી ગયા. (૨-૨૨-૧ થી ૯).

જરાસંધ માર્યો ગયો. પાછલી રાત્રિએ આ ત્રણેએ તેના શબને રાજમહેલના દ્વાર આગળ પોઢાડ્યું અને બહાર નીકળ્યા. શ્રીકૃષ્ણે જરાસંધનો પતાકાવાળો રથ જોડ્યો. બંને ભાઈઓને તેમાં બેસાડ્યા. અને (કેદમાં પડેલા ક્ષત્રિય) બાંધવોને છોડ્યા. (આ રાજાઓ સગપણની રીતે ભલે સગા નહોતા, પણ પ્રાણીમાત્રમાં આત્મા જોનાર શ્રીકૃષ્ણના તો તેઓ સગા હતા. સૌથી પ્રથમ કાર્ય તેમને છોડવાનું કર્યું.) મહાભયમાંથી છૂટેલા (मोक्षिताः) રાજાઓ રત્નભોક્તા અને રત્નોને (શ્રેષ્ઠ વસ્તુને) યોગ્ય શ્રીકૃષ્ણને મળ્યા. (શ્રીકૃષ્ણ કંઈ પરલોકના ભયમાંથી જ છોડાવનારા નથી. પ્રથમ તો ઇહલોકના ભયમાંથી મુક્ત કરનારા છે). આવી રીતે શત્રુને પરાજિત કર્યા પછી અક્ષત રહીને, શસ્ત્રસજ્જ શ્રીકૃષ્ણ, જરાસંધના રથમાં બેસીને રાજાઓની સાથે જ ગિરિવ્રજમાંથી બહાર નીકળ્યા. (દક્ષ શ્રીકૃષ્ણ છૂટેલા રાજાઓને ફરીથી ફસાઈ પડવાની, સંભવિતતામાંથી યે દૂર રાખવાની કાળજી લે છે.) બે હાથે લડનાર, કૃષ્ણસારથિ, અભ્યાસઘાતી (બાણોનો અનવરત મારો ચલાવનાર), દુર્જય અર્જુન પણ ભીમસેનની સાથે જ એમાં બેઠા હતા, એટલે એ રથ ખૂબ શોભતો હતો.[1] મગધવાસીઓ તેમને (આવા વિજેતા થઈને) જતા જોઈને વિસ્મિત થયા. (સંભવ છે કે આવા અકલ્પ્ય વિજયથી ડર્યા પણ હશે.) શ્રીકૃષ્ણે તો ગિરિવ્રજની બહાર સપાટ મેદાનમાં પડાવ નાખ્યો. ત્યાં સર્વ નગરજનો આવ્યા, અને વિધિપૂર્વક શ્રીકૃષ્ણનો સત્કાર

જુઓ ઉપર શ્રીકૃષ્ણે જરાસંધને કહેલું, અને ભારતીય ક્ષાત્રવટમાં સર્વસંમત વચન : 'યુદ્ધમાં થયેલા મૃત્યુથી નિ:સંદેહ સ્વર્ગ મળે છે.' પણ આપઘાત કરે તો ન જ મળે. તેથી જરાસંધનો પરલોક પ્રશસ્ત મૃત્યુથી સાચવવાના અને ભીમને જલદી જિતાડવાના એમ દયા અને વિજિગીષાના બેવડા હેતુથી શ્રીકૃષ્ણે આ વચન કહેલું.

મહાયુદ્ધ પછી પાંડવોની છાવણી ઉપર કરેલા રાત્રિહુમલામાં અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્ન વગેરે પાંચાલોને પશુવત્ મૂઢ મારથી મારી નાખેલા જેથી તેમને સ્વર્ગગતિ ન જ મળે. એ ઉલ્લેખ સરખાવતાં જરાસંધનો મૃત્યુસમય સુધારવાની શ્રીકૃષ્ણની અનુકમ્પાનું મહત્ત્વ સમજાય છે. (૧૦-૮-૧૬ થી, ૩૨ થી, ૩૪ થી).

૧. રથની શોભા વર્ણવતાં, 'તારકામય સંગ્રામમાં જે રથમાં બેસીને શક્ર–વિષ્ણુ લડેલા તે જ આ રથ' એમ કહ્યું છે (૨-૨૨-૧૬). એ તારકાસુર સાથેના કોઈ સંગ્રામનો નિર્દેશ જણાય છે. વળી આગળ ચાલતાં, 'જે રથમાં બેસીને શક્રે ૯૯ દાનવોને માર્યા હતા તેને પ્રાપ્ત કરીને આ પુરુષશ્રેષ્ઠો ખુશ થયા' (૨-૨૨-૧૮) એવો ઉલ્લેખ છે, તે અનેક દૃષ્ટિએ નોંધપાત્ર છે. તે પછી ૨-૨૨-૨૦ થી ૨૭માં રથની દિવ્ય રચનાનું, શ્રીકૃષ્ણે સ્મરણ કરતાં ગરુડ આવીને ધ્વજ ઉપર બેસી ગયાનું, અને તે ધ્વજના સૂર્ય જેવા તેજ વગેરેનું પૌરાણિક વર્ણન કર્યા પછી, રથ કોની પાસેથી કોને મળ્યો તેની આનુપૂર્વી આ પ્રમાણે છે : ઇન્દ્ર > વસુરાજા > બૃહદ્રથ > જરાસંધ.

કર્યો. કેદમાંથી છૂટેલા રાજાઓએ શ્રીકૃષ્ણનો સત્કાર કરી મધુરતાથી કહ્યું : 'મહાબાહો ! દેવકીનન્દન ! ભીમ-અર્જુનના બળવાળા આપના માટે ધર્મનું આ પરિપાલન કંઈ આશ્ચર્યકારક નથી. જરાસંધરૂપી ભયંકર ધરામાં દુઃખરૂપી કાદવમાં ડૂબી જતા રાજાઓનો તમે ઉદ્ધાર કર્યો છે, હે વિષ્ણુ![1] હે પુરુષોત્તમ! દારુણ ગિરિદુર્ગમાં પૂરાયેલા અમને સદ્ભાગ્યે છૂટા કરીને તમે ઉજ્જ્વળ કીર્તિ પ્રાપ્ત કરી છે. કહો, અમે આપનું શું કામ કરીએ ? આપે ચીંધેલું કામ મહાકઠણ હશે તોપણ અમે તેને (જાણે) પાર પાડી દીધું છે એમ જ જાણજો.' (૨-૨૨-૩૨ થી ૩૪).

મહામના હૃષીકેશે (ઉપકારના ભાર નીચે દબાયેલા અને અકલ્પ્ય દુઃખ ભોગવ્યા પછી અણધારી રીતે છૂટ્યા હોવાને લીધે દીન બનેલા) રાજાઓને આશ્વાસન આપ્યું. અને નિષ્કામ ભાવે સૂચવ્યું : 'યુધિષ્ઠિર રાજસૂય કરવા ઇચ્છે છે. (રાજ)ધર્મમાં પ્રવૃત્ત થયેલા તે પાર્થિવત્વ ઇચ્છે છે.[2] આપ સૌ તેમના યજ્ઞમાં સહાય કરજો.' રાજાઓએ પ્રસન્ન મનથી શ્રીકૃષ્ણનાં વચન વધાવી લીધાં અને દાશાર્હ શ્રીકૃષ્ણને રત્નોનાં નજરાણાં ધર્યાં. ગોવિન્દે તેમના ઉપરની અનુકમ્પાથી —માઠું ન લાગી જાય માટે, મહામુસીબતે (કમને) સ્વીકાર્યાં[3] (૨-૨૨-૩૫ થી ૩૮).

એ પછી જરાસંધનો પુત્ર સહદેવ પુરોહિત, અમાત્યો અને પ્રજાજનો સાથે આવ્યો. અનેક રત્નોની ભેટ ધરીને, નરોના દેવ વાસુદેવને નમ્રતાથી પ્રણામ કરીને ઊભો રહ્યો. શ્રીકૃષ્ણે ભયાર્ત સહદેવને અભય આપ્યું. તેનો ત્યાં જ રાજ્યાભિષેક કર્યો.[4] સહદેવ શ્રીકૃષ્ણ અને પાંડવો સાથે ઐક્ય સાધીને પુનઃ ગિરિવ્રજમાં ગયો (૨-૨૨-૩૯ થી ૪૨).

---

૧. શ્રીકૃષ્ણની વ્યાપક આત્મીય ભાવનાએ તેમને 'વિષ્ણુ'નું વિશેષણ સમર્પ્યું છે, અને છેવટે ચરમ સીમાએ પહોંચીને એ વિશેષણ 'વિષ્ણુ'નું પર્યાયવાચી બન્યું છે.

'ધર્મપરિપાલન' માટે સર૦ ૬-૨૬-૭, ૮ (ગીતા, ૪-૭, ૮); ૬-૬૧-૬૩, ૬૮ વગેરે.

૨. રાજસૂય ખરેખર તો પાર્થિવત્વ (મૂર્ધાભિષિક્ત રાજપદ) માટે છે, પણ કવિ વેદવ્યાસે એમાં સમ્રાટપદનું આરોપણ વિશિષ્ટ લોકસંગ્રહી હેતુ માટે કર્યું છે.

૩. कृच्छ्राज्जग्राह गोविन्दस्तेषां तदनुकम्पया ॥ ૨–૨૨–૩૮ ગધ.

જેના ઉપર ઉપકાર કર્યો હોય તેની પાસેથી કંઈ સ્વીકારાય નહિ એવો સાત્ત્વિક ધર્મપથ છે. જુઓ 'શ્રીકૃષ્ણનાં શિષ્ટસંપ્રતિસત્રો'માં (ભો. જ. સાંડેસરા, 'સ્વાધ્યાય' અક્ષયતૃતીયા અંક, સં. ૨૦૨૧, પૃ. ૨૩૫–૨૪૦), અર્જુન મયદાનવ પાસેથી આવા કારણે કંઈ પણ બદલો સ્વીકારવાની ના પાડે છે તે.

સર૦ સાત્ત્વિક દાનની વ્યાખ્યામાં दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे। ૬-૩૯-૨૦ કખ; ગીતા ૧૭-૨૦ કખ.

રાજસિક દાનની વ્યાખ્યામાં, यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः। ૬-૩૯-૨૧ કખ; ગીતા ૧૭-૨૧ કખ.

આમ આ નજરાણાંમાં રાજસિકતા હતી, છતાં શ્રીકૃષ્ણને માનવતા દર્શાવવા સ્વીકારવાં પડચાં.

૪. सहदेवो नृणां देवं वासुदेवमुपस्थितः ॥ ૨–૨૨–૪૦ ગધ.
भयार्ताय ततस्तस्मै कृष्णो दत्त्वाभयं तदा ।
अभ्यषिञ्चत तत्रैव जरासंधात्मजं तदा ॥ ૨–૨૨–૪૧.

શ્રીકૃષ્ણ, ભીમ-અર્જુનની સાથે (છૂટેલા રાજાઓ સાથે હતા તેથી) ખૂબ શોભાયુક્ત થઈને તથા અસંખ્ય રત્નો લઈને ઇન્દ્રપ્રસ્થ આવ્યા. ધર્મરાજને મળ્યા અને પ્રસન્નતાપૂર્વક સમાચાર આપ્યાઃ 'સદ્‌ભાગ્યે ભીમસેને બળવાન જરાસંધને મારી નાખ્યો છે, અને આ રાજાઓને છોડાવ્યા છે. સદ્‌ભાગ્યે આ ભીમસેન-ધનંજય કુશળ છે અને અક્ષત રહીને પાછા આવ્યા છે.' (૨-૨૨-૪૫, ૪૬)

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણનો હર્ષથી યથાયોગ્ય સત્કાર કર્યો. ભીમ-અર્જુનને ભેટયા. પછી રાજાઓને તેમની વય પ્રમાણે મળ્યા, તેમનો આદર-સત્કાર કર્યો, અને સૌ સૌને દેશ જવા રજા આપી. (૨-૨૨-૪૭ થી ૫૦)

શ્રીકૃષ્ણે પણ ધર્મરાજ, ફોઈ પૃથા, સખી કૃષ્ણા, બહેન સુભદ્રા, ભીમસેન, અર્જુન, નકુલ-સહદેવ, અને ધૌમ્યને મળીને તેમની વિદાય લીધી. પછી યુધિષ્ઠિર સહિત પાંડવોએ અક્લિષ્ટકારી (થાકયા વિના કામ કરનાર) શ્રીકૃષ્ણની પ્રદક્ષિણા કરી (યુધિષ્ઠિર અને ભીમસેનથી શ્રીકૃષ્ણ નાના હતા છતાંય પ્રદક્ષિણા કરી) અને દેવકીનન્દન ભગવાન શ્રીકૃષ્ણ આમ મહાન વિજય મેળવીને તથા રાજાઓને અભયદાન કરીને, ધર્મરાજે આપેલા (સંભવતઃ જરાસંધને ત્યાંથી મળેલા) સુંદર રથમાં બેસીને દ્વારકા ગયા. (૨-૨૨-૫૧ થી ૫૬)

જરાસંધવધના કાર્યથી પાંડવોનું ઓજસ્ અનેકઘણું વધ્યું અને (આ વિજયથી ફુલાયા વિના) આ સમયે યુધિષ્ઠિર તો ધર્મ, અર્થ અને કામ (સુખ) આપે તેવાં પ્રજાપાલનનાં કાર્યો ધર્મપૂર્વક જ કરવા માંડ્યા. (૨-૨૨-૫૭, ૫૮).

સાથે રાજસૂયની તૈયારી પણ થવા માંડી.

'દ્રોણપર્વ'માં જરાસંધવધ અંગે શ્રીકૃષ્ણના મુખમાં મુકાએલ એક અહેવાલ આ પ્રમાણે છે : 'એકવાર રૌહિણેય બલરામે જરાસંધને હંફાવ્યો. એટલે તેણે ક્રોધે ભરાઈને લોહિતામુખી નામની ગદા અમને મારી નાખવા ફેંકી. આકાશમાં સેંથો પાડતી, અગ્નિ જેવી તેજસ્વી એ ગદાને બલરામે સ્થૂણાકર્ણ અસ્ત્રથી તોડી નાખી. તૂટેલી ગદા જ્યાં પડી ત્યાં જરા રાક્ષસી રહેતી હતી. એણે જ જરાસંધને સાંધેલો. એથી એ જરાસંધ કહેવાયો હતો. તે જરા રાક્ષસી ગદા પડવાથી પુત્રપરિવાર સાથે મરી ગઈ! એ ગદા વિનાના જરાસંધને ભીમસેને તારા દેખતાં જ હે અર્જુન ! માર્યો હતો. જરાસંધ હાથમા ગદા લઈને ઊભો હોય તો ઇન્દ્ર સહિત દેવો પણ તેને યુદ્ધમાં મારી શકે નહિ (૭-૧૫૫-૨૯; ૧૫૬-૭ થી ૧૬).

આ વિધાન દેખીતી રીતે પાછળનું છે. જરા રાક્ષસી પરિવાર સહિત મરી ગયાનો ઉલ્લેખ છે, તે જરા ઉર્ફે કોઈ શાક્તસંપ્રદાયની દેવીનું સ્થાનક તૂટી ગયાનો સમજી શકાય. (સર° 'સભાપર્વ' ક્ષેપક ૧૮૫, ૧૮૬)

શ્રીકૃષ્ણ नृणां देवः મનુષ્યોના દેવ છે, ભયાર્તને અભયદાતા છે, પછી તે શત્રુનો પુત્ર પણ કેમ ન હોય ?

નીતિવિજ્ઞ શ્રીકૃષ્ણે અગાઉ ગણત્રી કરેલી તે, 'એ એકલો જ સામ્રાજ્યની શ્રીને ધારણ કરે છે. તેનો નાશ થતાં તેના બલનોય (બલ અથવા સૈન્ય) નાશ થશે' (૨-૧૬-૮) સાચી પડી. એકહથ્થુ સત્તાની નબળાઈ અને નીતિજ્ઞની ચોક્કસાઈ બંને અહીં જણાય છે.

'આદિપર્વ' ૧-૮૬માં વાસુદેવના સુનય અને ભીમ-અર્જુનના બળથી જરાસંધનો વધ કર્યાનો નિર્દેશ છે.

'શાંતિપર્વ' ૩૨૬-૮૭માં નારાયણ પોતે કૃષ્ણાવતારમાં જરાસંધ નામના રાજાઓના વિરોધી અસુરને પોતાની બુદ્ધિના પ્રભાવથી મારશે એવો ઉલ્લેખ છે.

*

'હરિવંશ' (૨-૧૧૫-૧૫) 'શ્રીકૃષ્ણે જરાસંધના મૃત્યુ પછી સર્વ રાજાઓને મુક્ત કર્યા' એમ લખે છે. 'ભાગવત' ખૂબ વિસ્તારથી જરાસંધ-વધનું વર્ણન કરે છે. 'ભાગવત' ૧૦-૭૨ના કેટલાય શ્લોકો સાથે મહાભારતના 'સભાપર્વ'ના અનેક ક્ષેપક શ્લોકો થોડાક ફેરફાર સાથે લગભગ શબ્દશઃ મળતા છે. જેમકે ક્ષેપક ૨૨૫ ('ભાગવત' ૧૦-૭૨-૧૮ થી ૨૧), ક્ષેપક ૨૨૬ ('ભાગવત' ૧૦-૭૨-૨૨ થી ૨૭), ક્ષેપક ૨૩૯ ('ભાગવત' ૧૦-૭૨-૨૯), ક્ષેપક ૨૪૨ ('ભાગવત' ૧૦-૭૨-૩૧ થી ૩૩), ક્ષેપક ૨૫૩ ('ભાગવત' ૧૦-૭૨-૪૨, ૪૩). એમાં 'ભાગવત' અને મહાભારતના આ ક્ષેપકોના રચનાકાળનું કોઈ વિશિષ્ટ સામ્ય લાગે છે. 'ભાગવત' અને આ ક્ષેપકોની કથામાં કથાવસ્તુને રસમય બનાવવા જતાં શ્રીકૃષ્ણના નિર્મળ વ્યક્તિત્વનો ભારોભાર અનાદર થઈ ગયો છે, એ નોંધવું પૂરતું ગણાશે.

મહાભારત, 'સભાપર્વ'ના પરિશિષ્ટ ૧માંના કેટલાક ક્ષેપક ફકરાઓ અને 'અનુશાસન પર્વ' પરિશિષ્ટ ૧-૧૬માં જરાસંધવધ અંગે કેટલાક નિર્દેશ છે.

*

જૈન ગ્રન્થો મલધારી દેવપ્રભસૂરિકૃત 'પાંડવચરિત્ર' (સર્ગ ૧૪), અને આચાર્ય હેમચન્દ્રકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' (પર્વ ૮, સર્ગ ૭)માં, શ્રીકૃષ્ણે જ જરાસંધને માર્યો, એવું જરાસંધ-વધની કથાનું રોચક જૈન સંસ્કરણ છે એ રસ ધરાવનારાઓએ જોવું.

*

જરાસંધનો નાશ કરવામાં તેને મારી નાખવો એ હેતુ નથી, પરન્તુ રાજાઓનો અપમૃત્યુમાંથી મોક્ષ કરવાનો અને નરબલિ, **જે વૈદિક આર્યોમાં હતો જ નહિ** તે બંધ રખાવવાનો છે. એ રાજાઓ આર્ત છે. શ્રીકૃષ્ણ, અને તેમની સાથે ભીમ-અર્જુન પણ **आर्तानुसारिण** :— નિરાધારના આધાર છે (૨–૨૦–૨૨). એ રાજાઓ શ્રીકૃષ્ણના બાન્ધવો છે.

શ્રીકૃષ્ણ, અને સાથે ભીમ-અર્જુન પણ ધર્મના રક્ષણમાં સમર્થ એવા ધર્મચારીઓ છે. નબળા, પોચા, વેવલા અને ધર્મ તરફથી જ પોતાનું રક્ષણ થાય એવી અપેક્ષા રાખનારા 'ધાર્મિક' નથી, પણ 'રક્ષણ કરેલો ધર્મ' જ ધર્મચારાનું રક્ષણ કરવા સમર્થ છે, એવું માનીને ધર્મ આચરનારા ધાર્મિક છે. જો ધર્મચારી પોતાની શક્તિના માપ અનુસાર કુકૃત્યનો વિરોધ ન કરે તો તે પણ એમાં ભાગીદાર બને છે, એવા જીવંત ધર્મના સંસ્થાપક છે.

એ ભયાર્તને અભયદાતા છે. પછી એ ભયાર્ત યજ્ઞીય પશુ તરીકે પ્રોક્ષિત મનુષ્યપશુ હોય કે પુરુષમેધના પ્રણેતા શત્રુનો પુત્ર હોય. શ્રીકૃષ્ણની દયા એટલેથી અટકતી નથી. એ તો મરતા શત્રુને પણ પ્રશસ્ત મૃત્યુ મળે તેની ચાલુ યુદ્ધમાં યે કાળજી લે એટલી જાગૃત છે.

એ રાજા રાજા નથી છતાં ય नृणां देवः, રાજા છે.

શ્રીકૃષ્ણ અત્યારે સર્વ રીતે તૈયાર હતા. પ્રવીણ, વિદ્વાન, પરાક્રમી, વિશારદ, ધર્મરક્ષક, ધર્મસંસ્થાપક, અમરત્વ અને હૃદયતોષણ કાર્યના પુરસ્કારક. એ જ્ઞાન-કર્મયોગી, ભક્તવત્સલ વિષ્ણુ શ્રીકૃષ્ણની ઉપાસના થઈ. તેમાં કાળબળે અનેક આગંતુક તત્ત્વો ભળ્યાં. આદર્શ પુષ્પિત વાણીમાં ઢંકાયો. આચારને બદલે અતિચાર થયો. 'રક્ષણ કરેલો ધર્મ જ ધર્મચારીનું રક્ષણ કરે' એને બદલે ધર્મ જ ધર્મચારીનું (?) રક્ષણ કરે એવા એકમાર્ગી ભ્રમે ધર્મનું રૂપ ધારણ કર્યું. પરિણામે 'ધાર્મિક' ભારતીય સમાજ અવનત થયો.

શ્રીકૃષ્ણ તો સ્વચ્છ હૃદયમાં પ્રતિબિંબિત થાય. મેલા હૃદયમાં ન થાય. વિવેકીઓ (જીવંત ધર્મોપાસકો) તેને જોઈ શકે. અવિવેકીઓ (ધર્મરૂપે ભ્રમના ઉપાસકો) પ્રયત્ન કરે તો ય તેને ન જોઈ શકે.

સરખાવો ગીતાવાક્ય :

> उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।
> विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥ ૬–૩૭–૧૦ (ગીતા ૧૫–૧૦)
>
> यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
> यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥ ૬–૩૭–૧૧ (ગીતા. ૧૫–૧૧)

(શરીર છોડીને) બહાર જતા,[1] તેમાં રહેતા, અથવા ગુણોનો આશ્રય લઈને ભોગ ભોગવનાર (આ ઈશ્વરના અંશને) મૂર્ખ નથી જોતા પણ જ્ઞાનરૂપી ચક્ષુવાળા જુએ છે.

પ્રયત્ન કરતા યોગીઓ પોતામાં રહેલા (આ ઈશ્વરને) જુએ છે, પરન્તુ મેલા અંતઃકરણ-વાળા અવિવેકીઓ યત્ન કર્યા છતાં પણ તેને જોતા નથી.

પરિશિષ્ટ

વૈદિક આર્યધર્મમાં નરબલિ નહોતો

જરાસંધને તેનો નરમેધ બંધ કરવા આદેશાત્મક સમજ પાડતાં શ્રીકૃષ્ણે કહ્યું હતું :

> मनुष्याणां समालम्भो न च दृष्टः कदाचन ।
> स कथं मानुषैर्देवं यष्टुमिच्छसि शंकरम् ॥ ૨–૨૦–૧૦.

'યજ્ઞમાં બલિદાન આપવા મનુષ્યને (પશુ તરીકે) પકડ્યો હોય એવું કદી પણ જોયું–જાણ્યું નથી. એમ છતાંય તું શા માટે મનુષ્યના હોમથી દેવ શંકરનું યજન કરવા ઇચ્છે છે ?'

પુરુષમેધ (મનુષ્યને યજ્ઞકુંડમાં હોમવામાં આવે એવો યજ્ઞ) નહોતો એવું શ્રીકૃષ્ણનું આ વિધાન આજીગર્તિ શુનઃશેપની વિખ્યાત કથાને લીધે કોઈને વિવાદાસ્પદ લાગે, તેમ છતાં વૈદિક આર્યોમાં એવો યજ્ઞ નહોતો એ હકીકત છે, અને શુનઃશેપની કથા એક મનોરંજક નવલિકા જેવી છે.

---

૧. મૃત્યુ પામતા પ્રાણીના પ્રાણના ઉત્ક્રમણની જ આ વાત નથી, પરન્તુ જીવંત શરીરમાંથી ય ઉત્ક્રમણ કરીને પાછા ફરતા પ્રાણની વાત છે. પરમાત્માએ જેને દિવ્યદૃષ્ટિ દીધી છે, તેવો કૃષ્ણનેત્ર યોગી આ વસ્તુને યથાતથ જુએ છે.

શુનઃશેપની કથાનો મહાભારતના 'વિશ્વામિત્રોપાખ્યાન'માં આ પ્રમાણે નિર્દેશ છે : 'ઋચીકનો મહાતપસ્વી દીકરો શુનઃશેપ જ્યારે મહાસત્રમાં (નર) પશુ તરીકે સપડાયો હતો, ત્યારે વિશ્વામિત્રે તેને છોડાવ્યો હતો. એ શુનઃશેપ હરિશ્ચન્દ્રના યજ્ઞમાં દેવોને પોતાના તેજથી પ્રસન્ન કરીને બુદ્ધિમાન વિશ્વામિત્રનો પુત્ર થયો હતો. એ (વિશ્વામિત્રના) જ્યેષ્ઠ પુત્ર (શુનઃશેપમાંથી દેવરાત બનેલા) દેવરાતને નમસ્કાર ન કર્યા તેથી, નાના પચાસ પુત્રોને વિશ્વામિત્રે શાપ આપવાથી તેઓ શ્વપચ બની ગયા હતા.' (૧૩-૩-૬ થી ૮)

વાલ્મીકિ 'રામાયણ' ૧-૬૧, ૬૨માં રાજા અંબરીષના યજ્ઞમાં આ શુનઃશેપને કેવી રીતે યજ્ઞપશુ તરીકે વેચાતો લેવામાં આવ્યો, અને વિશ્વામિત્રની મદદથી દેવોની સ્તુતિ કરીને તે કેવી રીતે છૂટ્યો તેની કથા છે. મહાભારત અને રામાયણ બંનેમાં શુનઃશેપને અજીગર્તનો નહિ પણ ઋચીકનો પુત્ર કહ્યો છે.

આ આખી કથા 'ઐતરેય બ્રાહ્મણ'માં (ઈ. સ. પૂર્વે ૧૦૦૦ કે તેથી વધુ પ્રાચીન) વિસ્તારથી આ પ્રમાણે આવે છે : 'અપુત્ર હરિશ્ચન્દ્રને વરુણની ઉપાસનાથી પુત્ર રોહિત જન્મ્યો. દેવ સાથે કરેલા ઠરાવ અનુસાર પુત્રનો જ **બલિ આપવાનો હતો** પણ પુત્ર નાસી ગયો. એટલે હરિશ્ચન્દ્રને વરુણે જલોદરનું દરદ કર્યું. બીજી બાજુ જંગલમાં રખડતાં રખડતાં છએક વર્ષ પછી રોહિતે ૧૦૦ ગાયોના બદલામાં, અજીગર્ત (=જેની પાસે કંઈ ખાવાનું નથી તેવો માણસ) પાસેથી તેનો વચેટ પુત્ર યજ્ઞપશુ તરીકે ખરીદ્યો. વરુણે તેને યજ્ઞપશુ તરીકે માન્ય રાખ્યો, કારણ કે, 'ક્ષત્રિય કરતાં બ્રાહ્મણ (પશુ તરીકે પણ) શ્રેષ્ઠ છે!' પરંતુ આ પશુને યૂપ સાથે બાંધવાનું ઘાતકી કૃત્ય કરવા કોઈ તૈયાર નહોતું. એટલે અજીગર્તે (બીજી) ૧૦૦ ગાયો લઈને બાંધ્યો, અને ત્રીજી વખત ૧૦૦ ગાયો લઈને તેનું બલિદાન આપવા પણ તૈયાર થયો! પણ તે દરમિયાન બાળકે વૈદિક મન્ત્રોથી દેવોની સ્તુતિ કરી. દેવોએ તે સાંભળી, તેને યજ્ઞયૂપેથી છૂટો કર્યો અને હરિશ્ચન્દ્રને પણ સાજો કર્યો.' ('ઐતરેય બ્રાહ્મણ' આનન્દાશ્રમ ગ્રન્થાવલિ, ૧૯૩૦-૩૧, ૭-૧૩).

'ઐતરેય બ્રાહ્મણ' ૧-૮માં બીજી કેટલીક ધ્યાન ખેંચે તેવી માહિતી આવે છે. તે પૈકી થોડીક Indian Wisdon (Morrier Williams, IInd 1963, P. 31)ના આધારે આપી છે: 'દેવોએ પોતાના બલિ તરીકે પુરુષને માર્યો. પણ આ મૃત ભાગમાંથી યજ્ઞીય ભાગ નીકળીને અશ્વમાં પ્રવેશ્યો. ત્યારથી અશ્વ યજ્ઞ માટેનું સુયોગ્ય પશુ બન્યો. પછી દેવોએ ઘોડાને માર્યો, પરંતુ તેમાંથી યજ્ઞીય ભાગ નીકળીને બળદમાં પ્રવેશ્યો. પછી દેવોએ બળદને માર્યો, પણ તેમાંથી યજ્ઞીય ભાગ નીકળીને ઘેટામાં પ્રવેશ્યો અને પછી બકરામાં પ્રવેશ્યો. યજ્ઞીય ભાગ સૌથી લાંબો સમય બકરામાં રહ્યો, ત્યારથી બકરું યજ્ઞ માટે સર્વોપરી યોગ્ય ગણાયું.' આ ફકરા ઉપર ટિપ્પણી કરતાં શ્રી મોનિયેર વિલિયમ્સ વૈદિક યજ્ઞમાર્ગમાં પુરુષમેધનું અસ્તિત્વ હોવા વિશે શંકાશીલ થઈને લખે છે: This is curious as indicating that human sacrifice, if it prevailed to any extent, was superseded by the sacrifice of animals, here enumerated in the regular order of their fitness for sacrifice according to some supposed inherent efficacy in each class × × × Goats are still offered to Kāli, but Buddhism tended to abolish animal sacrifice in India.' ('Indian Wisdom' foot-

note p. 31). શ્રી મોનિયેર વિલિયમ્સે ‘ ઐતરેય બ્રાહ્મણ ’ની હૉગ (Haug)ની આવૃત્તિનો ઉપયોગ કરેલો. આનન્દાશ્રમ પ્રેસની ઈ. સ. ૧૯૩૦-૩૧ની આવૃત્તિ જોતાં શુનઃશેપની કથાનો સંદર્ભ ૭-૧૩ નહિ પણ ૭-૩૩-૧૨ થી ૧૬ છે. જ્યારે યજ્ઞપશુસંક્રમણનો સંદર્ભ ૧-૮ નહિ હોતાં ૨-૬-૮ છે.

યજ્ઞો અંગે વિવેચન કરતાં ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે : ‘ નરમેધનો પ્રશ્ન ખૂબ ચર્ચાય છે. શુનઃશેપનું ઉદાહરણ નરમેધ વેદોને માન્ય છે, કે વેદો તેનો પુરસ્કાર કરે છે એમ દર્શાવતું નથી. (જુઓ ‘ ઋગ્વેદ ’ ૧-૨૪ થી). આપણે અશ્વમેધ વિશે સાંભળીએ છીએ. એમ છતાં એની સામે પણ વિરોધ સંભળાય છે. સામવેદ કહે છે : ‘ ઓ દેવો ! અમારી પાસે યૂપ નથી. અમે કોઈ બલિનો વધ કરતા નથી. અમે વેદઘોષથી જ યજન કરીએ છીએ (‘ સામવેદ ’ ૧-૨-૯-૨). આ ક્રાન્તિનો પુકાર ઉપનિષદોએ ઝીલ્યો અને બૌદ્ધ તથા જૈન સંપ્રદાયોએ તેને વહન કર્યો. ’ (Indian Philosophy, Vol. I, 7th impression, 1962).

*

‘ યજુર્વેદ ’ (વાજસનેયી-સંહિતા)ના ૩૦મા અધ્યાયમાં નરમેધમાં હોમવાના પુરુષ-પશુઓની નામાવલિ આવે છે. તેમાં ૧૮૪ જેટલા પુરુષપશુઓનો નિર્દેશ છે. પુરુષપશુ તરીકે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ દ્વિજ જાતિઓનો અને સ્ત્રીઓનો ઉલ્લેખ ત્યાં જોવા મળે છે. ‘ યજુર્વેદ ’ના આ અધ્યાય ઉપર વિવેચન કરતાં જાણીતા જર્મન પ્રાચ્યવિદ્યા વિશારદ ડૉ. વિન્ટર્નિટ્ઝ લખે છે કે : “ યજુર્વેદ ’ના અધ્યાય ૨૬ થી ૩૫ ને ભારતીય પરંપરા મુજબ પણ ‘ ખિલ ’ એટલે કે પરિશિષ્ટ કે પૂરવણી તરીકે ગણવામાં આવ્યો છે. ’ અને પછી આગળ ચાલતાં લખે છે કે, : ...એ ખાત્રીબંધ વાત છે કે આટલી બધી જાતની (એટલે કે ૧૮૪ જાતની) વ્યક્તિઓને ભેગી કરવામાં આવતી હોય અને **મારી નાખવામાં** આવતી હોય એ ભાગ્યે જ માની શકાય એવું છે. આપણે તો અહીં પ્રતીકાત્મક ‘ પુરુષમેધ ’ વિશે સમજવાનું છે, કે જેનાથી મહાન અશ્વમેધ પણ ઊતરતી કક્ષાનો હતો, અને જે સંભવતઃ યજ્ઞીય ગૂઢવાદ તથા સિદ્ધાંતોના એક ભાગ તરીકે જ અસ્તિત્વ ધરાવતો હતો, અને ખરેખર તો ભાગ્યે જ થતો. ’ પોતાના આ વિધાનના સમર્થનમાં ડૉ. વિન્ટર્નિટ્ઝે બીજા ખ્યાતનામ પ્રાચ્યવિદ્યા વિશારદોના મત ટાંકીને નોંધ લખી છે. તે આખું ય અવતરણ આ પ્રમાણે છે :

‘ So also Oldenberg, ‘ Religion des Veda, ’ 2nd ed. pp. 362 f. and Keith, ‘ Harvard Oriental Series ’, Vol. 18, pp. cxxxviii, who says, “ There can be no doubt that the ritual is a mere priestly invention to fill up the apparent gap in the sacrificial system which provided no place for man. ” Hillebrandt, (Ritual litteratur, Grundriss III, 2, pp. 153), however, considers the Puruṣamedha to be a real human sacrifice. There can be no doubt that human sacrifice occurred in ancient India, though not in Brahmanical cult-only survivals of it can be traced in the rite of building the brick-altar for the fire, and in the Śunaḥśepa

legend-just as cruel human sacrifices occurred even in modern times among certain sects. But this does not prove that the Puruṣamedha was such a sacrifice.' (History of Indian Literature, Vol. I, 1927, pp. 174, 175).

ડૉ. વિન્ટર્નિટ્ઝ શુનઃશેપની કથાની અતિપ્રાચીનતા વિશે તુલના કરીને જણાવે છે કે, "જો 'ઐતરેય બ્રાહ્મણ'ના કર્તાઓને જ આ કથા એટલી પ્રાચીન જણાઈ હોય કે, તેને રાજસૂય (=રાજ્યાભિષેક)ના કર્મકાંડમાં જ સ્થાન આપી દીધું, તો એ કથા પોતે કેટલી પ્રાચીન હશે! એ બહુ જ પ્રાચીન હશે, કારણ કે એમાં પ્રાગૈતિહાસિક સમયમાં રાજ્યાભિષેક પ્રસંગે થતા નરમેધનું સ્મરણ સચવાયું છે. જો કે (ખાસ નોંધવું જોઈએ) બ્રાહ્મણગ્રન્થો અને બીજા શ્રૌત-સૂત્રોમાં કોઈ પણ ઠેકાણે રાજ્યાભિષેક (=રાજસૂય) પ્રસંગે નરરમેધનો ઉલ્લેખ સરખો પણ નથી." તે પછી ઋગ્વેદાંતર્ગત શુનઃશેપનાં સૂકતોની ચકાસણી કરીને ડૉ. વિન્ટર્નિટ્ઝ એવા નિષ્કર્ષ પર આવે છે કે, આ 'સૂકતો બીજી અતિપ્રાચીન શુનઃશેપ કથાના સંદર્ભનાં જ છે, ઇત્યાદિ.' (History of Indian Literature, Vol. I, pp. 211 to 216) કૌંસમાંનું લખાણ મારું છે.

એ સાથે જ 'માર્કંડેય પુરાણ'માં આપેલા 'દેવીમાહાત્મ્ય' (અ. ૮૧ થી ૯૩) અને 'કાલિકા-પુરાણ'માંથી 'રુધિરાધ્યાય'માંના નિર્દેશો ટાંકીને ડૉ. વિન્ટર્નિટ્ઝ દેવીને અનુલક્ષીને હજુ હમણાં સુધી થતા **પુરુષમેધોને** 'સમર્થન આપે છે.[1] (History of Indian Literature, Vol. I, p. 565, p. 582). અર્થાત્ પુરુષમેધને વૈદિક પરિપાટીવાળા ધર્મમાં સ્થાન નથી જ એમ દર્શાવે છે.

'વૈદિક-કોશ'માં (લેખક : સૂર્યકાન્ત, વૈદિક રીસર્ચ સમિતિ, બનારસ હિન્દુ યુનિવર્સિટી, ૧૯૬૩. હિન્દી ભાષામાં) 'પુરુષમેધ' અંગે પૃ. ૨૯૮ ઉપર આ પ્રમાણે વિગત આપી છે: **पुरुषमेध एक यज्ञ है, जिसका उल्लेख आम मिलता है, इस यज्ञ की बलियों में सभी प्रकार के पुरुषोंकी गणना है। किंतु पशुओंकी भांति उन्हें मारा नहीं जाता था, अपितु यज्ञ की समाप्ति पर छोड दिया जाता था। तु०—'तस्य (पुरुषस्य वायोः) यदेषु लोकेष्वन्नं तदस्यान्नं मेधस् तदस्यैतदन्नं मेधस् तस्मात् पुरुषमेधोऽथो यदस्मिन् मेध्यान् पुरुषानालभते तस्माद्वेव पुरुषमेधः।' 'शतपथ-ब्राह्मण' १३-६-२-९.** [તે (પુરુષના વાયુનું) જે આ લોકોમાં યજ્ઞીય અન્ન છે, તે એનું યજ્ઞીય અન્ન છે માટે એ પુરુષમેધ કહેવાય છે. આમ આ યજ્ઞમાં મેધ્ય પુરુષોને (યજ્ઞ કરનાર) મેળવે છે, માટે જ આ પુરુષમેધ કહેવાય છે.]; **'सर्वं पुरुषमेधः...' शब्रा. १३-६-१-६.** (સર્વ પુરુષમેધ છે...') **'पुरुषं वै देवाः पशुमालभन्त तस्मादालब्धान्मेध उदक्रामत् सोऽश्वं प्राविशत्' 'ऐतरेय-ब्राह्मण'** ૨-૮. [દેવોએ (યજ્ઞના) પુરુષપશુને પકડ્યો. તે પકડેલા (પશુ)માંથી મેધ એટલે કે યજ્ઞીય સારભાગ, અશ્વમાં પ્રવેશ્યો: आलभ्નો અર્થ 'યજ્ઞાર્થે ભોગ આપવો, કે મારી નાખવો' પણ થાય છે. ऐब्राની આનન્દાશ્રમ પ્રેસની આવૃત્તિ, ૧૯૩૦, જોતાં આ સંદર્ભ ૨-૬-૮ લખવો જોઈએ.] **पुरुषो ह नारायणोऽकामयत,**

---

૧. સર૰ ભદ્રકાલીને પુરુષપશુનું બલિદાન દઈ યજન કરવા વૃષભ રાજાએ જડભરતને પકડ્યા હતા તે કથા. 'ભાગવત' ૫-૯-૧૨ થી ૨૦.

अतितिष्ठेयं सर्वाणि भूतान्यहमेवेदं सर्व स्यामिति स एतं पुरुषमेधं पञ्चरात्रं यज्ञक्रतुमपश्यत् तमाहरत् तेनायजत तेनेष्ट्वात्यतिष्ठत् सर्वाणि भूतानीदं सर्वमभवदतितिष्ठति सर्वाणि भूतानीदं सर्वं भवति य एवं विद्वान् पुरुमेधेन यजते यो वैतदेवं वेद ' शब्रा. २३-६-१-१. [પુરુષ નારાયણે કામના કરી કે, બધા ભૂતોમાં હું રહું. (અર્થાત્) હું આ સર્વ રૂપે બનું.' તે માટે તેણે પઞ્ચરાત્ર પુરુષમેધ યજ્ઞક્રતુને જોયો અને મેળવ્યો-કર્યો. તેનાથી (પઞ્ચરાત્ર પુરુષમેધથી) યજન કર્યું. યજન કરીને સર્વ ભૂતોમાં તે (નારાયણ) રહ્યા. સર્વ ભૂતોમાં રહેલા નારાયણમાં આ બધું થયું-રહ્યું. જે વિદ્વાન (મનુષ્ય) આ પ્રમાણે પુરુષમેધ વડે યજન કરે છે અથવા (આ હકીકતને) આ રીતે જાણે છે (તેને) આ બધું (નારાયણની પેઠે) થાય છે અથવા તે (વિદ્વાન) સર્વમય બને છે.][1] (કૌંસમાંનું લખાણ અને ગુજરાતી અનુવાદ મેં લખેલા છે. ઉ. જ. સાં.).

મહાભારતમાં 'નરમેધ' અને 'સર્વમેધ'ના જુદા જુદા સંદર્ભમાં અનેક નિર્દેશ છે.[2] તેમાં ૧૨-૮-૩૬, ૩૭માં 'સર્વમેધ'નો મહત્ત્વનો ઉલ્લેખ કરતાં કહ્યું છે: 'વિશ્વરૂપ મહાદેવે સર્વમેધ મહાયજ્ઞમાં સર્વ ભૂતોને તથા તેવી જ રીતે પોતાના આત્માને આત્માથી હોમી દીધો હતો. આ ભૂતિપથ (ઉન્નતિગામી યજ્ઞમાર્ગ) શાશ્વત છે. એનો અંત નથી એમ અમે સાંભળ્યું છે.'

ઉપરના સંદર્ભો તપાસતાં એ સ્પષ્ટ થાય છે કે વૈદિક યજ્ઞમાર્ગમાં યજ્ઞકુંડમાં મનુષ્યને નર-પશુ તરીકે હોમવામાં આવતો જ નહોતો પણ એમ લાગે છે કે ભારતની આદિવાસી જાતિઓમાં, તેમાંય ખાસ કરીને શાક્તોમાં અને વૈદિક નહિ એવા શિવમાર્ગીઓમાં આવો ક્રૂર (અ-)ધાર્મિક વિધિ હશે. જરાસંધ આવા કોઈ પંથનો અનુયાયી હોઈ તેણે મહાદેવને પ્રસન્ન કરવા આવા વિસ્તૃત પુરુષમેધનું આયોજન કરેલું પણ શ્રીકૃષ્ણે તેને બળપૂર્વક બંધ રખાવીને એક સાર્વજનિક હિતનું, સમાજને ધારણ કરનારું ધાર્મિક, મહાન કાર્ય પાર પાડ્યું અને બલિનો જે અધાર્મિક વિધિ, જરાસંધ જેવા બળવાન દુરાત્મા સમ્રાટના આશ્રય નીચે ધાર્મિકતાનો અંચળો ઓઢીને શિષ્ટોના માર્ગમાં પેસી જાત,[3] તથા તેના પરિણામે ધર્મમાર્ગને (ઉત્થાનના માર્ગને) અવનતિના માર્ગે ચઢાવનાર બનત તેને मूले कुठारः ન્યાયે કાયમને માટે બંધ કરી દીધી.

ભગવાન શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન આમ નિષ્કામ વિશોધનનું રહ્યું છે. સંશોધનની એ કૃષ્ણ-ભાવના જેટલી દીપ્ત રહેશે એટલા પ્રમાણમાં જીવનનાં સર્વ ક્ષેત્રો સ્વચ્છતા અને તેજસ્વિતા ધારણ કરશે.

---

૧. સર૰ जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ। જે એકને જાણે છે તે સર્વને જાણે છે. જે સર્વને જાણે છે તે એકને જાણે છે. ('આચારાંગસૂત્ર' ૧લો શ્રુતસ્કન્ધ, ૩-૪-૧. જૈન સાહિત્ય સંશોધક સમિતિ, સં. ૧૯૮૦).

૨. 'નરમેધ' માટે જુઓ મ૰ ભા૰ ૩-૮૨-૧૩૪; ૯-૪૯-૩૫; ૧૩-૧૦૬-૩૫; ૧૪-૩-૮; 'સર્વમેધ' માટે જુઓ ૯-૪૯-૩૬; ૧૨-૮-૩૬; ૧૨-૨૬; ૨૫-૭; ૧૩-૨૬-૫૬; ૧૧૦-૫૧; ૧૪-૩-૮. આ નિર્દેશો મોટા ભાગે નામોલ્લેખ કે ફલશ્રુતિના અને બિનમહત્ત્વના છે.

૩. સર૰ धर्मस्य ह्रीयमाणस्य बलवद्भिर्दुरात्मभिः। ૧૨-૨૫૧-૧૧ કખ = ૧૩-૧૪૭-૧૮ કખ. વધુ માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા, ૧૯૬૩) પૃ. ૩૯ થી.

જામવિજય કાવ્ય

ડોલરરાય માંકડ

જામવિજય કાવ્ય નામે એક કાવ્ય કલકત્તાથી ૧૯૫૩માં બહાર પડ્યું છે. એનું સંપાદન ડૉ. જે. બી. ચૌધરીએ કર્યું છે. આ કાવ્યના કુલ સાત સર્ગ છે અને એના છેલ્લા સર્ગને અન્તે નીચેનો શ્લોક આવે છે:—

> दोर्दण्डप्रबलप्रतापतपनव्यापन्नसर्वाहितः
> श्रीमज्जामकुलप्रदीप उदितः श्रीशत्रुशल्यो नृपः ।
> वाणीनाथकृतेऽस्य जामविजये तत्तद्गुणालंकृते
> काव्ये दानविधानवर्णनविधौ सर्गोऽगमत् सप्तमः ॥ ७, ११०

આ બતાવે છે કે આ કાવ્યનું નામ જામવિજય હતું અને એના કર્તાનું નામ વાણીનાથ હતું. વાણીનાથ વિશે વધુ કંઈ માહિતી મળતી નથી. આ શ્લોક, છેલ્લા ચરણમાં થોડાક ફેરફાર સહિત, દરેક સર્ગને અંતે મળે છે.

આ કાવ્યનો મુખ્ય નાયક જામ શત્રુશલ્ય છે અને આ કાવ્યનો રચનાકાળ શત્રુશલ્યના વખતનો જ છે. એનો રચનાકાળ સહેલાઈથી નક્કી થઈ શકે તેમ છે. કવિ વાણીનાથ જામ શત્રુશલ્યનો સમકાલીન હતો તે વાત નીચેના શ્લોકથી પૂરવાર થાય છે:—

> जीयाः श्रीयुतशत्रुशल्य भवतो भूयाद् भवो भूतये
> धेयाः सर्वविपक्षभूर्धसु पदं सद्यो विहेयास्तमः ।
> मित्रेच्छां परिपूरयेः प्रशमयेर्दारिद्र्यदावानलं
> श्रीरामं परिचिन्तयेर्वसुमतीमाकल्पमापालयेः ॥ ७, १०८

આ શ્લોકમાં, આખું કાવ્ય રચી લીધા પછી, કવિ પોતાના પોષક રાજાને આશીર્વાદ આપે છે. અહીં જામ શત્રુશલ્યને બીજા પુરુષમાં પ્રત્યક્ષ સંબોધન છે. આથી એમ સિદ્ધ થાય છે કે કવિ શત્રુશલ્યના સમકાલીન હતા.

વળી આ કાવ્યનાં શત્રુશલ્યના રાજ્યનો છેલ્લો પ્રસંગ એણે મેળવેલા પારસીક (ખુરમ) રાજા ઉપરના વિજયનો છે. જામ શત્રુશલ્યના રાજ્યનો સૌથી વધુ જાણીતો પ્રસંગ ભૂચરમોરીના યુદ્ધનો છે, પણ તેનો ઉલ્લેખ આમાં નથી, જે બતાવે છે કે આ કાવ્ય ભૂચરમોરીના યુદ્ધ પહેલાં રચાયું હતું. ભૂચરમોરીનું યુદ્ધ વિ. સં. ૧૬૪૮ એટલે ઈ. સ. ૧૫૯૨માં થયું હતું.[1] મારા ધારવા પ્રમાણે પારસ્તક ઉપરનો વિજય ભૂચરમોરીની લડાઈથી દશેક વર્ષ પહેલાં થયો હતો, અને આ કાવ્ય એ વિજયના પ્રસંગ ઉપર રચાયું છે તેથી એનો રચનાકાળ ઈ. સ. ૧૫૮૫ની

---

૧. તાસો પૃ. ૨૫૧; યમ પૃ. ૧૯૪.

આસપાસના એકબે વર્ષનો ગણાવો જોઈએ.[1] જામ રાવળે નવાનગરની સ્થાપના ઈ. સ. ૧૫૩૯માં કરી હતી. તેની પછી પિસ્તાલીસેક વર્ષે આ કાવ્ય રચાયું હતું. આમ શત્રુશલ્યના સમકાલીન વાણીનાથે રચેલા આ કાવ્યમાં જે કોઈ ઐતિહાસિક વીગતો નોંધાઈ હોય તે સાચી હોવાનો સંભવ છે.

આ કાવ્યના કુલ સાત સર્ગ છે, તેમાંથી પહેલા સર્ગમાં શ્રીકૃષ્ણથી માંડીને જામરાજાઓના પૂર્વજોનાં નામ આપ્યાં છે. કૃષ્ણપુત્ર સામ્બથી જામ રાવળ સુધી આમાં કુલ ૩૨ નામ છે. આ પુસ્તકની પ્રસ્તાવનામાં, આ કાવ્યની એક હસ્તપ્રતને છેડે આવેલી વંશાવલિ આપી છે. વિભાવિલાસ કાવ્યમાં પણ આ વંશાવલિ છે. યદુવંશપ્રકાશમાં પણ છે, અને ગોંડલના ઇતિહાસ નામે ગ્રન્થમાં પણ છે. આ પાંચે સ્થળે મળતી વંશાવલિનું તુલનાત્મક કોષ્ટક અહીં આપ્યું છે. તેમાં વિભાવિલાસમાં ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ નંબરનાં નામોમાં અમુક તફાવત છે. તે સિવાય પાંચે સ્થાનની વંશાવલિ એકસરખી છે. આ કાવ્યમાં નામો સંસ્કૃત છે, તો બીજે એનાં રૂપાન્તરો છે. યપ્ર અને ગોઇમાં નરપત, જેહો અને ઓઢાર નામો વધારાનાં છે તો છઠ્ઠું નામ નથી. એટલે આ બે ગ્રન્થોમાં રાવળનો નંબર ૩૪મો આવે છે. બાકી ખાસ ફેર નથી. આ બતાવે છે કે ઈ. સ. ૧૫૮૫માં આ વંશાવલિ આ રીતની પ્રચલિત હતી અને ચારણી પરંપરા, કોઈ સાચી પરંપરા ઉપર રચાઈ છે.

અહીં જે નામો આપવામાં આવ્યાં છે તેમાં આરમ્ભમાં જામ નામ કેમ પડયું તે જણાવ્યું છે.

> जम्यन्ते रिपवोशेऽपास्तेजोभिर्भुजसम्भवैः ।
> तेन ते जाम इत्येवं दधते नाम सान्वयम् ॥ ૧, ૯

જેના તેજથી શત્રુઓ જમાઈ જાય છે એટલે હાગાઈ છે તે જામ.

આ વ્યુત્પત્તિ સિવાય આ રાજાઓ વિશે ઐતિહાસિક કહેવાય તેવું કંઈ જ આમાં નોંધાયું નથી પણ જામ રાવળના પિતા જામ લાખાજીથી કેટલીક ઐતિહાસિક વીગતો આમાં મળે છે તે આપણે જોઈએ.

જામ લાખાજી

જામ રાવળના પિતા લાખાજી વિશે આ કાવ્યમાં લખ્યું છે કે:

> चिराद् कच्छदेशं स स्वच्छन्दं स्वस्थमानसः ।
> अपालयत् स्वर्गमिव वासवो भूमिवासवः ॥ ૧, ૯૮

લાખાજીએ લાંબા કાળ સુધી કચ્છ ઉપર રાજ્ય કર્યું હતું. તે પછી એણે દિગ્વજય માટે કૂચ કરી. બીજા સર્ગના પહેલા બાર શ્લોકમાં એના યોદ્ધાઓ યુદ્ધ માટે કેમ નીકળ્યા તેનું

---

૧. શંભુપ્રસાદ જોશીપરાએ આ પ્રસંગને ઈ. સ. ૧૫૮૨માં મૂક્યો છે. જુઓ સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃ. ૨૮૪.

વર્ણન છે. ૧૩મા શ્લોકમાં છે કે જામ દિગ્વિજયે નીકળ્યા છે એમ જાણીને જ 'ભયભરનમિતાઙ્ગ' એવા કેટલાક રાજાઓ તેને નમી પડ્યા. આમ કચ્છમાં, લડાઇ વગર જ, બધા રાજાઓ એને તાબે થયા પછી એ રાજા સૌરાષ્ટ્રમાં આવ્યો.

सौराष्ट्रमद्भुतभटोत्कटमाह राट् सः । २, १४

લાખાને આવતો જાણી સૌરાષ્ટ્રનો રાજા પણ લડવા તૈયાર થયો.

मायन्मतङ्गः जघतापरिघट्टनोद्यद्
घण्टारवाकुलजनोक्तिविशीर्यमाणः ।
सौराष्ट्रभूपतिरपि क्रुधितोऽध्वमध्ये
तस्थौ समुद्यतबलैः सह सङ्गराय ॥ २, १६

આમ સૌરાષ્ટ્રનો રાજા માર્ગમાં જ લડવાને તૈયાર ઊભો. પછી ઘોર લડાઈ થઈ તેમાં લાખો જીત્યો.

अथ निर्जित्य राजानं युद्धे युद्धविशारदः ।
स्वराष्ट्रमिव सौराष्ट्रे कृत्वा निववृते नृपः ॥ २, २०

આમ સૌરાષ્ટ્રને જીતીને લાખાજી પોતાને દેશ પાછો આવ્યો.

અહીં કવિએ સૌરાષ્ટ્ર એટલે સૌરાષ્ટ્રનો કયો ભાગ અને સૌરાષ્ટ્રનો રાજા એટલે કોણ તે સ્પષ્ટ કર્યું નથી.

ઈ. સ. ૧૮૨૫ની આસપાસમાં લખાયેલ સોરઠી તવારીખમાં દિવાન રણછોડજીએ પણ નોંધ્યું છે કે,

Jam Lakha crossed the Raṇ from Bhadresvar, which was the capital, with a powerful army. The Raja of Sorath came to oppose him but the Jam defeated him and drove him back (Tarikh-i-Sorath, Bombay, 1882, p. 241).

અહીં 'સોરઠનો રાજા' એમ કહ્યું છે પણ એનું નામ નથી આપ્યું. પણ આ હકીકત વાણીનાથે નોંધી છે, તે જ છે. આ સોરઠનો રાજા તે રા મંડલિકનો પુત્ર ભૂપત હશે એમ મને લાગે છે. જામ લાખાજીનો સમય વિ. સં. ૧૫૩૮ થી વિ. સ. ૧૫૬૧નો એટલે ઈ. સ. ૧૪૮૨ થી ૧૫૦૫નો ગણાય છે.[1] ભૂપતસિંહનો સમય તારીખ-ઈ-સોરઠમાં વિ. સ. ૧૫૨૮ થી ૧૫૫૯નો આપ્યો છે,[2] એટલે એ લાખાજીનો સમકાલીન હતો. લાખાજીએ મહમદ બેગડાને મદદ કરી હતી એ વાત તારીખ-ઈ-સોરઠમાં આમ લખી છે. ઉપરના વાક્ય પછી તરત જ લખ્યું છે કે,

At this time Sultan Bahadur Shah summoned the Jam to

---

૧. યપ્ર પૃ.

૨. તાસો પૃ.

his presence, and placing him in command of his own army, sent him to conquer Pawagadh, which he did, and as a reward for it, was presented with the paraganas of Kunad, Ambarau with 12 villages in each, and Morbi. The Jam Lakha offered for this a nazar of some Kacchi horses and one hundred Ashrafis, and marching back to his country was treacherously slain near a place called Ambaran, by the Zamindar thereof, whose name was Temāchi Dedā (p. 241).

અહીં બહાદુરશાહની વાત લખી છે તે બરાબર નથી, કેમ કે એનો સમય તો ઈ. સ. ૧૫૨૬-૧૫૩૬ સુધીનો છે. તેમ વળી એના વખતમાં પાવાગઢની ચડાઈ જાણીતી નથી. એટલે ચપ્રમાં કહ્યું છે, તેમ જામ લાખાજીએ મહમ્મદ બેગડાને પાવાગઢની લડાઈમાં મદદ કરી હશે. તે પછી મહમ્મદે આમરણ લાખાજીને આપ્યું અને તે પછી દેદા તમાચીએ લાખાજીને માર્યો. પૌર્વાપર્યન્ત દૃષ્ટિએ, પાવાગઢની લડાઈ પહેલાં લાખાજીએ સોરઠના રાજાને જીત્યો હતો એમ લાગે છે. એટલે એ રાજા મંડલિકપુત્ર ભૂપત હશે.

આ કાવ્યમાં સોરઠના રાજાને જીતીને લાખાજી પાછા સ્વદેશ ગયા એટલી જ વાત નોંધી છે, પાવાગઢની કે દેદાની વાત નોંધી નથી. વાણીનાથે તો કહ્યું છે કે સૌરાષ્ટ્રના રાજાને જીતીને પછી લાખાજીએ કચ્છમાં લાંબો વખત રાજ્ય કર્યું.

ततः सदानन्दसमुच्छ्रितामिराशोभमानः परितः प्रजाभिः ।
स पालयामास चिराय कच्छं राज्यं नृपा स्वच्छमना मनीषी ॥ ३, १

એના રાજ્યની પરિસ્થિતિ વર્ણવતાં કવિ કહે છે—

न तद् गृहं यत्र न दुष्टमानुषो न मानुषो यस्य न रामभाषणम् ।
तदा तदादेशवशात् प्रशासितुर्बभूव देशे पुरुहूततेजसः ॥ २ ॥

ऋते गुरुन्ब्राह्मणमन्तरेण विना पदाब्जं रघुनन्दनस्य ।
अत्युच्छ्रितोऽन्यत्र कदाचिदेव भिया शिरो नामयति स्म नायम् ॥ ३ ॥

આ રાજાના વખતમાં એવું કોઈ ઘર ન હતું, જ્યાં કોઈ માણસ સુખી ન હતો; એવો કોઈ માણસ ન હતો, જે રામનામ લેતો ન હતો, અને આ રાજા ગુરુ, બ્રાહ્મણ અને રઘુનન્દન (રામ)ના ચરણ સિવાય કોઈને મસ્તક નમાવતો ન હતો.

આ બતાવે છે કે આ રાજાના વખતમાં રામપૂજા પ્રચલિત હતી પણ આ કવિ કૃષ્ણ અને રામને સમાન ગણે છે.

જામ રાવળ

જામ લાખાના અવસાન પછી રાઉલ (રાવળ) ગાદીએ આવ્યો (૩, ૫). આ રાવળ વિશે કવિ લખે છે:

दानेषु पुण्येषु तथा क्षमासु न पूर्वजानां पदमुल्ललंघे । ३, १०

દાન, પુણ્ય અને ક્ષમામાં એણે પોતાના પૂર્વજોની નીતિ ચાલુ રાખી હતી.

न तद्दिनं यत्र न लक्षमश्वा नादत्त भिक्षुभ्य उदारचेताः । ३, १२

રાવળ રોજ ભિક્ષુને એક લાખ ઘોડા આપતો. જામ રાવળને વિશે અસંખ્ય ઘોડાઓ દાનમાં આપવાની વાત ચારણી સાહિત્યમાં મળે છે. જામ રાવળના મૃત્યુ પછી વીશેક વર્ષે લખાએલ આ કાવ્યમાં પણ એ વાત નોંધાણી છે તેથી એની વિશ્વસનીયતા વધી જાય છે. જો કે લાખની સંખ્યા અતિશયોક્ત લાગે છે. વિવિમાં કહ્યું છે,

સોઢા ઘરેસું માંડવો પારીનગર સુરંગ ।
રાવળ વૃવિયાં પરણતાં બાવન સહસ બડંગ ॥

સાતવીસ સાસણ દીયા અણગણ દૂજીઆથ ।
અઢીલાખ અસ આપીયા રાવળ હેકણ હાથ ॥

ક્રોડપસા ઈસર કીઆ દિયા સચાણા ગામ ।
દતા શિરોમણ દેખીયો જગસર રાવળ જામ ॥

અહીં લગ્ન વખતે ૫૨૦૦૦ ઘોડા આપ્યા, તથા બીજાને અઢીલાખ ઘોડા આપ્યા એમ છે. વળી ૭ × ૨૦ = ૧૪૦ શાસનો એણે આપ્યાં હતાં[૧] અને ઈસર બારોટને 'ક્રોડપસા' કરીને સચાણા ગામ આપ્યું હતું.

વાણીનાથ આગળ લખે છે કે કચ્છમાં આમ રાજ્ય કર્યા પછી રાવળને સૌરાષ્ટ્રમાં આવવાનું મન થયું.

अथाभवज्जामकुलेऽस्य जातः सदा मुकुन्दाहितमानसस्य
द्धारावतीसन्निधिवासहेतोः
सौराष्ट्रदेशे मनसोऽभिलाषः ॥ ३.१४

આ રાજાનું મન મુકુન્દ એટલે શ્રીકૃષ્ણમાં આરૂઢ હતું એટલે દ્વારકા પાસે રહેવાનું એને મન થયું અને એટલે એ સૌરાષ્ટ્રમાં આવ્યા.

જામ રાવળને સૌરાષ્ટ્રમાં આવવાનું કારણ આ કવિ ઉપર પ્રમાણે આપે છે, પણ ચારણી પરંપરા પ્રમાણે તો, જામ રાવળે હમીરજીને દગાથી મારી નાખ્યા હતા અને તે પછી કુટુમ્બનું વેર વધતાં, ઈસર બારોટની સલાહથી એમણે કચ્છ છોડવાનો નિર્ણય લીધો. આ કવિ જામને માટે હીણપત લાગે તેવા કોઈ પ્રસંગ ન નોંધે તે સમજાય તેવું છે, કારણ કે એ જામના આશ્રિત હતા. એટલે એણે, બધી જગ્યાએ જામ રાજાઓની હલકી બાબત હોય તો પણ, એને ગાળી નાંખી છે.

આમ જામ રાવળે કચ્છ છોડયું અને એ સૌરાષ્ટ્રમાં આવ્યા. કવિ નોંધે છે કે એને આવતા સાંભળીને સૌરાષ્ટ્રના રાજાઓએ એની સાથે લડવું કે નહીં તેનો વિચાર કરી, લડવાનો નિશ્ચય કર્યો. (૩, ૧૭–૧૯) અને પછી,

---

૧. આમ છતાં રાવળના વખતનાં કોઈ દાનપત્રો મળ્યાં નથી એ નવાઈની વાત છે.

पूर्वं नृपः पूर्वदिशि स्थितो यः सोऽखर्वगर्वः स्वयमाजगाम ।
स्वसैन्यसंभावित एवमागात् स दक्षिणो दक्षिणभूमिपालः ॥ ३, २१

स्फुटं नटद्घोटकटापटङ्क त्रुटन्महीमण्डलधूलि जालैः ।
अन्धीभवत्स्वीय चमूसमूहः पश्चादयं पश्चिमभुप आगात् ॥ ३, २२

પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમના રાજાઓ જામની સામે લડવા એકઠા થયા. આ રાજાઓનાં નામ કવિએ આપ્યાં નથી.

ચારણી પરંપરા પ્રમાણે હાલારના આળંભા ગામ પાસે સાત સેરડાને રસ્તે જામ રાવળ આવ્યા અને પહેલાં મોરાણું ગામ જીત્યું. પછી આમરણ જીતી દેદા તમાચીને માર્યો અને ત્યાં બાર મહિના રહ્યા. પછી ધ્રોળ જીત્યું અને ખિસોસ ગામમાં એક વર્ષ રહ્યા. પછી એણે નાગજેઠવાને માર્યો અને બેડ ગામમાં ત્રણ વર્ષ રહ્યા. અને તે પછી એ ખંભાળિયામાં રહ્યા અને એ ગામને વિકસાવું. આ બધી પંરપરામાં ત્રણ રાજાના સમૂહની વાત આવતી નથી. પણ આ ત્રણ રાજાના સમૂહની વાત જેને ચારણી પરંપરામાં 'મીઠોઈનું યુદ્ધ' કહે છે તેને અનુલક્ષે છે.

વિવિમાં લખ્યું છે કે,

સણે નામ સૂકત તત સાસા, અર છૂટી રાજસ ઘર આસા ।
તદ પરિયાણે ત્રહુ રાયાંતણ, ઓ આયો રાવલ ઘર આપણ ॥ ૧૩ પૃ. ૬૧

આમ અહીં કહ્યું છે કે જામના બેડ સુધીના વિજયની વાત સાંભળીને ત્રણ રાજાના શ્વાસ સૂકાવા માંડ્યા વગેરે. પછી ત્રણે રાજાએ મંત્રણા કરી. તેમાં—

ભાંણ જેઠવે કહિયો ભેદહ, અધપત સુણહૂં નહીં સંધ્ર યહ ।
આપણ ત્રહુવે મિલકે એકહ, નજદળ ધરમ રાખિયે નેકહ ॥ ૧૬ પૃ. ૩૧

પછી ૧૮મામાં આ ત્રણ રાજા વિશે કહ્યું છે—

જપત જેઠવા વાળા જેહા
ઓખાપત વાઢેળ અજેહા. ૧૮
ત્રહવે સેના કરી તયારી.

આમ જેઠવા વાળા અને વાઢેળ—આ ત્રણ રાજાઓએ સેના તૈયાર કરી. આમાં જેઠવા રાજાનું નામ ભાણ આપ્યું છે. આગળ વાઢેળ કે વાઢેરનું નામ સાંગણ આપ્યું છે. (પૃ. ૯૩).

આમ જામવિજય કાવ્યમાં જે ત્રણ રાજા કહ્યા છે તે ભાણ જેઠવો, સાંગણ, વાઢેર કે વાઘેર અને વાળા રાજા.

તારીખ-ઇ-સોરઠમાં જેઠવા, વાઢેલ અને દેદા-ચાવડા એમ નામો છે. (પૃ. ૨૪૨-૩). એમાં લખ્યું છે કે આ લડાઈ પછી—

The (Raval) gained the day, driving back the Kāṭhis to the river Bhādar, and the Jethwās to the salt creak of Bhokirā,

and the Dedās and Chāvdās to the river Machhū and he forced the Vadhels to cross the Okhā Raṇ. (પૃ. ૨૪૩).

વાઢેલ પશ્ચિમે, દેદા-ચાવડા પૂર્વે અને જેઠવા દક્ષિણે ગણાયા હશે. વાળા પણ દક્ષિણે ગણાય.

આ લડાઈ મીઠોઈ ગામ પાસે થઈ હતી એમ વિવિમાં લખ્યું છે. આ લડાઈ રાવળ જામ ખંભાલિયા ગયા તે પહેલાં થઈ હતી. વિવિમાં લખ્યું છે કે આ લડાઈ પછી રાવળ પાછા બેડ ગયા (પૃ. ૯૬).

આ કાવ્યમાં લખ્યું છે કે—

तं राजवर्गमखिलं जयति स्म जिष्णुः
श्रीराउलक्षितिपतिर्विशिखैः क्षणेन ॥ ૩, ૩૦

આમ આ રાજાઓને જીત્યા પણ એના તરફ રાવળે દયા રાખી.

न तेषु तस्यास विपक्षभावः
दयार्द्रचित्ता हि महानुभावाः ॥ ૩, ૩૩

આનો અર્થ એમ થાય કે આ રાજાઓએ રાવળનું આધિપત્ય સ્વીકાર્યું, તે પછી એમને પોતપોતાના રાજ્યમાં રાજ કરવાની રાવળે છૂટ આપી.

આમ સંપૂર્ણ વિજય મેળવ્યા પછી રાવળે પોતાની નવી રાજધાની સ્થાપી તેના વિશે આ કાવ્યમાં લખ્યું છે કે,

तस्मिन्प्रदेशे विभवानुरूपां नृपस्तदानीमथ राजधानीम् ।
चक्रे स चक्रायुधपादपद्म सद्मान्तरास्थापितचित्तवृत्तिः ॥ ૩, ૩૪

ભગવાન શ્રીકૃષ્ણના મન્દિરમાં ચિત્તવૃત્તિને સ્થાપીને આ રાજાએ, તે પ્રદેશમાં, પોતાની રાજધાની કરી. આ રાજધાની વિશે લખ્યું છે :

नवविभवविलासादेशविन्यासहेतोः नवभवनतडागारामशोभाभिरामात् ।
अभिनववयसाढयो राउलः क्षोणिपालो नवनगरमितीदं नामतो नाम चक्रे ॥ ૩, ૩૪

આ રાજધાનીનું નામ એણે નવનગર પાડ્યું. પછી નવ શ્લોકમાં આ રાજધાનીનું વર્ણન છે તે રૂઢ શૈલીમાં છે. તેમાં નીચેનું નોંધપાત્ર ગણાય.

वितन्वतां यज्ञविधिं समग्रं सदैव वेदाध्ययनोद्वलानाम् ।
बहुश्रुतानां द्विजपुङ्गवानाम् गणैर्नगर्या शुशुभे विशेषात् ૩, ૩૯

એટલે કે, આ નગરીમાં બધા પ્રકારના યજ્ઞો થતા, રોજ વેદાધ્યયન થતું અને બહુશ્રુત બ્રાહ્મણો વસતા.

આ બતાવે છે કે જામ રાવળે ધર્મ અને વિદ્યાને પોષ્યાં હતાં. નવી વસાવેલી નગરીમાં જામ રાવળે બ્રાહ્મણોને વસાવ્યા હશે. નવાનગરના આદ્યસ્થાપકનો આ ધર્મપ્રેમ અને વિદ્યાપ્રેમ એની પછીના બધા રાજાઓમાં ચાલુ રહ્યો દેખાય છે.

આ રીતે આ નગરી વસાવીને પછી ત્યાં—

एकोऽप्युदन्वानिव भूमिपालः सहस्रशो भूमिभृतोऽम्यरक्षीत् ३, ४६

અનેક નાના ખંડિયા રાજાઓ જામ રાવળનું આધિપત્ય સ્વીકારતા એમ આનાથી સ્પષ્ટ થાય છે. આમ કહ્યા પછી આ કવિ એક અત્યન્ત મહત્ત્વનું ગણાય તેવું વિધાન કરે છે.

अत्युग्रवीर्यस्य किमत्र वाच्यं महात्म्यमेतस्य मदीमघोनः ।
चिरं शरण्यः शरणं प्रपन्नः योऽसावरक्षीदपि गुर्जरेश्वरम् ॥ ३, ४७

અહીં એમ કહ્યું છે કે આ રાજાએ ગુર્જરેશ્વરને પણ રક્ષણ આપ્યું હતું.

આ વિગત તારિખ-ઈ-સોરઠ કે વિવિ કે યપ્રમાં મળતી નથી. પણ જામ રાવળના મૃત્યુ પછી વીશેક વર્ષે લખાએલા આ કાવ્યની આ વીગત ખોટી હોવાનો સંભવ નથી. પરંપરા પ્રમાણે જામ રાવળે ઈ. સ. ૧૫૦૫ થી ૧૫૬૨ સુધી રાજ્ય કર્યું. નવાનગરની સ્થાપના ઈ. સ. ૧૫૩૯માં થઈ. તે પછી જ રાવળનું નામ મહાન રાજા તરીકે જાણીતું થયું હશે. એના પિતાએ મહમ્મદ બેગડાને મદદ કરી હતી તે જાણીતી વાત છે. એટલે હું ધારું છું કે ઈ. સ. ૧૫૩૯ થી ૧૫૬૨ સુધીમાં થઈ ગએલા મહમૂદશાહ ત્રીજાએ કે અહમદશાહ બીજાએ જામ રાવળનો આશ્રય માગ્યો હોય. આ બંનેના રાજ્યકાળ અસ્થિર અને અમીરોના કાવાદાવાથી ભરેલા હતા. એમાં કોઈ વખત આ બેમાંથી એકે રાવળની મદદ માગી હોય તો બને તેવું છે.

વીરભદ્ર અથવા વિભાજી (પહેલા)

જામ રાવળના અવસાન પછી (૩, ૪૮) તેનો પુત્ર વીરભદ્ર ગાદીએ આવ્યો. વિવિ, યપ્ર વગેરેમાં લખ્યું છે કે જામ રાવળના મોટા પુત્ર લાખાજી હતા, પણ જામ રાવળના મૃત્યુ વખતે બધા શ્મશાને ગયા ત્યારે નાના વિભાજીએ, પોતે માંદા છે એવો ઢોંગ કરી, પાછળથી શહેરના દરવાજા બંધ કરાવી રાજનો કબજો લઈ લીધો. આ વિભાજી તે જ વીરભદ્ર છે, પણ પોતાના આશ્રયદાતાના પિતા વિશે વાણીનાથ આ વાત ન નોંધે તે સમજાય તેમ છે.

આ વીરભદ્ર વિશે કવિએ લખ્યું છે—

वीरेश्वरात्प्राप्तगुरुप्रसादः श्रीवीरभद्रो नृपतिर्बभासे ॥ ३, ५३

અહીં એમ કહ્યું છે કે વીરભદ્રને વીરેશ્વરનો ગુરુપ્રસાદ મળ્યો હતો. વીરેશ્વર એના કોઈ ગુરુ હશે. આના વિશે ચારણી પરંપરામાં કોઈ નોંધ લાગતી નથી.

બીજી એક વાત પણ આ રાજા વિશે નોંધાઈ છે.

सोऽनेकभूपालनिबद्धसन्धिः प्रौढस्य कस्यापि महीमघोनः ।
अन्तर्मनाश्चेतसि गूढमन्त्रः उज्जासयामास सुसज्जसैन्यः ॥ ३, ५९

અહીં બીજા ચરણમાં કોઈક પ્રૌઢ રાજાની વાત કરી લાગે છે, પણ તે ઉલ્લેખ સમજાતો નથી. આગળ લખ્યું છે—

परस्परं मन्त्रविदां वरेण्यो द्वयोर्द्वयोर्भूमिभृतोर्विवादम् ।
दानेन सोल्पीकृतकल्पशाखी प्रकल्पयामास वसन् स्वराज्ये ॥ ३, ६०

અહીં આ રાજાની વિશિષ્ટ રાજનીતિનો ઉલ્લેખ છે. બે રાજા વચ્ચેના વિવાદને એ દાનથી શમાવતો. આ કોઈ ખાસ પ્રસંગને અનુલક્ષીને હશે. આ રાજાએ પણ દિગ્વિજય કર્યો હતો. (૩, ૬૧-૨)

ચારણી પરંપરા પ્રમાણે આ રાજાના વખતમાં એક જ નોંધપાત્ર બનાવ બન્યો હતો. હળવદના રાજચંદ્રસિંહ પાસેથી રાયસિંહે રાજ્ય લઈ લીધું ત્યારે વિભાજીએ લશ્કર મોકલી ચંદ્રસિંહને ગાદી અપાવી હતી (યપ્ર. પૃ. ૧૭૦).

આ રાજા પણ વિદ્યાપ્રેમી હતો.

स पण्डितः पण्डितसंमतः सन् विधानवित् कृत्यविधिं व्यधत्त
तथा हि ते कर्मणि धर्मकृत्ये महानुभावा द्विजमाश्रयन्ते ॥ ३, ६३

જામ રાવળના વખતમાં હતું તે યજ્ઞ, વિદ્યા વગેરેનું વાતાવરણ આ રાજાના વખતમાં પણ ચાલુ રહ્યું હતું. યજ્ઞ, ધર્મ અને વિદ્યાને આ રાજાએ પોષણ આપ્યું હતું. કવિએ વીરભદ્રને પંડિત અને પંડિત-સંમત કહ્યો છે તે નોંધપાત્ર છે. કાવ્ય-શાસ્ત્રનો એ જાણકાર હશે.

એ પણ એનો કુળધર્મ પાળતો અને श्रीकृष्णपादार्पितचित्तवृत्ति કહ્યો છે (૩, ૪૯).

શત્રુશલ્ય અથવા સતાજી

આ શત્રુશલ્ય કવિ વાણીનાથના આશ્રયદાતા હતા અને સમકાલીન હતા, તેથી કવિએ એનાં ગુણગાનમાં આ કાવ્યના ચાર સર્ગ (૪-૭) રોકયા છે, પણ આમાંથી ઘણું રૂઢ શૈલીનું છે, છતાં થોડીક ઐતિહાસિક વીગતો પણ મળે છે ખરી.

ચોથા સર્ગમાં પહેલાં રાજ્યાભિષેક વખતનું શહેરની શોભાનું વર્ણન છે. પછી વસંતનું વર્ણન છે. પાંચમા સર્ગમાં પહેલાં રાજાનું સ્તવન છે અને પછી ગ્રીષ્મ અને વર્ષાનું વર્ણન છે. છઠ્ઠા સર્ગમાં શરૂઆતમાં શરદનું વર્ણન છે. ૧૭મા શ્લોકથી રાજાની દિગ્વિજય યાત્રાનું વર્ણન છે, તેમાં અનુષંગે યુદ્ધવર્ણન અને સ્ત્રીવિલાપ પણ છે.

આ યુદ્ધમાં ઘણા રાજાઓ નાશ પામ્યા.

कृतिप्रतामानसहिष्णवोऽन्ये विपक्षभूमीपतयो विनेशुः । ६, २९
हता समस्ता रणसीम्नि तेन श्रीशत्रुशल्येन विपक्षभूपाः ॥ ६, ५४

આવું સામાન્ય વર્ણન છે. એમાં કોઈ રાજાનાં નામ નથી.

તે પછી સાતમા સર્ગમાં વિજેતા બનેલા રાજાના દરબારનું અને રાજાના નગરીભ્રમણનું વર્ણન છે. સાતમા સર્ગના ૧૯મા શ્લોકમાં એક ઐતિહાસિક માહિતી છે.

इत्थं महीं पालयतश्चिराय नृपस्य दुष्पापमहर्द्धिमिश्रः ।
प्रीतिं चिकीर्षुः परिमोदमानः स पारसीकक्षितिपः ससागमत् ॥ ७, १९
प्रीतिं चिकीर्षन्तमथाव्रजन्तं श्रीपारसीकं क्षितिपो निशम्य ।
श्रीवीरभद्र क्षितिपाङ्गजन्मा संमानसंभावनतत्परोऽभूत् ॥ ७, २०

અહીં એમ કહ્યું છે કે પારસીક રાજા, શત્રુશલ્યની પ્રીતિ મળે એવી ઇચ્છાથી ત્યાં આવ્યો, અને એ પ્રીતિ મેળવવા આવે છે એવું જાણી, શત્રુશલ્ય તેનું માન અને સંભાવના કરવા સામે ગયો. શત્રુશલ્ય આમ પોતાના લશ્કર સાથે પારસીક રાજાને મળવા ગયો ત્યારે—

श्रीजाममालोक्य स पारसीकः प्रीतिं च भीतिं च जगाम सद्यः । ૭, ૨૭

આમ પારસીક રાજાને પ્રીતિ અને ભીતિ બંને લાગ્યાં. કવિ કહે છે—

अथोग्रतेजाः किल जामराजः स पारसीकोऽपि च सामवृत्तिः । ૭, ૨૮

मुहुः समाष्वज्य यथार्हमेतौ समूषतुस्तत्र शभासनेऽय । ૨૯

विधाय वार्तां कुशलानुपूर्वां श्रोत्रैकसौख्यप्रदया च वाचा ।
संभाव्य भूयोनुमतौ निवेशं स्वं स्वं ततस्तौ मुदितौ जगाम ॥ ૩૦

આમ આ બન્ને વચ્ચે રાજકીય મૈત્રીના સંબંધો બંધાયા. આના પછી પારસીક રાજાએ થોડોક દગો કર્યો તેની વાત આવે છે.

पश्यन्नरेन्द्राननुगान्समस्तान् सहस्रसंख्यानय जामकेतोः ।
प पारसीकः किल चन्द्रसेनं विनैव सर्वत्र सुखं जगाम ॥ ૩૧

अत्युग्रसेनः खलु चन्द्रसेनः प्रशास्ति शास्ता रिपुभूपतीनाम् ।
अनन्यसाधारणसम्पदेषः सौराष्ट्र तद् गुर्जरमध्यभूमिम् । ૩૨

स पारसीकक्षितिपस्य पूर्वं चिरं विरोधप्रकारं चचार ।
अथैनमालोक्य स पूर्वरोषात् तं धर्तुमेवोद्यममाततान ॥ ૩૪

प्रीत्या तमाहूय निगूढचेताश्छलात्समुज्ञोपितबाह्यकोपः ।
जग्राह स ग्राह इवाल्पसत्त्वं सेनो द्विजेन्द्रा इव (?) चन्द्रसेनम् ॥ ૩૫

શત્રુશલ્ય અને આ પારસીક રાજા જ્યારે મળ્યા ત્યારે શત્રુશલ્યના પક્ષના જે અનેક રાજાઓ ત્યાં હતા તેમાં ચન્દ્રસેન નામે એક રાજા હતો. એ રાજા સૌરાષ્ટ્ર અને ગુર્જર ભૂમિ વચ્ચેની ભૂમિનો રાજા હતો. આ રાજા ઉગ્ર હતો. આ રાજાએ આગળ પારસીક રાજાનો વિરોધ કર્યો હતો. તેથી આ પારસીક રાજાએ, પ્રીતિથી એને બોલાવીને, દગાથી એને પકડ્યો.

ચન્દ્રસેનની સેનાએ ચન્દ્રસેન પકડાયાના ખબર શત્રુશલ્યને આપ્યા. જામે પારસીકને ચન્દ્રસેનને છોડી મૂકવા કહ્યું, પણ પારસીકે એને છોડ્યો નહીં.

ततः स जामक्षितिपालमौलिर्न्यवेदयत्तं लघु पारसीकम् ।
सम्मेलितोऽयं भवता समं मे तेनास्त्यमुं मोचयितुं प्रयासः ॥ ૭, ૩૯

समप्रयुक्तैर्वचनैः स दुष्टो मुहुर्मुहुस्तेन निवेदितोऽपि
नामोचयत्तं कुपितोऽथ जामो यमो दिधक्षन्निव विश्वखण्डम् ॥ ૪૦

જામે પારસીકને સમજાવ્યો પણ એણે ચન્દ્રસેનને છોડ્યો નહીં. પછી જામે પ્રતિજ્ઞા લીધી કે

જ્યાં સુધી ચન્દ્રસેનને છોડાવું નહીં ત્યાં સુધી પાણી ન પીઉં. (૪૧) અને જ્યારે જામને યુદ્ધને માટે તૈયાર થએલો જોયો ત્યારે પારસીકે ચન્દ્રસેનને છોડી મૂક્યો. (૪૬) પછી પારસીક રાજા જામને માનધન આપી ગયો.

स पारसीकक्षितिपोऽपि जामं संमानयन्मानधनं निवेद्य ।
दन्तावलानुज्ज्वलदन्तकान्तीन् कीर्त्या समेतानिव संप्रतस्थे ॥ ૪૮

તે પછી ચન્દ્રસેનને આશ્વાસન આપી પોતાને ગામ જવા રજા આપી.

આ પારસીક રાજા કોણ હતો અને આ ચન્દ્રસેન કોણ હતો તેના વિશે આ કાવ્યમાં વધુ વીગત આપી નથી. તારીખ-ઈ-સોરઠમાં આના વિશે કંઈ નથી. વિવિમાં છે કે જુનાગઢ ઉપર મુસલમાનો ચડી આવ્યા ત્યારે જામે જુનાગઢને મદદ કરી મુસ્લીમોને હરાવ્યા હતા. તેનું વેર વાળવા ખુર્રમ નામે સરદાર મોટું લશ્કર લઈ આવ્યો, પણ જામની તૈયારી જોઈ બી ગયો અને જામ સાથે સંધિ કરી પાછો ગયો. પાછો જતાં તમાચણ ગામ પાસે જામના કુંવર વગેરે જીતની ઉજાણી કરતા હતા તેના ઉપર ખુર્રમ ત્રાટક્યો ત્યારે ત્યાં એણે માર ખાધો અને હારીને પાછો ગયો. આ ખુર્રમ તે જ આ કાવ્યનો પારસીક છે તે સ્પષ્ટ છે.

વિવિ (પૃ. ૧૮૧–૨)માં છે કે ખુર્રમ આમ હારીને પાછો ગયો ત્યારે રસ્તામાં હળવદ ગામે ચન્દ્રસેનને એણે દગાથી પકડ્યો ત્યારે જામનું લશ્કર હળવદ આવ્યું અને ખુર્રમ ફરી હાર્યો અને ભાગી ગયો.

આ કાવ્યનો ચન્દ્રસેન અને આ ચન્દ્રસેન એક જ છે. કાવ્યમાં હળવદને 'સૌરાષ્ટ્ર તદ્ગુર્જરભૂમિભાગ' તરીકે વર્ણવ્યું છે તે એનું ભૌગોલિક સ્થાન નક્કી કરી આપે છે.

આમ જામ શત્રુશલ્યના લશ્કરે ખુર્રમને હરાવી ચન્દ્રસેનને છોડાવ્યો તે વિજયની પ્રશસ્તિ કરી આ કાવ્ય પૂરું થાય છે. ભૂચરમોરીની લડાઈ વિશે આમાં કંઈ નથી.

*

આ કવિએ આ કાવ્યને જામવિજય કાવ્ય એવું નામ આપ્યું છે. આ કાવ્યમાં કવિએ લાખાજી, રાવળ, વિભાજી અને શત્રુશલ્યના અમુક વિજયોનું વર્ણન કર્યું છે. શત્રુશલ્યના આ પારસીક ઉપરના વિજય પછી કવિએ નોંધ્યું છે કે :

तुलां समारोहति शत्रुशल्ये गौरीभवन्ति यशसा दशाशाः ।
पश्यन्ति हृष्यन्ति कृपाभरार्द्रा रुद्राः समुद्रान्तरगीतकीर्तौ ॥ ७, ५३

અહીં ઉલ્લેખ છે કે આ વિજય પછી શત્રુશલ્ય તોળાયા, તે સોનાની સામે જ હોય. એ સોનું દાનમાં આપ્યું હશે. આવું તુલારોહણ રાજાની મોટી સિદ્ધિ પછી થતું. આ કવિએ શત્રુશલ્ય વિશે શતશઃ કૃતકાંચનરત્નતુલ' (પૃ. ૩૬) એમ લખ્યું છે.

શત્રુશલ્યે પારસીક રાજાને એટલે અમદાવાદના મુસ્લીમ રાજાના પ્રતિનિધિને જીત્યો તે એનું મોટું પરાક્રમ હતું. એણે દિગ્વિજય તો કર્યો જ હતો. દિગ્વિજયનો અર્થ પોતાના પિતાને

તાબે જે રાજા હતા તેના પાસે પોતાની સત્તા સ્વીકારાવવાનો વિજય એવો કરવો જોઈએ. આવા દિગ્વિજય બધા મોટા રાજા કરતા. આવો દિગ્વિજય શત્રુશલ્યે કર્યો હતો અને ખુરૂરમને પણ એણે હરાવ્યો હતો. જામવંશમાં શત્રુશલ્ય ઘણો પરાક્રમી રાજા હતો અને હાલારમાં મુસ્લીમ રાજ ન થવા દેવામાં એનો ઘણો મોટો ફાળો હતો.

એ પોતે અનેક કવિને પોષનાર હતો. (૫, ૭)માં કહ્યું છે કે 'અનેકદેશાગતસત્કવીન્દ્રો' એની પ્રશસ્તિ કરતા. વાણીનાથ તો એના દરબારનો કવિ હતો જ. દિગ્વિજય પછી

समापपृच्छे श्रुतिपाठपूतश्रीकण्ठभासा रुचिरान्द्विजेन्द्रान् ।
श्रीशत्रुशल्यो नृपतिर्ययेन्द्रौ वाचस्पतिप्रस्फुरितान्महर्षीन् ॥ ૭, ૪

ઇન્દ્ર જેમ વાચસ્પતિ એટલે બૃહસ્પતિપ્રમુખ ઋષિઓને નમે છે તેમ શત્રુશલ્ય, શ્રુતિપાઠપૂત શ્રીકણ્ઠપ્રમુખ દ્વિજોને નમ્યો.

શત્રુશલ્યના દરબારમાં શ્રીકણ્ઠ નામે એક મુખ્ય કવિ હતા. વાણીનાથે કાવ્યને અન્તે નોંધ્યું છે કે:

नानाशास्त्रविचारचारुचतुरः श्रीकण्ठनामा द्विजो
यस्यास्ते स चिरायुरस्तु जगति श्रीशत्रुशल्यो नृपः ॥ ७. १०७

આ શ્રીકણ્ઠ શત્રુશલ્યની સભાનું રત્ન હતો. એનું રચેલું 'રસકૌમુદી' નામે એક પુસ્તક પ્રગટ પણ થયું છે એ પુસ્તક એની વિદ્વત્તાની અને પ્રાસાદિકતાની સાખ પૂરે છે. એમાં છેલ્લે પ્રશસ્તિમાં એમ લખ્યું છે કે શત્રુશલ્યે દ્વારકાને કરમુક્ત કરી હતી.

આ બતાવે છે કે એના પૂર્વજોની પેઠે શત્રુશલ્ય પણ વિદ્વાનોનો પોષક હતો.

તેવી જ રીતે આ રાજા રામ-કૃષ્ણનો ભક્ત હતો એવા ઉલ્લેખો પણ આ કાવ્યમાં છે.

(૧) श्रीरामपादार्चनमाततान । ૫, ૨

(૨) ध्यातोऽनेन पयोदसुन्दरतनू रामोऽभिरामो हृदि । ૫, ૩

(૩) यो रामचन्द्रपदमञ्चति । ૫, ૧૯

(૪) कृत्वार्चनं मुररिपोः । ૭, ૯૮

આ બતાવે છે કે રામ અને કૃષ્ણ આ રાજાના ખાસ ઈષ્ટ દેવ હતા. જામવંશ યદુવંશ ગણાય છે એટલે જામરાજાઓ કૃષ્ણભક્ત ગણાય, પણ જામરાજાએ બીજા દેવો અને ધર્મોને પણ સ્વીકાર્યા હતા. વાણીનાથ લખે છે—

आस्ते यस्य समीप एव नगरी द्वारावती श्रीपते-
र्देवो नागविभूषणोऽस्य नगरोपान्तेऽस्ति नागेश्वरः ॥ ७, १०७

દ્વારકામાં શ્રીપતિ શ્રીકૃષ્ણ છે તે આ રાજાની રાજધાનીની સમીપ છે, તો આ નગરની બહાર નાગેશ્વર મહાદેવ પણ છે. આજે પણ નાગનાથનું મન્દિર જામનગરમાં છે.

જામનગરના જામરાજાઓ પરાક્રમી, ધર્મપ્રેમી, વિદ્યાપ્રેમી અને સંસ્કારપ્રેમી હતા.

ચારણી પરંપરા પ્રમાણે આ રાજાઓનો રાજ્યકાળ આમ છે :—

જામ લાખાજી	(કચ્છમાં)	વિ. સં.	૧૫૩૮-૬૧
જામ રાવળ	(કચ્છમાં)	,,	૧૫૬૧-૬૮
	(સૌરાષ્ટ્રમાં)	વિ. સં.	૧૫૬૮-૧૬૧૮
જામ વિભાજી	,,		૧૬૧૮-૧૬૨૫
જામ શત્રુશલ્ય	,,		૧૬૨૫-૧૬૬૪

જામ રાવળની વંશાવલિ

જાવિ	જાવિપ્ર	વિવિ	યપ્ર	ગોઈ.
૧ સામ્બ	×	સામ્બ	સામ્બ	દેવેન્દ્ર
×	×	—	નરપત	નરપત
૨ સમ	સમ	સમો	સમો	સામત
×	×	×	જેહો	જેહો
૩ નેતા	નેતા	સામસિંહ	નેતા	નેતા
૪ નોતીઆર	નોતીઆર	નોતીઆર	નોતીઆર	નોતીઆર
×	×	×	ઓઢાર	ઓઢાર
૫ અબલ	અબલ	રાવજી	અબડો	ઓઢો
૬ જરાદીન	જરાદીન	ઓઢારજી	×	×
૭ રાહુ	રાહુ	ઓઢો	રાહુ	રાહુ
૮ અઢાલ	અઢાલ	જખરો	ઓઢાર	ઓઢાર
૯ અહોબલ	અહોઉ	×	અબડો	અબડો
૧૦ લાક્ષ્યારિ	લાખીયાર	લાખીઆર	લાખીઆર	લાખીઆર
૧૧ લક્ષ	લાષો	લાખો	લાખો	લાખો
૧૨ ઉન્નત	ઉન્નત	ઉન્નડ	ઉન્નડ	ઉન્નડ
૧૩ શ્યામ	શ્યામ	સમો	સમો	સમો

આ લેખમાં વપરાએલા સંક્ષિપાક્ષરો આમ છે : **તાસો** = તારીખ-ઈ-સોરઠ, **વિવિ** = વિભાવિલાસ **યપ્ર** = યદુવંશપ્રકાશ; ગોઈ = ગોંડલના રાજ્યનો ઇતિહાસ; **જાવિ** = જામવિજય કાવ્ય; જાવિપ્ર = જામ-વિજય કાવ્ય–પ્રસ્તાવના.

જાવિ	જાવિપ્ર	વિવિ	યપ્ર	ગોઈ.
૧૪ કાકુર	કાકુસ્થ	કાકોજી	કાકુ	કાકુ
૧૫ રાયધન	રાયધન	રાયધણ	રાયધણ	રાયધણ
૧૬ બલી	બલી	પલી	પલી	પ્રતાપ
૧૭ શૌણ્ડ	શૌણ્ડ	સાધસંધ	સાંધભડ	સાંધભડ
૧૮ વૈરિહા	વૈરિહા	વેરોજી	જાડો	જાડો
×	×	પરપાળજી		
૧૯ લાક્ષ્ય	લાક્ષ્ય	લાખોજી	લાખોજી	લાખોજી
૨૦ રાયધન	રાયધન	રાયધણ	રાયધણ	રાયધણ
૨૧ ગર્જન	મર્જન	ગજણ	ગજણ	ગજાણ
૨૨ હલ્લ	હલ્લ	હાલોજી	હાલોજી	હાલોજી
૨૩ રાયધન	રાયધન	રાયધણ	રાયધણ	રાયધણ
૨૪ કુવેર	કુવેર	કબરજી	કબરજી	કુબેરજી
૨૫ હલધર	હલધર	હરધોળ	હરધોળ	હરધોળ
૨૬ હરિપાલ	હારપાલ	હરપાળ	હરપાળ	હરપાળ
૨૭ ઉન્નત	ઉન્નત	ઉન્નડ	ઉન્નડ	ઉન્નડ
૨૮ તમાચી	તમાચી	તમાચી	તમાચી	તમાચી
૨૯ હરિભીમ	હરભમ	હરભમ	હરભમ	હરભમ
૩૦ હલધર	હલધર	હરધમલ	હરધમલ	હરધમલ
૩૧ લાષ	લાષો	લાખોજી	લાખોજી	લાખોજી
૩૨ રાઉલ	૩૨ રાવલ	૩૨ રાવળ	૩૪ રાવળ	૩૪ રાવળ

ઈશાન ગુજરાત પર પરમારોની સત્તા

એન. એ. આચાર્ય

સોલંકી કાલ દરમિયાન ગુજરાતના ઈશાન ભાગ પર માળવાના પરમાર રાજાઓની સત્તા પ્રવર્તતી હતી, એ હકીકત ગુજરાતના ઇતિહાસમાં ઓછી જાણીતી છે. માળવાના પરમાર વંશને લગતી વિવિધ અનુશ્રુતિઓ જોતાં જણાય છે કે એ વંશ એક જાતિમાંથી નહિ પણ એક કુટુંબમાંથી પ્રચલિત થયો છે. ઉપલબ્ધ અભિલેખો અને સાહિત્યોને આધારે જણાય છે કે માળવા શરૂઆતમાં ગુર્જર-પ્રતિહારોની સત્તા નીચે હતું અને તેની રાજધાની ઉજ્જૈન હતી. માન્યખેટ આગળ રાષ્ટ્રકૂટો અને ગુર્જર-પ્રતિહારોની હદ મળતી અને એથી આ પ્રદેશ આગળ બંને રાજ્યો વચ્ચે વારંવાર યુદ્ધ થતાં. સં. ૮૬૪ અને ૮૬૮ (ઈ. સ. ૮૦૮ અને ૮૧૨)ની વચ્ચે રાષ્ટ્રકૂટોના રાજ્યના ઉપેન્દ્ર નામના એક પરમાર સામંતે માળવાના પ્રદેશ ઉપર પોતાની સત્તા જમાવી.[1]

આ ઉપેન્દ્રે ધીરે ધીરે માળવાના પ્રદેશને વ્યવસ્થિત કર્યો. ત્યારપછી તેના વંશજોએ સમય જતાં પોતાને માળવાના રાજવી તરીકે જાહેર કર્યો. તેમનો વંશ તે ઇતિહાસમાં પરમાર વંશ તરીકે ઓળખાયો, અને તેમના વંશની ઉત્પત્તિ માટે વિવિધ દંતકથાઓ રચાઈ. આ ઉપેન્દ્ર પછી વૈરિસિંહ ૧લો, સીયક ૧લો, વાક્પતિ ૧લો, વૈરિસિંહ રજો વગેરે રાજવીઓ અનુક્રમે થયા. આ વૈરિસિંહ રજાના પુત્ર સીયકનું સીધું આધિપત્ય ખેટકમંડલ (હાલનું ખેડા અને તેની આસ-પાસનો પ્રદેશ) પર હતું, એમ તેના સમયના હરસોલમાંથી મળી આવેલા વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૧૦૬૧)ના તામ્રપત્રો પરથી જણાય છે.[2]

આ પહેલાં આ પ્રદેશ કર્ણાટકના રાષ્ટ્રકૂટોની સીધી સત્તા હેઠળ હતો. રાષ્ટ્રકૂટ રાજવી અકાલવર્ષ–કૃષ્ણરાજ રજો જે શુભતુંગના નામે ઓળખાતો તેને હસ્તક ખેટક (ખેડા), હર્ષપુર (હાલનું સાબરકાંઠા જિલ્લાનું હરસોલ), કાસહદ (કાશીન્દ્રા)નાં વિભાગનાં સાડાસાતસો ગામ હતાં. આ પ્રદેશનો વહીવટ તેનો સામંત બ્રહ્મવાક વંશના પ્રચંડનો દંડનાયક ચંદ્રગુપ્ત કરતો હતો. આ દંડનાયક ચંદ્રગુપ્તે કર્પટવાણિજ્ય (હાલનું ખેડા જિલ્લામાં આવેલ કપડવંજ) ચોર્યાશીમાંનું એક ગામ વ્યાધાસ (જૂના ગાયકવાડી રાજનું વઘાસ) ભરદ્વાજ ગોત્રના બ્રહ્મભટને દાનમાં આપેલ એમ કપડવંજમાંથી મળેલ કૃષ્ણ બીજાના શક સંવત ૮૩૨ (ઈ. સ. ૯૧૦)ના તામ્રપત્ર ઉપરથી જણાય છે.[3]

---

૧. રાષ્ટ્રકૂટ વંશના રાજવી ગોવિંદ ત્રીજાનું રાજ્ય માળવામાં હતું એમ શક સંવત ૭૩૦ના રાધનપુરમાંથી મળી આવેલ તામ્રપત્ર ઉપરથી જણાય છે. (ગુ. ઐ. લે. ૧૨૨). વડોદરામાંથી મળેલ કર્કરાજના શક સં. ૭૩૪ના દાનપત્રમાં જણાવ્યું છે કે ગોવિંદ ત્રીજાએ માળવાનું ગુર્જરોથી રક્ષણ કરવા માટે બંદોબસ્ત કર્યો. આચાર્ય ગિ. વ.; ગુજરાતના ઐતિહાસિક લેખો, નં. ૧૨૩.

૨. ગુ. ઐ. લે. ૨૩૭.

૩. ગુ. ઐ. લે. ૧૩૨.



ઈશાન ગુજરાત પર પરમારોની સત્તા; પરમાર રાજવીઓનાં તામ્રપત્રોમાં જણાવેલ નામો અને તેમનું ગુજરાતના નકશામાં સ્થાન

આ સમયે પાટણમાં ચાવડાઓની સત્તા હતી. શરૂઆતમાં તેઓ મધ્યગુજરાત પર અને ગુજરાતના ઈશાન ભાગ ઉપર સત્તા ધરાવતા હોય તેમ જણાતું નથી. ઉપર્યુક્ત તામ્રપત્ર જોતાં છેક દસમી સદી સુધી મધ્યગુજરાત અને છેક હરસોલ સુધી રાષ્ટ્રકૂટોની સત્તા પ્રવર્તતી હતી. આ પછી એટલે કે ઈ. સ. ૯૧૦ પછી એ પ્રદેશ ઉપર માળવાની સત્તા જામી હોય તેમ લાગે છે.

માળવાના પરમાર વંશના રાજવી વૈરિસિંહના પુત્ર સીયક બીજાનાં હરસોલમાંથી વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯)નાં બે તામ્રપત્રો મળેલ છે. તેમાં સીયકે યોગરાજ પર ચઢાઈ કરી પાછાં ફરતાં મહી નદીને કાંઠે સારનાલ પાસે મુકામ કરી મોહડવાસક વિષયના (હાલનું સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાનું મુખ્ય મથક મોડાસા અને તેની આસપાસનો પ્રદેશ) કુંભારોટક[3/1] (મોડાસાથી પૂર્વમાં ૬૩ માઈલ દૂર મેઘરજ તાલુકામાં આવેલ કમરોડા) અને સીહકા (મોડાસાથી ૮ માઈલ દક્ષિણમાં આવેલ સીકા) ગામ આનંદપુરના લલ્લોપાધ્યાય તથા તેના પુત્ર નાના દિક્ષિત નામના બ્રાહ્મણને દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે, અને લખાણને અંતે સીયકની સહી કરેલ છે.[2] આ તામ્રપત્રોમાં ખેટકમંડલના અધિપતિની મંજૂરી જણાવવામાં આવી છે. પણ તેનું નામ કે વંશ જણાવેલ નથી. આ તામ્રપત્રમાં પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર અમોઘવર્ષદેવના અનગામી પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર અકાલવર્ષદેવ—પૃથ્વીવલ્લભ—શ્રી નરેન્દ્રનો ઉલ્લેખ કરીને મહામાંડલિક ચૂડામણિ શ્રી સીયકને આ દાનના દાતા તરીકે જણાવવામાં આવેલ છે. એ સમયે સીયક ખેટકમંડલનો અધિપતિ હતો અને તેણે એ મંડલમાં આવેલા મોહડવાસક-વિષયમાંના ગામોનું દાન દીધું એવું જણાય છે.[3]

આ સીયક બીજાનું વિ. સં. ૧૦૨૬ (ઈ. સ. ૯૭૦)નું એક તામપત્ર અમદાવાદના એક કંસારા પાસેથી મળેલ છે.[4] પરંતુ એનું પહેલું પતરું ગુમ થયેલ હોવાથી બીજા પતરામાં વર્ણવેલ દાનમાં આપેલ ભૂમિ કયાં આવી તેની માહિતી ઉપલબ્ધ નથી પરંતુ ઘણું કરીને એ મોહડવાસક વિષયમાં આવેલી હશે.

ગુજરાતના ઇતિહાસમાં દષ્ટિપાત કરતાં જણાય છે કે માળવામાં પરમાર રાજવી સીયક બીજાના સમયમાં પાટણમાં ચૌલુકય વંશનો રાજવી મૂળરાજ સોલંકી સત્તા પર હતો. તેનો રાજ્યકાલ ઈ. સ. ૯૪૨ થી ૯૪૭નો મનાય છે. આ મૂળરાજ જ્યારે પાટણની ગાદીએ આવ્યો ત્યારે તેની સત્તા નીચે પાટણની આસપાસનો સારસ્વત મંડળનો પ્રદેશ (હાલનો મહેસાણા જિલ્લો અને બનાસકાંઠા જિલ્લો) હતો. એ સમયે ગુજરાતના ઈશાન ભાગમાં પરમારોની સીધી સત્તા સ્થપાઈ ચૂકી હતી. ખેટકમંડલ અને મોહડવાસક વિષય સંપૂર્ણપણે પરમારોના તાબામાં હતાં, એમ સીયક બીજાનાં તામપત્રો પરથી સ્પષ્ટપણે જણાય છે.

૩/૧. શ્રી ગિરજાશંકર આચાર્યે હાલના કમરોડાને કુંભારોટક તરીકે ઓળખાવ્યું છે. દાનશાસનની વિગત જોતાં સીકા પાસેનું હાલનું કોલવડા એ કુંભારોટક હોઈ શકે ખરું ?

૨. ગુ. ઐ. લે. ૨૩૭.

૩. "ઈ. સ. ૯૪૯માં સીયક રાષ્ટ્રકૂટોનો સામંત હતો." શ્રી. અનંત સદાશીવ અલતેકર, ધી રાષ્ટ્રકૂટાઝ એન્ડ ધેર ટાઈમ્સ, પૃ. ૧૨૧.

૪. ગુ. ઐ. લે. ૨૩૮.

મૂળરાજના રાજ્યારોહણ બાદ સીયક બીજાના પુત્ર મુંજે મેવાડ જીત્યું અને ગુર્જરેશને ભગાડયો એમ ગોડવાડ જિલ્લાના બીજાપુરથી બે માઈલ દૂર આવેલ જૈન મંદિરમાંથી મળી આવેલ વિ. સં. ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭)ના લેખમાં જણાવ્યું છે.[૧] આ ગુર્જરેશ તે મૂળરાજ સોલંકી હોવાનું શ્રી ડી. સી. ગંગુલી માને છે પણ આ ગુર્જરેશ તે મૂળરાજ સોલંકી હતો એમ સ્પષ્ટપણે માની શકાય તેવી કોઈ આધારભૂત માહિતી ઉપલબ્ધ નથી.[૨] થોડાક સમય પછી મૂળરાજે લાટ પર હુમલો કર્યો અને ત્યાંના બારપદેવને હરાવી તેની ગજસેના લૂંટી લીધી.[૩] આ બારપ લાટનો મંડલેશ્વર અને સેનાપતિ હતો.[૪]

આ મૂળરાજે બારપને હરાવી લાટ ઉપર પોતાની સત્તા જમાવી પણ પાછળથી બારપના પુત્ર ગોગ્ગિરાજે મૂળરાજની સત્તા ફગાવી દઈ પોતાને લાટના સ્વતંત્ર રાજવી તરીકે જાહેર કર્યો હોય તેમ લાગે છે.[૫] પણ ગોગ્ગિરાજ એ પ્રદેશને વ્યવસ્થિત કરે તે પહેલાં માળવાના રાજા સિંધુરાજે લાટ પર ચડાઈ કરી અને એ પ્રદેશને પોતાના હસ્તક મેળવી ગોગ્ગિરાજને પોતાનો સામંત બનાવ્યો.[૬] આ ગોગ્ગિરાજ પછી લાટની ગાદીએ આવેલ તેના પુત્ર કીર્તિરાજે માળવાનું સામંતપદ ફગાવી દેવાનો પ્રયત્ન કર્યો પણ સિંધુરાજ પછી માળવામાં સત્તા પર આવેલ ભોજદેવે લગભગ ઈ. સ. ૧૦૧૮માં લાટ પર ચઢાઈ કરી કીર્તિરાજને પોતાનો ખંડિયો રાજવી બનાવી દીધો.[૭] અને આમ લાટ માળવાના હસ્તક જ રહ્યું.

---

૧. શ્રી. દુ. કે. શાસ્ત્રી, ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, ભા. ૧-૨, પૃ. ૧૫૭.

૨. ડૉ. હ. ગં. શાસ્ત્રી જણાવે છે કે સીયકના સમયમાંયે માળવામાંયે ગુર્જરેશની સત્તા પ્રવર્તતી હતી અને તે ગુર્જરેશ તે ગુર્જર પ્રતિહાર વંશના હતા. વળી મધ્યપ્રદેશમાં આવેલ પડોશના પ્રદેશમાં પણ શૌલિકક (ચૌલિકક) કુલનો એક બીજો વંશ સત્તા ધરાવતો હતો. તે મૂળરાજના વંશની જેમ એ વંશ પણ ભારદ્વાજ ગોત્રનો અને માહેશ્વર સંપ્રદાયનો હતો. આથી મુંજે હરાવેલ ગુર્જરેશ તે અણહિલવાડનો મૂળરાજ નહિ પણ ઉજ્જૈનનો કે મધ્યનો બીજો ગુર્જરેશ હોવા સંભવ છે.--ડૉ. હ. ગં. શાસ્ત્રી, ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, પૃ. ૨૭૯.

એક અનુશ્રુતિ પરથી જણાય છે કે ધર્મારણ્યમાં મોઢેરા આગળ મુંજપુર નામે ગામ વસાવેલું પણ દંતકથામાં આપેલી તારીખો ભરોંસાપાત્ર જણાતી નથી.-રાસમાળા પૃ. ૧૯૬. ટિ. ગુ. મ. રા. ઇ. ટિ. ૧, પૃ. ૨૫૬.

૩. કી. કૌ. સર્ગ ૨, શ્લોક ૩.

૪. આ લાટના એરથાણમાંથી મળેલા ત્રિલોચનપાલના શક સંવત ૯૭૨ (ઈ. સ. ૧૦૫૦)ના લેખમાં આપેલ વંશાવળીમાં રાજવીઓનાં નામ આગળ બિરુદ લગાડેલાં જોવા મળતાં નથી. (ગુ. ઐ. લે. ૨૩૯) પણ સંજામાંથી મળેલ ત્રિવિક્રમપાલના શક સં. ૯૯૯ (ઈ. સ. ૧૦૭૭)ના દાનપત્રમાં રાજવીઓના નામની પૂર્વે બિરુદો લગાડેલાં છે. શરૂઆતમાં બારપદેવના નામની પૂર્વે બિરુદ નથી પણ તેમને નિમ્બાર્ક કુલના મહાસેનાની, એમ સ્પષ્ટ જણાવ્યું છે. શ્રી અમૃત પંડયા-ન્યુ ડાયનેસ્ટિ ઑફ ગુજરાત હિસ્ટરી, પૃ. ૭.

૫. શ્રી ગૌગ્ગિરાજને ત્રિવિક્રમપાલના શ. સં. ૯૯૯ના લેખમાં "મહારાજાધિરાજ પરમેશ્વર" કહ્યો છે.

૬. શ્રી અમૃત પંડયા-ન્યુ ડીનેસ્ટી ઑફ ગુજરાત-હિસ્ટરી, પૃ. ૭.

૭. વીએના ઓરિએન્ટલ જર્નલ, વો. ૭, પૃ. ૮૮, હિ. ૫. પૃ. ૯૬, ન્યુ. ડી. ગુ. હિ. પૃ. ૭.

ગુજરાતમાં પણ પાટણની ગાદીએ મૂળરાજ પછી ચામુંડરાજ, દુર્લભરાજ, ભીમદેવ ૧લો, કર્ણદેવ ૧લો વગેરે રાજ્વીઓ ગાદીએ આવ્યા. આ સર્વ માળવાના પરમાર રાજ્વીઓ સાથે અવારનવાર યુદ્ધ કરતા રહ્યા છતાં પણ ઉપલબ્ધ દાનપત્રો પરથી જણાય છે કે છેક સિદ્ધરાજ જયસિંહના સમય સુધી ગુજરાતનો ઈશાન ખૂણાનો ભાગ મોહડવાસક વિષય અને ખેટકમંડલ માળવાના રાજ્વી ભોજરાજના આધિપત્ય હેઠળ જ હતા.

પરમાર રાજવી ભોજરાજની આ પ્રદેશ પર સત્તા દર્શાવતું એક વિ. સં. ૧૦૬૭નું દાનપત્ર મોડાસામાંથી મળી આવ્યું છે.[૧] તેમાં જણાવ્યું છે કે ભોજદેવના રાજ્યમાં મોહડવાસક મંડલના ૭૫૦ ગામના અધિપતિ મહારાજપુત્ર વત્સરાજે ઉપાન્યસ ગોત્રના ગોપાદિત્યના પુત્ર દેદ્દાકને હર્ષપુર (હરસોલ) ગામેથી શયનપટ (મોડાસાથી ૭ માઈલ દૂર ઉત્તરે હાલના મેઘરજ તાલુકામાં આવેલ શેણાવાડ) ગામ દાનમાં આપ્યું તેના લેખક તરીકે છેદકનું નામ છે અને અંતે વત્સરાજની સહી છે.

આ વત્સરાજ તે લાટના કીર્તિપાલનો પુત્ર હોવાનો સંભવ છે. ભોજે લાટના કીર્તિપાલને હરાવી તેમની સામંત તરીકેની સત્તા ચાલુ રાખી હતી. આ વત્સરાજે શુકલતીર્થમાં પાઠશાળા સ્થાપી અને સોમનાથના મંદિર ઉપર સુવર્ણછત્ર ચઢાવ્યું હતું.[૨]

આ પછી ગુજરાતમાં ભોજરાજની સત્તા દર્શાવતું બીજું વિ. સં. ૧૧૦૩નું તામ્રપત્ર સંખેડા મહાલની પાસે આવેલ તિલકવાડામાંથી મળી આવેલ છે. એમાં એક પતરું ઉપલબ્ધ નથી જેમાં ભોજરાજાના પૂર્વજોની સ્તુતિ હોવા સંભવ છે. બીજા પતરાનું લખાણ સિંધુરાજના વર્ણનથી શરૂ થાય છે. એમાં જણાવ્યું છે કે મના (હાલની મેના, મેની) અને નર્મદાના સંગમ ઉપર ભોજના સામંત સુરાદિત્યના પુત્ર જશોરાજે ઘણ્ટાપલ્લી (વડોદરા જિલ્લામાં છોટાઉદેપુર—ડભોઈ લાઈન પરનું છોટાઉદેપુરની પશ્ચિમે આવેલ હાલનું ઘંટોલી સ્ટેશન) ગામના ઘણેશ્વર મહાદેવને વિલ્હજ (વેલપુર) ગામ અને સો એકર જમીન દાનમાં આપી.[૩] આ લેખમાં જણાવ્યું છે કે આ સુરાદિત્યે શાહવાહનને હરાવી ભોજની કીર્તિ કાયમ કરી.[૪]

અને આમ ગુજરાતનો આ પ્રદેશ વિ. સં. ૧૧૦૩ (ઈ. સ. ૧૦૪૬) સુધી તો ભોજરાજની સત્તા નીચે હોય એમ સ્પષ્ટ લાગે છે. ચૌલુકય રાજવી સિદ્ધરાજ જયસિંહે પોતાના અમલ દરમિયાન લાટ અને માળવાના રાજવી યશોવર્મનને હરાવી ભૃગુકચ્છની આસપાસના પ્રદેશ, રાજસ્થાનમાં ભિન્નમાલ, જોધપુર, સાંભર, વાંસવાડા, વગેરે પ્રદેશો મેળવ્યા એમ એ પ્રદેશોમાંથી ઉપલબ્ધ

---

૧. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, એન્યુ. ગ્રાન્ટ ઑફ પરમાર કીંગ ભોજદેવ ફ્રોમ મોડાસા, ભારતીય વિદ્યા (ગુ.), ૫, ૩૭. અસલ પ્લેટ માટે જુઓ મોડાસા આર્ટ્સ કોલેજનો વાર્ષિક અંક "માનુમ" વર્ષ ૧૯૬૩, માર્ચ, પૃ. ૫૧ સામેની પ્લેટ.

૨. ન્યુ. ડી. ગુ. હિ., પૃ. ૮

૩. ગુ. ઐ. લે. ૨૩૮ ખ.

૪. આ શાહવાહન કોણ તે ઉપલબ્ધ સાધનો પરથી જાણવા મળતું નથી પણ શ્રી ગંગુલી આ શાહવાહન તે ૧૧મી સદીમાં પંજાબમાં આવેલ છામ્બ ઉપર સત્તા ધરાવતા રાજવી શાલવાહનદેવ હોવાનું અનુમાન કરે છે.—હિ. ૫., પૃ. ૧૧૦.

સિદ્ધરાજના સમયના લેખો પરથી જણાય છે. સિદ્ધરાજે વિ. સં. ૧૧૯૫માં અવંતિનાથનું બિરુદ ધારણ કર્યું. તેણે અવંતિમંડળની સોંપણી પોતાના નાગર મહામાત્ય દાદાકના પુત્ર મહાદેવને કરી હતી.[૧]

આમ ગુજરાતના ઈશાન ભાગ પર લગભગ પોણા બસો વર્ષ સુધી પરમાર રાજવીઓની સત્તા પ્રવર્તતી રહી. ત્યારપછી પરમાર રાજવીઓનું પતન શરૂ થયું. યશોવર્મનને હરાવી સિદ્ધરાજે માળવાનો ઘણો મોટો ભાગ કબજે કર્યો. પણ તેની ઉત્તરાવસ્થામાં માળવાના રાજવી જયવર્મને માળવાનો કેટલો પ્રદેશ પાછો મેળવ્યો હતો. પણ કુમારપાળે તે સઘળો પ્રદેશ પાછો મેળવી ગુજરાતની સાથે જોડી દીધો. આ પછી તો ગુજરાતના ચૌલુક્ય રાજવીઓ પણ નબળા પડતા ગયા. ભીમદેવ બીજાના સમયમાં અર્જુનવર્માએ પાછું ગુજરાત પર આક્રમણ કર્યું અને પાવાગઢ અને તેની આસપાસનો પ્રદેશ જીત્યો. આ પછી તો વાઘેલા, (ચૌલુક્ય વંશની બીજી શાખા) રાજવી વીસલદેવે ધાર જીત્યું. અને અંતે સારંગદેવે પણ માળવા પર ચઢાઈ કરી માળવાને છિન્નભિન્ન કરી નાખ્યું. આ બંને રાજ્યોની નબળાઈનો લાભ મુસલમાનોએ લીધો અને છેવટે માળવાને મુસલમાનોએ પોતાના રાજ્ય સાથે મેળવી લીધું. *

---

૧. પુરાતત્ત્વ પુ. ૪. અં. ૧-૨, શ્રી. ડીસકલકરનો લેખ, ગુ. ઐ૰લે., ૧૪૪અ.

* આ લેખના માર્ગદર્શન બદલ ડૉ. હ. ગં. શાસ્ત્રી અને ડૉ. કે. એફ. સોમપુરાનો આભારી છું.

નાટચગૃહવિધાન

(ભરત નાટચશાસ્ત્રના આધારે)

કાંતિલાલ ફૂલચંદ સોમપુરા

શ્રી ભરતમુનિ(ઈસુની બીજી સદી)પ્રણીત નાટચશાસ્ત્રના અધ્યાય ૨માં[1] નાટચગૃહની ઈમારતી રચના માટે કેટલીક વિગતો આપવામાં આવી છે. નાટચશાસ્ત્રના પ્રસિદ્ધ ટીકાકાર અભિનવગુપ્તે (ઈસુની ૧૦-૧૧મી સદી) પણ કેટલીક વિગતો પર પ્રકાશ નાંખવા પ્રયાસ કર્યો છે. ભરત નાટચશાસ્ત્રના બીજા અધ્યાયમાં ચર્ચવામાં આવેલા મુખ્ય મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણેના છે :

(૧) નાટ્યગૃહના આકાર અને કદ (પરિમાણ)ની દૃષ્ટિએ પ્રકારો (શ્લો. ૭, ૮, ૧૧) અને એ પરિમાણને નિયત કરનારા ચોક્કસ માપ (શ્લો. ૯-૧૦).

(૨) નાટ્યગૃહની રચનામાં ધ્યાનમાં રાખવાના બે મુખ્ય સિદ્ધાંતો–સુશ્રાવ્યતા (audibility) અને સુદશ્યતા (visibility)–ને અનુરૂપ કયા પરિમાણવાળા નાટચગૃહ અપેક્ષિત છે તે વિશેની ચર્ચા (શ્લો. ૧૭-૨૧).

(૩) નાટચગૃહ માટે જમીન (site)ની પસંદગીનાં ધોરણો અને જમીનનું શુદ્ધિકરણ (શ્લો ૨૪-૨૬) તથા જમીનમાપણીનાં એકમો (૧૨-૧૬).

(૪) વિકૃષ્ટ મધ્ય પ્રકારના નાટચગૃહની રચના અંગેનાં વિધાનો.

- (અ) તળદર્શન (શ્લો. ૩૪-૩૫).
- (આ) નેપથ્યગૃહની રચના (શ્લો. ૩૬, ૭૦, ૯૬-૯૭).
- (ઇ) રંગપીઠની રચના (શ્લો. ૩૫, ૯૦, ૯૧, ૯૩-૯૬).
- (ઈ) રંગશીર્ષની રચના (શ્લો. ૩૪, ૬૯, ૭૨-૭૪).
- (ઉ) મત્તવારણી (શ્લો. ૬૩-૬૫, ૯૯).
- (ઊ) સમગ્ર નાટ્યમંડપની સામાન્ય રચના અને સુશોભનો (શ્લો. ૭૮-૮૬, ૯૨)
- (એ) સ્તંભવિધાન (શ્લો. ૪૭–૬૨)
- (ઐ) ષડ્દારુક (શ્લો. ૬૮)
- (ઓ) દ્વારવિધાન (શ્લો. ૬૯-૭૧)
- (ઔ) દારુકર્મ (શ્લો. ૭૫-૮૫)

---

૧. પ્રસ્તુત લેખમાં અધ્યાયોનો ક્રમ ગાયકવાડ્ઝ ઓરિએન્ટલ સીરીઝ નં. ૩૬માં પ્રકટ થયેલ 'નાટચશાસ્ત્ર ઑફ ભરતમુનિ,' વૉ. ૧ (વડોદરા, ૧૯૫૬)નો રાખ્યો છે.

(૫) ચતુરસ્ર અવર પ્રકારના નાટ્યગૃહની રચના (શ્લો. ૮૭, ૮૯, ૯૨)

(અ) સ્તંભવિધાન (શ્લો. ૯૩)

(આ) દ્વારયોજના (શ્લો. ૯૬, ૯૭)

(ઇ) રંગપીઠ રચના (શ્લો. ૯૮)

(૬) ત્ર્યસ્ર અપર પ્રકારના નાટચગૃહની રચના (શ્લો. ૧૦૧-૧૦૪)

(૭) નાટચગૃહનો સમગ્ર ઘાટ—શૈલગુહાકાર (શ્લો. ૭૭-૮૩, ૯૨)

ભરતે નાટચગૃહની બાંધણી અંગે ઉપરની જે વિગતો આપી છે તે વિગતોના સંકલનમાં મતભેદ હોવાને કારણે વિવિધ ચર્ચાત્મક મુદ્દાઓમાં પરિસ્થિતિઓ ઉપસ્થિત થઈ છે. પ્રસ્તુત વિગતોને આવરી લેતા ચર્ચાત્મક મુદ્દાઓ મુખ્યત્વે નીચેના વિષયોને સ્પર્શે છે:

(૧) નાટચગૃહની રચના અંગે ભરતે જે પરિમાણો આપ્યાં છે તે વિશે વિવિધ મતો પ્રવર્તે છે.

(૨) બાંધકામને અભિપ્રેત માપનાં નિર્દિષ્ટ એકમો(units of measurements)એ પણ ચર્ચા જગાવી છે.

(૩) રંગપીઠ અને રંગશીર્ષની રચના ભારે વિવાદાસ્પદ બની છે.

(૪) મત્તવારણી એટલે શું? અને તેનો કેવો અર્થ ઘટાડવામાં આવે કે જે ઈમારતી રચના (structural construction)ની દૃષ્ટિએ યોગ્ય લેખાય.

(૫) ષડ્દારુક એટલે શું? તેનું આયોજન કેવી રીતે કરવું?

આ સિવાય સ્તંભયોજના, નેપથ્યગૃહની રચના, નાટચગૃહનો સમગ્ર ઘાટ, સામાજિકોને બેસવાની વ્યવસ્થા, દ્વિભૂમિક નાટચગૃહરચના વગેરે વિશે પણ વિવિધ દૃષ્ટિકોણો—ચર્ચાઓ થઈ છે. પ્રો. ડોલરરાય માંકડ,[1] શ્રી મનમોહન ઘોષ,[2] ડૉ. રાઘવન,[3] પ્રો. ડી. સુબ્બારાવ (એન્જીનીઅર)[4] વગેરે વિદ્વાનોએ સુસંગત ચર્ચા તારવવાના પ્રશસ્ય પ્રયાસો કર્યા છે, તેમ છતાં તેઓ સંપૂર્ણ પણ નિશ્ચિત મત પર આવી શકયા નથી.

આકાર પરત્વે ભરતમુનિ નાટચગૃહના ત્રણ પ્રકાર પાડે છે: ૧ વિકૃષ્ટ (લંબચોરસ), ૨ ચતુરસ્ર (ચોરસ), ૩ ત્ર્યસ્ર (ત્રિકોણ). પરંતુ આ દરેક પ્રકારના કદની દૃષ્ટિએ ત્રણ ભેદ-જ્યેષ્ઠ, મધ્ય અને અપર નિરૂપે છે. કદનું માપક એકમ (the unit of measurement)

---

૧. 'એન્શ્યન્ટ ઇંડિયન થિયેટર' (આણંદ, ૧૯૫૦).

૨. 'ધી નાટયશાસ્ત્ર એઝ ડીસ્ક્રાઈબ્ડ ટુ ભરતમુનિ,' ઈન્ટ્રોડકશન (કલકત્તા, ૧૯૫૧)

૩. 'ધી થિયેટર ઑફ હિન્દુઝ'માં 'થિયેટર આર્કીટેકચર ઑફ એન્શ્યન્ટ ઈંડિયા (કલકત્તા, ૧૯૫૫).

૪. પ્રો. ડી. સુબ્બારાવ, નાટચશાસ્ત્ર, વૉ. ૧. (વડોદરા, ૧૯૫૬), એપેન્ડીક્સ ૬.

ભરતને જે અભિપ્રેત છે તે હસ્ત વા દંડ (ચાર હસ્ત)નું જ છે.[1] તેથી ૧૦૮ હસ્ત વા દંડ[2] લાંબુ નાટ્યગૃહ તે જ્યેષ્ઠ,[3] ૬૪ હસ્ત વા દંડ લાંબુ નાટ્યગૃહ તે મધ્ય અને ૩૨ હસ્ત વા દંડ લાંબું નાટ્યગૃહ તે અપર હોવાનું જણાવે છે. આમ કદની દૃષ્ટિએ જો હસ્તને માપનું એકમ ગણીએ તો નવ પ્રકાર અને વળી જો દંડને માપનું એકમ ગણીએ તો બીજા નવ પ્રકાર મળી કુલ અઢાર પ્રકારના પરિમાણવાળાં નાટ્યગૃહો બનાવી શકાય.

સુગમતાની ખાતર હસ્તને જ ભરતે બહુધા માપનું એકમ ગણ્યું છે; અને ત્રણ પ્રકારનાં જ્યેષ્ઠ પરિમાણવાળાં નાટ્યગૃહો (એટલે કે વિકૃષ્ટ જ્યેષ્ઠ, ચતુરસ્ર જ્યેષ્ઠ અને ત્ર્યસ્ર જ્યેષ્ઠ) દેવો માટે, ત્રણ પ્રકારનાં મધ્ય પરિમાણવાળાં નાટ્યગૃહો નૃપતિઓ માટે અને ત્રણ પ્રકારનાં અપર પરિમાણવાળાં નાટ્યગૃહો સામાન્ય જનસમાજ માટેનાં કહ્યાં છે.

ભરતે જે પરિમાણ (૧૦૮, ૬૪ અને ૩૨) નિર્દેશ્યાં છે તે લંબાઈને લગતાં હોય તેમ લાગે છે; કારણ કે ચતુરસ્ર મતે ત્ર્યસ્રમાં પહોળાઈનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો પરંતુ વિકૃષ્ટની બાબતમાં પહોળાઈનો પ્રશ્ન ઉપસ્થિત થાય એટલે ભરતે વિકૃષ્ટ મધ્યનું વિવરણ કરતાં તેને ૬૪ હસ્ત લાંબું અને ૩૨ હસ્ત પહોળું બનાવવાનું કહ્યું છે. આનો અર્થ એ થયો કે વિકૃષ્ટ પ્રકારનાં નાટ્યગૃહોની રચના માટે ભરતને ૨ : ૧નું પ્રમાણ (ratio) અભિપ્રેત છે. આ દૃષ્ટિએ વિકૃષ્ટ જ્યેષ્ઠની લંબાઈ-પહોળાઈ ૧૦૮ × ૫૪ બને છે. બીજા વિદ્વાનો આ લંબાઈ-પહોળાઈ ૧૦૮ × ૬૪ હોવાનું સૂચવે છે તે આમ નિરાધાર ઠરે છે.[4] હસ્તના માપના આધારે ભરત જે નવ પરિમાણવાળાં નાટ્યગૃહો સૂચવે છે, તે પૈકીના વિકૃષ્ટ અને અનુરસ્ર છનો વિસ્તાર નીચે મુજબ થશે :

---

૧. શ્રી રાવ હસ્તદંડનો અર્થ ‘ measuring rod ’ કે ‘stick’ (નાટ્યશાસ્ત્ર, વૉ. ૧. (વડોદરા) પૃ. ૪૨૭) અર્થ કરે છે તે બરાબર નથી. માપના એકમ તરીકે હસ્ત યા દંડમાંથી ગમે તે એકને પસંદગી આપવી એ ભરતનું સૂચન છે.

૨. ભરતપ્રયોજિત પરિમાણના વિવરણમાં અહીં એક અસંગતિ દૃષ્ટિગોચર થાય છે. ૧૦૮ હસ્ત વા દંડને બદલે ૧૨૮ હસ્ત યા દંડ હોય તો વિસ્તાર યા કદનાં જે ધોરણો ભરતના આધારે નિરૂપિત થઈ શકે છે તેમાં સુવિધા થાય. આમ ૧૨૮ હસ્ત લંબાઈ લઈએ તો ૬૪ હસ્ત પહોળાઈનું માપ જે વિકૃષ્ટ જ્યેષ્ઠ માટે હોવાનું ઘણા વિદ્વાનો સૂચવે છે તે વિવાદાસ્પદ ન રહે. ૧૦૮નું અર્ધ ૫૪ થાય એટલે આપણી પાસે બે વિકલ્પ રહે છે, કાં તો ૧૨૮ × ૬૪ અથવા ૧૦૮ × ૫૪. બીજા પ્રકારનાં નાટ્યગૃહોના વિસ્તારના વિવરણની અપેક્ષાએ પ્રથમ માપ (૧૨૮ × ૬૪) ઇષ્ટ છે તેમ મારું માનવું છે.'

૩. અભિનવગુપ્ત પ્રમાણે જે નાટકોમાં નાયક અને પ્રતિનાયકો મુખ્યત્વે દેવો અને અસુરો હોય તેમાં આરભટી વૃત્તિ પ્રધાન હોય તેથી વિતત્ત કહેતાં વિસ્તૃત રંગપીઠના ઉપયોગને લઈને ભાંડ વાદ્યો મુખ્યત્વે હોવાથી અને પરિક્રમણ માટે ઊંચા, લાંબા અને દીર્ઘ (ઉચ્ચતર અને દીર્ઘતર) એવા તાલ = ફલંગ સ્વીકારાતી હોવાથી મંડપ મોટો એટલે ૧૦૮ (કે ૧૨૮) હાથનો હોવો જોઈએ. અભિનવગુપ્ત પ્રમાણે જ્યેષ્ઠ મંડપ તે દેવો જેમાં પ્રેક્ષક હોય તે નહીં પણ જેમાં દેવો પ્રયોજ્યપાત્રો હોય તે મંડપ.

૪. જુઓ પાદનોંધ નં. ૭.

વિકૃષ્ટ જ્યેષ્ઠ	૧૦૮ × ૫૪	હસ્ત = ૫૮૩૨ ચો. હસ્ત
,, મધ્ય	૬૪ × ૩૨	,, = ૨૦૪૮ ,,
,, અપર	૩૨ × ૧૬	,, = ૫૧૨ ,,
ચતુરસ્ર જ્યેષ્ઠ	૧૦૮ × ૧૦૮	,, = ૧૧૬૬૪ ,,
,, મધ્ય	૬૪ × ૬૪	,, = ૪૦૯૬ ,,
,, અપર[1]	૩૨ × ૩૨	,, = ૧૦૨૪ ,,

કદની દૃષ્ટિએ બંને પ્રકારનાં જ્યેષ્ઠ પરિમાણવાળાં તેમજ ચતુરસ્ર મધ્ય પરિમાણવાળું નાટ્યગૃહ વિશાળ હોવાને કારણે તથા વિકૃષ્ટ અપર અત્યંત નાનું બનતું હોવાને કારણે ભરતે વર્ણન પરત્વે વિકૃષ્ટ, મધ્ય (૬૪×૩૨) અને ચતુરસ્ર અપર (૩૨×૩૨) પર પસંદગી ઉતારી હોય તેમ લાગે છે. ચતુરસ્ર અપરના એક જ કદના બે સમચોરસ જોડવાથી વિકૃષ્ટ મધ્ય બની રહે છે તે પણ ધ્યાનમાં રાખવા જેવો મુદ્દો છે. બીજી રીતે કહીએ તો વિકૃષ્ટ મધ્યનું કદ ચતુરસ્ર અપરના કદ કરતાં બમણું છે.

હવે ત્ર્યસ્રની બાબતમાં કદની દૃષ્ટિએ વિચાર કરીએ. ત્ર્યસ્રનો ઘાટ કે આકાર ત્રણ ભુજા-વાળા—ત્રિકોણ ઘાટનું નાટ્યગૃહ સમજવાનું છે. પરંતુ ત્રિકોણ ઘાટના આ નાટ્યગૃહની ત્રણે ભુજાઓ સરખી હોય યા ન પણ હોય. ભુજાઓ સરખા માપની હોવી જોઈએ એટલે કે આ ભુજાઓની લંબાઈ અનુક્રમે ૧૦૮, ૬૪ કે ૩૨ હસ્ત યા દંડ જ હોવી જોઈએ તેવું અનુમાન એક ભ્રમ છે. ઉપરનાં ત્રણ માપ જે ભરતને અભિપ્રેત છે તે ગમે તે ત્રણ આકારના નાટ્યગૃહની લંબાઈ પરત્વેનાં છે. આનો અર્થ એ થયો કે જેમ વિકૃષ્ટની બાબતમાં ૧૦૮, ૬૪ અને ૩૨નું માપ તે તે આકારની લંબાઈ સાથે સંબંધ ધરાવે છે (ચતુરસ્ર પ્રકારનાં નાટ્યગૃહોની ચારે બાજુઓ સરખી હોવાથી આ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો), તેમ ત્ર્યસ્રની બાબતમાં આ માપ ત્રિકોણના કોણથી સામેની ભુજાઓ તરફ કાટખૂણે લંબાતી રેખાની લંબાઈ પરત્વેનાં છે. બીજી રીતે કહીએ તો ત્ર્યસ્ર સમભુજ ત્રિકોણની મધ્યરેખા આમાંના ગમે તે એક માપની હોવી આવશ્યક બને છે. પરિણામે ભૂમિતિના નિયમ પ્રમાણે આ પ્રકારના ત્રિકોણ ઘાટનાં નાટ્યગૃહો ચતુરસ્ર ઘાટનાં નાટ્યગૃહો કરતાં કદમાં અડધા બનશે અને તેમની ભુજાઓ અનુક્રમે :

---

૧. પ્રો. માંકડ તેમની પુસ્તિકા, 'એન્શ્યન્ટ ઇંડિયન થિયેટર'ની પાદનોંધ ૭માં ૩૨×૩૨ હસ્તના ચતુરસ્ર અપર નાટ્યગૃહને ચતુરસ્ર મધ્ય તરીકે વર્ણવે છે તે દેખીતી ભૂલ છે. ભરતે ચતુરસ્ર પ્રકારનાં નાટ્યગૃહોમાં અવર પ્રકારનાં નાટ્યગૃહનું વિવરણ આપ્યું છે, કારણ ચતુરસ્ર મધ્ય પ્રકારનું નાટ્યગૃહનું પરિમાણ (વિસ્તાર) વિકૃષ્ટ મધ્ય કરતાં પણ બેવડું થવા જાય છે જે સુશ્રાવ્યતા અને સુદૃશ્યતાના સિદ્ધાંતની દૃષ્ટિએ અસ્વીકાર્ય બને.

વળી પ્રો. માંકડ (બીજા ઘણા વિદ્વાનોની માફક) જ્યેષ્ઠ ને વિકૃષ્ટના, મધ્યને ચતુરસ્રના અને અવરને ત્ર્યસ્રના પર્યાયરૂપ હોવાનું સૂચવે છે તે પણ બરાબર નથી, કારણ કે ભરતે જો આ ત્રણ પરિમાણોને ત્રણ પ્રકારના પર્યાય તરીકે ગણ્યા હોત તો વિકૃષ્ટ મધ્ય અને ચતુરસ્ર અવરનાં વર્ણનને અવકાશ જ ન રહેત, જ્યારે ભરતે આ બે પ્રકાર પર જ વધુ ભાર મૂક્યો છે.

૧૦૮ હસ્ત	મધ્ય રેખાના	ત્રિકોણમાં	૧૨૪.૭ હસ્ત,
૬૪ હસ્ત	,, ,,	,,	૯૩.૦૫ ,,
૩૨ હસ્ત	,, ,,	,,	૪૬.૫૨ હસ્તની બની રહેશે.



ત્ર્યસ્ર જ્યેષ્ઠ ત્ર્યસ્ર મધ્ય ત્ર્યસ્ર અવર

ત્ર્યસ્ર નાટ્યગૃહની વધુ વિગતો ભરતે આપી નથી. ચતુરસ્ર અપરનું કદ (૩૨ × ૩૨) ૧૦૨૪ ચો. હસ્ત થાય છે તો ત્ર્યસ્ર અપરનું કદ ૫૧૨ ચો. હસ્ત થશે. ઉપરોક્ત મારા અનુમાનને આધારે ત્ર્યસ્ર મધ્યનું કદ ૨૦૪૮ ચો. હસ્ત થાય છે જે વિકૃષ્ટ મધ્યના કદની બરાબર છે. તાત્પર્ય કે ત્ર્યસ્ર પ્રકારનું નાટ્યગૃહ બનાવવું હોય તો ત્ર્યસ્ર મધ્ય પ્રકાર જ ભરતને અભિપ્રેત હોય તેમ લાગે છે.

ભરતના મતે કદમાં અતિવિસ્તૃત નાટ્યગૃહો ત્યાજ્ય છે. આ દૃષ્ટિએ આગળ જણાવ્યું તેમ વિકૃષ્ટ જ્યેષ્ઠ, ચતુરસ્ર જ્યેષ્ઠ અને મધ્ય તથા ત્ર્યસ્ર જ્યેષ્ઠ ત્યાજ્ય બને છે. ભરતે નાના કદનાં નાટ્યગૃહો ત્યાજ્ય હોવાનું જણાવ્યું નથી, ઊલટપક્ષે ચતુરસ્ર અપર (જેનું કદ ૧૦૨૪ ચો. હસ્ત છે, અને જે વિકૃષ્ટ મધ્ય અને ત્ર્યસ્ર મધ્ય કરતાં અર્ધું છે)નું વર્ણન આપ્યું છે. (શ્લો. ૧૮-૨૧).

નાટ્યગૃહની રચનામાં સુખશ્રાવ્યતા (Good audibility) અને સુદશ્યતા (Good visibility)ના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવાનો આગ્રહ ભરતે સેવ્યો છે અને તેથી નાટ્ય બરાબર સાંભળી શકાય અને મુખ પરના ભાવ અને વિવિધ દૃષ્ટિઓ અવ્યક્ત ન રહે તે હેતુસર ઉપરોક્ત બે–વિકૃષ્ટ મધ્ય અને ચતુરસ્ર અપર પ્રકારનાં નાટ્યગૃહોની રચના વર્ણવી હોય તેમ લાગે છે.

વિકૃષ્ટ મધ્ય પ્રકારના નાટ્યગૃહની રચનાનું વિવરણ કરતાં ભરતે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે ૬૪ હસ્તની લંબાઈની જમીનના બે સરખા ભાગ કરવા. આ રીતે ભાગ પડેલ બે ભાગ પૈકી પાછલા ભાગને વળી ફરી બે ભાગમાં વહેંચી નાંખી તે પૈકી પાછલા ભાગમાં નેપથ્યગૃહ અને આગળના ભાગમાં રંગશીર્ષ (stage proper) કરવું. (શ્લો. ૩૪-૩૫) (આકૃતિ ૩). નાટ્યગૃહના તલદર્શનના વિભાજનમાં આમ ક્યાંય રંગપીઠનો ઉલ્લેખ આવતો નથી. વળી રંગપીઠ એ તલદર્શનનો સમતલ વિભાગ–horizontal section—હોય તેવું બાંધકામની પરંપરાની દૃષ્ટિએ પણ બંધબેસતું નથી. ભારતીય વાસ્તુવિદ્યાની પરંપરા પ્રમાણે પીઠ એ ઊર્ધ્વદર્શનનો વિભાગ (vertical કે elevational section) છે. પીઠ એ કોઈ પણ સ્થાપત્યનું ઉત્સેધક (elevational) અંગ છે. તેના આયોજનમાં ઊંચાઈ (height) અને વિસ્તાર (space) નો ભાવ રહેલો છે, જે અનુક્રમે અહીં નાટ્યની પરિભાષામાં 'પીઠ' અને 'શીર્ષ' તરીકે

પ્રયોજાયેલ છે. એટલે કે નિયત ઊંચાઈની પીઠિકા તે 'રંગપીઠ' (stage block) અને તેના મથાળે આવેલ લંબાઈ-પહોળાઈનો વિસ્તાર તે 'રંગશીર્ષ'. સ્થાપત્યની પરિભાષાને અનુલક્ષીને પ્રયોજાયેલી આ રચના ઘણા વિદ્વાનો સમજ્યા ન હોવાથી રંગપીઠ અને રંગશીર્ષ વચ્ચે તીવ્ર વિવાદ ઊભો થયો છે. આમાં પ્રો. રાવનો મત યથાર્થ છે.[૧]

'મત્તવારણી' એ નાટ્યગૃહની રચના બાબતમાં અત્યંત જટિલ અને મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. મત્તવારણીનો પ્રશ્ન જુદી જુદી દૃષ્ટિએ વિચારણીય બને છે.

(અ) 'મત્તવારણ' અને 'મત્તવારણી' એ બે શબ્દોના અર્થ શા? આ બેમાંથી કયો શબ્દ સાચા અર્થમાં અહીં ઉપકારક નીવડે તેમ છે?

(આ) મત્તવારણીનું નિર્ધારિત સ્થાન કયું?

(ઇ) એનો આકાર કેવો હોવો જોઈએ?

(ઈ) એની સંખ્યા કેટલી, એક કે બે?

કેટલાક સંસ્કૃત કોશ અને સાહિત્યિક ગ્રન્થોમાં 'મત્તવારણ' શબ્દ વરંડાના અર્થમાં પ્રયોજાયેલો જોવામાં આવે છે. દા. ત. શબ્દકલ્પદ્રુમ નામના કોશગ્રન્થમાં 'મત્તવારયતિ ઇતિ મત્તવારણઃ' એમ વ્યુત્પત્તિ કરી મત્તવારણનો અર્થ 'પ્રાસાદવીથીનાં વરણ્ડઃ' કર્યો છે. અમરકોશના ટીકાકાર ક્ષીરસ્વામીએ મત્તવારણ પર લખતાં કહ્યું છે કે, 'મતાલમ્બો પાશ્રયઃ સ્યાત્ પ્રાગ્રીવો મતઃ વારણઃ' પ્રાગ્રીવ (ચોકીયારા)ના ભદ્રગવાક્ષ પર મત્તવારણ (કઠેડો) આપેલો છે એ અર્થમાં મત્તવારણ અહીં પ્રયોજાયેલ છે. દામોદરગુપ્તના કુટ્ટિનીમત નામના ગ્રન્થમાં 'દ્વિવાધરાધરભૂમિરિવ રાજતિ મત્તવારણોપેતા' પ્રયોગ મળે છે. અહીં ટીકાકારે મત્તવારણનો શબ્દાર્થ સૂચવતાં જણાવ્યું છે કે 'મત્તવારણયોર્વરણ્ડકેણ.' સુબન્ધુના વાસવદત્તામાં 'મત્તવારણયોર્વિરણ્ડક' પ્રયોગ મળે છે. હેમચન્દ્રાચાર્ય મત્તવારણ એ આંગણાનું આવરણ કે છોડના વાડ હોવાનું સૂચવે છે. તે માટે તેને માટે તેઓ 'પ્રાંગણાવરણમ્' (compound hedge) કે 'પ્રાસાદવિથિનાં કુણ્ડવૃક્ષવૃત્તિ' (મહેસાના માર્ગમાં આવેલ કુંદ નામના છોડની વાડ) વગેરે શબ્દો વાપરે છે. સ્થાપત્યના ગ્રન્થોમાં મત્તવારણી ગોખ,[૨] ઝરૂખો, વંડી (વરંડો),[૩] કઠેડો, કઠેડાયુક્ત

---

૧. પ્રો. શ્રી. માંકડ 'રંગપીઠ' અને 'રંગશીર્ષ' બન્નેને બે જુદા જુદા સમતલ (horizontal) અંગવિભાગો ગણે છે તે બરાબર નથી. શ્રી મનમોહન ઘોષે પ્રો. માંકડના મતનું ખંડન કરતાં બન્નેને એકબીજાના પર્યાય ગણાવ્યા છે, The terms Raṅgapītha and Raṅgasirṣa are synonymous and as such relate to the same part of the theatre and not to two different parts as Mr. Mankad has supposed" (IHD. IX, 2 (June, 1933) p. 592). શ્રી ઘોષનો આ મત પણ બરાબર નથી. પ્રો. રાવ રંગપીઠને 'The entire block of the stage' અને રંગશીર્ષને 'Surface at top of the Raṅga (stage)' કહે છે તે યોગ્ય છે.

૨. મંદિર-પ્રાસાદની મૂળરેખાએ ભદ્ર નામના નિર્ગમ (projection)ની ઉપર આવેલ ગવાક્ષ-ગોખને સ્થાપત્યની પરિભાષામાં મત્વાલંબ (મતાલંબ) કહે છે. (ન૦મૂ૦ સોમપુરા, 'શિલ્પરત્નાકર' પરિભાષા. પૃ. ૧૦)

૩. એ જન પૃ. ૧૩૮ શ્લો. ૮૨; ૧૩૯, ૮૩; ૧૪૦, ૯૧.

કક્ષાસન[1] વગેરે અર્થમાં પ્રયોજાય છે અને તે સ્થાપત્યની મૂળરેખા કરતાં આગળ પડતાં–નિર્ગમ પામતાં અંગો છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા તથા ડૉ. યુ. પી. શાહે મત્તવારણીનો જે વિશિષ્ટ સ્થાપત્યકીય અંગ તરીકે પ્રાચીન સાહિત્યિક ગ્રન્થોમાં ઉલ્લેખો મળે છે તે વિશે ધ્યાન ખેંચ્યું છે.[2] આમ્રદેવસૂરિના 'આખ્યાનક મણિકોશવૃત્તિ' (ઈ. સ. ૧૧૩૪)માં મત્તવારણ શબ્દ ઝરૂખાના અર્થમાં, ધનંજયના 'નાટયમાલાકોશ'માં પ્રાસાદની દીવાલ પરનાં નિર્ગમિત અંગોના અર્થમાં, હેમચન્દ્રના અભિધાનકોશચિંતામણિ (૪, ૭૮)માં મત્તાલંબ અને પ્રાગ્રીવજ માફક તે અપાશ્રય એટલે કે બીજા પર આધારિત (નિર્ગમિત) અંગના અર્થમાં પ્રયોજે છે. પ્રાગ્રીવ અને મત્તવારણ ઝરુખાના અર્થમાં હોવાનું ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જણાવે છે. કાન્હડદે પ્રબંધ (૩, ૨૪૫)માં મત્તવારણની ગણના ગોખ, ગવાક્ષ અને મઢની સાથે કરી છે.

ભરતના નાટયશાસ્ત્રમાં મત્તવારણી વિલપક શ્લોક. (૬૩)માં 'રંગપીઠસ્ય પાર્શ્વે તુ કર્તવ્યા મત્તવારણી' એમ તેના સ્થાન વિશે કહ્યું છે. 'પાર્શ્વ'નો અર્થ બંને બાજુનાં પડખાં (પાસા)ની માફક, કોઈ પણ વસ્તુની નજીક (પાસે) કે પાછળ પણ થાય છે. રંગપીઠની પાસે જ–નજીકમાં એટલે કે તેને અડીને મત્તવારણી કરવી એમ હું તેનો અર્થ ધરાવું છું. એટલે કે આ સંદર્ભમાં મત્તવારણીની રચના રંગપીઠને અડીને પ્રેક્ષાગૃહની સન્મુખે તેમજ પ્રેક્ષાગૃહથી અદર્શનીય નેપથ્ય વિભાગ–એમ બંને બાજુએ કરવી એમ ભરતને અભિપ્રેત છે. વળી મત્તવારણીની રચના રંગપીઠની બંને બાજુએ નિર્ગમો—projections સાધીને કરવાની છે. અભિનવગુપ્ત મત્તવારણીના ચાર સ્તંભો રંગપીઠ (મંડપ)ની બહાર ('સ્તમ્ભચત્વારઃ બહિર્મણ્ડપ નિષ્કાસનમ્') નિર્ગમ પામતાં હોવાનું સૂચવે છે. વધુમાં નાટયમંડપ દ્વિભૂમિક હોવાનું ચર્ચતાં તે મત્તવારણીને 'મતવારણી બહિનિર્ગમેન પ્રમાણેન' પણ કરે છે. આનો અર્થ એ થયો કે મત્તવારણી રંગપીઠથી બહાર નીકળતી 'નિર્ગમ પામતી' (projected) રચના છે.[3]

આમ મત્તવારણી એ રંગપીઠનું નિર્ગમને પામેલું (projected), પ્રેક્ષાગૃહની સન્મુખે આપેલું રંગપીઠનું મધ્યઅંગ હોવાનું સંભવે છે. રંગપીઠની મૂળરેખા પર આવેલ આ મત્તવારણીની

---

૧. પ્રભાશંકર ઓ. સોમપુરા, 'દીપાર્ણવ' પૃ. ૧૬૩.

૨. જર્નલ ઓફ ધી ઓરિએન્ટલ ઇન્સ્ટિટયૂટ' ૧૦, પૃ. ૪૩૮–૪૧.

૩. 'એન્શયન્ટ હિન્દુ થિયેટર' નામનો. પ્રો. ડોલરરાય માંકડનો નિબંધ પ્રથમ 'હિન્દુ થિયેટર' નામે ઇન્ડિયન હીસ્ટોરિકલ ક્વાર્ટરલી (વૉ. ૮, નં. ૩; સપ્ટેંબર, ૧૯૩૨: પૃ. ૪૮૦–૪૯૯)માં છપાયો હતો. પ્રસ્તુત નિબંધના પૃ. ૪૮૧ પર આપેલી આકૃતિઓ અને 'ઍન્શ્યન્ટ હિન્દુ થિયેટર' નામે (આણંદ, ૧૯૫૦) પ્રસિદ્ધ થયેલ તેમની પુસ્તિકામાં પૃ. ૧૨ની સામે મૂકેલી આકૃતિઓમાં ફેર છે. પ્રથમની આકૃતિઓમાં મત્તવારણીને તેમણે રંગપીઠની બન્ને બાજુએ નિર્ગમ પામતી દર્શાવી છે. જ્યારે આણંદથી પ્રસિદ્ધ કરેલ તેમની પુસ્તિકા (બન્ને આવૃત્તિઓ)માં આપેલ આકૃતિઓ પૈકી આકૃતિ ૨માં રંગપીઠનો વિભાગ નિર્ગમ પામતો દર્શાવ્યો નથી. આ પરથી અનુમાન છે કે મત્તવારણી એ રંગપીઠ/રંગશીર્ષનો કોઈ નિર્ગમિત ભાગ છે તેવું તેઓ પ્રથમ માનતા હશે, પણ પાછળથી ગમે તે કારણે એમને અભિપ્રેત રંગપીઠ અને મત્તવારણી એક જ સીધી રેખામાં હોવાનું તેમણે માન્યું હોય તેમ લાગે છે (આ માન્યતા-ફેરનાં કારણો તેમણે નોંધ્યાં નથી).

ઊંચાઈ રંગપીઠ જેટલી જ છે અને તે ચાર સુશોભિત સ્તંભોને ધારણ કરે છે. વળી તેની ઊભી દીવાલનું મથાળું મદમસ્ત હાથીઓની હારમાળાથી અલંકૃત પટ્ટિકા વડે સુશોભિત કરવામાં આવતું હોવાની સંભાવના છે, કારણ કે આ રીતે મૂળરેખાથી બહાર નીકળતા (projected) ગવાક્ષ કે ઝરૂખાના ટેકાઓમાં (brackets) તેમ જ કક્ષાસનના કઠેડામાં હાથીઓની કોતરણી કરવાની શિલ્પ પરંપરા ઘણી જૂની છે. અને આ કારણે જ સ્થાપત્યના આ અંગોને મત્તવારણ કે વારણીના નામે સંબોધાય છે.[1]

મત્તવારણી વિશેનો બીજો પ્રશ્ન તેની ઊંચાઈને લગતો છે. ભરત તેમજ અભિનવગુપ્તને તેની ઊંચાઈ રંગપીઠ જેટલી હોવાનું અભિપ્રેત છે. શ્લોક ૯૪ તથા ૯૮માં રંગપીઠની ઊંચાઈ ૮ હસ્તની કરી છે. રંગપીઠની ઊંચાઈ જમીન તળથી ગણવાની છે. રંગપીઠ નીચેથી પડેલો ઘન (block) છે.[2] પ્રેક્ષાગૃહમાં તે પૈકીનો અમુક જ ઊંચાઈનો ભાગ ઘણું કરીને બે હસ્તથી વધુ ઊંચો નહીં-દર્શનીય હોવાનો સંભવ છે. ઊંચાઈવાળા દર્શનીય ભાગમાં દોઢ હસ્તની ઊંચાઈની પટ્ટિકા હાથીઓની હારમાળાથી અલંકૃત કરવી એમ અહીં અભિપ્રેત હોય તેમ લાગે છે. સુશોભનના હેતુ ઉપરાંત હાથીમાંની હારમાળાથી અલંકૃત આ પટ્ટિકા નાટ્યવિધાનની દૃષ્ટિએ ઉપકૃત બની રહે તેમ છે. પ્રાચીન જમાનામાં નટ-નટીઓ ખુલ્લા પગે રંગભૂમિપર નાટ્ય-નૃત્ય અર્થે ઉપસ્થિત થતાં તેમનાં ઉઘાડા પગ કંઈક અંશે ઢંકાય તે એક હેતુ અને બીજો હેતુ તેનો એ કે રંગશીર્ષની સમતલ ભૂમિ પર કાળી માટી વગેરે પાથરવામાં આવી હોય તેના અવગૂંઠન રૂપે આ પટ્ટિકા બહુ ઉપયોગી કાર્ય બજાવતી.

રંગશીર્ષની ભૂમિને શુદ્ધાદર્શ (સ્વચ્છ દર્પણ જેવી સપાટ) બનાવવાનું ભરતે પ્રબોધ્યું છે. રંગશીર્ષની સપાટ ભૂમિને નીચેથી ટેકવનારા ષડ્દારુકની રચના કરવી (શ્લો. ૬૮) તેમ પણ તે કહે છે. મત્તવારણીની જેમ ષડ્દારુકની રચનાના પ્રશ્ને પણ વિદ્વાનોમાં ભારે વિવાદ ઊભો કર્યો છે. રંગશીર્ષ નીચેથી પોલું (hollow) રાખવાનું હોવાથી તેનું મથાળું લાકડાનાં પાટિયાં વડે ઢાંકી દેવાનું છે. રંગશીર્ષનાં પાટિયાંને નીચેથી ટેકવનારા એક બાજુ કે છેડેથી બીજી બાજુ કે છેડે પહોંચતા (crosswise) છ પાટડા તે ષડ્દારુક. ચાર ભીંતા સ્તંભો તથા તેમને બે બેના જોડકામાં મથાળેથી જોડનાર આડી બે પાટડીઓને સ્થાપત્યની પરિભાષામાં ખડ્દારુ (ષટ્દારુક) કહેવામાં આવે છે. અહીં ચાર સ્તંભોને બે પાટડીઓનું સ્થાન વજન ઝીલનાર

---

૧. મત્તવારણીનો અર્થ પ્રો. રાવ પ્રમત્ત હાથીઓની હારમાળા (a line of the intoxicated elephants) હોવાનું સૂચવે છે. (નાટ્યશાસ્ત્ર, એપેન્ડીકસ ૬, પૃ. ૪૩૮) વારણ પુંલિંગ શબ્દ છે. તેનો અર્થ હાથી થાય; જ્યારે વારણી સ્ત્રીલિંગ છે અને તે હાથણી માટે પ્રયોજાય. હાથીઓના સમૂહમાં પ્રમત્ત થવાની પ્રક્રિયા વિશિષ્ટરૂપની છે. એક જ હાથણી પ્રત્યે બે હાથીઓ અનુરાગ સેવતા હોય ત્યારે બન્ને કામાતુર બની દ્વંદ્વ યુદ્ધે ચઢે, તેમની આ સ્થિતિને પ્રમત્તાવસ્થા કહેવામાં આવે છે. એટલે કે પ્રમત્તાવસ્થા હાથીઓમાં જ સંભવે, નારીજાતિની હાથણીમાં નહીં. આથી અહીં પ્રયોજાયેલ મત્તવારણી પ્રયોગ પ્રમત્ત હાથીઓની હારમાળાનો સૂચક બની શકતો નથી. પરંતુ તે સ્થાપત્યકાળ પરિભાષાના અર્થમાં પ્રયોજાયેલ છે. ડૉ. રાવના મતનું શ્રી એચ. આર. દિવેકરે યોગ્ય ખંડન કર્યું છે. (જર્નલ ઓફ ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ, ૧૦, પૃ. ૪૩૫ વગેરે.)

૨. જુઓ નાટ્યશાસ્ત્ર વો. ૧. (વડોદરા) પૃ. ૪૪૪ આકૃતિ નં. ૫.

છ પાટડીઓનું ચોકઠું લેતું લાગે છે. રંગશીર્ષના પાટિયા નીચે તેની યોજના સંભવતઃ નીચે મુજબની છે :

(૧) આડી પાટડી નેપથ્યગૃહ અને રંગશીર્ષની વચ્ચે.

(૨) આડી પાટડી રંગશીર્ષની મોવાળે (આગલા છેડે).

(૩-૪) બે ઊભી પાટડીઓ મત્તવારણની બન્ને બાજુએ.

(૫-૬) નં. ૧ તથા ૨ની પાટડીઓના સામસામા છેડાઓને જોડતી બે પાટડીઓ.[૧૮]



રંગશીર્ષનો મધ્યભાગ તથા મત્તવારણીનો ભાગ નાટ્યપ્રયોગો વખતે વધુ ઉપયોગમાં લેવાનો હોવાથી આ પ્રકારે વજન ઝીલનારી પાટડીઓનું આયોજન કરવું એ ભારવહન તેમ જ બાંધકામની દૃષ્ટિએ સુયોગ્ય છે.[૧૯]

---

૧. પ્રો. રાવ ષડ્દારુકની રચના નાના ટુકડાઓમાં થતી દર્શાવી છે તે બરાબર નથી.

૨. પ્રસ્તુત લેખ તૈયાર કરવામાં મુ૦ રસિકલાલ છો. પરીખે કેટલીક ઉપયોગી સૂચનાઓ આપી છે તે બદલ હું તેમનો ઋણી છું.

વિકૃષ્ટ મધ્ય નાટ્યગૃહ



પ્રમાણ: ૧ ઇંચ = ૧૬ હસ્ત

'કાદમ્બરી'માંથી એક પરિચ્છેદ

રાજેન્દ્ર નાણાવટી

गद्यं कवीनां निकषं वदन्ति । ઉત્તમ ગદ્યનું સર્જન પણ પ્રતિભાબળ માગી લે છે. ગૌરવશીલ લયાન્વિત ગદ્યનું સર્જન એ લેખકમાત્રને પ્રાપ્ત થતી સામાન્ય સિદ્ધિ નથી, કોઈક ન્યૂમેન કે બાણભટ્ટ જેવાને જ એ વરે છે. કાલિદાસના 'ઘૂંટેલા ગદ્ય'[1]ની સિદ્ધિને નકારી શકાય નહિ, પણ બાણભટ્ટની વિશાળ વાકયખંડોમાં સમૃદ્ધ ચિત્રો ઉપસાવતા જવાની કળા વધારે વિસ્તૃત અને જુદા પ્રકારની અને આટલી ગદ્યસર્જનની વાત પૂરતી તો વધુ ઉચ્ચ પ્રતિભાનું દર્શન કરાવે છે જ. આવા ઉત્તમ ગદ્યકારોના ગદ્યનો લય એ પદ્યના લય કરતાં જુદા પ્રકારનો, વર્ણવી શકાય તેના કરતાં વધારે તો અનુભવી શકાય એવા પ્રકારનો હોય છે. કયારેક કયારેક વાકયોના કોઈક ટૂકડામાં એકાદ લયખંડ ફૂટી પડતો દેખાય એ અસંભવિત નથી છતાં એ પદ્યના લય જેટલો નિયમિત તો નથી જ હોતો. બાણભટ્ટનું ગદ્ય પણ કયારેક વૃત્તગન્ધિ બની જતું હોય એવો આભાસ થાય, કયારેક થોડાક અક્ષરોમાં કોઈક છંદનો એકાદ ટૂકડો યે ઊઠી આવતો સંભળાય પણ એને આકસ્મિક જ ગણવો પડે. મુખ્યત્વે તો બાણના ગદ્યનો લય એ શૈલીનો જ લય હોય છે.

એ શૈલીનો લય દરેકે દરેક પરિચ્છેદમાં બદલાતો જાય, એને તો બાણભટ્ટની નવનવોન્મેષ-શાલિની પ્રતિભાનું જ નિર્દેશક ગણી શકાય અને સમગ્ર કથાનું શૈલીની દૃષ્ટિએ મૂલ્યાંકન તો બહુ મોટો વિસ્તાર રોકી લે. આ નાના નિબંધની મર્યાદા બહારનો એ વિષય છે. અહીં તો બાણની કથામાં શૈલીનો જે એક સુખદ અકસ્માત સાંપડ્યો છે તેના તરફ રસિકોનું ધ્યાન ખેંચવાની જ ઇચ્છા છે.

કિન્નરયુગલની પાછળ પડીને પોતાના સૈન્યથી ખૂબ દૂર સુધી ઘસડાઈ આવીને ચંદ્રાપીડ કિન્નરયુગલને પણ પોતાની નજર સામે પર્વતના શિખર પર ચડી જતું લાચારીથી જોઈ રહ્યો. પછી પોતાની મૂર્ખાઈ પર પસ્તાતો એ રમણીય અચ્છોદ સરોવરમાં પાણી પીને આરામ કરે છે, ત્યાં એને અત્યંત કર્ણમધુર ગીતધ્વનિ સંભળાયો. એનાથી આકર્ષાઈને તે ગીતની દિશામાં જવા લાગ્યો, અને ત્યાં તેણે ભગવાન શિવનું એક મનોરમ સિદ્ધાયતન જોયું. આ સિદ્ધાયતનને ઘેરીને ઊભેલાં વૃક્ષોનું બાણભટ્ટે ખૂબ ઝીણવટભર્યું અને કલ્પનાશીલ વર્ણન કર્યું છે, અને એ વૃક્ષોને વર્ણવતાં વિશેષણોએ એ લાંબા વાકયનો મોટો ભાગ રોકી લીધો છે. એ વર્ણન આવું છે :[2]

......(सर्वतो) मरकत-हरितैः, हारि-हारीत-रुति-रमणीयैः, भ्रमद्-भृङ्गराज-नखर-जर्जरित-जरठ-कुड्मलैः, उन्मद-कोकिल-कुल-कवलीकृत-सहकार-कोमलाग्रपल्लवैः, उन्मद-षट्चरण-चक्रवाल-वाचालित-विकच-चूत-कलिकैः, अचकित-चकोर-चुम्बित-मरिचाङ्कुरैः, चम्पक-पराग-पुञ्ज-पिञ्जर-कपिञ्जल-जग्ध-

---

૧. 'શાકુન્તલ'ની પ્રસ્તાવના, ઉમાશંકર જોષી.

૨. આ પરિચ્છેદની વાચના મુખ્યત્વે ભાનુચંદ્રની ટીકા તેમ જ પીટર્સનની આવૃત્તિને અનુસરે છે.

पिप्पलीफलैः, फलभर-निकर-निपीडित[1]-दाडिम-नीड-प्रसूत-कलविङ्कैः, प्रक्रीडित[2]-कपि-कुल-करतल-ताडन-तरलित-ताडीपुटैः, अन्योन्य-कलह-कुपित-कपोत-पोत[3]-पक्ष-पाली-पातित-कुसुमैः, कुसुम-रजो-राशि-शार-सारिकाश्रित-शिखरैः, शुक-शत-मुख-नखर[4]-शिखर-शकलित-फल-स्फीतैः, जलधर-जल-लुब्ध-विप्रलब्ध-मुग्ध-चातक-ध्वान-मुखरित-तमाल-खण्डैः, इभ-कलभकोल्लून-पल्लव-वेल्लित-लवली-वलयैः, आलीयमान-नवयौवन-मत्त-पारावत-पक्ष-क्षेप-पर्यस्त-स्तबकैः[5], तनु-पवन-कम्पित-कोमल-कदली-दल-वीजितैः, अविरल-फल-निकरावनत-नारिकेर-वनैः,. अकठोर-पत्र-पुट-पूग-विटपि-परिवृतैः, अनिवारित-विहङ्ग-तुण्ड-खण्डित-पिण्ड-खर्जूर-जालकैः, मद-मुखर-मयूरी-मधुर-रव-विरावितान्तरैः, अकलित-कलिका-कलाप-दन्तुरैः[6]...... पादपैः परिवृतं...भगवतः शूलपाणेः शून्यं सिद्धायतनमपश्यत्। વૃક્ષોનાં વિશેષણો सर्वतो થી શરૂ થઈને दन्तुरैः આગળ પૂરાં થાય છે, दन्तुरैः પછી દેવકથાઓના શ્લિષ્ટ ઉલ્લેખોવાળી ઉપમાઓ શરૂ થાય છે.

આટલા આ એક જ ટૂકડાની કેટલીયે વિશેષતાઓ છે. આખો યે ટુકડો, એક તો, માત્ર વિશેષણોનો જ બનેલો છે. વળી એ બધાં એક જ વિશેષ્ય पादपैःનાં વિશેષણો હોવાને લીધે, અને એ બધા જ લાંબા-ટૂંકા સમાસોને છેડે પણ અકારાન્તનાં જ તૃતીયા બહુવચનનાં રૂપો હોવાથી સમાસના છેલ્લા અક્ષર ऐःનો ઉચ્ચાર થતાં જ જાણે એક મોતી માળામાં પરોવાતું હોય અને એમ આખી એક સેર તૈયાર થતી જતી હોય એવું અનુભવાય છે. વળી, આ બધાં વિશેષણોમાં, એક માત્ર આ વાકયખંડમાં પ્રવેશ કરાવનાર પહેલા સમાસ मरकतहरितैःમાંની ઉપમાનો અપવાદ બાદ કરતાં, કયાંય કોઈ અર્થાલંકાર નથી વપરાયો, એને સ્વભાવોક્તિ કહીએ તો ભલે. એક એક વિશેષણસમાસ એક એક વિગતનું ચિત્ર રચ્યે જાય છે, અને એમ બાણભટ્ટ સિદ્ધાયતનની ચારે બાજુ ઊગેલાં વૃક્ષોનું ઝીણવટભર્યું, વિગતોથી સભર એવું ચિત્ર ખડું કરે છે. છેલ્લાં બે વિશેષણોથી આખું યે ચિત્ર જરાક ધૂંધળું બનાવી દઈને બાણભટ્ટ વાતાવરણને અસ્પષ્ટ અને તેથી જરાક રોમાંટિક બનાવી મૂકે છે. મયૂરીઓના રવથી વૃક્ષોની વચ્ચેનાં અંતર પુરાઈ ગયાં છે. કલિકાઓ દેખાતી નથી અને ચિત્ર દન્તુરિત બની ગયું છે. આખા યે ચિત્રને આથી એક પ્રકારની સમગ્રતા પ્રાપ્ત થાય છે.

અણ આ પરિચ્છેદની સૌથી મહત્ત્વની વિશેષતા તો છે એની લયબદ્ધતા. ઉત્તમ ગદ્યનો લય કોઈ સભાન પ્રયત્નનું પરિણામ ન હોય, અને દેખીતો લય તો એને ગદ્યની કક્ષામાંથી જ ખસેડી મૂકે. બાણભટ્ટના ગદ્યનો લય પણ સામાન્ય રીતે એમના અક્ષરો કે શબ્દો કે શબ્દસમૂહોની મર્યાદા ઓળંગી જઈને એમના વિશાળ વાકયખંડોને વ્યાપી વળતો અનુભવાય છે; પણ આ પરિચ્છેદ પૂરતું, આ વિશાળ વાકયના આટલા અંશ પૂરતું તો બાણભટ્ટ સભાન બનીને લયાત્મક—લયબદ્ધ

---

૧. °निपीडित-निबिड-दाडिम° પી.

૨. °प्रक्रीडित-चपल-कपि° પી.

૩. ભાનુચંદ્ર અને પીટર્સન બંને આ શબ્દ નથી સ્વીકારતા પણ એને કેવળ પાઠભેદ તરીકે નોંધે છે, પરંતુ અંતર્યમકનાં આજુબાજુમાં જ દેખાતાં બીજાં ઉદાહરણોને પડછે આ પાઠાંતરનો પક્ષ વધારે પ્રબળ લાગે છે.

૪. ભાનુ. અને પી. °नख-शिखर°.

૫. °पर्यस्त-कुसुम-स्तबकैः ભાનુ.

૬. °दन्तुरितैः ભાનુ.

રીતે લખવાનો ઉપક્રમ કરતા હોય એવું લાગે છે. આ અંશના છેડાઓ એટલી સ્પષ્ટ રીતે કોતરી કાઢેલા છે કે આટલા અંશ પૂરતા બાણભટ્ટ લયબદ્ધતાની વિશેષતા અંગે સભાન બન્યા હશે જ, એવું અનુમાન સાવ બિનપાયાદાર તો ન જ લાગે. લગભગ આખા યે પરિચ્છેદના લયનું માત્રામેળ પ્રમાણે પૃથક્કરણ કરી શકાય એટલો બધો સભાન પ્રયત્ન એમાં દેખાય છે. પાંચ, ત્રણ અને છ, ચાર અને આઠ, સાત, એમ વિવિધ પ્રકારે માત્રાઓનાં આવર્તનો આખા પરિચ્છેદમાં વેરાએલાં પડ્યાં છે. ક્યારેક તો એકથી વધારે લયોનું લયાત્મક મિશ્રણ અને એકમાંથી બીજા લયમાં ખબર પણ પડવા દીધા વિના સરકી જવાની એમની કલા આપણને પણ આશ્ચર્ય પમાડે. કે પછી, કવિઓ કદિ ભૂત બનતા નથી, તેઓ સનાતન સુંદર છે, એમ કહીશું ?

પહેલો જ સમાસ આઠ માત્રાનો છે, અને પછીના સમાસમાં આઠ-આઠ માત્રાનાં બે આવર્તનો છે. ત્રીજા સમાસમાં શરૂઆત ત્રણ માત્રાનાં આવર્તનોથી થાય છે, પણ नखर સુધી પહોંચતામાં તો આપણે છેતરાઈ ગયા છીએ. नखर આગળ છ માત્રાનાં બે આવર્તનો પૂરાં થતાં લાગે, પણ બાણે તો नखरથી આઠ માત્રાનું આવર્તન પાછું શરૂ કરી દીધું છે, અને તે कुड्मलैः વટાવ્યા પછી પણ ચાર આવર્તનો સુધી વધ્યા કરે છે. બીજા उन्मदથી પાછી ત્રણ અને છ માત્રાઓની રમત શરૂ થાય છે. चरणની ત્રણ માત્રા આગળ જરાક થોભીને આગળ વધીએ તો પછી છ-છ માત્રાઓનાં ત્રણ આવર્તનો પછી ચાર માત્રા આગળ પૂરા થતા સમાસમાં કોઈક ગીતની પંક્તિના જેવો લય અનુભવાય છે. પછીનો સમાસ આઠ અને ચાર-ચાર માત્રાનાં આવર્તનોનો પ્રસન્ન લય આપે છે, છેલ્લે એક માત્રા ઓછી કરીને સાધેલું સમાપન પણ નોંધવા જેવું છે. ત્યાર પછીનો સમાસ પણ એ જ રીતે કટાવનાં ચાર લયમધુર આવર્તનો આપે છે, પણ કુલ્લે એક માત્રા ઓછી છે, અને બાણભટ્ટે તમને पिञ्जर કે जघ આગળ—બેમાંથી ગમે તે ઠેકાણે સાત માત્રાનો ટૂકડો પૂરો કરવાની છૂટ આપીને મનોરમ લય-વૈવિધ્ય સાધ્યું છે. (કપિંજલનો રંગ જોયો?) પછીનો સમાસ તો સ્પષ્ટ રીતે આર્યાની જ એક પંક્તિ છે. તે પછીનો સમાસ પણ આર્યાની પંક્તિ બની શક્યો હોત, પણ યતિ પછી એક માત્રા એમાં ઓછી છે, એટલે આખા સમાસને કટાવનાં ત્રણ અને છેલ્લે પાંચ માત્રાના એક આવર્તનોમાં વહેંચી શકાય.

પછીના સમાસનું લયની દૃષ્ટિએ સારું એવું મહત્ત્વ છે. અત્યાર સુધી આપણે ચાર અને આઠ માત્રાઓનો જ લય મોટે ભાગે અનુભવતા આવ્યા છીએ. અને આપણે એ જ અપેક્ષા સાથે આગળ વધીએ છીએ. अन्योन्यकलह આઠનું આવર્તન આપે પણ છે. कुपितकपोत સુધી પણ આપણે અભાન પહોંચ્યા છીએ, અને પછી એક માત્રા હજુ આવવાની છે એની ખબર પણ પડતા પહેલાં આપણે पोत થી શરૂ થતા ગુલબંકીમાં રમતા થઈ જઈએ છીએ. આંચકો ન લાગ્યો ! कुपित અને कपोतમાંના ત્રણે વ્યંજનોની પુનરુક્તિ કરીને બાણે આપણું ધ્યાન વર્ણસગાઈ તરફ આકર્ષ્યું અને પછી कपोतમાંના જ पोतને બેવડાવીને આપણને ગુલબંકીમાં ખેંચી લીધા. कुपितની, અને તેની યે પહેલાંના કટાવમાંના कलहની પણ ત્રણ-ત્રણ માત્રાઓએ આ છેતરામણીમાં સાથ આપ્યો જ છે. અને નવા છંદમાં બાણ આપણને એટલી ઝડપથી ખેંચી જાય છે કે पाली આગળ ચાર માત્રા એણે પાછી આણી છે તો પણ, लीના દીર્ઘ 'ઈ'ને પણ કૂદી જઈને પાછા આપણે पातिમાંના ગુલબંકી પર રમતા થઈ જઈએ છીએ. અને પછી એ ગુલબંકી જાય છે તો પણ પછીની ત્રણ લઘુ અને છેલ્લા ગુરુની બે માત્રાઓના સમાપનથી આપણા મનમાં તો ત્રણ અને છ માત્રાઓનો

લય રમતો થઈ જ ગયો છે. એટલે पातितकुसुमैःમાં પાછું કટાવનું આવર્તન આણ્યું છે, અને पालीपातितकुसुमैःમાં ચાર અને આઠ માત્રાનાં આવર્તનો ચોખ્ખાં છે છતાં આપણે તો છેલ્લા કટાવને ત્રણ-ત્રણ (કવિત્ત) અને એના લયમાં જ વાંચીએ છીએ.

અને પછી એ નવા લયનાં અવનવાં સંયોજનોની રમત શરૂ થાય છે. कुसुमથી શરૂ થતા સમાસની માત્રાઓ છ, છ, પાંચ અને છ—એમ વહેંચાઈ જાય છે. सारिका પછીનો જોરદાર જોડાક્ષર જાણે પાંચને બદલે સાડાપાંચ માત્રા કરી દેતો હોય અને એથી જરાક ખેંચાઈને છ માત્રાનાં ચાર આવર્તનો પૂરાં થવા જતાં હોય એવો પણ આભાસ થાય છે. शुकથી શરૂ થતો લગભગ આખો સમાસ જ લઘુ વર્ણોનો બનેલો છે. અને છ–છ માત્રાનાં ત્રણ આવર્તનોમાં છેલ્લી અઢારમી માત્રા પાછળ આવતા જોડાક્ષરને લીધે ખેંચાઈને ઓગણીસમી માત્રા ઉમેરીને ગુરુ બને છે અને स्फीतैःની ચાર માત્રાઓ ઉમેરાતાં અહીં પણ આગલા સમાસની જેમ જ ત્રેવીસ માત્રાઓ થઈ જાય છે. અઢાર લઘુમાં પણ બાણ બબ્બેનાં ત્રણ, ત્રણ–ત્રણનાં બે, પછી ચાર અને બેનો એક, એમ ટૂકડા પાડી, વૈવિધ્ય સાધીને આપણને જાણે કે લય સાથે હેળવી દે છે.[1] અને પછી આપણને પરિચિત બનેલા લયમાં जलधर°થી શરૂ થતા સમાસમાં બાણ મેઘમૃદંગ શરૂ કરે છે.

પણ એક જ લયમાં રમ્યા કરે એ બાણભટ્ટ શાનો ? चातकध्वानમાં તરત જ એ ध्वाના દીર્ઘમાં છઠ્ઠી માત્રા લંબાવીને, થાપ સાથે જાણે તાલ બદલીને, પાછો આઠ માત્રાનો લય આણે છે. इभकलभकोल्लूनમાં હરિણીની શરૂઆત છે, પણ પછી તો ચાર–ચાર માત્રાનાં એકસરખાં ચાર આવર્તનો છે. પછીનો સમાસ શરૂ તો આઠ માત્રાના શબ્દથી થાય છે, પણ સહેજ આગળ ચાલતાં જ સમજાય છે કે સમાસનો મુખ્ય લય છ-છ માત્રાનાં આવર્તનોનો છે, અને आ ઉપસર્ગને સહેજ અલગ ઉચ્ચારીને છ-છ માત્રાના ટૂકડાઓ દ્વારા આગળ વધવાનું છે. मत्त આગળ જરાક થોભીએ તો યે પછી पक्ष-क्षेपમાં જોડાક્ષરને લીધે સાત માત્રા થઈ જતાં સળંગ લય જરાક કિલષ્ટ બને છે ખરો, પરંતુ પછીના સમાસમાં પહેલી સાત માત્રા વટાવ્યા પછી લય પાછો પકડાય છે, અને अविरल°થી શરૂ થતા સમાસમાં પણ સરળતાથી વહે છે—ત્યાં બીજું આવર્તન સાતનું હોવા છતાં ય. પછીના સમાસમાં પણ પાંચ, પાંચ, છ અને પાંચ, એમ માત્રાનાં આવર્તનો સ્પષ્ટ થાય છે. अनिवारितથી શરૂ થતા સમાસમાં હરિગીતનો લય ચોખ્ખો અનુભવાય છે. "નૃપ ભીમકતનયા, રૂપ બનયા, રસીલી રંગપૂરણા" જેવી પ્રેમાનંદની કોઈક લીટીની જેમ એમાં પણ પૃથક્કરણ કરવું મુશ્કેલ થઈ પડે પણ અનુભવી સ્પષ્ટ રીતે શકાય એવો લય છે. मदથી શરૂ થતા સમાસમાં પાછાં પહેલી બે માત્રા પછી આઠ-આઠનાં આવર્તનો અનુભવાય છે, અને, ભાનુચંદ્રના પાઠાંતરમાં એ લય છેલ્લા સમાસ સુધી વહી दन्तुरितैः આગળ પૂરો થાય છે.[2]

પણ પરિચ્છેદની રમણીયતા માત્ર લયને લીધે નથી. એના વર્ણસંગીતનો પણ એમાં થોડો

---

૧. °नखशिखर° વાળા ભાનુચંદ્ર અને પીટર્સને સ્વીકારેલા પાઠાંતરમાં પણ આઠ-આઠ અને છ માત્રાનો લય સ્પષ્ટ છે જ, પણ લયના સંદર્ભની દૃષ્ટિએ જોતાં °नखर° વાળું પાઠાંતર વધુ સ્વીકાર્ય લાગે છે.

૨. दन्तुरैः પાઠાંતર સાથે આગલા સમાસનું °मयूरी° શબ્દ વિનાનું પાઠાંતર વધુ સુસંગત લાગે છે, કેમકે એ રીતે છ-છ માત્રાનો લય સળંગ અનુભવાય છે.

પણ મહત્ત્વનો ફાળો છે જ. हारीत શબ્દને એક બાજુ हारि અને બીજી બાજુ रुति સાથે ગૂંથી લઈને રચેલું રવ-સંગીત રમણીય છે જ, પણ જુદા જ લયમાં ઓચિંતું જ ફૂટી પડતું ભૃંગસંગીત તે અદ્દ્ભુત જ છે. અને પછી કટાવના તાલમાં પોતાની વિશિષ્ટ રીતે નાચતા કઠોર વર્ણો પણ અંતે તો कुड्मलैःની કોમળતામાં જ પરિણમે છે. પછીના સમાસમાં પણ उन्मदના પહેલા જ જોડાક્ષરમાં ચમકી ઊઠીને આપણે જેને સાંભળીએ છીએ એ कोकिलનો બેવડાયેલો कलनाद જરાક લંબાઈને कवलीમાં પાછો તો સંભળાય જ છે, પણ રહી રહીને વળી પાછો कोमलाમાં પડઘાય છે અને છેલ્લા બેવડાયેલા ल्ल સુધી એની માધુરી ગુંજ્યા કરે છે, અને કટાવનાં ચાર સંપૂર્ણ આવર્તનોથી એ કલનાદને વાતાવરણને ઘેરી વળતો પણ આપણે અનુભવી શકીએ છીએ. પછીનું व, च અને ल વર્ણોનું અંતર્ગ્રથિત વર્ણસંગીત ભમરાઓની વાચાળતાને પણ કર્ણપ્રિય બનાવે છે. તો વળી प, અનુસ્વાર અને जની ત્રેવડી પુનરુક્તિઓનું સંગીત તે પછીના સમાસને પણ મધુર બનાવ્યા વિના છોડતું નથી. મોંએ અને નખે ફળોને કોરતા પોપટો પણ એમ જ આલેખાય છે. જુદા જુદા વ્યંજનો સાથે જોડાતા घનો ધ્વનિ મેઘનો ધીરગંભીર નિનાદ સંભળાવે છે, અને ध्वानના જોડાક્ષરથી બદલાતો તાલ પણ સુંદર રીતે અનુભવાય છે. અનુસ્વારવાળા डનું પુનરાવર્તન હરિગીતના લયવાળા સમાસને સંગીત સમર્પે છે, તો છેલ્લાની આગલા સમાસમાં સંભળાતી रની મુખરતા છેલ્લા સમાસના क અને लના કલનાદને પણ વટાવીને છેલ્લે ગુંજી રહે છે.

આટલી બધી વર્ણસંગીતની અને લયસંગીતની સમૃદ્ધિ એક જ ઠેકાણે મળી આવે એ કેવળ અકસ્માત તો ન જ હોય. એની પાછળ બાણભટ્ટનો સભાન પ્રયત્ન જ કારણભૂત હશે એવું અનુમાન સહેજે કરી શકાય. લાંબાં વાક્યોની વનમાર્ગદુર્ગમ શૈલીમાં રાચવાનું જેને માથે આળ છે એવો બાણ પણ ક્યારેક આમ લયોની રમત આદરી બેસે એવી કલ્પના પણ કોણે કરી હોય? એ સમર્થ ગદ્યકારની રમત છે, અને એટલે જ સુંદર હોવા ઉપરાંત રસપ્રદ પણ છે. આને બાણભટ્ટની પોતાની જ પ્રતિભાની સરજત કહીશું? કે જયદેવના 'ગીતગોવિંદ'માં જેની પરાકાષ્ઠા આવે છે એવી વર્ણમધુર માત્રામેળ લયોવાળી રચનાશૈલીની શરૂઆતના કાળનું બાણભટ્ટ માત્ર પ્રતિબિંબ પાડે છે એમ કહીશું? કે પછી બાણભટ્ટને જ એ પ્રકારના રચનાપ્રવાહનું મૂળ માનીશું? એના ગદ્યની દરબારી, કૃત્રિમ, સભાન લઢણ સાથે એ અસંગત પણ નથી જ, છતાં આટલા એક પરિચ્છેદ પરથી એટલું મોટું અનુમાન તો ન જ તારવી શકાય. એ માટે તો આખાં 'કાંદબરી' અને 'હર્ષ-ચરિત'ને પણ છીણવાં પડે. ગમે તેમ, પણ, આ પરિચ્છેદ પૂરતું તો બાણભટ્ટે છંદનો આનંદ સભાન રીતે વ્યક્ત કર્યો છે એવું લાગ્યા વિના રહેતું નથી. અને એથી પરિચ્છેદ પણ ધ્યાન ખેંચે એવો રસપ્રદ બન્યો જ છે એ યે ચોક્કસ.

રાજર્ષિ કુમારપાલ*

લાલચંદ ભગવાન ગાંધી

આજના વ્યાખ્યાનનો વિષય 'રાજર્ષિ કુમારપાલ' રાખવામાં આવ્યો છે, તે પ્રસંગોચિત લેખાશે. ગૂર્જરેશ્વર મહારાજા કુમારપાળે ગૂજરાતના ઇતિહાસમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, પોતાના સદ્‌ગુણો અને સત્કર્તવ્યોથી સુવર્ણમય ઇતિહાસ રચી, ગૂજરાતની યશોગાથા, કિંવા ગૌરવ-ગાથા વધારી હતી. આજથી આઠસો વર્ષો પહેલાં-વિક્રમસંવત ૧૧૯૯ થી ૧૨૨૯ સુધીના તેમના શાસન-કાલમાં તેમણે ગૂજરાત દેશને સુસમૃદ્ધ કર્યો હતો. ગૂજરાત રાજ્યને અહિંસાના આદર્શથી ઓતપ્રોત કર્યું હતું. પ્રજાને સદ્‌ગુણી, સુસંસ્કારી અને સુખ-સમૃદ્ધ કરવા સતત પ્રયત્નો કર્યા હતા, તથા દુર્ગુણો અને દુર્વ્યસનોથી દૂર રાખવા યોગ્ય નિયમનો કર્યાં હતાં. પ્રજાને ધર્મ-પરાયણ કરવા પ્રશંસનીય પ્રયાસો કર્યા હતા. તેમના આદર્શ રાજ્ય અને પવિત્ર જીવન-ચરિત્રમાંથી વર્તમાન કાલની પ્રજાને અને શાસકોને પણ ઘણું ઘણું જાણવાનું-શીખવાનું મળી શકે તેમ છે. મહારાજા કુમારપાળ અંગે પ્રાચીન-અર્વાચીન સમયમાં ઘણું લખાયેલું-પ્રકાશિત થયેલું મળી આવે છે, પરંતુ હું અહીં તેમના સમકાલીન પ્રામાણિક આચાર્યો-વિદ્વાનોના સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યના આધારે થોડું કહેવા ઇચ્છું છું. સદ્‌ભાગ્યે સુપ્રસિદ્ધ કલિકાલ-સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય જેવા ધર્માચાર્ય સદ્‌ગુરુના સત્સંગ-યોગે કુમારપાળનું જીવન વિશેષ ઉન્નત બન્યું હતું અને સર્વના અભ્યુદય માટે તેને પ્રશંસનીય માર્ગદર્શન મળ્યું હતું.

એ જ શ્રી હેમચંદ્રાચાર્યે સંસ્કૃતમાં રચેલા અભિધાનચિંતામણિ નામના કોશમાં (કાંડ ૩, શ્લોક ૩૭૬-૩૭૭).કુમારપાલનો પરિચય આપતાં ૮ નામો દર્શાવ્યાં છે—

"[१]कुमारपालश्चौलु[२]क्यो, [३]राजर्षिः [४]परमार्हतः।
[५]मृतस्वमोक्ता [६]धर्मात्मा, [७]मारि-व्यस[८]न-वारकः॥"

આચાર્યશ્રીએ એ શ્લોકની વ્યાખ્યામાં જણાવ્યું છે કે—

પ્રજાને કુમારોની જેમ પાળતો હોવાથી, તેમજ કુ = પૃથ્વી અને મા = લક્ષ્મી તેને સારી રીતે પાળનાર થવાથી તેનું (૧) **કુમારપાળ** નામ સાર્થક હતું.

ચુલુકનો તે વંશજ હોવાથી, તેનું (૨) **ચૌલુક્ય** નામ જાણીતું હતું.—૭ અંગો (૧ સ્વામી, ૨ અમાત્ય, ૩ સુહૃદ્, ૪ કોશ, ૫ રાષ્ટ્ર, ૬ દુર્ગ-કિલ્લો અને ૭ બલ-ચતુરંગ સૈન્ય)-વાળા રાજ્ય વડે શોભતો હોવાથી **રાજા** તથા ક્ષમા વગેરે ગુણો ધારણ કરવાથી **ઋષિ** 'राजा चासौ ऋषिश्च' એ સમાસ પ્રમાણે તે (૩) **રાજર્ષિ** નામથી પણ પ્રસિદ્ધ હતા.

એના દેવ અર્હન્ હોવાથી આર્હત, તથા ક્ષમા વગેરે ગુણો વડે તે પરમ હોવાથી (अर्हन्

---

* તા. ૨૭ માર્ચ, ૧૯૬૬ બુધવારે વડોદરા-પ્રાચ્યવિદ્યામંદિરના સભાગૃહમાં થયેલું વ્યાખ્યાન.

देवता यस्य स आर्हतः, परमश्चासावार्हतश्च परमार्हतः) તે મહારાજા (૪) **પરમાર્હત** એવા નામે પણ પ્રસિદ્ધ હતા.

મૃત્યુ પામનારના (પતિ, પુત્રરહિત નિર્વીરા સ્ત્રીના) સ્વ = ધનને મૂકી દેનાર (ન ગ્રહણ કરનાર) થવાથી તે મહારાજા (૫) **મૃત-સ્વ-મોક્તા** નામે જાણીતા થયા હતા.

તથા **અહિંસા** વગેરે લક્ષણવાળો ધર્મ જ એનો આત્મા હોવાથી તે મહારાજા (૬) **ધર્માત્મા** નામથી ઓળખાતા હતા.

તેમ જ મારિ અર્થાત્ પ્રાણિવધને સર્વથા લોકમાં વારનાર (હિંસાને અટકાવનાર) થવાથી તે મહારાજા (૭) **મારિ-વારક** એવા નામે જાણીતા થયા હતા.

તથા **શિકાર, જુગાર, મદિરા-પાન** વગેરે વ્યસનોને સર્વથા લોકમાં વારનાર (અટકાવનાર) થવાથી તે મહારાજાનું (૮) **વ્યસન-વારક** એવું યથાયોગ્ય નામ પણ પ્રસિદ્ધ થયું હતું.

અજયદેવ(વિ. સં. ૧૨૩૦ થી ૩૨)ના મંત્રી **મોઢ**વંશી પરમાર્હત કવિ **યશઃપાલે** તેમના સંબંધમાં રચેલા પંચાંકી આધ્યાત્મિક નાટક **મો**હરાજ-પરાજય (ગા. ઓ. સિ. નં. ૯)માં જ્ઞાનદર્પણને ઉદ્દેશી કીર્તિમંજરી પાત્ર દ્વારા ઉચ્ચરાવ્યું છે કે—હે ભગવન ! વૈરિકુલ-કાલકેતુ ક્ષત્ર-પ્રધાન આ રાજાને તમે જાણતા નથી ? અત્યંત આશ્ચર્ય છે !

> " एको यः सकलं कुतूहलितया बभ्राम भूमण्डलं,
> प्रीत्या यत्र पतिंवरा समभवत् साम्राज्यलक्ष्मीः स्वयम् ।
> श्रीसिद्धाधिप-विप्रयोग-विधुरामप्रीणयद् यः प्रजां,
> कस्यासौ विदितो न **गूर्जरपतिश्चौलुक्यवंशध्वजः** ? ॥ "

ભાવાર્થ :— જેણે એકલાએ કુતૂહલિપણાથી સકલ ભૂમંડલમાં ભ્રમણ કર્યું હતું, જેને વરવા માટે **સામ્રાજ્યલક્ષ્મી** પ્રીતિવડે સ્વયં પતિંવરા થઈ હતી, શ્રી**સિદ્ધ**રાજના વિપ્રયોગથી વિધુર (અનાથ-વિહ્વલ) થયેલી પ્રજાને જેણે પ્રસન્ન કરી હતી, તે **ચૌ**લુક્યવંશ-ધ્વજ આ ગૂર્જર-પતિ (કુમારપાળ) કોને વિદિત નથી ? કોના જાણવામાં નથી ?

ભગવાન મહાવીરની ભવિષ્યવાણીમાં કુમારપાલનો પરિચય

* શ્રીહેમચંદ્રાચાર્યે રચેલા સંસ્કૃત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર નામના દસ પર્વવાળા મહા-કાવ્યમાં (પર્વ ૧૦, સર્ગ ૧૧-૧૨માં) ભગવાન મહાવીરે **અભય**કુમારને ઉદ્દેશી જણાવેલ ભવિષ્યવાણીમાં મહારાજા કુમારપાલનો યથાયોગ્ય પરિચય મળે છે, તેમાં **સૌરાષ્ટ્ર, લાટ અને ગુર્જર**ની સીમામાં થનાર **અણહિલ પાટક (પાટણ)**, નગર આર્યભૂમિનું શિરોમણિ, કલ્યાણોનું નિવાસસ્થાન, તથા અર્હદ્ધર્મ (જૈનધર્મ)નું એકછત્રરૂપ તીર્થસ્થાન થશે—તેવો ઉલ્લેખ છે.

---

* **'આચાર્ય શ્રીહેમચંદ્ર'** (ઐતિહાસિક પ્રામાણિક પરિચય) નામનો મારો લેખ અન્યત્ર પ્રકાશિત છે, જુઓ **'ઐતિહાસિક લેખ-સંગ્રહ'** સયાજી સાહિત્યમાલા, પુષ્પ ૩૩૫.

ત્યાં ચૈત્યોમાં (જિનમંદિરોમાં) રહેલી રત્નમયી નિર્મલ અર્હંત્-પ્રતિમાઓ નંદીશ્વરદ્વીપ વગેરેની **પ્રતિમાઓની** કથાને સત્ય માનવા પ્રેરશે; સૂર્ય જેવા દેદીપ્યમાન સોનાના કલશોથી અલંકૃત શિખરોવાળાં ચૈત્યોથી (જિનમંદિરોથી) તે **પાટણ**નગર સુશોભિત થશે.

—એ નગરમાં વસનાર સકળ શ્રમણોપાસક જનો (શ્રાવકો) પ્રાયે અતિથિઓને સંવિભાગ (મુનિજનોને દાન) આપ્યા પછી ભોજન માટે પ્રયત્ન કરશે

—એ નગરમાં વસનાર લોકો પર-સંપત્તિમાં ઈર્ષ્યા ન કરનારા, તથા પોતાની સંપત્તિથી સંતુષ્ટ રહેનારા અને પાત્રોમાં દાનશીલ (દાન-સદા-ચારવાળા) થશે.

—અલકા (કુબેરની રાજધાની)માં રહેલા યક્ષો જેવા ત્યાંના ધનિક શ્રદ્ધાળુ આર્હતો (જૈનો) સાત ક્ષેત્રો (૧ જિન-બિંબ, ૨ જિન-ભવન, ૩ જિનાગમ, ૪ સાધુ, ૫ સાધ્વી, ૬ શ્રાવક અને ૭ શ્રાવિકા)માં દ્રવ્ય અત્યન્ત વાવશે.

—તે (પાટણ) નગરમાં વસનાર સર્વ કોઈ લોક, સુષમાકાલના લોકની જેમ પર-ધન અને પર-દારા (પર-સ્ત્રી) પ્રત્યે પરાઙ્મુખ થશે.

હે અભય! મારા નિર્વાણ પછી જ્યારે ૧૬૬૯ (વિક્રમસંવત ૧૧૯૯) વર્ષો જશે, ત્યારે તે નગર (પાટણ)માં, ચૌલુક્યકુલમાં ચંદ્ર જેવો મહાબાહુ (મહાપરાક્રમી) અખંડ શાસનવાળો **કુમારપાલ ભૂપાલ** થશે.

ધર્મવીર, દાનવીર અને યુદ્ધવીર તે મહાત્મા પિતાની જેમ પરિપાલન કરતાં પ્રજાને પરમ ઋદ્ધિ પમાડશે.

ઋજુ (સરલ) હોવા છતાં પણ અતિચતુર, શાંત હોવા છતાં પણ આજ્ઞાનું પાલન કરાવવામાં ઇંદ્ર જેવો, ક્ષમાવાન હોવા છતાં પણ અધૃષ્ય (પરાભવ ન પમાડી શકાય તેવો) તે રાજા (કુમારપાલ) **લાંબા સમય સુધી પૃથ્વીનું પાલન કરશે.**

હિત કરનાર ઉપાધ્યાય, અંતેવાસી (શિષ્ય)ને જેમ વિદ્યા-પૂર્ણ બનાવે; તેમ તે રાજા **લોકોને** પોતાની સદૃશ **ધર્મનિષ્ઠ** કરશે.

શરણ ઇચ્છનારાઓને શરણ્ય (શરણ આપવામાં સાધુ), પરનારી–સહોદર તે રાજા ધન કરતાં અને પ્રાણો કરતાં પણ **ધર્મને બહુ માનશે.**

પરાક્રમ વડે, દાન વડે, દયા વડે, આજ્ઞા વડે અને બીજા પુરુષ-ગુણો વડે તે (કુમારપાલ) **અદ્વિતીય** થશે.

તે (કુમારપાલ), કૌબેરી (**ઉત્તર**) દિશાને તુરુષ્ક (તુર્કસ્તાન) સુધી, ઐન્દ્રી (**પૂર્વ**) દિશાને ત્રિદશાપગા (ગંગા નદી) સુધી, **દક્ષિણ** દિશાને વિન્ધ્યાચલ સુધી, અને **પશ્ચિમ** દિશાને સમુદ્ર સુધી સાધશે.

હેમચંદ્રાચાર્યનાં દર્શન-વંદન

તે રાજા (કુમારપાલ) અન્યદા **વજ્રશાખામાં**, મુનિ ચંદ્રના કુલમાં ઉત્પન્ન થએલા **આચાર્ય હેમચંદ્રનાં દર્શન** કરશે. મેઘનાં દર્શનથી મયૂરની જેમ તેમનાં દર્શનથી તે (રાજા) પ્રમુદિત

થશે. ભદ્રાત્મા તે રાજા કુમારપાળ, મુનિ(હેમચંદ્રાચાર્ય)ને વંદન કરવા ત્વરા (ઉત્સુકતા) દર્શાવશે. જિન-ચૈત્યમાં ધર્મ-દેશના કરતા તે સૂરિને વંદન કરવા માટે, તે રાજા, **શ્રાવક અમાત્ય** સાથે જશે.

તે રાજા (કુમારપાલ) તત્ત્વ (દેવ, ગુરુ, ધર્મ)ને ન જાણવા છતાં પણ ત્યાં દેવને નમસ્કાર કરીને આચાર્ય (હેમચંદ્ર)ને ભાવ-શુદ્ધ ચિત્ત વડે વંદન કરશે.

તે રાજા (કુમારપાલ) તે આચાર્ય હેમચંદ્રના મુખથી વિશુદ્ધ ધર્મદેશના પ્રીતિ-પૂર્વક સાંભળીને સમ્યક્ત્વ-પૂર્વક **અણુવ્રતો (શ્રાવકનાં વ્રતો) સ્વીકારશે.** * બોધ પામતાં તે રાજા **શ્રાવકોના આચાર**નો પારગામી થશે, આસ્થાન(રાજસભા)માં રહ્યા છતાં પણ ધર્મ-ગોષ્ઠી દ્વારા પોતાના આત્માને રમાડશે (વિનોદ પમાડશે).

પ્રાયે બ્રહ્મચર્ય કરનાર તે રાજા, પ્રતિદિન અન્ન, શાક, ફલ વગેરેના નિયમોને ગ્રહણ કરશે.

સુબુદ્ધિશાલી તે રાજા (કુમારપાલ) સાધારણસ્ત્રી (વેશ્યા)ઓને જ નહિ, પરંતુ ધર્મ-પત્નીઓને પણ વર્જશે અને બ્રહ્મચર્ય-પાલન માટે બોધ પમાડશે.

તે મુનિ(હેમચંદ્રાચાર્ય)ના ઉપદેશદ્વારા જીવ, અજીવ વગેરે તત્ત્વોનો જાણકાર થઈ તે રાજા બીજાઓને પણ બોધિ (જૈનધર્મ-શ્રદ્ધા)–પ્રદાન કરશે.

અર્હદ્-ધર્મ પ્રત્યે દ્વેષ કરનારા જે કોઈ પાંડુરંગ વગેરે બ્રાહ્મણો હશે, તે પણ કુમારપાલની આજ્ઞાથી **ગર્ભશ્રાવકો** જેવા થશે.

શ્રાવકનાં વ્રતોને સ્વીકારનાર તે ધર્મજ્ઞ રાજા ચૈત્યો(જિનો)ને પૂજ્યા વિના અને ગુરુઓને પ્રણામ કર્યા વિના ભોજન કરશે નહિ.

તે (રાજા કુમારપાલ), પુત્ર વિના મૃત્યુ પામનાર પુરુષોનાં દ્રવ્યને ગ્રહણ કરશે નહિ, ખરેખર જે વિવેકનું ફળ છે; અવિવેકી અતૃપ્ત હોય છે.

જે **મૃગયા**(શિકાર)ને પાંડુ વગેરે (રાજાઓ)એ પણ તજી ન હતી, તેને પોતે (કુમાર-પાલ) તજશે અને તેની આજ્ઞાથી દરેક જન પણ **ત્યાગ કરશે.**

હિંસાનો નિષેધ કરનાર (અમારિ-અહિંસા પળાવનાર) તે રાજા (કુમારપાલ) વિદ્યમાન રહેતાં મૃગયા (શિકાર) વગેરે તો દૂર રહો; માંકણ, જૂ વગેરેને પણ અંત્યજો (ચંડાલ જેવા હલકા ગણાતા લોકો) પણ હણશે નહિ.

પાપર્ધિ (પારધી–શિકારી કર્મ)નો નિષેધક (અટકાવનાર) તે રાજા વિદ્યમાન રહેતાં **અરણ્યની** મૃગ-જાતિઓ (જંગલમાં વસતાં હરણો વગેરે) ગોષ્ઠ (વાડા)માં રહેલી ગાયોની જેમ સદાય નિર્વિઘ્ને રોમંથ કરતી (વાગોળતી) થશે.

---

* વિક્રમસંવત ૧૨૧૬ના માર્ગ-શુ. ૨ દ્વિતીયાને દિવસે મહારાજા કુમારપાલે અર્હદ્દેવતા-સમક્ષ **શ્રીહેમચંદ્રાચાર્ય** દ્વારા **જૈનધર્મ**નો સ્વીકાર કર્યો હતો–એવો ઉલ્લેખ જિનમંડનગણિના વિ. સં. ૧૪૯૨ના કુમારપાલપ્રબંધમાં મળે છે.

શાસનમાં (આજ્ઞાનું પાલન કરાવવામાં) ઇંદ્ર જેવો તે રાજા જલચર, સ્થલચર અને ખચર (પક્ષીઓ) **પ્રાણીઓને મારવામાંથી સદા બચાવશે.**

જેઓ જન્મથી માંડીને માંસ-ભક્ષણ કરનારા હશે, તેઓ પણ તે રાજાની આજ્ઞાને વશ થઈ ખરાબ સ્વપ્નની જેમ **માંસની કથાને પણ ભૂલી જશે.**

જે મદ્ય(મદિરા–દારૂ)ને, પહેલાં દશાર્હો (યાદવો)એ શ્રાવકો હોવા છતાં પણ સર્વથા તજ્યું ન હતું, તે **મદ્ય (દારૂ)ને** પવિત્રાત્મા તે (મદિરા ત્યાગી કુમારપાલ) **સર્વત્ર અટકાવશે.**

તે રાજા, મહીતલમાં મદ્ય-સંધાન (દારૂની ઉત્પત્તિ)ને તેવી રીતે રોકશે, કે કુંભાર પણ **મદ્યનાં ભાંડો** (દારૂ બનાવવાનાં વાસણો) **ઘડશે નહિ.**

મદ્યના નિત્ય વ્યસન(કુટેવ)થી ક્ષીણ-સંપત્તિ (દરિદ્ર) થયેલા જે મદ્ય (દારૂ) પીનારા (દારૂડીઆ), તે રાજા (કુમારપાલ)ની આજ્ઞાથી મદ્યને તજશે, તેમને સંપદાઓ થશે.

જે દ્યૂત (જુગાર)ને, પૂર્વે થઈ ગયેલા નલ વગેરે રાજાઓએ પણ તજ્યું ન હતું, તે **દ્યૂત (જુગાર)ના નામનું** પણ, તે રાજા (કુમારપાલ) પોતાના વૈરીના નામની જેમ **ઉન્મૂલન** કરશે.

તે રાજા (કુમારપાલ)ના ઉદયવંત શાસનમાં, તેની મેદિનીમાં પારેવાની પણ–ક્રીડા (હોડ–સરતથી થતી રમતો) અને **કૂકડાઓનાં યુદ્ધો વગેરે પણ થશે નહિ.**

અનહદ વૈભવવાળો તે રાજા (કુમારપાલ), પ્રાયે પ્રત્યેક ગામમાં **જિનાયતનો (જિન-મંદિરો)** દ્વારા **પૃથ્વીને વિભૂષિત** કરશે.

તે રાજા (કુમારપાલ), સમુદ્ર પર્યંતના મહીતલ પર પ્રત્યેક ગામ અને પ્રત્યેક પુરમાં અર્હત્-પ્રતિમાઓનો (જિન-મૂર્તિઓનો) * **રથ-યાત્રાનો** ઉત્સવ કરશે.

તે રાજા (કુમારપાલ), દ્રવ્યોનું દાન દઈ, જગતને અનૃણ કરી, પૃથ્વીમાં પોતાના સંવત્સરને અંકિત કરાવશે.

—ત્રિ. શ. પુ. ચરિત્ર પર્વ ૧૦ સર્ગ ૧૨ [જૈનધર્મ **પ્રસારક** સભા, ભાવનગર**થી પ્રકાશિત**].

—ભગવાન મહાવીરની ભવિષ્ય વાણી અસત્ય હોઈ શકે નહિ; પોતાના સમયમાં તે જ પ્રમાણે બનેલી ઘટનાને શ્રીહેમચંદ્રાચાર્યે વાસ્તવિક વર્ણન કરી જણાવી છે.

—અમેરિકન વિદુષી સં. પ્રોફેસર ડૉ. હેલન એમ. જોન્સન પીએચ.ડી. એમણે લગભગ ૩૭ વર્ષોના પરિશ્રમથી શ્રીહેમચંદ્રાચાર્યના એ સંસ્કૃત મહાન ગ્રન્થ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રનું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું છે અને તે આપણી અહીંની નામાંકિત ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝમાં ૬ વૉલ્યુમોમાં (નં. ૫૧, ૭૭, ૧૦૮, ૧૨૫, ૧૩૯ અને ૧૪૦માં) પ્રકાશિત થઈ ગયેલ છે. અંગ્રેજી જિજ્ઞાસુ વાચકો તેમાંના નં. ૧૪૦ દ્વારા જાણી શકશે.

---

* કુમારપાલે કરાવેલ રથ-યાત્રા સંબંધીનું વર્ણન કુમારપાલ-પ્રતિબોધ (ગા. ઓ. સિ. પૃ. ૧૭૪-૧૭૫)માં છે.

ત્રિષષ્ટિ શ.પુ.ચરિત્રના અંતમાં અપાયેલો પરિચય

મહારાજા કુમારપાલની પ્રાર્થના-પ્રેરણાથી શ્રી હેમચન્દ્રાચાર્યે **ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર** નામના દસપર્વમય સંસ્કૃત ૩૬ હજાર શ્લોક-પ્રમાણ વિસ્તૃત મહાકાવ્યની રચના કરી હતી, જેમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ બલદેવો, ૯ વાસુદેવો અને ૯ પ્રતિવાસુદેવોનાં ચરિત્રો દર્શાવ્યાં છે, તેના અંતમાં કુમારપાલના સંક્ષિપ્ત પરિચય સાથે એ રચના સંબંધમાં ઉલ્લેખ કર્યો છે—

" जिष्णुश्चेदि-दशार्ण-मालव-महाराष्ट्रापरान्तान् कुरून् ,
सिन्धूनन्यतमांश्च दुर्गविषयान् दोर्वीर्यशक्त्या हरिः ।
चौलुक्यः परमार्हतो विनयवान् श्रीमूलराजान्वयी,
तं नत्वेति कुमारपालपृथिवीपालोऽब्रवीदेकदा ॥

पापर्द्धि-द्यूत-मद्य-प्रभृति किमपि यन्नारकायुर्निमित्तं,
तत्सर्वं निर्निमित्तोपकृतिकृतधियां प्राप्य युष्माकमाज्ञाम् ।
स्वामिन् ! उर्व्यां निषिद्धं धनमसुतमृतस्याथ मुक्तं तथार्हच्-
चैत्यैरुत्तंसिता भूरभवमिति समः सम्प्रतेः सम्प्रतीह ॥

पूर्वं पूर्वजसिद्धराजनृपतेर्भक्तिस्पृशो याञ्चया,
साङ्गं व्याकरणं सुवृत्तिसुगमं चक्रुर्भवन्तः पुरा ।
मद्धेतोरथ योगशास्त्रममलं लोकाय च द्व्याश्रय-
छन्दोऽलंकृति-नामसंग्रह-मुखान्यन्यानि शास्त्राण्यपि ॥

लोकोपकारकरणे स्वयमेव यूयं,
सज्जाः स्थ यद्यपि तथाऽप्यहमर्थयेऽदः ।
मादृग्जनस्य परिबोधकृते शलाका-
पुंसां प्रकाशयत वृत्तमपि त्रिषष्टेः ॥

तस्योपरोधादिति हेमचन्द्राचार्यः शलाकापुरुषेतिवृत्तम् ।
धर्मोपदेशैकफलप्रधानं, न्यवीविशच्चारु गिरां प्रपञ्चे ॥ "

—ત્રિ. શ. પુ. ચરિત્ર (પર્વ ૧૦ના અંતમાં)
[જૈ. ધ. પ્ર. સભા, ભાવનગર તરફથી પ્રકાશિત]

ભાવાર્થ :—ચેદી, દશાર્ણ, માલવ, મહારાષ્ટ્ર, અપરાન્ત, કુરુ, સિંધુ અને અન્ય શ્રેષ્ઠ દુર્ગ (કિલ્લાવાળા અને દુઃખે ગમન કરી શકાય તેવા) દેશોને બાહુ-પરાક્રમ-શક્તિથી જિતનાર વિષ્ણુ જેવા, ચૌલુક્ય, મૂલરાજના અન્વયમાં થયેલા **પરમાર્હત** વિનયવાન એવા **કુમારપાલ** પૃથ્વીપાલે એક વખતે તે(શ્રી**હેમચંદ્રાચાર્ય**)ને નમન કરી આ પ્રમાણે કહ્યું કે—" હે સ્વામિ ! ૧ **શિકાર**, ૨ **જુગાર**, ૩ **મદિરા** વગેરે જે કંઈ પણ [1]નારકીના આયુષ્યના નિમિત્તરૂપ છે, તે સર્વ

१ " द्यूतं च मांसं च सुरा च वेश्या, पापर्धि-चौर्ये परदार-सेवा ।
एतानि सप्त व्यसनानि लोके, घोरातिघोरं नरकं नयन्ति ॥ "

ભાવાર્થ :—૧ જુગાર, ૨ માંસ, ૩ દારૂ, ૪ વેશ્યા, ૫ શિકાર, ૬ ચોરી, ૭ પરસ્ત્રી-ગમન એ સાત વ્યસનો અત્યંત ઘોર નરકમાં લઈ જાય છે.

નિર્નિમિત્ત (નિષ્કારણ અર્થાત્ કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના) ઉપકાર કરવાની બુદ્ધિવાળા એવા આપની **આજ્ઞાને પ્રાપ્ત** કરી મેં પૃથ્વીમાં **નિષિદ્ધ** કર્યું છે (અટકાવ્યું છે), તથા પુત્ર-રહિત મૃત્યુ પામનારનું ધન **મૂકી** દીધું છે—(તે લેવું બંધ કર્યું છે) તથા **અર્હચ્ચૈત્યો**(જિનમંદિરો થી મેં પૃથ્વીને વિભૂષિત કરી છે—એથી હાલમાં હું અહીં સંપ્રતિ રાજા જેવો થયો છું.

પહેલાં આપે મારા પૂર્વજ ભક્તિમાન સિદ્ધરાજ મહારાજની પ્રાર્થનાથી સુંદર **વૃત્તિથી** સુગમ અને **અંગો** (નામ-લિંગાનુશાસન, ધાતુપરાયણ વગેરે) સહિત **વ્યાકરણ** રચ્યું હતું અને મારે માટે નિર્મલ **યોગશાસ્ત્ર** રચ્યું હતું, તથા લોકો માટે **દ્વયાશ્રય, છંદ, અલંકાર,** તથા **નામસંગ્રહો** (કોશો) વગેરે અન્ય શાસ્ત્રો પણ રચ્યાં છે.

જો કે આપ, લોકો પર ઉપકાર કરવાના કાર્યમાં સ્વયમેવ (પોતાની મેળે જ) સજ્જ-(તત્પર) છો, તો પણ હું આ પ્રાર્થના કરું છું કે—મારા જેવા મનુષ્યના પરિબોધ (વિશેષ જ્ઞાન) માટે આપ ૬૩ શલાકાપુરુષો (ઉત્તમ રેખાને પામેલા પુરુષો)નાં ચરિત્રને પણ પ્રકાશિત કરો.

—એ પ્રમાણે તે (કુમારપાલ)ના ઉપરોધ(પ્રાર્થના-પ્રેરણા)થી **હેમચંદ્રાચાર્યે** ધર્મોપદેશરૂપ અદ્વિતીય ફલથી પ્રધાન અને મનોહર એવા **શલાકાપુરુષોના ઇતિવૃત્ત** (ઇતિહાસ)ને વચનોના વિસ્તારમાં સ્થાપન કર્યો છે.

—વિક્રમસંવત ૧૨૯૪માં લખાયેલી ત્રિ.શ.પુ.ચરિત્રની તાડપત્રીય પોથીમાં શ્રીહેમચંદ્રાચાર્યને પ્રાર્થના કરતા કુમારપાલનું ચિત્ર, ઉપર્યુક્ત વર્ણન-પ્રસંગે દર્શાવ્યું છે. પાટણજૈનભંડાર-ગ્રંથસૂચી (ભા. ૧ ગા. ઓ. સિ.)ના પ્રારંભમાં અમે એ સચિત્ર પોથી-પત્રનો ફોટો દર્શાવ્યો છે, તથા મોહરાજ-પરાજય નાટક (ગા. ઓ. સિ. નં. ૯)ના પ્રારંભમાં એ બંને મહાપુરુષોના ઉપર્યુક્ત ચિત્રના આધારે તૈયાર કરાવવામાં આવેલ ફોટો મૂકેલો છે.

શ્રીસોમપ્રભાચાર્યે વિ. સંવત ૧૨૪૧માં પાટણમાં સિદ્ધરાજ-પ્રતિપન્નબંધુ કવીન્દ્ર શ્રીપાલના પુત્ર કવિ સિદ્ધપાલના સ્થાનમાં રહી રચેલા ' કુમારપાલ-પ્રતિબોધ ' નામના વિસ્તૃત પ્રાકૃત ગ્રંથ (ગા. ઓ. સિ. નં. ૧૪)માં જણાવ્યું છે કે—

"સૂર્ય જેવા પ્રતાપી ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ પુત્ર-રહિત અસ્ત થતાં રાજ્યને અનાથ જોઈ, બૃહસ્પતિ જેવા બુદ્ધિશાલી પ્રધાન પુરુષોએ મંત્રણા કરી ચૌલુક્ય ભીમદેવના વંશજ (ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદના પુત્ર ત્રિભુવનપાલના પુત્ર) કુમારપાલને રાજ્ય માટે યોગ્ય વિચાર્યો હતો. તે તેજસ્વી હતો, પ્રસન્નમુખ, સુંદર રૂપવાન હતો, દેવ અને ગુરુના પૂજનમાં તત્પર, પરોપકાર-પરાયણ અને ધીર હતો, દક્ષ અને દાક્ષિણ્યવાન હતો, નયવંત (નીતિમાન), સત્ય અને સત્ત્વથી યુક્ત હતો, શૂરવીર, દાની અને પ્રતિપન્ન-વત્સલ હતો; રાજ-લક્ષણોથી યુક્ત હતો—તેની યોગ્યતા જોઈ વિચારી એવા સદ્ગુણીને રાજ્ય પર સ્થાપન કર્યો હતો. તેમ કરતાં સામુદ્રિક, મૌહૂર્તિક, શાકુનિક, નૈમિત્તિક આદિનો સંવાદ પણ ગ્રહણ કર્યો હતો. એવી રીતે પ્રધાન પુરુષોએ કુમારપાલને રાજ્ય પર પ્રતિષ્ઠિત કરતાં સમસ્ત ભુવન સંતુષ્ટ થયું હતું." સિદ્ધરાજનો એ ઔરસ પુત્ર ન હોવા છતાં એને રાજ્ય મળ્યું હોવાથી કુમારપાળને 'उमापतिवरलब्धप्रसाद' વિશેષણ અપાયેલું છે.

યુદ્ધવીર તરીકે

કુમારપાલનો રાજ્યાભિષેક થતાં, તેને અસમર્થ સમજીને સપાદલક્ષ દેશના શાકંભરીશ્વર ચૌહાણ **આન્ન**રાજે (અર્ણોરાજે) બીજા રાજાઓ સાથે મળી જઈ વિરોધ દર્શાવતાં (ચડાઈ કરતાં) કુમારપાલે તેને પોતાનું વાસ્તવિક પરાક્રમ દર્શાવ્યું હતું. રણસંગ્રામમાં તેની સાથે યુદ્ધ ખેલતાં પોતાના બાહુ-પરાક્રમથી તેને પરાસ્ત કર્યો હતો, **આન્ન** (અર્ણોરાજ)ને હાથી પરથી પાડી તે તેના પર ચડી બેઠો હતો. એથી તેણે કુટુંબીઓ અને મંત્રિ-મંડલ માર્ફત સંધિ કરી હતી, એ આન્નરાજે પોતાની કન્યા **જલ્હણા**કુમારીને પાટણ મોકલી **કુ**મારપાલ સાથે વિધિ-પૂર્વક પરણાવી હતી અને રત્નો, હાથીઓ વગેરે ઉત્તમ ભેટો આપી કુમારપાલને સંતુષ્ટ કર્યા હતા.

—એનું વિસ્તારથી વર્ણન તેમના સમકાલીન પ્રામાણિક આચાર્ય શ્રી**હે**મચંદ્રે 'ચૌલુક્ય-વંશ' અપરનામ સંસ્કૃત **દ્વયાશ્રય** મહાકાવ્યમાં (સર્ગ ૧૬ થી ૧૯માં) કર્યું છે.

વિક્રમસંવત ૧૨૦૭ના ચિત્તોડના શિલાલેખમાં, તથા અન્યત્ર સં. પ્રશસ્તિમાં શાકં-ભરીશ્વરના વિજેતા તરીકે તેનો ઉલ્લેખ છે.

—એ પરાક્રમને કારણે મહારાજા કુમારપાલના વિશેષણોમાં તેના સમકાલીન શિલાલેખોમાં અને તાડપત્રીય પોથીઓમાં ઉલ્લેખ મળે છે કે—

"प्रौढप्रताप-निजभुजविक्रमरणांगणविनिर्जित-**शाकम्भरी-भूपाल**-राजाधिराज-**कुमारपाल**देवकल्याण-विजयराज्ये....... "

—એ પછી કુમારપાલનો પ્રતાપ-પ્રભાવ અન્ય દેશોના મહારાજાઓ ઉપર પણ સારી રીતે પડ્યો હતો, એનું સૈન્ય પણ ઘણું સમર્થ હતું.

મહારાજા **કુ**મારપાલના સૈન્યે માલવાના રાજા **બલ્લાલ**ને જિત્યાનું વર્ણન ઉપર્યુક્ત સં. **દ્વયા**શ્રય મહાકાવ્યમાં છે, તથા સં. ૧૨૦૮ના મળતા શિલાલેખોમાં તથા સમકાલીન કવિ દેવચંદ્રના ચંદ્રલેખાવિજય પ્રકરણરૂપકમાં પણ ઉલ્લેખ છે.

મહારાષ્ટ્ર વગેરે દેશોમાંથી આવેલા મંગલપાઠકોએ મહારાજા કુમારપાલની સ્તુતિ કરી હતી, તે શ્રીહેમચંદ્રાચાર્યે કુમારપાલચરિત (પ્રાકૃત **દ્વ**યાશ્રયમહાકાવ્ય) સર્ગ ૧લામાં જણાવી છે.

તેના સાંધિવિગ્રહિકે મહારાજા **કુ**મારપાલને નિવેદન કર્યું હતું કે—" **કુંકણ** (કોંકણના) અધીશ, થાણા કિલ્લાવાળા, 'રાજપિતામહ' તરીકે ઓળખાતા **મલ્લિકાર્જુન** રાજાને આપના સૈન્યે યુદ્ધમાં પરાસ્ત કરી તેનો શિરશ્છેદ કર્યો હતો. એથી કોંકણની સાત અંગવાળી સંપત્તિ તેમજ શ્રીનગરની લક્ષ્મી, તિલંગદેશની, તેમજ કાંચીની લક્ષ્મી આપને આધીન થઈ છે. એ રીતે દક્ષિણ દિશામાં આપનું પ્રભુત્વ થયું છે.

પશ્ચિમ દિશાનો સ્વામી **સિંધુપતિ** (સિંધનો રાજા), જેને આપે ગરાસ આપ્યો હતો, દર્શનાતુર તે આપની ભોજન-વેલા પાળતાં દિવસે ભોજન કરી શકતો નથી.

યવનદેશ (તુર્કસ્તાન)નો રાજા આપના ભયને કારણે તાંબૂલ ખાઈ શકતો નથી, ભોજન-કાળે જમી શકતો નથી, તેમ જ વિષયોનો ઉપભોગ કરી શકતો નથી.

ઉચ્ચેશ્વર (પંજાબનો રાજા) શત્રુઓ સાથે ન મળી જતાં આપનો મિત્ર થયો છે, જેણે આપને મણિ-જડિત સોનાના આભૂષણોવાળા શ્રેષ્ઠ ઘોડાઓ ભેટ મોકલાવ્યા છે

વારાણસી (કાશીના) રાજાએ આપનું દ્વાર શોભાવ્યું હતું.

મગધદેશના રાજાએ ગર્વ ગળી જતાં, આપને અખૂટ રત્નાદિ ભેટણું અર્પણ કર્યું છે.

ગૌડદેશના રાજાએ અસ્ખલિત ગતિવાળા મદ ઝરતા તથા પરિપૂર્ણ લક્ષણવાળા ગજરાજો (મોટા હાથીઓ) આપને ભેટ આપ્યા છે.

કન્યકુબ્જ (કનૌજ)નો રાજા આપની સેનાથી ભયભીત થઈ ગયો હતો.

દશાર્ણદેશનો રાજા, આપના સૈન્યની છાવણી જોતાં અત્યન્ત ભયભીત થઈ ગયો હતો, તેથી તેનું મરણ થયું હતું—એ પછી આપના સૈન્યે તેની રાજધાનીની રાજ-સમૃદ્ધિને આપને સ્વાધીન કરી હતી.

આપની સેનાએ ચેદીશ્વર (ત્રિપુરીશ્વર)ના માનનું ખંડન કર્યું હતું, રેવા (નર્મદા)ના તટ પર પડાવ નાખ્યો હતો.

આપના સૈન્યના ઘોડાઓ સહીસલામત યમુના-પાર કરી ગયા હતા.

મથુરાધીશે કનક વગેરે સમર્પણ કરીને આપના સૈન્યથી પોતાના પુર(મથુરા)ની રક્ષા કરી હતી.

જંગલપતિએ (સપાદલક્ષના—રાજપૂતાનાના રાજાએ) કુમારપાલને હાથીઓ વગેરે ભેટ આપી નમ્ર વિજ્ઞપ્તિ કરી હતી કે તમે તુરુષ્કોને (તુર્કસ્તાનના રાજાને) અને ડિલ્લીનાથને (દિલ્લીશ્વરને), તથા કાશીના રાજાને પણ પરાસ્ત કર્યા છે, તમે મને આજ્ઞા કરો (હું તમારો આજ્ઞાંકિત છું).

—આ સંબંધમાં પોતાના સમયનું પ્રત્યક્ષ દૃષ્ટજ્ઞાત પરિચિત વર્ણન શ્રીહેમચંદ્રાચાર્યે પ્રાકૃત કુમારપાલચરિત અપરનામ પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય (સર્ગ ૬ઠ્ઠા)માં કર્યું છે.

અહિંસાપ્રચારક તરીકે

શ્રીહેમચંદ્રાચાર્યે **ચૌલુક્યવંશ** અપરનામ સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્ય (સર્ગ ૨૦, શ્લો. ૫ થી ૨૨)માં જણાવ્યું છે કે—

"રાજ્યનું ન્યાય-પૂર્વક પાલન કરતાં કુમારપાલે એક વખતે ફાગણ શુદિ એકાદશી જેવા પર્વના દિવસે રસ્તામાં ૩-૪ દીન (નિરાધાર અનાથ કૃપાપાત્ર—બિચારાં) પશુઓને બલાત્કારથી ખેંચી-પકડીને વેચવા માટે લઈ જતા એક માણસને જોયો. તેને બોલાવી પૂછતાં જણાયું કે-પૈસા માટે તે ખાટકી (કસાઈ)ને ત્યાં પશુઓને આપવા જતો હતો. એવી રીતે **માંસ ખરીદનારા** અને પોતાની આજીવિકા માટે **હિંસા કરનારા મનુષ્યો તરફ તેને ધિક્કાર આવ્યો.**"

—'એવી રીતે **પશુઓનો વધ થાય-એમાં પૃથ્વીનું શાસન કરનાર ભૂપાલના સુવાસિત યશની ક્ષતિ ગણાય**' લોકો ઉત્કૃષ્ટ ગંધવાળા દૂધને અને સુગંધી કલમી (ચોખા

તથા અન્ય ધાન્ય)ને તજીને દુર્ગંધી માંસને સુગંધી બનાવી ખાવા ચાહે—એ **શાસન કરનાર રાજાનો દુર્વિવેક ગણાય;** કારણ કે **પ્રજા રાજાને અનુસરનારી હોય છે.'**

એવી રીતે **નિરપરાધી પશુઓનો વધ થાય** અને **એવા મોટા અન્યાયને હું ન અટકાવું** (ન રોકું), તો મારામાં **ન્યાયની કે ધર્મની ગંધ પણ છે—એમ ન ગણાય.** હું કર લઉં છું, તે પૃથ્વીના રક્ષણ માટે લેતો નથી, શરીરના રક્ષણને માટે લઉં છું—એવી રીતે ધિક્કારપાત્ર ગણાઉં.

ગંગાતટ પર વસનારા મુનિઓ મારી સ્તુતિ કરે છે—' કુમારપાલ અત્યંત **ન્યાયી, ધાર્મિક** (ધર્મનિષ્ઠ) અને **કૃપાળુ** છે ' તે સ્તુતિ, આવી રીતે **પશુ-વધ થવા દઉં તો ધિક્કાર-પાત્ર ગણાય.** મારા જેવો રાજા હોવાં છતાં, યમરાજના કિંકર જેવા ક્રૂર મનુષ્યો આવી રીતે **પશુ-વધ કરે—તે અયોગ્ય ગણાય.**

અહા ! ખેદની વાત છે કે-ક્રૂરકર્મ કરનારા લોકો હસતાં હસતાં પશુઓને હણે છે, પરંતુ ભવિષ્યમાં યમ-દૂતો દ્વારા હણાનાર પોતાના સંબંધમાં શોચતા નથી !

પ્રાણી-વધ કરવામાં મહાપાપનો વિચાર કરી તે રાજાએ (કુમારપાલે) તેવું મહાપાપ કરનારને બીજાં પાપ કરનારા કરતાં અધિક શિક્ષા કરવા અધિકારીઓને આજ્ઞા આપી હતી; એથી અધિકારીઓએ રાજાની આજ્ઞા પ્રમાણે **રાજ્યમાં સર્વત્ર અમારિ-ઘોષણા પ્રકટ કરી હતી.**

કુમારપાલના શ્રેષ્ઠ રાજ્યમાં **પશુ-વધ બંધ થયો, લોકો માંસાહાર તજી નિર્દોષ ભોજન કરતા થયા હતા.**

વિક્રમ, અભયદાન, ન્યાય-પાલન વગેરે સદ્‌ગુણો વડે, **અમારિ-પ્રવર્તક** કુમારપાલ જેવો અન્ય નથી—એવી પ્રખ્યાતિ થઈ હતી. લક્ષ્મીના ગર્વથી માંસ ખરીદનારને તે લક્ષ્મી-રહિત કરી શકતો. કરુણા (જીવ-દયા) વિષયમાં શ્રદ્ધા-રહિતોને તે સાર્થક વચનો વડે ઉલ્લસિત શ્રદ્ધાવાળા કરતો હતો.

તેના પ્રશંસનીય શાસનમાં **દેવીઓ** પણ **પશુ-વધવાળાં બલિ-દાન પામતી ન હતી,** શિકારીઓ પણ **શિકાર કરતા નહિ.** યજ્ઞમાં ઋષિઓ દ્વારા **પશુઓની આહુતિ અપાતી નહિ,** પરંતુ **યવોથી આહુતિ અપાતી.**

—એ વગેરે સંબંધમાં શ્રીહેમચંદ્રાચાર્યે સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્ય (સર્ગ ૨૦)માં ઉલ્લેખો કર્યા છે.

પતિ-પુત્ર-રહિત-નિર્વીરા સ્ત્રીઓના ધનનો ત્યાગ

શ્રીહેમચંદ્રાચાર્યે સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્યમાં (સર્ગ ૨૦, શ્લો. ૩૮) જણાવ્યું છે કે-મહારાજા કુમારપાલે એક વખત મધ્યરાતે કોઈ રડતી સ્ત્રીનો કરુણ આર્તસ્વર સાંભળ્યો. વેષ-પરાવર્તન કરી મહારાજા ત્યાં ગયા અને તેના દુઃખનું કારણ જાણ્યું કે-પતિ, પુત્રના મરણ-સમાચાર જણાતાં ' પોતાનું ધન રાજા લઈ લેશે—એવા અધિક દુઃખદાયક આઘાતથી જીવનથી કંટાળી તે

સ્ત્રી ગળે ફાંસો ખાઈ મરી જવા તત્પર થઈ હતી.' રાજાએ તે સ્ત્રીને આશ્વાસન આપી શ્રદ્ધા કરાવી કે–'**પુત્ર-રહિત મૃત્યુ પામનારનું ધન આ રાજા લઈ લેશે નહિ**'—એ પછી **કુમારપાળે અમાત્યોને ફરમાવી તેવી આજ્ઞા પ્રકટ કરાવી હતી.**

શ્રીહેમચંદ્રાચાર્યના સમકાલીન **સોમપ્રભાચાર્યે** વિ. સં. ૧૨૪૧માં પાટણમાં કવિ સિદ્ધપાલની વસતિમાં રહી રચેલા **કુમારપાલ-પ્રતિબોધ** (જિનધર્મ-પ્રતિબોધ) (ગા. ઓ. સિ.) નામના વિસ્તૃત પ્રાકૃત ગ્રંથમાં આ સંબંધમાં ઉલ્લેખ મળે છે કે શ્રીહેમચંદ્રાચાર્યના સદુપદેશથી શ્રાવકોનું ત્રીજું અણુવ્રત(અદત્ત ધન ન લેવાનો નિયમ) લેતાં કુમારપાળે બહુ પીડા કરનાર અને પાપ-બંધનનું કારણ સમજી એવી રડતી સ્ત્રીઓના ધનને નહિ લેવાનો નિયમ લીધો હતો.

—એ પ્રસંગે ગુરુ શ્રીહેમચંદ્રાચાર્યે તેની પ્રશંસા કરી હતી કે—

"न यन्मुक्तं पूर्वं रघु-**नहुष-नाभाक-भरत**-
प्रभृत्युर्वीनाथैः कृतयुगकृतोत्पत्तिभिरपि ।
विमुञ्चन् सन्तोषात् तदपि **रुदती-वित्त**मधुना,
कुमार-क्ष्मापाल ! त्वमसि महतां मस्तकमणिः ॥"

ભાવાર્થ:—હે કુમારપાલ ભૂપાલ ! પૂર્વે કૃતયુગમાં થઈ ગયેલા રઘુ, નહુષ, નાભાક, ભરત વગેરે મહારાજાઓએ પણ જે ધન મૂક્યું ન હતું, તે રડતી સ્ત્રીઓના (પતિ, પુત્ર વિનાની સ્ત્રીઓના) ધનને હાલમાં (કલિયુગમાં પણ) સંતોષથી મૂકી દેતો તું મહાપુરુષોમાં શિરોમણિ છે.

અજયદેવ(વિ. સં. ૧૨૩૦ થી ૩૨)ના મંત્રી કવિ **યશઃપાલે મોહરાજ-પરાજય** નામના આધ્યાત્મિક નાટકમાં કુમારપાલનો ટૂંક પરિચય કરાવતાં જણાવ્યું છે કે—

"पद्मासद्म **कुमारपाल**नृपतिर्जज्ञे स **चन्द्रान्वयी**,
जैनं धर्ममवाप्य पापशमनं **श्रीहेमचन्द्राद्** गुरोः ।
निर्वीराधनमुज्झता विदधता **द्यूता**दिनिर्वासनं,
येनैकेन भटेन मोहनृपतिर्जिग्ये जगत्-कण्टकः ॥"

ભાવાર્થ:—ચંદ્રવંશી તે કુમારપાલ નૃપતિ લક્ષ્મીના આશ્રયસ્થાનરૂપ થયો, શ્રીહેમચંદ્ર ગુરુ પાસેથી પાપ-શમન કરનાર જૈનધર્મને પ્રાપ્ત કરીને, નિર્વીરા (પતિ, પુત્ર વિનાની) સ્ત્રીઓના ધનને તજી દેતાં, અને દ્યૂત(જુગાર) વગેરે વ્યસનોને દૂર કરાવતા જે અદ્વિતીય સુભટે જગતને કંટક જેવા મોહરાજાને જિત્યો હતો.

એ જ મોહરાજ-પરાજય નાટકના ઉપસંહારમાં ફરી પ્રિય કરવા ઇચ્છતા વિવેકચંદ્રને પ્રત્યુત્તર આપતાં કુમારપાલે જણાવ્યું છે કે—

"**निर्वीराधन**मुज्झितं विदलितं **द्यूता**दिलीलायितं,
देवानामपि दुर्लभा प्रियतमा प्राप्ता **कृपा**सुन्दरी ।
ध्वस्तो मोहरिपुः कृता **जिनमयी** पृथ्वी भवत्संगमात्,
तीर्णः संगरसागरः किमपरं तत् स्यात् यदाशास्महे ? ॥"

ભાવાર્થ :—હે વિવેકચંદ્ર ! આપના સંગમથી નિર્વીરા (પતિ-પુત્ર-રહિત) સ્ત્રીઓના ધનને તજી દીધું (લેવાનું બંધ કર્યું), **દ્યૂત** (જુગાર) વગેરે વ્યસનોની લીલા વિદલિત કરી (નષ્ટ કરી), દેવોને પણ દુર્લભ એવી પ્રિયતમા **કૃપા**સુન્દરી પ્રાપ્ત કરી, મોહ-રિપુને નષ્ટ કર્યો, પૃથ્વીને **જિનમયી** કરી અને યુદ્ધ-સાગર હું તરી ગયો, તો એવું બીજું શું છે કે જેની અમે આશા કરીએ ?

" तथापीदमस्तु—

श्रीश्वेताम्बर**हेमचन्द्र**वचसां पात्रे मम श्रोतसी,
श्रीसर्वज्ञपदारविन्दयुगले भृङ्गायितं चेतसः ।
त(त्व)त्पुत्र्या **कृपया** समं परिचयो योगस्त्वया सर्वदा,
भूयान्मे भुवने **यशः** शशिसखं मोहान्धकारच्छिदे ॥ "

ભાવાર્થ :—તોપણ આ પ્રમાણે થાઓ—મારા બંને કાનો, શ્રીશ્વેતાંબર **હેમચંદ્ર** (ગુરુ)ના વચનોના પાત્ર થાઓ, મારું ચિત્ત, શ્રી**સર્વજ્ઞ**(પ્રભુ)ના ચરણ-કમળોમાં ભ્રમર જેવું થાઓ, તમારી પુત્રી **કૃપા** સાથે મારો પરિચય, તથા તમારી(વિવેકની) સાથે સર્વદા યોગ રહો અને મોહરૂપી અંધકારનો નાશ કરવા માટે ભુવનમાં ચંદ્રસમાન ઉજ્જ્વલ મારો **યશ** થાઓ, (કવિ **યશઃ**પાલનું નામ **યશશ્ચંદ્ર** પણ સૂચિત છે).

વિ. સંવત ૧૪૯૨ના **જિન**મંડનગણિના કુમારપાલ-પ્રબંધ વગેરેમાં જણાવ્યા પ્રમાણે આવા નવારસીઆ ધનથી રાજ્યને ૭૨ લાખ રૂપિઆની વાર્ષિક આવક થતી હતી, જે તેણે જતી કરી હતી.

પાશુપત યોગશાસ્ત્ર વગેરે જાણનાર પરમાર્હત મહારાજા કુમારપાલને સાંભળવા ઇચ્છા થવાથી, તેની પ્રાર્થનાથી શ્રીહેમચંદ્રાચાર્યે **અધ્યાત્મોપનિષત્** પટ્ટબંધવાળા, તત્ત્વજ્ઞાનામૃતના જલનિધિ જેવા ૧૨ પ્રકાશવાળા ૧૨૦૦ શ્લોક-પ્રમાણ નવા **યોગશાસ્ત્ર**ની રચના કરી હતી, તેમજ તેની ૧૨૦૦૦ શ્લોક-પ્રમાણ વૃત્તિ પણ તેની પ્રાર્થનાથી પ્રેરાઈને તેઓએ કરી હતી, તેવો ઉલ્લેખ ત્યાં **મૂળના અને** વૃત્તિના પ્રાંતમાં કર્યો છે—

" या शास्त्रात् स्व(सु)गुरोर्मुखादनुभवाच्चाज्ञायि किञ्चित् क्वचित्,
योगस्योपनिषद् विवेकिपरिषच्चेतश्चमत्कारिणी ।
श्रीचौलुक्य**कुमारपाल**नृपतेरत्यर्थमभ्यर्थनाद्,
आचार्येण निवेशिता पथि गिरां श्री**हेमचन्द्रेण** सा "

વિવરણના અંતમાં—

" इति श्री**परमार्हत**श्री**कुमारपाल**भूपालशुश्रूषिते **आचार्यश्रीहेमचन्द्र**विरचितेऽ**ध्यात्मोपनिष**न्नाम्नि सञ्जातपट्टबन्धे श्री**योगशास्त्रे** स्वोपज्ञं द्वादशप्रकाशविवरणं समाप्तम् ॥

श्रीचौ**लुक्य**क्षितिपतिकृत**प्रार्थनाप्रेरितोऽहं**,
तत्त्वज्ञानामृतजलनिधे**र्योगशास्त्रस्य वृत्तिम्** ।
स्वोपज्ञस्य व्यरचयमिमां तावदेषा च नन्द्याद्,
यावज्जैनप्रवचनवती भूर्भुवःस्वस्त्रयीयम् ॥ "

—એ **યોગશાસ્ત્ર**માં હિંસા-નિષેધ, તથા માંસ, મદિરા અને શિકાર વગેરેના ત્યાગ કરવા સંબંધમાં તથા શ્રાવકનાં વ્રતો, આચારો સંબંધમાં પણ સમર્થ ઉપદેશો છે. રાજર્ષિ કુમારપાળે એ ઉપદેશોને અનુસરી પોતાનું જીવન ઉન્નત બનાવ્યું હતું. એટલું જ નહિ, પ્રજાના જીવનને પણ ઉન્નત સંસ્કારી બનાવવા શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા હતા.

તથા પરમાર્હત કુમારપાલ ભૂપાલને પ્રતિદિન પઠન કરવા માટે વીતરાગના વિશિષ્ટ સ્વરૂપને પ્રકાશિત કરતા ૨૦ પ્રકાશવાળા **વીતરાગસ્તવ**(સ્તોત્ર)ની રચના શ્રી**હેમચંદ્રાચાર્યે** કરી હતી, તેના અંતમાં તેઓએ **કુમારપાલ** ભૂપાલ પ્રત્યે શુભાશીર્વાદરૂપ શુભેચ્છા દર્શાવી છે—

"श्री**हेमचन्द्र**प्रभवाद् **वीतरागस्तवा**दितः ।
कुमारपालभूपालः प्राप्नोतु फलमीप्सितम् ॥"

ભાવાર્થ :—શ્રીહેમચંદ્રે રચેલા આ વીતરાગ-સ્તવથી કુમારપાલ ભૂપાલ ઇચ્છિત (અભીષ્ટ) ફળને પ્રાપ્ત કરો.

ધર્મવીર તરીકે

મહારાજા કુમારપાળ હાથી ઉપર આરૂઢ થઈ ચતુરંગી સેના સાથે પોતાના નામાંકિત '**કુમાર-વિહાર**' નામના શ્રીપાર્શ્વજિનમંદિરમાં દર્શન-પૂજન માટે જતા હતા, ત્યાં જિનસ્તુતિ, જિનસ્નાત્ર વગેરે જિન-પૂજા કરતા હતા, અને આકર્ષક અદ્‌ભુત સંગીત, નૃત્યાદિદ્વારા જિન-ભક્તિ કરાવતા હતા, તે પછી ગુરુને પ્રણામ કરતા હતા અને તેમના ઉપદેશો સાંભળતા હતા.

શ્રીહેમચંદ્રાચાર્યે પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય (કુમારપાલ-ચરિત)ના બીજા સર્ગમાં તેના જીવનની નિત્ય ચર્યા દર્શાવતાં વિસ્તારથી એ વર્ણન કર્યું છે.

કુમાર-વિહારો

પાટણમાં કુમારપાલે કરાવેલ મનોહર એ કુમારવિહારનું અને ત્યાં થતી જિન-ભક્તિનું વર્ણન શ્રીહેમચંદ્રાચાર્યના પટ્ટધર મહાકવિ **રામચંદ્રે** કુમારવિહાર-શતક નામના છટાબદ્ધ સુંદર સરસ કાવ્યમાં કર્યું છે, તે વાંચતાં-વિચારતાં તેની વિશિષ્ટતા સમજી શકાય છે. તેમના નામ-નિર્દેશવાળાં પ્રારંભ અને પ્રાંતનાં બે પદ્યો અહીં દર્શાવું છું—

"आश्चर्यमन्दिरमुदारगुणाभिरामं,
विश्वम्भरा-पणवधू-तिलकायमानम् ।
तेजांसि यच्छतु **कुमारविहार**नाम,
भूमीभुजश्चुलुकवंशभवस्य चैत्यम् ॥"

"आस्तां तावन्मनुष्यः प्रकृतिमलिनधीः शाश्वतालोकचक्षुः,
वक्तुं वक्त्रैश्चतुर्भिर्विधिरपि किमलं तस्य **सौन्दर्य**लक्ष्मीम् ।
क्षीणाशेषाभिलाषः परमलयमयं **स्थान**माप्तोऽपि यस्मिन्,
आस्थां श्री**पार्श्वनाथ**स्त्रिभुवनकुमुदा**रामचन्द्र**श्चकार ॥"

પાટણના કુમારવિહારમાં મંત્રી વાગ્ભટે(? આમ્રભટે) શ્રીઋષભદેવની રજતમયી પ્રતિમા સ્થાપન કરી હતી.

" यः कुमारविहाराख्ये चैत्ये श्रीपत्तनस्थिते ।
प्रतिमां कारयामास राजतीं नाभिजन्मनः ॥ ८१ ॥ "

—એમ પ્રબંધશતકાર મુનિ રામચંદ્રે ઉદયન-વિહારની રચેલી ૧૦૪ શ્લોકપ્રમાણ અપૂર્ણ મળતી પ્રશસ્તિથી જણાય છે.

[જુઓ જૈનસત્યપ્રકાશ, વર્ષ ૧૯, અંક ૬ થી ૧૨માં મારો લેખ].

પાટણના એ **કુમારવિહાર**ના મૂલનાયક શ્રી**પાર્શ્વ**જિનની ડાબી બાજૂએ રહેલા અજિતનાથદેવના વસંતોત્સવ-પ્રસંગે ભજવવા માટે કુમારપાલ ભૂપાલની પરિષદ્‌ની પ્રેરણાથી શ્રીહેમચંદ્રાચાર્યના ત્રૈવિદ્ય શિષ્યમુનિ દેવચંદ્રે ચંદ્રલેખાવિજય નામનું આધ્યાત્મિક પ્રકરણરૂપક રચ્યું હતું. તેના પ્રારંભમાં સૂત્રધાર દ્વારા કુમારપાલના કરાવેલા પરિચયમાં **શાકંભરીશ્વર** અને **માલવ-ભૂપાલ બલ્લાલ** પર તેણે મેળવેલ વિજયનું સૂચન છે[1]—

થારાપદ્ર (થરાદ)પુરના આભૂષણરૂપ **કુમારવિહાર**ના અલંકારરૂપ શ્રી**વીર**જિનેશ્વરના યાત્રા-મહોત્સવ-પ્રસંગે એકત્ર થયેલા સામાજિક લોકને પ્રમોદ પમાડવા માટે શ્રીસંઘના આદેશથી **અજયદેવ** (સંવત ૧૨૩૦ થી ૧૨૩૨)ના મંત્રી મોઢવંશવિભૂષણ પરમાર્હત કવિ **યશઃપાલે** કુમારપાળના આધ્યાત્મિક યશસ્વિ જીવનને દર્શાવતું **મોહરાજપરાજય** નામનું નાટક રચ્યું હતું, જે ગા. ઓ. સિ. નં. ૯ તરીકે પ્રસિદ્ધ થઈ ગયેલ છે.

એ સિવાય, લાટાપલ્લી(લાડોલ), પ્રભાસપત્તન, જાવાલિપુર (જાલોર) જેવાં અનેક સ્થળોમાં અનેક કુમારવિહારો રચાએલાં હતાં. પાટણમાં ત્રિભુવનપાલના સંસ્મરણાર્થે ત્રિભુવન-વિહાર રચાયેલું હતું. કુમારપાલે પૂર્વ અવસ્થામાં કરેલા માંસ-ભક્ષણથી અશુદ્ધ થયેલા તેના ૩૨ દાંતો પ્રમાણે પ્રાયશ્ચિત્ત તરીકે તેને ૩૨ વિહારો (જિનમંદિરો) કરાવવા ગુરુજીએ સૂચન કર્યું હતું. (મોહરાજ-પરાજય નાટક પૃ. ૯૩, ૯૫માં સૂચિત).

ભગવાન મહાવીરના સમયમાં રચાયેલી, ભગવાન મહાવીરની ઉચ્ચ જાતિની ચંદનમયી મનોહર પ્રતિમા, જે કપિલમુનિદ્વારા પ્રતિષ્ઠિત થયેલી હતી, કાલાન્તરે સિંધુસૌવીરદેશના વીતભય-પત્તનમાં ધૂળમાં દટાયેલી હતી, તે પ્રતિમાને મહારાજા કુમારપાળ ત્યાંથી મેળવીને, સન્માનપૂર્વક પૂજન કરશે-કરાવશે—એવો વૃત્તાન્ત ત્રિ. શ. પુ. ચરિત્ર (પર્વ ૧૦—મહાવીરચરિત્ર સર્ગ ૧૧)માં ભવિષ્યવાણીમાં જણાવેલ છે.

પાટણમાં સંઘવીપાડાના જૈનગ્રંથભંડારમાં રહેલી સં. ૧૪૭૫માં લખાયેલી કુમારપાલ-પ્રબંધની તાડપત્રીય પ્રતિમાં ઉલ્લેખ મળે છે કે—

જૈન **કુમાર**નૃપતિએ પોતાની આજ્ઞામાં વર્તનાર વિપુલ ૧૮ મંડલોમાં, ફેલાયેલી હિંસાને ઓજસ વડે આદરથી ૧૪ વર્ષો સુધી નિવારીને (અટકાવીને), તથા કીર્તિસ્તંભ જેવા ૧૪૦૦ સંખ્યા-પ્રમાણ વિહારો (જિનમંદિરો) કરાવીને પોતાનાં પાપનો વ્યય કર્યો હતો—

---

૧ " समराजिर-विजृम्भमाण-प्रचण्ड दोर्दण्ड-कलित-कोदण्ड-[वि]सृत-शिलीमुखमण्डल-खण्डित-**शाकम्भरीश्वर**-कीर्तिकुसुमस्य, **मालवभूपालबल्लाल**मौलिकमलार्चित-रणाङ्गणाधिदेवतस्य......................श्री**कुमारपाल**देव-नरेन्द्रस्य परिषदा "......

—**ચંદ્રલેખાવિજય** પ્રકરણના પ્રારંભમાં (હ. લિ. પોથી)

"आज्ञावर्तिषु मंडलेषु विपुलेष्वष्टादशस्वादरा-
दब्दान्येव चतुर्दश प्रसृमरीं मारिं निवार्यौजसा ।
कीर्तिस्तंभनिभान् चतुर्दशशतीसंख्यान् विहारांस्तथा,
कृत्वा निर्मितवान् **कुमारनृपतिर्जैनो** निजैनोव्ययम् ॥ "
—પાટણ જૈન ગ્રંથભંડાર સૂચિપત્ર (ગા. ઓ. સિ. નં. ૭૬, પૃ. ૧૭)

જૈનતીર્થોની યાત્રા, તથા ઉદ્ધાર આદિ

રાજર્ષિ કુમારપાલે શત્રુંજય, ગિરનાર, આબૂ, તારંગા વગેરે જૈનતીર્થોની યાત્રા કરેલી જણાય છે, તેના ઉલ્લેખો મોહરાજ-પરાજય, કુમારપાલ-પ્રતિબોધ વગેરે ગ્રંથોમાં મળે છે, એ તીર્થોના ઉદ્ધાર આદિ, તેમના મંત્રી, દંડનાયક જેવા અધિકારીઓએ કરાવ્યા હતા.

શત્રુંજયતીર્થનો ઉદ્ધાર, કુમારપાલના પ્રસાદથી મહામાત્ય વાગ્ભટ મંત્રીએ વિક્રમસંવત ૧૨૧૩માં, ૧ કરોડને ૬૦ લાખ દ્રવ્યના વ્યયથી કર્યો હતો, ત્યાં પ્રતિમા-પ્રતિષ્ઠા આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિએ કરી હતી (જુઓ મારો 'ઐતિહાસિક લેખ-સંગ્રહ' પૃ. પર૭-પર૮ (સયાજીસાહિત્યમાલા, પુષ્પ ૩૩૫).

ગિરનાર પર્વત પર પોતે જાતે ચડી શકયા નહિ, એથી કુમારપાલે મંદો (અશક્તો), સ્ત્રીઓ, બાલકો અને વૃદ્ધો પણ ચડી શકે અને યાત્રા કરી શકે તેવી સુગમ પદ્યા (પાજ), **સોરઠના** અધિકારી તરીકે નિમણૂક કરી. રાણિગ-પુત્ર દંડનાયક **આમ્ર**(આંબા) દ્વારા [સંવત ૧૨૨૨માં] કરાવી હતી, જે અધિકારીની સુયોગ્યતા માટે કવીન્દ્ર શ્રીપાલના પુત્ર કવિ સિદ્ધપાલે પ્રશંસા કરી હતી (કુમારપાલ-પ્રતિબોધ ગા. ઓ. સિ. પૃ. ૧૭૯, ૧૮૦).

ભરૂચમાં મુનિસુવ્રતજિનના મંદિરનો (શકુનિકાવિહારનો) ઉદ્ધાર, કુમારપાલના દંડનાયક આમ્રભટે (**અંબડે**) કર્યો હતો, જેણે કુંકણાધિપતિ મલ્લિકાર્જુન પર વિજય મેળવ્યો હતો (ઉદયનવિહારની મળેલી પ્રશસ્તિમાં—શિલાલેખમાં તેનો ઉલ્લેખ છે. (જુઓ 'જૈનસત્યપ્રકાશ' વર્ષ ૧૯, અંક ૬ થી ૧૨)

આબૂતીર્થનો ઉદ્ધાર, કુમારપાલના વંશ-પરંપરાગત મંત્રી પોરવાડવણિક [1]**પૃથ્વીપાલે** વિક્રમસંવત ૧૨૦૬માં કર્યો હતો. તે સમયે ત્યાં વિમલવસતિમાં અદ્દભુત મંડપ, તથા પોતાના પૂર્વજોની હાથી ઉપર આરૂઢ ૭ મૂર્તિઓ રચાવી હતી. મંત્રીશ્વર તેજપાલે સં. ૧૨૮૭માં રચાવેલ 'લૂણસીહ-વસહી' નામના નેમિજિન-મંદિરમાં રચાવેલી હસ્તિશાલા તેના અનુકરણરૂપે જણાય છે.

તારંગા તીર્થમાં મહારાજા કુમારપાલના આદેશથી યશોદેવના પુત્ર દંડનાયક **અભયે** **અ**જિતનાથ જિનેન્દ્રનું ઊંચું મંદિર રચાવ્યું હતું. જુઓ કુમારપાલપ્રતિબોધ (ગા. ઓ. સિ. પૃ. ૪૪૨-૪૪૩)

કુમારપાલે કરાવેલ સત્રાગાર, પોસહશાલા

ભરત ચક્રવર્તીનું ચરિત્ર સાંભળ્યા પછી પરમાર્હત મહારાજા કુમારપાળે પાટણમાં અનેક

---

૧ વિશેષ પરિચય માટે જુઓ મારો લેખ 'ગૂજરાતનો પ્રાચીન મંત્રિવંશ' (ઐતિહાસિક લેખસંગ્રહ, સયાજી સાહિત્યમાલા, પુષ્પ ૩૩૫).

સામગ્રીવાળી મોટી ભોજન-સભાથી ભૂષિત સત્રાગારની રચના કરાવી હતી, તથા તેની પાસે અતિ-વિશાલ પોસહશાલા પણ કરાવી હતી. એ સત્રાગારના અધિષ્ઠાયક તરીકે મહારાજાએ શ્રીમાલ-કુલમાં ચંદ્ર જેવા, નેમિનાગના પુત્ર અભયકુમાર શેઠને નીમ્યા હતા; જેની પ્રશંસા સિદ્ધરાજ-પ્રતિપન્ન બંધુ કવીન્દ્ર શ્રીપાલના સુપુત્ર કવિ **સિદ્ધપાલે** કરી હતી. ઉપર્યુક્ત ભોજનશાલામાં શ્રાવકોને સત્કારપૂર્વક ભોજન આપવામાં આવતું હતું, તથા પ્રશસ્ત વસ્ત્રો આપવામાં આવતાં હતાં, તેમ જ કુટુંબ-નિર્વાહ માટે ધન પણ આપવામાં આવતું હતું.

—પ્રાકૃત કુમારપાલપ્રતિબોધ (ગા. ઓ. સિ. નં. ૧૪ પ્રસ્તાવ ૩, પૃ. ૨૧૯-૨૨૦)માં એ સંબંધી ઉલ્લેખ છે.

કુમારપાળના રાજ્ય-કાલમાં રચાયેલા અને લખાયેલા ગ્રંથો

કુમારપાળના રાજ્ય-કાલમાં રચાયેલા અને લખાયેલા વિવિધ ગ્રંથો વર્તમાનમાં પણ મળી આવે છે. તેમાંના કેટલાકનો નિર્દેશ અમે જેસલમેર અને પાટણના જૈનગ્રંથભંડારોના સૂચિપત્રોમાં (ગા. ઓ. સિ. નં. ૨૧ અને ૭૬માં) કર્યો છે.

પાછળના ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે મહારાજા કુમારપાળે ૨૧ જ્ઞાનભંડારો કરાવ્યા હતા. મહારાજાની પઠન-પાઠન માટેની પોથી સુવર્ણાક્ષરે લખાયેલી હતી.

રાજર્ષિનો દુ:ખદ સ્વર્ગવાસ

શ્રીહેમચંદ્રાચાર્યનો સ્વર્ગવાસ વિક્રમસંવત ૧૨૨૯માં થયો હતો, એથી રાજર્ષિ શોકાતુર રહેતા હતા. એ પછીના ૬ મહિનામાં તેમના સ્વર્ગવાસની કરુણ દુ:ખદ ઘટના બની ગઈ હતી. દીવા પાછળ અંધારૂં થઈ ગયું હતું! એવા ધર્મપ્રેમી રાજર્ષિ કુમારપાલ પુત્ર-રહિત હતા, ૮૦ વર્ષના થયા હતા. એ દરમ્યાન તેમનું મૃત્યુ કહેવાય છે કે—તેમના ભત્રીજા ધર્મદ્વેષી અજયપાળના વિષ-પ્રયોગથી થયું હતું. રાજ-ભંડારમાંની વિષ-નિવારક છીપ પણ તેણે પહેલેથી સ્વાધીન કરી હતી! એથી અંતકાલમાં કોઈ ચારણે ઉચ્ચાર્યું હતું કે—

"કુમરડ! કુમરવિહાર, એતા કાંઈ કરાવિયા;
કુણ કરસ્યઈ એહની સાર? સીપ ન આવઈ સઈ ધણી!"

—વિ. સં. ૧૩૬૧ના મેરુતુંગસૂરિના પ્રબંધચિંતામણિમાં, તથા વિ. સં. ૧૪૯૨ના જિન-મંડનગણિના કુમારપાલપ્રબંધ વગેરેમાં એ સંબંધમાં ઉલ્લેખ મળે છે. તેમના સમકાલીન કવિ સોમપ્રભાચાર્યે રચેલા શતાર્થવૃત્ત કાવ્ય(કુમારપાલ-પ્રતિબોધ-પરિશિષ્ટ)ના અજયપાલ અર્થમાં જણાવ્યું છે કે 'અજયપાલે શિકાર વગેરે પ્રવૃત્તિ દ્વારા અહિંસાને સ્થાને હિંસાને પ્રવર્તાવી હતી.' એ રાજ્યક્રાંતિના સમયમાં જૈનોને ઘણું સહન કરવું પડ્યું હતું, અજયપાલના ૩ વર્ષના રાજ્ય-કાલમાં પ્રજા 'ત્રાહિ ત્રાહિ' પોકારી રહી હતી, તેનું મરણ સં. ૧૨૩૨માં થયું હતું. એ પછી બાલમૂલરાજ (ટૂંક સમય), પછી બીજા ભીમદેવના રાજ્ય-સમયમાં વાઘેલા વીરધવલના મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલના યુગમાં—વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધમાં પ્રજાને સંતોષ થયો હતો, ગૂજરાતનો અભ્યુદય થયો હતો.

ઘૂમલી કે ભૂમલી

એક સ્મૃતિશેષ નગર

પુષ્કર ચંદરવાકર

સોરઠી લોકસાહિત્યમાં ઘૂમલીનું માહાત્મ્ય ઠીકઠીક ગવાયું છે. બરડાના મુલકમાં જીભેજીભે રમતી સોનહલામણની લોકવાર્તામાં ઘૂમલીના ઉલ્લેખો અનેક ઠેકાણે અનેક દોહાઓમાં આવે છે:

ઓખો, બરડો ને ઘૂમલી, મેલ્યો ત્રણે દેશ;
શિયે જેઠવે છેતર્યો, કાઢ્યાં કાળે વેશ !

અર્થાત્ ઘૂમલીનો મહિમા આ કવિના ચિત્તમાં દેશ જેટલો છે. તો બીજા દોહામાં ઘૂમલી માટે કહ્યું છે:

ગઢ ઘૂમલીના બજારમાં, ઢળકતી આવે ઢેલ્ય. આ ગઢ ઘૂમલી ક્યાં આવેલ છે?

ઊંચો ડુંગર આભપરો, નીચી જેતાવાવ; આમ, ઘૂમલીનો આછો આછો છતાં ય સ્પષ્ટ ભૌગોલિક ખ્યાલ આપવાનો લોકસાહિત્યકારે પ્રયત્ન કર્યો છે, સોનહલામણની કથામાં. બરડાની ડુંગરમાળમાં ઊંચામાં ઊંચો આભપરાનો ડુંગર છે, તેના પગમાં ઘૂમલી છે.

ત્યારે લોકકલ્પનાએ બરડાના મુલ્કની ત્રણ ત્રણ લોકકથાઓ બહલાવી બહલાવીને કથી છે, તેમાં પ્રથમ છે સોનહલામણની અને બીજી મેહઉજળીની કથા. આ બીજી કથામાં ઘૂમલીનો ઉલ્લેખ મળે છે:

કળકળ કરશે કાગ, ઘૂમલીનો ઘૂમ્મટ જશે. ત્રીજી કથા છે સોનકંસારીની. ઘૂમલીના રાણાના સાળા રાખાયત અને સોનકંસારીની આ કથામાં કળકળતી આંતરડીનાં વેણ ઠલવાયાં છે:

ઉજળ હોજો આવાસ, ચારે છેલાવાડ તણા! આ આવાસ તે ઘૂમલીના.

રાણા ભાણના એક નાનકડા છતાં ય રોમાંચક પ્રસંગે ઘૂમલીને સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં વળી પાછું મહત્ત્વનું સ્થાન આપ્યું છે. દોહામાં તે ગવાયું છે.

ઘૂમલીએ ધમસાણ, જંગ માંડ્યો જેઠવે;
ભલ પરણાવે ભાણ, એક લગ્ને અઢારસો.

આમ એક નગરીની ફરતી ચાર ચાર સમર્થ લોકકથાઓ ઘુમ્મરિયો ખાઈ રહી છે. તેમાંથી હલામણ જેઠવાની કથાએ ગુજરાતના ગત પેઢીના સાક્ષરોને પણ આકર્ષ્યા છે. સ્વ. શ્રી. નથુરામ સુંદરજી કવિએ હલામણ જેઠવા પર નાટક લખ્યું હતું. 'સોરઠી ગીત કથાઓ'માં સ્વ. શ્રી. ઝવેરચંદ મેઘાણીએ દોહાઓનું સંકલન કરીને હલામણ જેઠવાની કડીબદ્ધ કથા આપી છે. આ ઉપરાંત

હલામણ જેઠવાની લોકવાર્તાની લોકભોગ્ય પુસ્તિકાઓ તો કેટલાંય વર્ષથી પ્રગટ થઈ ગઈ છે. ઈ. સ. ૧૯૧૩માં 'સતી સોન ને વીર રાખાયત' અથવા 'ઘૂમલીનું ઘમસાણ' ભા. ૧લો નામની નવલકથા સ્વ. શ્રી. ગોકુળદાસ પુરુષોત્તમ થાનકીએ કલકત્તાથી પ્રગટ કરેલ, જેમાં રાખાયત અને સોનકંસારીનો પ્રસંગ લેવામાં આવ્યો છે, તો मकरध्वजवंशी महीपमाला જુઓ. (પ્રગટ થઈ સવંત ૧૯૭૮માં. તેના લેખક છે, સ્વ. શ્રી. જગજીવન કાલિદાસ પાઠક.) તેમાં ય ઘૂમલીની કથા સાંપડે છે.

ત્યારે આ મહત્તાને પામેલ નગર, ભૌગોલિક દૃષ્ટિએ ક્યાં હતું ?

ભારત તેમજ સૌરાષ્ટ્રની પશ્ચિમ દિશાએ, હાલાર વિભાગના બરડાની તળેટીમાં દ્વારકા જેતલસર રેલવે લાઈનમાં, ભાણવડ સ્ટેશને ઊતરીને ઘૂમલી જવાય છે. મોટરરસ્તો પોરબંદરથી ઉત્તરપૂર્વમાં (ઈશાનખૂણે) સત્તાવીશ માઈલને અંતરે આજે આ નામનું ગામડું આવેલું છે. જામખંભાળિયાથી અઢાર માઈલના અંતરે છે. આભપરા, વેણુ અને કાનમેરા ડુંગરોની બખોલમાં તે નગર પડયું હતું. ઘૂમલી ૨૧'.૫" અક્ષાંશ અને ૬૯'.૫" રેખાંશ પર આવેલું છે. તે કાળમાં ઘૂમલીથી નજીકનું પશ્ચિમમાં જવા માટેનું બંદર 'મઈનલપુર'—મિયાંણી હતું. તો નાગનાનું બંદર ઉત્તરમાં જવા માટે હતું. કૃષ્ણચંદ્રની દ્વારાવતીમાં ત્યાંથી યાત્રીઓ પગવાટે પહોંચતા. આજે પણ ઘૂમલી નગરની જગાએ કોળીઓનાં ને મેઘવાળનાં ચાળીશપચ્ચાશ ખોરડાંઓ ઊભાં છે. ઘૂમલીથી થોડે દૂર ભૃગુકુંડ છે અને તે ગામડાની ચોદિશ અડાબીડ અરણ્ય આવેલું છે. ભાણવડથી ઘૂમલી જતાં માર્ગમાં આવતી યોગી ત્રિકમજી બાપુની વાવથી ઘૂમલી સુધીનો રસ્તો સાવ નિર્જન વન અને ડુંગરોની વચ્ચેથી પસાર થાય છે.

પણ ઘૂમલીના પાદરમાં આવી ઊભા રહીએ છીએ, ત્યારે 'ગઢ ઘૂમલી'નો ખ્યાલ આપતો જર્જરિત ભગ્ન દશાને પામેલ ગઢના શ્યામલા પથ્થરના ઢગો અને ઢોરાઓ જોવા મળે છે. જેતાવાવના સ્તંભો, સ્તરો અને કોઠાઓ નજરને તેની દિશામાં વાળી લે છે. તેની પશ્ચિમ દિશાએ ઊભેલ નવલખાનું મંદિર સૌ કોઈ પ્રવાસીઓનું આકર્ષણકેન્દ્ર છે. આટલું જોતાં જ ઘૂમલી દશમી સદીથી ચૌદમી સદીના ગાળામાં ગુજરાતમાં જે શિલ્પકળા અને સ્થાપત્યકળા વિકસી હતી, તેનો સંપૂર્ણ ખ્યાલ આપી જાય છે. એમ પર્યંત સૌરાષ્ટ્રના શિલ્પ અને સ્થાપત્યની વાત કરતાં સૌ કોઈ સોમનાથ પાટણના મંદિરના શિલ્પસ્થાપત્યની વાત કરે છે, પણ તેનાથી ય પાંચસો વર્ષ જૂનું શિલ્પસ્થાપત્ય ઘૂમલીમાં જડે છે.

અનેક તામ્રપત્રોમાં અને શિલ્પ લેખોમાં એ પ્રાચીન નગરનું નામ ભૂતામ્બલિકા કે ભૂભૃત-પલ્લી કે ભૂતબલિના નામનો ઉલ્લેખ મળે છે. તેમાંથી ભૂમલિકા, ભૂમલી અને ઘૂમલી નામ આવ્યાનો તર્ક ભાષાશાસ્ત્રીઓ કરે છે, પણ આ નામ માટે ગુજરાતના ભાષાશાસ્ત્રી પ્રા. શ્રી. કે. કા. શાસ્ત્રી તા. ૧૭—૭—'૬૪ના પત્રમાં લખે છે: 'भूमली માટે भूभृत्पल्ली—भूताम्बलिका—भूतबलि ત્રણે Sanskritised રૂપો છે. મૂળ તો भूमिपाद्रिका કે भौमिपद्रिकानी શક્યતા છે. અંત ભાગમાં તો पद्रिका > पल्लिओ > ० अल्लआ > ० अली ખરું જ. આ કોઈ શબ્દમાંથી 'ઘૂમલી' ન જ નીકળી શકે. પાછળથી ગમે તે કારણથી આ નવું નામ પ્રચારમાં આવી ગયું છે, સાચું भूमली જ. મને भौमपद्रिका વધારે સંગત લાગે છે: 'ગરાસિયાઓનું રહેઠાણ' એવો મૂળ અર્થ થાય."

તો શ્રીમંત સયાજીરાવ યુનિવર્સિટીના પુરાતત્ત્વવિદ્યાની શાખાના અધ્યક્ષ અને ગુજરાત સ્થળ-નામ સંસદના મંત્રી શ્રી ડૉ. આર. એન. મહેતા માને છે: "ઘૂમલીના કોળીઓ જે શબ્દો વાપરે છે તે 'ભૂમલી' અને 'ભૂભલી' શબ્દો ઘૂમલીનું પ્રાચીન ઉચ્ચારસ્વરૂપ દર્શાવે છે. 'ભ'નું 'ઘ' ઉચ્ચારમાં રૂપાંતર થવાની પ્રક્રિયા અટપટી છે, અને તેનો વધુ અભ્યાસ જરૂરી છે.

'ભૂમલી'નું 'ભૂભલી' સ્વરૂપ દેખાય છે, તેમાં વચ્ચે 'ભૂંભલી' જેવું સ્વરૂપ અપેક્ષિત છે અને પછી ભલી પૃથ્વી એવો અર્થ આપનાર 'ભૂભલી' શબ્દ અહીં વપરાયો હોય એમ બનવા સંભવ છે. કદાચ તમે સાંભળેલા 'ભૂભલી' શબ્દમાં જ અનુનાસિક ઉચ્ચારની સંભાવના રહેલી છે, તેથી આ બાબત ધ્યાનમાં રાખવાની જરૂર છે.

'ભૂભલી'એ ભૂમિલિકા પરથી ઉતરી આવેલો ઉચ્ચાર લાગે છે. ભૂમિલિકાનાં જૂનાં સ્વરૂપો કયાં હશે એ બાબત તમે જણાવ્યા પ્રમાણે ત્રણ વિકલ્પો છે: (૧) ભૂતબલિ, (૨) ભૂભૃતપલ્લી, (૩) ભૂતામ્બલિકા. આ વિકલ્પોમાં પ્રથમ નામમાં અનુનાસિક કે એવા કોઈ બીજા ઉચ્ચાર-સામ્યમાં તકલીફ છે, પરંતુ સાથે સાથે એના પદાંતમાં કોઈ એવો શબ્દ નથી કે જે સ્થળ-વાચક હોય. આવા સ્થળદર્શક શબ્દો સ્થળનામોમાં મોટે ભાગે અસ્તિત્વ ધરાવે છે, અને તેથી આ વિકલ્પ સ્વીકાર્ય લાગતો નથી. ઘૂમલી રાજધાનીનું શહેર હતું એ હકીકત ભૂભૃતપલ્લી શબ્દમાં છે. વળી પલ્લી બહુ નાના ગામનો સૂચક શબ્દ—રાજાનું ગામડું, એવો અર્થ આપે એ વિચિત્રતાની સાથે ઉચ્ચારશાસ્ત્રની મુશીબતો છે.

જ્યારે 'ભૂતામ્બલિકા' શબ્દ ભૂતવાળી આમલી કે એવો અર્થ આપે, જે સ્થળવાચક છે, તેમ જ તેમાંથી ભૂઆમલિયા પરથી > ભૂમલી વ્યુત્પન્ન થવાનો સંભવ વધારે છે. કદાચ ભૂમલીને 'ઈકા' પ્રત્યય લાગીને 'ભૂમિલિકા' શબ્દ બન્યો હોય, કારણ કે ભૂતામ્બલિકામાંથી સીધો ભૂમિલિકા થવામાં બાધક કારણો છે. આથી જો ઘૂમલી નામનાં સ્વરૂપોની હારમાળા બનાવવી હોય તો ભૂતામ્બલિકા > ભૂઆમ્બલિઆ > ભૂઆમલિયા > ભૂમલિઆ > ભૂમલી > ભૂભલી > ઘૂમલી. 'ભ' અને 'ઘ' વચ્ચેનાં સ્વરૂપો વધુ તપાસ માગી લે છે.

ડૉ. હરિવલ્લભ ભાયાણીનો મત છે: भूताम्बिलिका प्रा भूअम्बिलिआ > भूंबली=भूमली થાય. ભૂભૃતપલ્લી ઘડી કાઢેલું છે, તેમ ભૂતબલિ પણ 'ઘૂમલી'નું મૂળ મારા જાણવામાં નથી." આ પરથી સિદ્ધ થાય છે કે भूताम्बिलिका શબ્દમાંથી ભૂમલી કે ભૂભલી નામ આ નગરનું સંભવી શકે. ઘૂમલી કદાચ ચિત્રવિચિત્ર ઉચ્ચારણના કારણે આવ્યું હોય."

મુંબઈ ગેઝેટીઅરના નવમા ગ્રંથના પ્રથમ ભાગમાં ઘૂમલી અંગે નોંધ મળે છે કે ઘૂમલી વસાવનાર છે જેઠવાવંશી રાજા શૈલકુમાર. રાજવી શૈલકુમાર પર मकरध्वजवंशी महीपमालाમાં નોંધ મળે છે. "શીલકુમાર ઘણા પરાક્રમી હોવાથી દિલ્હીપતિ અનંગપાળ તુમારે તેમને પોતાની સહાયે બોલાવ્યા અને તેમની સહાયથી તુમારે પોતાના શત્રુને હરાવ્યા. આ સંગ્રામમાં શીલકુમારનું અદ્‌ભુત પરાક્રમ જોઈને અનંગપાળે પોતાની સ્વરૂપવતી પુત્રીનું શીલકુમાર સાથે લગ્ન કર્યું."

કુમારમાં (જુલાઈ, ૧૯૫૨) લખ્યું છે: "ઈસ્વી સનની પહેલી સદીની આસપાસ ભારતમાં જે ગ્રીક, બેકટ્રિયન, સીથિયન, શક વગેરે પરદેશી જાતિઓનાં ધાડાં ઊતરી આવ્યાં, તે પૈકીના કાશ્મીર તરફથી આવેલા સીથિયનોના વંશજો આ જેઠવાઓ હતા એવું ઇતિહાસવિદોનું

અનુમાન છે. આજ સુધી મળી આવેલાં પ્રાચીન તામ્રપત્રો પરથી જણાય છે કે ઈ. સ. ૭૩૪ થી ઈ. સ. ૯૧૯ સુધી સૈન્ધવ રાજવંશીનું રાજ્ય હતું. તે પછી દશમી સદીમાં તે રાજ્ય જેઠવાઓના હાથમાં આવ્યું...ત્યારે શૈલકુમાર જેવા સમર્થ રાજવીએ કદાચ ઘૂમલી વસાવ્યાનું સાચું માની શકાય. આ સિવાય તેની ચડતીપડતીનો કોઈ ઇતિહાસ મળી આવતો નથી." અર્થાત્ આજે ઘૂમલી વાસ્યાની સાલ નક્કી કરવા માટે કોઈ સમર્થ પુરાવાઓ ઇતિહાસવિદ્ પાસે નથી. ઘૂમલીની સ્થાપના અંગે સ્વ. શ્રી. જ. કા. પાઠકે નોંધ્યું છે: "આ પરાક્રમી અને ચતુર નૃપતિએ દિલ્હીથી પાછા આવી બર્ડા પર્વતનાં ઊંચાં શિખરોની વચ્ચે પોતાની રાજધાની ધુમલી બંધાવી. (ધુમલી શબ્દ भूमलीः भूमृतपल्ली શબ્દ પરથી આવ્યો લાગે છે.) ભાટ લોકો કહે છે કે ધુમલીનો કિલ્લો બંધાવવામાં રાજાએ બર્બર લોકોની ટોળીઓને મજુરીએ લગાડેલ હશે...(द्वाश्रय નામના પુસ્તકમાં એ ભૂતોએ બર્બર જાતિના નામથી વર્ણવેલ છે.) એ બર્બર જાતિ બર્ડા પર્વતની આજુબાજુ રહેતી હતી. એટલે આ વાત વધારે સંભવિત લાગે છે." (मकरध्वजवंशी महीपमाला, पृ. २१). આથી, ઘૂમલી વસ્યા અંગે કેટલાક તર્કો જ કરવાના રહ્યા. તે તર્કો કરવા માટે આટલાં સાધનો અને સામગ્રી આજે મોજૂદ છે: (अ) નવલખાનું મંદિર, તેના ભોંયતળિયાનો સ્થાપત્ય—આલેખ (आ) મૂર્તિઓ (इ) નવલખામાં નરથરમાં કંડારેલી સંસારલીલાને લગતી તકતિયો, (ई) શિલ્પ-સ્થાપત્યમાં વપરાયેલ પત્થરજાત (उ) શિલાલેખો, તામ્રપત્રો ઇત્યાદિ.

અને જે કાંઈ પુરાવાઓ આજે પ્રાપ્ય છે, તેમાંથી આટલું તારવી શકાય. મૂળરાજ સોલંકીએ રુદ્રમાળ બંધાવવો શરૂ કર્યો ત્યારથી ગુજરાતમાં શિલ્પનો નવો યુગ શરૂ થયો, એમ કહેવામાં કાંઈ સત્યદોષ કે હકીકતદોષ થતો નથી. રુદ્રમાળનાં રહ્યાંસહ્યાં અવશેષોનાં નિરીક્ષણ અને અભ્યાસ પછી લાગે છે કે સોલંકીયુગ ગુજરાતમાં શિલ્પ અને સ્થાપત્યયુગ બનવા પામ્યો છે, અને મૂળરાજ સોલંકીની આ સિદ્ધિએ રાજવીની કીર્તિને ચોદિશ પ્રસરાવી અને તેથી એ યુગનું શિલ્પ અને સ્થાપત્ય અન્ય કાજે આદર્શરૂપ બન્યું. 'નવલખાનું મંદિર, જેતાવાવ, ઘૂમલીમાં રામપોળના દરવાજાની કમાન ઇત્યાદિ તે યુગના ઉત્તમ શિલ્પાવશેષ છે. સાઠેક વર્ષ પહેલાં બર્જેસે પણ 'એન્ટીક્વિટીઝ ઑફ કાઠિયાવાડ'માં આની નોંધ કરી છે. વળી ઘૂમલીના શિલ્પમાં બધો જ રેતિયો પત્થર—Sand Stone, વપરાયો છે. હજુ આરસનો વાપર શરૂ થયો હોય તેવું અહીં દેખાતું નથી. આથી ઘૂમલીની સ્થાપનાને દશમી સદીમાં મૂકવા માટે કોઈ પણ ઇતિહાસવિદ, આ સામગ્રીઓના કારણે, સહેજે લલચાય. આથી કહી શકાય કે ઘૂમલી દશમી સદીની આસપાસમાં વસ્યું હોય.

ભાટચારણોના ચોપડા અને વહીવંચાઓની ઉક્તિઓ કથે છે કે ઘૂમલી સાતમી સદીમાં વસ્યું હતું પણ આ કથન ઐતિહાસિક સત્યથી વેગળું છે. महीपध्वजवंशी महीपमालाના લેખક સ્વ. શ્રી. જ. કા. પાઠક માને છે કે જેઠવાઓ હનુમાનજીમાંથી આવ્યા. તેમના પુત્ર મકરધ્વજ આ જેઠવાઓના આદિપુરુષ છે. (આજના જેઠવા રાજવીઓનું રાજ્યચિહ્ન હનુમાનજીનું છે.) મકરધ્વજ પછી અઢારમી પેઢીએ શૈલકુમાર થયા. જો મકરધ્વજ પહેલા શતકમાં થયા હોય તો શૈલકુમારે આ નગર દશમી સદીની આજુબાજુમાં વસાવ્યાનું સિદ્ધ કઈ રીતે કરી શકાય? પણ મકરધ્વજના જીવનકાળ પર સવિશેષ સંશોધન માગી લે છે. સ્વ. શ્રી. જ. કા. પાઠકે સૈંધ્રવ વંશનો ઉલ્લેખ તેમના પુસ્તકમાં (म. म.) ક્યાંય કર્યો નથી. તેથી સૈંધ્રવો અંગેનું સંશોધન તાજેતરનું લાગે છે.

સૌંધ્રવવંશ ગુજરાતમાં એક કાળે હતો. તેના અવશેષો ખંભાત અને કાવી બંદર પાસે આજે મળે છે. ધૂવારણના રજપૂતો સેંધા રજપૂતો છે. તેમણે ભૂતકાળમાં તેમની વસાહત ત્યાં વસાવી હતી. '૪૭ પહેલાં કાવીની બાજુમાં અને ધૂવારણની સામે આવેલ સારોદના સેંધા ઠાકોરની ત્યાં રિસાયત હતી અને તેમનો રાજ્યવિસ્તાર ખંભાતના પાદર સુધી હતો. આ સેંધા રજપૂતો તે સૈંધ્રવો ખરા? ખંભાતના અખાતના મુખ આગળ વસાહત કરનાર સેંધાઓનાં આજે ય ગામો છે. કલમસર, ખડોધી, કઠાણા, ધૂવારણ, સેંધાપર; ખંભાત અને ધૂવારણ વચ્ચેનાં ગામો સેંધા રજપૂતનાં છે, તો સામા કાંઠે સારોદમાં તેમની રાજધાની છે. આ પગેરું કાઢવામાં આવે, તો સૈંધ્રવ વંશ માટેનો વિશેષ ઇતિહાસ પ્રકાશમાં આવે.

તો પછી મકરધ્વજથી શરૂ થયેલ જેઠવા વંશના રાજવીઓ ક્યાંથી ક્યારે ઘૂમલીમાં આવ્યા તે વિષય પણ વિશેષ સંશોધનનો વિષય બને, અને તો જ ઘૂમલીની સ્થાપના પરત્વેનો સાચો ઇતિહાસ રચી શકાય.

આથી, ઘૂમલી ક્યારે વસ્યું હશે, એવો પ્રશ્ન વારંવાર જન્મે તે સ્વાભાવિક છે. 'પોરબંદર રાજડિરેક્ટરી'ના કથ્યા પ્રમાણે જેઠવાઓ દશમી સદીમાં સૌરાષ્ટ્રમાં આવ્યા. તેમનો પ્રથમ રાજવી મયૂરધ્વજ તેણે આજનું મોરબી વસાવ્યું. ત્યારપછી તે રાજવંશમાં લગભગ સો રાજાઓ થઈ ગયા છે, પોરબંદર સંસ્થાનના આજના રાજવી શ્રી. નટવરસિંહજી સમેત. મયૂરધ્વજ પછી લગભગ હજાર વર્ષના ગાળામાં સો રાજવી. આથી દરેક રાજવીએ દશ દશ વર્ષ રાજ્ય કર્યું તેમ ફાળવી શકાય. તે ગણતરીએ મયૂરધ્વજ પછી અઢારમી પેઢીએ શૈલકુમાર થયા. અર્થાત્ મયૂરધ્વજ પછી લગભગ ૧૫૦ વર્ષે શૈલકુમાર જેઠવા વંશની ગાદી એ આવ્યા. જેઠવાઓએ ઈ. સ. ૯૧૯માં સૈંધ્રવો પાસેથી આ પ્રદેશનો કબજો લીધો. આથી આ ગણતરીએ ઈ. સ. ૧૦૭૦ની આસપાસમાં આ નગર કદાચ વસાવવામાં આવ્યું હોય. આ માત્ર અનુમાન છે.

પરંતુ આ અનુમાનને પુષ્ટ કરનાર પુરાવો મળે છે. કર્નલ ટોડે 'રાજસ્થાનનો ઇતિહાસ–ગ્રંથ ૧લો'માં તંવર વંશ પર (પૃ. ૬૫૫) નોંધ આપી છે. તેમાં જનરલ કનિંગ્હામે પોતાના 'આર્કિયોલોજીકલ સર્વે ઑફ ઈન્ડિયા'માં વંશાવલી આપી છે, તેમાં તંવરવંશનો ઉલ્લેખ છે. તે વંશના સોળમા રાજા તરીકે અનંગપાલ બીજો ઈ. સ. ૧૦૫૧માં ગાદી પર બેઠાનો ઉલ્લેખ છે. તેના પછી વિજયપાળ ઈ. સ. ૧૦૮૧માં ગાદી પર આવ્યો. અનંગપાળના બોલાવ્યા શૈલકુમાર જેઠવા દિલ્હી ગયા હતા અને દિલ્હીથી પાછા ફરીને શૈલકુમારે ઘૂમલી વસાવ્યું, તેવો ઉલ્લેખ મળે છે. આથી ઘૂમલીની સ્થાપના માટે જે અનુમાન કર્યું છે તે સત્યની વધુ નજીક હોવાની પૂરેપૂરી સંભાવના છે. અર્થાત્ શૈલકુમારે ઘૂમલી ઈ. સ. ૧૦૭૦ની આસપાસ વસાવ્યાનું અનુમાન જરૂર સ્વીકારી શકાય.

ઘૂમલીના, આથીય, વિશેષ સંશોધનના માટે તે સ્થળે રાજ્ય કે કેન્દ્ર સરકારે ખોદકામ કરાવવું જરૂરી છે. પ્રા. શ્રી. રસિકલાલ છો. પરીખે 'ગુજરાતની રાજધાનીઓ'માં પણ સરકાર પાસે આ પ્રકારનું સૂચન મૂક્યું છે. જો ઘૂમલીના પાદર, સીમ અને સીમાડા પર ખોદકામ થાય તો ઘૂમલીનો વિસ્તાર મળી આવે અને તે યુગમાં તો નગર વસાવવા માટે દેવાજ્ઞાઓ હતી. 'માનસાર'માં તે અંગે પૂર્ણ માહિતી પડી છે ને તે પરથી ઘૂમલી માટેનો ખ્યાલ સરળતાથી આવી જાય. તેમાંથી

તેની જનસંખ્યાનો આંક પણ તારવી શકાય. બાકી આજે તો ઘૂમલી માટે ખરાંખોટાં અનુમાનો કરવામાં આવે છે. સ્વ. શ્રી. જ. કા. પાઠકે ઘૂમલી માટે કવિતાભર્યાં અનુમાનો તારવ્યાં છેઃ 'જેઠવા ભૂપતિઓનું એ પુરાણું, મશહૂર વૈભવપૂર્ણ નગર બર્ડા પર્વતના ઈશાન કોણના છેડા ઉપર આવેલી એક ખીણમાં વસેલું હતું. તેની ઉત્તરમાં આવેલી બગાધાર અને કાતરધારની ટેકરીઓ અને દક્ષિણમાં આવેલા આભપરાનાં શ્યામરંગી શૃંગો શત્રુઓને અટકાવવા સદા તત્પર રહેતાં. ઘૂમલીની ચારે બાજુ કાળા પથ્થરની મોટી દીવાલ હતી, જેની શેષ નિશાની અત્યારે પૂર્વ તરફ રહેલી એક અર્ધ ચંદ્રાકાર દીવાલ આપે છે. કિલ્લામાં સ્થળે સ્થળે દારૂગોળા ભરી રાખવાના ઉંચા ઉંચા કોઠા અને બુરજો હતા, જેની ઝાંખી ઝાંખી નિશાની હજુ પણ ત્યાં જોઈ શકાય છે. શહેરના મધ્ય ભાગમાં વિશાળ રાજગઢ શોભતો હતો, જેના એક ભાગમાં સુશોભિત રાજમંદિર હતું. તેમાં રાજવંશી સ્ત્રીપુરુષોને રહેવાના, સૂવાના, આરામ લેવાના અને નાવાના અનેક ઓરડાઓ હતા. કોઈ કોઈ સ્થળે નાવાના હોજો પણ હતા. વળી એક રાજમંદિરનું નકશીકામ મોહક હતું. રાજમંદિર સામે સુંદર બગીચો હતો, અને તે સૌ ફરતો નાનો ગઢ હતો. એના દ્વારમાં હાથમાં હથિયારો લઈ સિપાહીઓ રાતદહાડો પહેરો ભર્યા કરતા. રાજમંદિરની નજીક પ્રધાનમંદિર, ન્યાયમંદિર, લક્ષ્મી-મંદિર વગેરે મકાનો હતાં. તેમાં પ્રધાનો, ન્યાયાધિકારીઓ અને ટ્રેઝરરો બેસતા; વળી સામેના ભાગમાં હાથી, ઘોડા બાંધવાની ગજશાળાઓ અને હયશાળાઓ હતી ત્યાં હાથીઓ ઝૂલી રહેતા અને અશ્વો હણહણ્યા કરતા. રાજગઢની ચારે બાજુએ સરિયામ રાજમાર્ગો હતા ને ત્યારપછી ચારે બાજુ જુદી જુદી પોળો અને ચૌટાં હતાં, જેમાં ઘણાં ધનવંત કુટુમ્બો રાજ્યનાં આશ્રિત કુટુંબો નિવાસ કરતાં. આ શહેરની વિશાળતાનો ખ્યાલ આટલા ઉપરથી જ આવશે કે 'રામાપોળ' નામની એક પોળમાં ૫૦૦ ઘરો તો માત્ર તંબોળીનાં હતા, વળી ત્યાં ૩૦૦ તો માત્ર પાણી ભરવાના કૂવા જ હતા! (હજુ પણ ઘૂમલીના ખંડિયેરમાં ખોદકામ કરતાં સ્થળે સ્થળે એ કૂવાઓનું ઉત્તમ બાંધકામ મળી આવે છે, ને કેટલાક કૂવાઓ તો હજુ ઉઘાડા મોઢાના હોવાના લીધે ઘૂમલી જોવા જનારને તેમાં ગબડી ન પડવાની સાવધાની રાખવાની ફરજ પાડે છે.) વળી આ સિવાય અનેક તબકાવાળી ઊતરવાચડવાના અનેક રસ્તાવાળી અને અદ્ભુત બાંધણીવાળી ત્યાં 'જેતાવાવ' નામે આશ્ચર્યજનક વાવ હતી, એ તો જુદી જ! તાત્પર્ય કે 'આ' ઘૂમલીનો 'ગઢ' ઘણો ભવ્ય, ઘણો સુંદર અને આબાદ હતો. વળી એ સફેદ ગઢની આસપાસ બર્ડા પર્વતની લીલી કંચન જેવી વનસ્પતિનાં વન ને વન આવી રહેલાં હોવાથી પોપટના ટોળામાં બેઠેલો રાજહંસ જેવો એ ગઢ શોભતો હતો.' (**मकरध्वजवंशी महीपमाला**, પૃ. ૪૩, ૪૪ ને ૪૫.)

આમ, સ્વ. શ્રી. જ. કા. પાઠકે કરેલ ઘૂમલીનું વર્ણન ડૉ. શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીની ઐતિહાસિક નવલકથામાં આવતાં રોમાંચક અને વૈભવપૂર્ણ નગરનાં કાવ્યાત્મક વર્ણન જેવું લાગે છે, પણ આમાં ઘૂમલીની સ્થાપના માટેની કિંવદન્તી મળે છે, તે તપાસવા જેવી પણ ખરી. શૈલકુમાર બર્બરકજિષ્ણુ ખરો ? આ બર્બરકો કોણ ? ઘૂમલીમાં આજે શ્યામલા વર્ણવાળા વસતા કોળીઓ ? તેણે બાબરિયાને કયારે જીત્યા ? તેના કોઈ ઐતિહાસિક પુરાવાઓ મળે છે ? અને તેમની પાસે ઘૂમલીનો ગઢ બંધાવ્યો હતો ખરો ? ઘૂમલીમાંના નવલખા માટે આજે ત્યાંના કોળીઓ કહે છે કે નવ લાખ માનવીઓએ મળીને આ મંદિર બાંધ્યું અને માટે આ નવલખો કહેવાયો. આ બધી કિંવદન્તીઓને સત્ય ઠેરવવા માટે અને ઐતિહાસિક પુરાવાની મહોર મારવા માટે પણ ઘૂમલીના

ખોદકામની જરૂર છે, જેથી કદાચ અપ્રાપ્ય એવા કોઈ શિલાલેખ, તામ્રપત્રો, સિક્કાઓ આદિ સાંપડે તો તેમાંથી ઘૂમલી પર સવિશેષ આધારભૂત કહી શકાય તેવી ઐતિહાસિક સામગ્રી સાંપડે.

'માનસર'ના આધારે કહી શકાય કે ઘૂમલી ખર્પર પ્રકારનું રાજધાનીવાળું નગર હોવું જોઈએ, કેમકે તેવા નગરની આજુબાજુ ડુંગરા હોય અને સારા ચરા હોય; જુદીજુદી જાતિઓના ઘરથી પ્રયુક્ત હોય. 'બગાધાર, સોનકંસારીનો ડુંગરો, આશાપરીની ડુંગરી, આભપરો; તેમ જ કાનમેર ને વેણુ ડુંગરાઓની ડુંગરમાળાથી રચાયેલી ત્રિકોણાકારમાં ખાણમાં ઘૂમલી વસ્યું છે. તેની અડખેપડખે ભરવાડના અનેક નેસડાઓ આજે ય છે. ઘૂમલીની પશ્ચિમે આવેલ સોનકંસારીના ડુંગરામાંના તળાવના કાંઠા પર આજે ય ભરવાડોના નેસડાઓ છે. આભપરા પરના જાણીતાં તળાવો તે કાળુભાર, કચોળિયું અને ભૂજેલું. તેના કાંઠા પર નેસડાઓ છે. તો આ બધા પુરાવા પરથી કહી શકાય કે તે ખર્પર પ્રકારનું નગર હોવું જોઈએ.

ઘૂમલીમાં આજે ય જેઠવા પ્રતાપી રાજવીઓના પ્રતાપ પ્રગટ કરતી કૃતિઓમાં ત્રણ કૃતિઓ મોજૂદ છે તેમાં પ્રથમ લેખી શકાય, (૧) નવલખો, (૨) જેતાવાવ, (૩) રામા પોળનો દરવાજો. જો કે નવલખાની પાછળ ખંડેર હાલતમાં બે મંદિરોનાં ખંડેરો ઊભાં છે, જે આઠમી સદીના હોય તેવું લાગે છે. મંદિરની માંડણી દક્ષિણ હિંદના મંદિરની છે, જેથી દક્ષિણમાંથી આવેલ સૈંધ્રવ વંશના રાજપૂતોના અસ્તિત્વને સ્વીકારી શકાય ને તેમનાં મંદિરોને તોડીને જેઠવાઓએ કદાચ ઘૂમલીના નવલખાનું મંદિર બંધાવ્યું હોય. મધ્યકાલીન ગૂજરાત-સૌરાષ્ટ્રમાં આ તો પરંપરા અને પ્રણાલિકા હતી.

નવલખાના મંદિરનું સ્થાપત્ય સોમનાથના મંદિરના સ્થાપત્યનું સ્મરણ કરાવે છે. નવલખાનું મંદિર વિશાળ અને ભવ્ય છે. આ મંદિર નવ લાખ રૂપિયાથી, નવ લાખ મૂર્તિઓ અને થાંભલાઓ નવ લાખ મજૂરોએ બાંધ્યા, તેવી લોકોક્તિ આજે ય પ્રચલિત છે અને માટે તે નવલખો કહેવાયો. જરૂર આમાં અતિશયોકિત છે પણ એ કથનમાં નવલખાની મોટાઈ, વિશાળતા અને ભવ્યતાનો ખ્યાલ ત્યાંના લોક આપી દે છે.

નવલખાના શિલ્પ કે સ્થાપત્યમાં, વિશેષ કશું ય આમ તો ન દેખાય, પણ સૂક્ષ્મ નજરે જોઈએ તો તેમાં વિશેષ ઘણું છે. સ્વ. શ્રી. બર્જેસ, સ્વ. શ્રી. એચ. કઝીન્સ અને ડૉ. સાંકળિયાએ પુરાતત્ત્વ અંગેના તેમના ગ્રંથોમાં ઘૂમલીના નવલખાના શિલ્પ અને સ્થાપત્ય અંગેની ઘણી સૂક્ષ્મ વિગતો આપી પણ દીધી છે. છતાં ય આ મંદિરના ગવાક્ષો (લોકજીભે તે હૈયાચડીઓ ચડી ગયેલ છે.) નીચેની 'પેનલો'નું શિલ્પ ઝીણી નકશીવાળું અને સંસારચિત્રોથી ભર્યું છે. જે ત્રણ થરો મંદિરના કંદોરાસ્થાને જોવા મળે છે, તેમાં મકરમુખો, તે પર ગજથર અને ગજથર પર નરથર છે, તેમાં ગજથરમાંના હસ્તીઓ સવિશેષ જીવંત ભાસે છે અને નરથરમાં સંસારનાં અનેક સંસારચિત્રો કંડાર્યાં છે, તેમાં રાજરાણી પાલખીમાં બેસીને દેવમંદિરે જાય તે તે ચિત્રનું શિલ્પ સૂક્ષ્મ, જીવંત, રોમાંચક, હૂબહુ અને અદ્દભુત છે. તેની આગળ નર્તકોની 'પેનલ' છે, તે ય તેટલી સજીવ કૃતિ છે. આ કૃતિઓ મંદિરના દક્ષિણ પડખે છે, તે જ દિશામાં અપ્સરાઓ, કિન્નરો, ઋષિઓ આદિ તો ખડા પગે ઊભા છે પણ તે સૌ મૂર્તિઓમાં અદ્દભુત અને અદ્વિતીય છે બ્રહ્માની મૂર્તિ. સૌમ્ય મુખાકૃતિવાળા બ્રહ્મા લલિતાસન વાળી બેઠા છે, અને તેમની જમણી જાંઘ પર બ્રહ્માણી બેઠા છે.

આ પ્રકારની બ્રહ્માબ્રહ્માણીની મૂર્તિ ગુજરાતમાં જવલ્લે જ જડે છે. તે મૂર્તિનું લાલિત્ય, સુકોમળ ભાવોનું આલેખન આકર્ષક અને સૂક્ષ્મ કલાત્મક છે. તેમના પગમાં હંસ ઊભો છે, જેની ડોક તૂટી ગઈ છે. તો બીજી અદ્ભુત મૂર્તિ શિવની છે. શિવ તાંડવ નૃત્ય કરી રહ્યા છે, દૂરથી ઉમા શિવને નિરખે છે અને વૃષભ માથે પૂછડું લઈને ડોક પાછળ કરી શિવના તાંડવને ભયભીત નજરે નિરખતો છતાં ય દોડી જતો કંડાર્યો છે. શિવના તાંડવમાં અંગભંગીના શિલ્પમાં શિલ્પીએ ઉત્તમ પ્રકારનું કૌશલ્ય બતાવ્યું છે, પણ વૃષભના મોંભાવને આલેખવામાં શિલ્પીએ તેની કલાશક્તિનું માપ કાઢી બતાવ્યું છે. આ ઉપરાંત ગૌમુખી આગળનું ગજદ્દંતની મૂર્તિ પણ આકર્ષક છે. જેતાવાવમાંના સ્તબકો અને સ્તંભો છે તેમાં કાંઈ વિશેષ નાવીન્ય નથી. રામાપોળના દરવાજામાં ચૌલુક્યોના શિલ્પમાં જડે છે તેવું તોરણ જડે છે, પણ નવલખાને નિરખીને જોઈએ તો તેમાં સવિશેષ જડે છે.

પણ શિલ્પસ્થાપત્યપૂર્ણ મંદિરો, વાવો, દરવાજા, અને ગઢવાળું આવું ભવ્ય નગર ક્યારે કાળના મોંમાં ઝડપાઈ ગયું ? **मकरध्वजवंशी महीपमालामां** તેમ જ લોકસાહિત્યના ગ્રંથોમાં નોંધ મળે છે કે: મેહ અને સોનના અભિશાપના કારણે ઘૂમલીનો નાશ થયો.

મેહે અભિશાપ દેતાં કહ્યું :

"ઘૂમલીનાં ઘુમ્મટ, સઘળાં સળગી જશે;
(પણ) કળકળ પડશે કાગ, તો પાદર થાશે ઘૂમલી !"

સોનનો અભિશાપ છે :

"ઉજડ હોજો આવાસ, ચારે છેલાવાડ તણા;
સતીઓ કરે શ્રાપ, વાસો કોઈ વસસો નહીં"

ઘૂમલીના નાશનું મુખ્ય કારણ તો આ બે અભિશાપો છે, એવી લોકકિંવદન્તી આજે ઘૂમલીમાં અને આખા ય સોરઠમાં પ્રવર્તે છે, પણ ઈતિહાસકારોએ નોંધ્યું છે કે ઈ. સ. ૧૩૦૯માં જામ ઉનડે ઘૂમલીને ઘેરો ઘાલ્યો ને બામણોજીએ ઈ. સ. ૧૩૧૩માં આ નગરનો વિનાશ કર્યો. શ્રી. શિવપ્રસાદ દેસાઈએ લખ્યું છે કે "ઉનડજીએ ઈ. સ. ૧૩૦૯માં એક પ્રબળ સૈન્ય લઈને ઘૂમલી પર ચડાઈ કરી. ભાણ જેઠવાએ ભયંકર યુદ્ધ કર્યું અને ઉનડજીનો પરાજય કર્યો. પરાજયના આઘાતથી ઉનડજી ગુજરી ગયો. તેથી તેનો પુત્ર બામણિઓજી ઈ. સ. ૧૩૧૩માં ચડી આવ્યો. ઘૂમલી ઉપર બાર માસ ઘેરો રહ્યો. અનાજ ખૂટયું અને જેઠવા કેશરિયાં કરી શત્રુઓ ઉપર તૂટી પડયા; પણ પરિણામ વિરુદ્ધ આવ્યું. ભાણ જેઠવાને જીવ લઈને નાસવું પડયું. જામે ઘૂમલી લૂંટયું અને તેનો ગઢ તોડી પાડી ઉજ્જડ કરી તે સ્વદેશ ગયો." આમ, બામણિયોજીના હાથે ઘૂમલીના ગઢનો પ્રથમવાર નાશ થયો, પણ જ્યારે દિલ્હીના તઘલખવંશના બાદશાહની સત્તા ગુજરાત પર સ્થિર થવા લાગી, ત્યારે જૂનાગઢના તેના મુસ્લિમ સૂબાએ રાહ મોકળસિંહને ઘૂમલીનો નાશ કરવા માટે ઘૂમલી પર મોકલ્યાનું ઇતિહાસે નોંધ્યું છે. "મુસ્લિમ નીતિ હિન્દુ રાજાઓને પરસ્પર લડાવી નબળા પાડવાની હતી. તે અનુસાર રાહને મુસ્લિમ સૈન્યો સાથે ઘૂમલી ઉપર લડાઈ લઈ જવા આજ્ઞા થઈ. સંયુક્ત સૈન્યો સૌરાષ્ટ્રના આ પુરાતન શહેર પર ચડયાં અને નાશ પામી ચૂકેલા આ સ્થાનનો સર્વનાશ કરી જેઠવાના સમુદ્રકાંઠાનાં થાણાંઓ જીતી લીધાં."[1] આ લશ્કરોને ખાળવા

---

૧. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શ્રી. શંભુપ્રસાદ હ. દેસાઈ, પૃ. ૧૯૭.

માટે રાણાવાવના પાદરમાં રાણા સિંહના પુત્ર ભાણ જેઠવાના રાજ્યમાં રાણા લાખાનો પુત્ર રાણો રાઉલ મરાયો. આ યુદ્ધ થયું સં. ૧૪૪૦ના અશ્વિન સુદિ ૧૦ને સોમવારે.[૧]

આમ, ઘૂમલીનો પૂર્ણ નાશ બબ્બે ચઢાઈઓના અંતે થયો છે, અને છતાં ય એ પ્રતાપી નગરના જ અવશેષો છે, તે જોતાં લોકકવિએ ગાયું :

ગઢ ઘૂમલીની બજારમાં.......ઢળકતી આવે ઢેલ્ય !

આજે ય ગઢ ઘૂમલીની ઉજ્જડ બજારમાં ઢળકતી ચાલે આવતી ઢેલ્ય અફસોસ સાથે બહેકતી સંભળાય છે, પેલી ભૂતકાલીન ભવ્યતાને ડગલે ને પગલે સ્મરીને.

સંદર્ભગ્રંથો

૧. मकरध्वजवंशी महीपमाला—લેખક : સ્વ. શ્રી. જ. કા. પાઠક.

૨. સોરઠી ગીતકથાઓ—લેખક : સ્વ. શ્રી. ઝવેરચંદ મેઘાણી.

૩. ઘૂમલીનું ધમસાણ—લેખક : સ્વ. શ્રી. ગોકુલદાસ પુરુષોત્તમ થાનકી.

૪. પોરબંદર રાજ્ય ડીરેક્ટરી, ભા. ૧.

૫. ટોડનો રાજસ્થાનનો ઇતિહાસ, ભા. ૧—લેખક: કર્નલ ટોડ.

૬. ગુજરાતની રાજધાનીઓ—લેખક : શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખ.

૭. સૌરાષ્ટ્રનો ઈતિહાસ—લેખક : શ્રી. શિવપ્રસાદ હ. દેસાઈ.

૮. અનુશીલન—લેખક શ્રી. કે. કા. શાસ્ત્રી.

૯. The History of Kathiawad—By Capt. H. W. Bell.

૧૦. Archaeology of Gujarat—By Dr. H. D. Sankalia.

૧૧. Somnath and other Mediaeval Temples in Kāṭhiāwād,—By Dr. H. Cousins.

---

૧. અનુશીલન, લેખક : શ્રી. કે. કા. શાસ્ત્રી, પૃ. ૨૬૭-૨૬૮.

ગુલબદન બેગમ અને હુમાયુનામા

એમ. એફ. લોખંડવાલા

મોગલ સમ્રાટો સભ્ય, સુશિક્ષિત, અને સંસ્કારી હતા. તેઓ કલાપ્રેમી, વિદ્યોત્તેજક અને સ્થાપત્યના શોખીન હતા. તીમૂરથી લઈ અંતિમ સમ્રાટ બહાદુરશાહ સુધીના મોગલ સમ્રાટો તેમના અમુક વિશિષ્ટ ગુણોને લીધે નામાંકિત છે. તીમૂરને સ્થાપત્યનો ઘણો શોખ હતો. પાટનગર સમરકન્દ શહેરને સુશોભિત અને સુંદર બનાવવા, તેણે પોતાના સામ્રાજ્યના ખૂણેખૂણેથી શિલ્પીઓ, કડિયાઓ અને કારીગરોને બોલાવી ત્યાં જ વસવાટ કરાવ્યો હતો. બાબર મહાન સાહિત્યકાર હતો. તેણે તુર્કી ભાષામાં પોતાની આત્મકથા લખી છે. દરેકે દરેક ઇતિહાસકાર તેની આત્મકથાનાં વખાણ કરે છે. જે સંજોગોમાં બાબરે આ પુસ્તક લખ્યું તેનો વિચાર કરીએ છીએ ત્યારે સ્વાભાવિક રીતે આપણને બાબર માટે બહુ જ માન ઉપજે છે, અને આ આશ્ચર્યજનક પુસ્તક આપણી પ્રશંસાનું પાત્ર બને છે. આ પુસ્તકમાં આ મહાન સમ્રાટના જીવનનો વિગતવાર અહેવાલ છે. તેમાં કોઈ પણ પ્રકારની કૃત્રિમતા નથી. તે પોતાના વિચાર, અભિપ્રાય અને લાગણીઓને નિખાલસ મનથી અને શુદ્ધ હૃદયથી દર્શાવે છે. તેની શૈલી સાદી, સરળ, સચોટ અને પ્રસન્નગંભીર છે. તે પોતાના દેશબંધુઓ અને સમકાલીન વ્યક્તિઓનાં—દેખાવમાં, રીતભાતમાં, રહેણીકરણીમાં, પ્રવૃત્તિઓમાં અને કાર્યોમાં અરીસા જેમ સાફ રીતે દર્શન કરાવે છે. જેને આપણે ખરી રીતે ઐતિહાસિક પુસ્તક કહી શકીએ તેવો આ મહાગ્રન્થ છે, કારણ કે બીજા ઈતિહાસકારો, સામાન્ય રીતે, રાજા મહારાજાઓના ઉત્સવ અને પરાક્રમોનાં ભભકાદાર વર્ણન આપે છે; પરંતુ તેમનાં જીવનચરિત્ર તેમ જ રહેણીકરણી, ટેવકુટેવ, ગુણદોષ અને રીતભાત વિષે કશું લખતા નથી. બાબરે દરેક વ્યક્તિની શારીરિક આકૃતિ, વેશભૂષા, રસિકતા, ગુણદોષ અને રીતભાતનું એવું સવિસ્તર અને વાસ્તવિક વર્ણન આપેલું છે કે આપણને એમ જ લાગે કે, તેઓ આપણી સાથે છે, આપણે તેમના ગાઢ પરિચયમાં છીએ અને આપણે તેમની સાથે જ રહીએ છીએ, તેમ જ તેમના વ્યક્તિત્વ અને ચારિત્ર્યથી આપણે અજાણ નથી. જે જે પ્રદેશની તેણે મુલાકાત લીધી તે તે પ્રદેશનું વર્ણન, સૌંદર્ય, સૃષ્ટિશોભા, આબોહવા, ઉત્પાદન, કલાકારીગરી અને ઉદ્યોગો વિષે આપણને સંપૂર્ણ અને સાચું જ્ઞાન મળે છે.

આ પુસ્તક ખરેખર અસાધારણ રીતે, ખુલ્લા દિલથી, નિખાલસતાથી અને અનુભવો પરથી લખાયેલું છે. તે ખાનગી જીવનનોંધોની રોજનીશી સમાન છે. કોઈ પણ રાજાએ આ રીતે પોતાના જીવનના બનાવો, પ્રસંગો, સારી અને નરસી ટેવો વગેરેનો જાહેરમાં એકરાર કર્યો નથી. જે મહાન ઐતિહાસિક બનાવોમાં તેણે ભાગ ભજવ્યો છે તે વિષે તે જરા પણ સંકોચ વિના લખે છે. નજીવી બાબતો પણ લખવામાં તે ચૂકતો નથી. તે લખે છે કે પ્રથમ વાર ઈ. સ. ૧૫૦૩-૪માં ત્રેવીસ વરસની વયે મેં દાઢી મુંડી; પ્રથમ વાર હિરાત શહેરમાં મને દારૂ પીવા માટે કેવી રીતે ફોસલાવવામાં આવ્યો અને મેં ક્યારે તુર્કી ભાષામાં કવિતા લખવાની શરૂ કરી; તે આયશા

સુલતાના બેગમ સાથે લગ્નગ્રંથીથી જોડાયા પછીના દુઃખી લગ્નજીવનનું વર્ણન કરે છે તેમ જ બાબુરી નામની તેની પ્રિયતમા માટેના અતિશય પ્રેમનો ઉલ્લેખ કરે છે. મદિરા મહેફીલો, દ્રાક્ષન શરાબનો શોખ અને વધારે પડતો દારૂ પીવાથી શી અસર થાય છે તે જાણવા માટે તે વધારે દારૂ પી લેતો, એ પણ તેણે નિખાલસ મને લખ્યું છે. ભૌગોલિક નિરીક્ષણ, મધ્ય એશિયા તેમજ ભારતનાં પ્રાણી અને વનસ્પતિ વિષે તે રસપૂર્વક નોંધ લે છે. પોતાના રાજવી સગાંવહાલાં અને નામાંકિત વ્યક્તિઓનાં ચારિત્ર્યનું વર્ણન અને તેમની વિચિત્ર ખાસિયતનું વર્ણન તેણે આબેહૂબ રીતે આપેલું છે.

બાબરના પુત્ર હુમાયુનું જીવન યુદ્ધમાં વીતી ગયું પરંતુ તેનો સુપુત્ર મહાન અકબર સાહિત્ય-રસિક, વિદ્યાપ્રેમી, કલાનો ઉત્તેજક, સ્થાપત્યનો શોખીન અને નવીનતા ઘેલો હતો. તે જાતે અભણ અને અશિક્ષિત હતો છતાં પણ તે મહાન વિદ્વાનો સાથે ચર્ચા કરતો હતો. તેના સ્થાપત્યપ્રેમનાં સંસ્મરણો ફતેહપુરસીક્રી અને આગ્રામાં છે. જહાંગીર વિલાસી અને મોજીલા સ્વભાવનો હતો, પરંતુ તે સાહિત્યકાર, ઝવેરાતનો પારેખ, પ્રાણીશાસ્ત્રી અને વનસ્પતિશાસ્ત્રી હતો તેમ જ સાહિત્યિક ટીકામાં નિપુણ હતો. આગ્રા અને દિલ્હીના કિલ્લા, મહેલ, મસ્જિદો, તાજમહાલ જ્યાં સુધી કાયમ છે ત્યાં સુધી શાહજહાં પણ અમર છે. ઔરંગઝેબ ઇસ્લામ ધર્મનો મહાન વિદ્વાન હતો અને "ફતાવા એ આલમગીરી" નામનું ધાર્મિક પુસ્તક એ એનો પુરાવો છે. અંતિમ શહેનશાહ બહાદુરશાહ ઉર્દુકાવ્યનો સમ્રાટ છે.

મોગલ શહેનશાહો ઉપરાંત, તેમનાં કુટુંબની બેગમોએ પણ અમુક બાબતોમાં નામના મેળવી છે. એ બેગમોમાંની એક બેગમ આપણા લેખનો વિષય છે. ગુલબદન બેગમ એ બાબરની બેટી, હુમાયુની બહેન અને શહેનશાહ અકબરની ફોઈબા હતી. તેણીએ બાબર હુમાયુના જીવન-વૃત્તાંતનું એક પુસ્તક ફારસીમાં લખ્યું અને તેનું નામ "હુમાયુનામા" છે.

એ આશ્ચર્યની વાત છે કે એશઆરામ અને અમનચમનના વાતાવરણમાં ઊછરેલી મોગલ ખાનદાનની એક બેગમ ઇતિહાસ લખવાની ફરજ અને જવાબદારીથી સંપૂર્ણપણે વાકેફ છે. તેણીએ આ પુસ્તક પોતાની રાજીખુશીથી લખ્યું નથી, પરંતુ મહાન અકબરે તેને આ પુસ્તક લખવા માટે સિફારશ કરી હતી. તેણીએ અકબરના હુકમનું પાલન કર્યું, પણ સાથે સાથે ઇતિહાસ લખવા માટેની ફરજ અદા કરવા તેણીએ કહ્યું "જ્યારે મહુંમ બાબર પાદશાહ ગુજરી ગયા ત્યારે મારી ઉમર આઠ વરસની હતી. તે સમયની થોડી સત્ય બીનાઓ મારા મગજમાં રહી છે. અકબર બાદશાહના હુકમ અનુસાર જે કાંઈ મેં સાંભળેલું છે અને જે કાંઈ મને યાદ છે તે લખું છું." હુમાયુનો અહેવાલ લખતી વખતે પણ તે સ્પષ્ટપણે કહે છે કે આ બનાવ વખતે હું જાતે હાજર ન હતી, પણ એ વિષે બધી હકીકત મેં ફલાણા માણસ પાસેથી સાંભળી છે. તે પડદાનશીન હતી છતાં કુટુંબના પુરુષો, અમીરો વગેરેને મળી, બનાવોની માહિતી મેળવી, તે સમયના બનાવો પર તેજસ્વી પ્રકાશ ફેંકે છે. તેણીમાં મનુષ્ય પરીક્ષાની અદ્‌ભુત શક્તિ હતી. આ જુસ્સાવાળી અને સબળ મનની સ્ત્રી દરેક બાબતમાં ખૂબ રસ લેતી હતી. તે નિર્દય ટીકાખોર હતી અને પોતાનાં સગાસંબંધીનાં કૃત્યોની સાફ દિલથી નોંધ લેતી હતી. હુમાયુનામા એ શાહી ખાનગી જીવનનો સવિસ્તર અહેવાલ છે. તે સમયના હચમચાવી નાખે એવા બનાવો ગુલબદન બેગમે સંપૂર્ણ સચ્ચાઈથી લખેલા છે.

એશિયાના ઇતિહાસકારો મુખ્યત્વે યુદ્ધનું જ વર્ણન કરે છે અને તેથી આપણને તે સમયની સામાજિક, આર્થિક, રાજકીય, વગેરે બાબતો વિષે માહિતી મળતી નથી. આ ઐતિહાસિક પુસ્તકો તો માત્ર કતલખાનાં છે. પરંતુ ગુલબદન બેગમે હુમાયુનામામાં તે સમયની સામાજિક સ્થિતિનું વર્ણન એવી સ્પષ્ટતાથી કર્યું છે કે તેનો આબેહૂબ ચિતાર આપણી નજર સમક્ષ આવી ઊભો રહે છે. મીરઝા હિંદાલના લગ્ન પ્રસંગનું વર્ણન તે આ રીતે કરે છે: "એક મોટા ખંડમાં બાદશાહ બેઠો હતો. તેની ડાબી બાજુએ બીજા અમીરો અને શાહી ખાનદાનના નબીરા હતા. બધી બેગમો પણ ત્યાં હાજર હતી. આ મોટો ખંડ અષ્ટકોણાકાર હતો. ત્યાં એક રત્નજડિત તખ્ત મૂકવામાં આવ્યો હતો. તખ્તની ઉપર નીચે જરીનાં કપડાં પાથરેલાં હતાં તેમ જ પરવાળાંની ઝાલરો લટકાવી હતી. નાના ખંડમાં રત્નજડિત પાનદાન, ભોટવો અને પવાલું મૂકવામાં આવ્યાં હતાં. ત્યાં આઠ પ્રકારનાં યુદ્ધશસ્ત્રો પણ હતાં. એક બીજા ઓરડામાં નમાઝ પઢવાનો મુસલ્લો (આસન), પુસ્તકો, રત્નજડિત કલમદાન વગેરે હતા. ત્યાં એક તળાવ હતું. તેમાં હોડીઓ પણ હતી. યુવાનો હોડીઓમાં બેસી ફરતા હતા. ત્યાં રમતગમત કરનારા બાજીગરો પણ હતા, ઝનાના-બજારની વ્યવસ્થા કરવામાં આવી હતી અને એક બાગમાં વિવિધ પ્રકારનાં અને રંગબેરંગી ફૂલો હતાં."

તે સમયની સ્ત્રીઓ લખવા-વાંચવા ઉપરાંત, યુદ્ધકલાથી પણ વાકેફ હતી. તે સફર તેમ જ હરવાફરવા અને શિકાર ખેલતી વખતે ઘોડેસ્વારી કરતી હતી. કેટલીક સ્ત્રીઓ તો પુરુષનો પોશાક પહેરતી હતી. તેઓ જુદી જુદી કલામાં નિપુણ હતી, સંગીતનાં વાજિંત્રો વગાડવામાં અને ગાવામાં પણ ઉસ્તાદ હતી.

સ્ત્રીઓ પ્રત્યે માનપ્રતિષ્ઠાથી વર્તન કરવામાં આવતું હતું. જ્યારે બાબરની ધર્મપત્ની માહમ બેગમ કાબુલથી હિંદુસ્તાન આવી ત્યારે બાબર બે કોસ સુધી પગે ચાલી તેનો સત્કાર કરવા ગયો. જ્યારે બાબરની નજર બેગમની સવારી પર પડી અને બેગમે બાબરને જોઈ ઘોડા પરથી ઊતરવા તૈયારી કરી ત્યારે બાબરે તેને ઘોડા પરથી ઊતરવા ના પાડી અને પોતે તેના ઘોડા સાથે પગે ચાલતો ગયો. રાજકીય બાબતોમાં પણ, બાદશાહો બેગમોની સલાહ મશવરા લેતા હતા.

વેવિશાળ અને લગ્નની બાબતમાં, સ્ત્રીઓને પૂરેપૂરી આઝાદી હતી. જ્યારે હુમાયુએ હમીદાબાનુ બેગમ સાથે લગ્ન કરવા ઇચ્છા દર્શાવી ત્યારે તેણીએ તેની સાથે લગ્ન કરવા સાફ ના પાડી અને ઘણા વખત સુધી તેણી પોતાના નિર્ણય પર મક્કમ રહી. બીજી બેગમોએ તેને સમજાવી કે 'આખરે લગ્ન તો કરવું જ પડશે તો પછી બાદશાહ સાથે લગ્ન કરવાનું કેમ ના પાડે છે?' હમીદાએ કહ્યું, "જે મારી સરખી સ્થિતિનો હશે તેની સાથે હું લગ્ન કરીશ; બાદશાહ મારા સરખી જોડ નથી."

સ્ત્રીઓ પડદાના રિવાજનું પાલન કરતી હતી અને બુરખા વગર બહાર જતી ન હતી. હુમાયુએ નિકાહ પહેલાં હમીદાબાનુને બોલાવી તો તેણીએ તેને કહેવડાવ્યું કે "બાદશાહોની મુલાકાત એક વખતે વાજબી છે, બીજી વખતે મુલાકાત કરવી એ અજાણ્યા માણસને મલવા બરાબર છે. હું નહીં આવું."

મુખ્યત્વે, બાદશાહ જાહેર જીવનમાં તેમ જ ખાનગી જીવનમાં પણ બાદશાહ જેવું વર્તન રાખે છે. જ્યારે શાહી બાળકો તેની પાસે જાય છે તો તે તેમને ખોળામાં બેસાડતો નથી, પરંતુ બાબર અને હુમાયુ પોતાના કુંવર, ભાઈબહેન, અને સગાંવહાલાંને, જેમ એક ગરીબ માણુસ પોતાનાં બાળબચ્ચાંઓને મળે છે તેવી રીતે મળતો હતો. હુમાયુ માંદો પડયો; તેની બહેનો તેને જોવા ગઈ. તે વખતના દૃશ્યને ગુલબદન બેગમ આ રીતે વર્ણવે છે. "હું પણ મારી બીજી બહેનો સાથે હુમાયુને જોવા ગઈ. જ્યારે હુમાયુ ભાનમાં આવતો ત્યારે તે પૂછતો કે "બહેનો! ખુશ આમદીદ! (ભલે પધાર્યા). આવો, એકબીજાની ખબર પૂછીએ. હું ઘણા વખતથી તમને મળ્યો નથી." એક વખતે હુમાયુ ગુલબદનને વાત્સલ્ય અને પ્રેમથી કહે છે, "મેં તને જોઈ, પરંતુ હું તને ઓળખી ન શક્યો. જ્યારે મેં બંગાળા પર કૂચ કરી હતી તે વખતે તેં ટોપી પહેરી હતી, પણ હમણાં તો કસબની ઓઢણી માથે છે. હું તને ઓળખી શક્યો નહીં, ગુલબદન! હું તને ઘણો યાદ કરતો હતો, ઘણી વખત પસ્તાઈને કહેતો હતો કે હું તને સાથે ન લાવ્યો."

બાબર પોતાના નાના પુત્ર હિંદાલ વિષે એક માણસને પૂછે છે, "હિંદાલ ક્યાં છે? ક્યારે આવશે? કેટલી વાટ જોવડાવી? તે કેવડો મોટો થયો છે? તે કોના જેવો દેખાય છે?" કેવું પિતૃવાત્સલ્ય!

હુમાયુનામામાં સોળમી સદીના સમાજ અને ગૃહજીવનનું સુંદર ચિત્ર આપેલું છે. રાજકીય બાબતોનો સારો એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગુલબદને હુમાયુ વિષેનો દરેક પ્રસંગ વિગતવાર લખ્યો છે.

હુમાયુનામાની ભાષા સાદી અને સરળ છે. તેનાં નાનાં નાનાં વાક્યો, સચોટ શબ્દો, રોજિંદી બોલચાલની સાહજિક શૈલી આપણને મુગ્ધ બનાવી દે છે. મોગલોની માતૃભાષા તુર્કીભાષા હતી. ગુલબદન બેગમની પણ તે માતૃભાષા હતી અને તેથી હુમાયુનામામાં ઘણા શબ્દો તુર્કી-ભાષાના છે.

સૌંદર્યવિભાવના

હસિત હ. બૂચ

સૌંદર્યથી આકર્ષાવું, એ દ્વારા પ્રસન્નતા અને શાન્તિ અનુભવવી, એ ચેતન માત્રના સ્વભાવમાં લાગે છે. આકૃતિ, રેખા, રંગ, સ્ફૂર્તિ અથવા ધ્વનિના સૌંદર્યથી મુગ્ધ થવું, પ્રસન્ન થવું એ વૃત્તિ આદિ સમયથી સ્વાભાવિક અને સર્વવ્યાપક છે. આ વૃત્તિ મનુષ્યમાં જ નહીં, પશુપંખીમાં પણ પહેલેથી હોવાનું મનાય છે. જ્યાં ચૈતન્ય છે, ત્યાં સૌંદર્ય પ્રત્યેનું આકર્ષણ અનિવાર્ય જણાયું છે. કોઈ ને કોઈ સ્વરૂપે સૌંદર્યનો સ્પર્શ કે સંબંધ આમ જીવનની આવશ્યકતા તરીકે પુરવાર થયો છે.

માણસની વિશેષતા એ છે, કે એ સૌંદર્ય સાથેના સંબંધને વિવિધરૂપે વિકસાવી શક્યો છે, સૌંદર્ય ઝીલીને એ પ્રસન્ન થાય છે, શાન્તિ અનુભવે છે, પણ વધુમાં એ સૌંદર્યનું સ્વરૂપ વિચારે છે, એથી થતા આનંદનું રહસ્ય શોધે છે, સૌંદર્યાનુભવે પ્રેરાઈને એને મળતું અથવા આગળ વધીને નિજી આત્મસંસ્કારે અભિનવ નીવડતું કલાસર્જન કરે છે, અને પોતાના આંતરજીવનને નિરંતર સૌંદર્યોજ્જ્વલ કરવા ઝંખે છે અને મથે છે. આમ સૌંદર્યના નવસર્જન રૂપ કલા રચવાનો એનો પુરુષાર્થ જેટલો ઊંચો, એમાંનો એનો અભિગમ જેટલો જાગ્રત, નિષ્ઠાભાવ જેટલો એકાગ્ર, એટલો મનુષ્ય પોતાને સંસ્કારી અને તેથી ધન્ય માને છે. મનુષ્યે પોતાના જીવનના બાહ્યાન્તર સર્વ અંશને પોતામાં રહેલી સૌંદર્યવૃત્તિથી સંસ્કારીને પોતાની વિશિષ્ટતા સ્પષ્ટ કરી છે. આવા સંસ્કરણને એણે યુગે યુગે તાજું રાખવા, વિચારવા પ્રયત્ન કર્યો છે.

ક્રોચે કહે છે તેમ આ સૌંદર્યવૃત્તિને મનુષ્યના આત્માની એક સ્વતંત્ર વૃત્તિ કહીએ, કે પછી ઈ. એ. રિચાર્ડ્ઝ સમા માને છે તેમ એને આપણી અન્ય વૃત્તિઓમાં સમાઈ ગયેલી ગણીએ, પરંતુ સૌંદર્યબોધ તથા કલાસ્વરૂપે સૌંદર્યના થતા નવનિર્માણ—આસ્વાદની મનુષ્યની શક્તિએ પૃથ્વીના માધુર્યને—અમૃતને મૂર્ત કર્યું છે એ હકીકત છે. મનુષ્યજીવન પરની એ પરમ આશિષ કહી શકાય. સૌંદર્યના સત્કારમાં, એના રક્ષણમાં અને એના વિકાસમાં માણસે દાખવેલા રસ તેમ જ આદરેલા યત્નથી એનું જીવન વિશિષ્ટ થયું છે.

સૌંદર્યના સામર્થ્ય અને માંગલ્યમાં મનુષ્યજાતિએ કદી વિશ્વાસ ખોયો નથી. એ વિશ્વાસ ડોલે, ઊખડી જાય, એવી સંઘર્ષની પરિસ્થિતિમાં પણ માણસે હમેશાં ઊંડે ઊંડે ખેવના એ રાખી છે, કે સૌંદર્યની અદબ જળવાય. જો થોડા સમય માટે પણ એ અદબ ઉવેખાઈ કે તૂટી છે, તો માણસે એનો પરિતાપ અનુભવ્યો છે. જીવનવ્યવહારના ઝંઝાવાત વચ્ચે ક્યારેક એ કબીરવાણી સંભારે છે, કે 'જ્ઞાન ધ્યાન સબ રોટી મેં', અથવા સુદામાની પત્નીના નક્કર શબ્દો એને કાળજે ચોંટી જાય છે, કે 'એ તો જ્ઞાન મને નથી ગોઠતું રે ઋષિરાયજી રે; રુએ બાળક, લાવો અન્ન, લાગું પાય જી રે', છતાં ફરી ફરી એણે અનુભવી લીધું છે, કે જીવન સૌંદર્યથી જ ટકે છે તેમ જ વિકસે છે.

સૌંદર્ય અનુભવાય, વિચારાય, શોધાય, કલામાં એનું નવસર્જન થાય, એ રૂપે એની સાચવણી-મૂલવણી થાય, એમાં માણુસે માણુસાઈની શોભા અને સિદ્ધિ માની છે.

કુદરત, કીટ, પંખી, પશુ, મનુષ્યનું અંગ, એનું મન, માણુસ જ્યાં નજર કરે છે, ત્યાં એને અનેકરૂપે સૌંદર્યલીલાનો અનુભવ થાય છે. આવું અખૂટ અને અવિરત સૌંદર્ય નિષ્પ્રયોજન ન હોય, એનો કોઈક ઊંડો મર્મ હોય જ, એ ય મનુષ્યને સમજાય છે. આવા નિરંતર નિરવધિ સૌંદર્યસર્જનમાં ઝીણી નજર છે, વિશાળ આશય છે, આર્દ્ર હૃદય છે, એવું એને પુનઃ પુનઃ સમજાય છે. કવિ રવીન્દ્રનાથે યથાર્થ કહ્યું છે, કે ચોમેર સદાય અનુભવાતું આવું અપાર સૌંદર્ય જ એની આવશ્યક્તા સિદ્ધ કરે છે. સૌંદર્ય જીવનના નિભાવ, વિકાસ માટે આવશ્યક છે. જીવનનો જન્મ પણ સૌંદર્યને આભારી કહી શકાય. માનવજાતિએ સ્ત્રીને સંસારની સૌંદર્યમૂર્તિ કહીને એના જનનીરૂપને વંદ્ય ગણ્યું છે એ અકારણ નથી. ક્રૌંચયુગનો આનંદવિહાર કાયમનો ફિટાડનાર પારધી ઋષિવરનો શાપ પામે, ઋષિનો શોક શ્લોકત્વ પામે, એ સૂચક છે. આટલું જ નથી; મૃત્યુમાં ચૈતન્યનું રૂપાન્તર કળતા તત્ત્વજ્ઞોએ તો મૃત્યુને પણ અસુંદર લેખ્યું નથી. આપણો તત્ત્વજ્ઞ કવિ નરસિંહ મહેતા એની લાક્ષણિક ધાર્મિક રીતે નનામીને 'બાલા રે વરની પાલખી', ડાઘુઓને 'જાનૈયા શોભી રહ્યા' અને સ્મશાનમાં 'તોરણે તનખા ઊડિયા' કહી વર્ણવે છે, એ યાદ આવી જાય છે. મનુષ્યે જીવનને સૌંદર્ય સાથે સાદ્યંત જોડયું છે, જીવનને સૌંદર્યસહારે આનંદયાત્રારૂપે જોયું છે.

સૌંદર્ય સર્વત્ર ગોચર છે, નિરંતર રમમાણ છે, સહુને ગમ્ય છે, તો યે એ ક્યાં છે, કેવું છે, શા માટે છે, જેવા પ્રશ્નો સંવેદનશીલ અને મનનશીલ મનુષ્યને સૂઝયા છે. સૌંદર્ય શાશ્વત છે કે ભંગુર, તરલ છે કે સ્થિર, બહાર છે કે અંદર, વસ્તુમાં છે કે દૃષ્ટિમાં, લૌકિક છે યા અલૌકિક, કુદરતમાં છે કે પછી મનુષ્યરચિત કલામાં, આકૃતિમાં છે યા અનુભવમાં, એવા એવા સવાલો ઊઠતા રહે છે, ઉકેલાતા રહે છે, ફરી પાછા ઊઠતા રહે છે. મનુષ્યના આત્માની સૌંદર્યવૃત્તિ આ રીતે જ તાજી રહે છે. મનુષ્યને સૌંદર્યનું હાડવસ્યું આકર્ષણ છે, છતાં એને એ અકળ પણ લાગે છે. ગોઈથે જેવાએ સૌંદર્યને "a hovering, floating and glittering shadow," અર્થાત્ તરલ ઝળકતો આભાસ કહ્યો છે, એ સૌંદર્યના મર્મની પરખ છે, એમાં શોધનો થાક નથી. જો માણુસ એમ થાકે, તો એનો સૌંદર્યાનુભવ સદોદિત કેમ રહે?

સૌંદર્ય ક્ષણે ક્ષણે નવીનતા ધારે છે (માઘ) અને એના અનુભવે અથવા એના કલાસ્વરૂપે થતા નવસર્જને અલૌકિક આનંદ થાય છે, આપણી સમસ્ત ચેતના એથી પુલકિતતા અનુભવે છે, એથી જ સૌંદર્યનું સ્વરૂપ અને રહસ્ય માણુસ હમેશાં વિચારતો રહ્યો છે. એને એ અવર્ણનીય લાગે છે, છતાં એ એને વર્ણવે છે, એનું કારણુ એ છે, કે સૌંદર્ય અનુભવવેદ્ય છે. સૌંદર્ય જો એની વ્યાખ્યાની પકડમાં આવે એવું હોત તો એ એના ચિંતનથી ધરાઈ જાત; પણ એ એને નવેસર સર્જવા પ્રેરાય છે અને કલા સર્જે છે.

માણુસના અનુભવને ઇન્દ્રિયો ઉપરાંત અંદરના સંસ્કાર સાથે પણ ગાઢ સંબંધ છે. આ સંસ્કારો પર દેશ, કાલ, ઇતિહાસ, પરિસ્થિતિ, શિક્ષણાદિની અસર હોય છે. સૌંદર્ય અનુભવવેદ્ય હોવાથી આ અસર સૌંદર્યની વિભાવના પર પડે જ. તેથી જ દેશે દેશે યા સમયે સમયે એકસરખી

ન હોય એવું [લાગે છે. પરિસ્થિતિ અને શિક્ષણ તો એક દેશ-કાળમાં પણ સૌંદર્ય પરત્વે રુચિભેદ—સમજભેદ રચે છે. સુંદર શું, અસુંદર શું, એ વિશેની સમજમાં તેથી ક્યારેક તો ધરમૂળ ફેર દેખાય છે. આમ છતાં, અનુભવ પરના આવા સંસ્કારોની વિભિન્ન પરિણામક શક્તિ હકીકત હોવા છતાં, મનુષ્યસમાજે સૌંદર્યના સ્વરૂપ અને રહસ્ય વિશે, એના અનુભવબોધ તથા કલાત્મક નવસર્જન વિશે અત્યાર સુધી જેને વ્યાપક અને ચિરંજીવ પ્રમાણ્યું છે તે વ્યર્થ નથી. એમાં અનુભવ ભર્યો છે, નિષ્ઠા ભરી છે, પુરુષાર્થ રહ્યો છે. મૂળભૂત સત્ત્વના સ્પર્શની એમાં આરઝૂ ધબકે છે. જગત અને જીવનનાં કેટલાંક વ્યક્ત રૂપોને માણસે લાંબા સમયથી સુંદર લેખ્યાં છે, એ વ્યક્ત રૂપોના કેટલાક પ્રતિભાવોને રમણીય કહ્યા છે, એનો એ સ્વીકાર યુગે યુગે ચાલુ રહ્યો છે. સૌંદર્યની આવી સન્માન્ય નીવડેલી વિભાવનાને અર્થહીન કે જીર્ણ કહેવી પ્રમાણવિરુદ્ધની વાત છે. એવું પ્રમાણ તો જ લાધે એમ છે, જો ચાંદની—ફૂલ—ડુંગર પર ઝૂમતું વાદળ—ઝરણનો અવાજ કે વાલ્મિકી—કાલિદાસ—મિલ્ટન—કીટ્સ—મીરાં—ગોવર્ધનરામાદિના કલાકર્મને આપણે ‘અસુંદર’નો ઓળખબિલ્લો વળગાડી દઈએ તો!

જો એવો ઓળખબિલ્લો વળગાડવામાં શાણપણ નથી, તો સૌંદર્યવિભાવનાનું એમાં પૂર્ણવિરામ સિદ્ધ થઈ ગયાનું માનવામાં પણ ઔચિત્ય નથી. સૌંદર્ય અનુભવવેદ્ય છે અને માણસના અનુભવમાં અંદરના કેટલાક સંસ્કારોનો પ્રબલ પ્રભાવ છે, તેથી પ્રતિભાશાળી મનુષ્ય સૌંદર્યના અનુભવમાં અને નિરૂપણમાં પ્રયોગશીલ રહે છે. નિરંતર પરિવર્તન અને સ્થિરતાના મંથન વચ્ચે જ મનુષ્યસમાજ આગળ વધતો રહ્યો છે.. એની અસર સૌંદર્ય શું, કેવું આદિ પ્રશ્નો પર પડે જ. વિજ્ઞાન, મનોવિજ્ઞાન, અપૂર્વ રાજદ્વારી—આર્થિક વિચારણા—વ્યવસ્થાદિએ રચેલી આજની પરિસ્થિતિમાં જાગૃત જન જો પરંપરાપુષ્ટ સૌંદર્યવિચાર—આકારને ઊંડે જઈ તપાસી લેવાની ખ્વાહિશ ધરાવે, તો એ અનિવાર્ય તેમ જ ઇષ્ટ પણ છે. કવિ-વિવેચક ટી. એસ. એલિયટે પરિપક્વ સાહિત્યના સંદર્ભમાં સૂચવેલ છે તે ‘Historical Sense’—ઐતિહાસિક વિવેક-સૂઝ આવી ખ્વાહિશમાં ન લોપાય એ અલબત્ત મહત્ત્વનું છે.

સૌંદર્યસ્વરૂપ અને સૌંદર્યબોધ અંગે યૂરપમાં સવિગત અને વૈવિધ્યભરી દૃષ્ટિથી શાસ્ત્રીય મીમાંસા કરાઈ છે. એમાં પ્લેટો—એરિસ્ટોટલથી ક્રોચે—તોલ્સ્તોય—રસ્કિન—કૅન્ટ—ફ્રોઈડ-યુંગ—માર્ક્સ આદિ વિચારકો ઉપરાંત અસ્તિત્વવાદ (Existentialism) અને અધિવાસ્તવવાદ (Surrealism) કલાકારોની વિચારણા ધ્યાન ખેંચે એવી છે. એમાં તત્ત્વજ્ઞાનથી માંડીને ભૌતિકવાદ અને આગળ ઉપર અરાજકતવાદ કે વિપ્લવવાદ સુધીની એકાંગિતા પણ વચ્ચે વચ્ચે દેખા દે છે. તેમ છતાં એણે આધુનિક કલાસર્જક, ભાવક, ચિંતક સમક્ષ વિચાર અને પ્રયોગની નવી દિશાઓ ખોલી આપી ગણાય, ભલે અમુક એક પાસું, પણ એનું પૂરું પૃથક્કરણાત્મક વિવેચન કરવામાં યૂરપની સૌંદર્યમીમાંસા ઊંડે સુધી ગઈ છે. એનું બીજું ગુણપાસું છે એની યુગલક્ષિતા, જે ક્વચિત્ તેની મર્યાદા પણ બને છે. સૌંદર્યવિચારને શાસ્ત્રનું સ્વરૂપ આપવાનો યૂરપનો અવિરત પુરુષાર્થ આમ મહત્ત્વનો નીવડયો છે.

આ વિચારવિમર્શમાં ક્રોચેનો અભિગમ ધ્યાનપાત્ર નીવડયો છે. પ્રકૃતિ કે બાહ્ય જગત અથવા વસ્તુમાં એ સૌંદર્ય જોતા નથી. તેઓ સૌંદર્યને માનસિક કહે છે. અભિવ્યક્તિને સૌંદર્ય-

માનીને તેઓ એવું ય ઉમેરે છે, કે પોતાની સૌંદર્યવૃત્તિ દ્વારા ભાવક મનમાં જે અનુભવે છે તે સૌંદર્યસર્જન—કલા જ છે. એની આ દૃષ્ટિ શબ્દ—સૂર—રંગ—રેખા—ધાતુ આદિ માધ્યમો દ્વારા આકાર પામતી કલાકૃતિની ગોચર સચ્ચાઈને ઉવેખે છે. સૌંદર્યકલા પરત્વેની બહિર્મુખ દૃષ્ટિની મર્યાદા એણે ચીંધી તે આવકાર્ય હોવા છતાં બહારના જીવન અને જગતથી સૌંદર્ય-કલાને અલગ પાડવામાં, એને કેવલ માનસિક કહેવામાં એણે સૌંદર્ય અને તેના નવસર્જનરૂપ કલાના સિદ્ધ સત્યની ઉપેક્ષા કરી છે. ક્રોચેએ સૌંદર્ય-કલાના વિચારમાં જે અંતર્મુખતા પર ભાર મૂકયો એની ઇષ્ટ અસર પણ પડી છે.

તોલ્સ્તોય સૌંદર્ય યા તેના નવીન આવિર્ભાવ કલાકર્મમાં મનોરંજનને અનિષ્ટ કહે છે. એને તે ભ્રષ્ટાચાર લાગે છે. નીતિ—પવિત્રતા તરફ માણસને વાળવાનું કાર્ય સૌંદર્ય-કલાનું સાચું કર્તવ્ય છે એમ એ ભાર સાથે જણાવે છે. પ્રા. કૉલિંગવૂડે પ્લેટોને કાવ્યવિરોધી નહીં પરંતુ મનોરંજનલક્ષી કાવ્યની વિરુદ્ધ સૂચવ્યા છે તે અહીં યાદ આવે છે. રસ્કિન પણ આવો નીતિ-આગ્રહ પેશ કરે છે અને સૌંદર્યને પ્રભુની અભિવ્યક્તિ તેમ.જ સુરુચિને નીતિશીલતા તરીકે ઓળખાવે છે. ઍરિસ્ટૉટલ Catharsis—ઊમટેલી લાગણીઓના વિમોચનનો કલા-આશય રજૂ કરીને, પ્લેટોનો દેખીતો વિરોધ કરતાં કરતાં, લક્ષે છે તો આ દૃષ્ટિબિંદુ જ, કે કલા માણસને શુદ્ધ—સમતોલ કરે છે. સૌંદર્ય-કલાવિચારમાં માંગલ્ય—નીતિ—ધર્મ વગેરેનો કોઈ નાતોરિસ્તો ન જ હોય એવું તો ગંભીર ભાવે મોટા ભાગના કલાવિદોએ માન્યું નથી જ, પણ એની હિમાયતની મર્યાદા સ્પષ્ટ પણ થઈ ચૂકી છે. તોલ્સ્તોયનો બીજો આગ્રહ એ છે, કે કલા સહુને સમજાય, સહુનું ભલું કરે તો સાર્થક છે. આ સમાજલક્ષિતા કલાના આશય કે આકારના હાર્દથી વિરુદ્ધની થાય એવી ઉગ્ર બની છે. સંક્રમણ—પ્રત્યાયનના સિદ્ધાન્તને એમાં છેડા સુધી ખેંચાયો છે. ભાવકની પ્રતિભા, સર્જકતા એમાં સદંતર વિસરાતી જણાય છે. તોલ્સ્તોયનું કલા-સૌંદર્યમાં મનુષ્ય મનુષ્યની મિલનભૂમિ જોતું વલણ, એના વ્યાપક—સૂક્ષ્મ સંદર્ભમાં, આપણા 'સાહિત્ય' શબ્દનું ભાષ્ય થતું હોવાથી, તથ્ય ધરાવે છે.

કૅન્ટ માને છે, કે આપણે જે શોધીએ છીએ તેની પ્રાપ્તિ સૌંદર્યના અનુભવમાં થાય છે. સૌંદર્યબોધને એણે વ્યક્તિનિષ્ઠ ઉપરાંત સર્વજનનિષ્ઠ ગણ્યો છે. સૌંદર્યથી થતો આનંદ કૅન્ટે સ્વાર્થપર કહ્યો છે. શ્રી. સુરેન્દ્રનાથ દાસગુપ્ત દર્શાવે છે તેમ કૅન્ટની વિચારણા ભારતીય સૌંદર્ય-ચિંતનને કેટલીક રીતે મળતી આવે છે. સૌંદર્યના સ્વરૂપ વિશે કૅન્ટે ઊંડું અને સ્પષ્ટ નિરૂપણ કર્યું નથી. સુંદર શું એ વિશે મતભેદ હોઈ ન શકે, કારણ સૌંદર્ય સહુને એકસરખું પ્રતીત થાય છે—એ કૅન્ટનું કથન પણ ચિંત્ય કહેવું રહે છે.

મનોવૈજ્ઞાનિકો ફ્રૉઈડ—યુંગ—ઍડલરાદિએ રજૂ કરેલી ચિકિત્સાએ સૌંદર્યના સ્વરૂપ અને કાર્ય વિશેના વિચાર પર મોટી અસર કરી. મનુષ્યની બધી જ વૃત્તિઓ જાતીય વૃત્તિથી પ્રેરાય છે, સૌંદર્યસર્જનમાં એ કામવૃત્તિનું ઊર્ધ્વીકરણ છે. મહત્ત્વ બાહ્ય પરિસ્થિતિનું નથી પરંતુ મનમાં પડેલી અજ્ઞાત વૃત્તિઓનું છે. સંઘર્ષજન્ય લઘુતાગ્રંથિને કારણે કલાદિ પુરુષાર્થ જન્મે છે—એ એમની ચિકિત્સાનો પ્રસ્તુત સાર છે. સૌંદર્યવિભાવનામાં સમષ્ટિગતતા, સર્વદેશીયતા, વસ્તુ-લક્ષિતાને હડસેલીને વ્યક્તિલક્ષિતા અને અજ્ઞાત '(જેનો પર્યાય થયો 'વિકૃત') માનસિકતાનું એમાં અતિગૌરવ થયું. પરિણામે તો એની 'ઊર્ધ્વીકરણ'ની વાત અદ્ધર જ રહી.

'ફ્રૉઈડ—માર્ક્સની અસરે જે જીવનદૃષ્ટિ પ્રેરી, તેની પાશ્ચમના સૌંદર્ય—કલાવિચાર પર અસર થઈ. વાસ્તવવાદને નામે કલામાં અતિ-વાચ્યતા અને એકદેશીયતા આવેલી જોઈ એના પ્રતિકારમાં પ્રતીકવાદે સૌંદર્યને આત્મલક્ષી અને મુક્ત કરવાની ટેક જાહેર કરી. તે પછીનાં બે મોટાં પરિબળો તે અસ્તિત્વવાદ અને અધિવાસ્તવવાદ. માણસે જીવવું પડે છે, નિર્ણયો લેવા પડે છે, એની યોગ્યાયોગ્યતા એના કાબૂમાંની વાત નથી, અસ્તિત્વની સ્વતંત્રતાનો આ બોજો શાશ્વત વેદનાનું કારણ છે, એમ કહ્યું અસ્તિત્વવાદે. અધિવાસ્તવવાદે માણસના મનની ભીતરમાં અજ્ઞાત, ચંચલ, ઊંડે રહેલાં માનસિક વલણો એ પૂર્ણ વાસ્તવ છે, બાહ્ય વાસ્તવ વાસ્તવિક નથી એમ કહ્યું. અસારતા, આકસ્મિકતા અને અજ્ઞાનતા પર આ બંનેમાં વધુ ભાર છે. આ વલણોએ નૈતિક કે બૌધિક જ નહીં, સૌંદર્યલક્ષી સ્વીકૃત મૂલ્યોને ય નકાર્યાં. કેટલાકને એમાં સર્વઉચ્છેદની દોટ દેખાઈ છે. એવો ય વ્યંગ[1] કરાયો છે, કે એનો મત્સ્યવેધ રાજકુંવરી માટે નહીં, દૂબળી માટે થતો લાગે છે! આપણે ત્યાં એના પ્રવેશને 'પરાયો' તથા ઉછીનો પણ કહેવાયો છે. સૌંદર્ય-કલાના વિચાર-નિરૂપણમાં એણે એકાંગિતા દાખવી છે અને કેટલીક સમયવશતા બતાવી છે એ સ્વીકારવું ઘટે. એમાં વેધકતા છે, એવી સર્વલક્ષિતા નથી. તેમ છતાં આવાં વલણો પાછળનું જીવનબળ જોતાં, સૌંદર્ય અને કલાના ક્ષેત્રે એણે પરંપરિત બળોમાં આત્મનિરીક્ષણ અવશ્ય પ્રેર્યું છે. એમ પણ લાગે છે, કે અસ્તિત્વવાદી ચિંતન સૌંદર્યવિભાવના અને કલાનિર્મિતિ પર પ્રભાવ પાથરતું રહેવાનું.

સૌંદર્યબોધ અને કલાને સમાજજીવન સાથે ઠીક ઠીક ભારે હાથે જોડી દેનાર માર્ક્સ-દૃષ્ટિ એમાં 'માણસની આર્થિક સ્થિતિનું' પ્રતિબિમ્બ જુએ છે. સૌંદર્ય-કલાની વિભાવના અને રજૂઆતનો આધાર આર્થિક સ્થિતિ પર છે એમ પણ એ સમજાવે છે. ભૌતિક મંગલને સૌંદર્ય-વિચારમાં એણે મહત્ત્વ આપ્યું અને તે વિશાળ દલિત શ્રમીણ સમાજ અર્થે હોવાનું કહ્યું. એણે વ્યક્તિને વિસારી, ભાવનાની મંગલતા—પવિત્રતાને નકારી. અત્યાર લગીની સૌંદર્યસાધનામાં એણે સ્થાપિત હિતોની કરામત જોઈ અને એવી class-art આજે છેલ્લા શ્વાસ લઈ રહી હોવાનું ય જાહેર કર્યું.[2]

આ માર્ક્સ દૃષ્ટિએ સૌંદર્યવિચાર-નિરૂપણની કેટલીક અદ્ધરતા અને સંકુચિતતા દૂર કરવામાં અને ઉપેક્ષિત વાસ્તવ પ્રત્યે દૃષ્ટિ વાળવામાં આપેલો ફાળો અગત્યનો છે. અર્થઘટન કરતાં ક્રાન્તિને વધુ મહત્ત્વ આપ્યું એ ય યોગ્ય હતું. ભૂલ એની એ થઈ, કે ક્રાન્તિનું સ્વરૂપ એણે બહિર્લક્ષી આલેખ્યું.

ભારતીય સૌંદર્યમીમાંસા યૂરપની એવી મીમાંસાની સરખામણીમાં વિસ્તાર-વૈવિધ્ય-વીગત પરત્વે અને યુગલક્ષિતાની દૃષ્ટિએ ઓછું ખેડાણ કરે છે. વસ્તુતઃ સ્વતંત્ર સૌંદર્યમીમાંસા આપણે ત્યાં નથી જણાતી. એનું કારણ જીવન વિશેની દૃષ્ટિ જણાય છે. અદૃષ્ટ પરમતત્ત્વની સાક્ષાત્કૃતિના લક્ષ્યને આપણે ત્યાં સર્વવૃત્તિ-પ્રવૃત્તિના આદર્શ લેખે સ્વીકારાયું હોવાથી સૌંદર્યમીમાંસા શાસ્ત્રરૂપે ન મળી. સૌંદર્ય વિશે સર્જકો અને ચિંતકોએ આપણે ત્યાં કહ્યું જ નથી એમ નહીં; બલકે ટૂંકામાં, એકાગ્રતાથી, તાત્ત્વિક સૂઝપૂર્વક કહ્યું છે.

---

૧ 'Illusion and Reality' : Christopher Caudwel.

૨ શ્રી. જયોતીન્દ્ર દવે : મુંબઈના સંવિવાદમાં.

क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः જેવી માઘની કવિસહજ સૂઝ, **किमिव हि मधुराणां मण्डनमाकृतिनाम्** સમી કવિત્વસમૃદ્ધ કાલિદાસની સાહજિકતા પ્રીતિ, કે (**एको रसः करुणमेव**-'ની ભવભૂતિકથિત અનુભવપરખ, આપણા સૌંદર્યવિચારની સુપ્રસિદ્ધ તેજકણીઓ છે. મીમાંસાક્ષેત્રે ભરત, આનંદવર્ધન, અભિનવગુપ્ત, મમ્મટ કે જગન્નાથાદિએ નાટચ અને વધુ વીગતે કાવ્ય-સાહિત્યવિમર્શ નિમિત્તે સૌંદર્યના અનુભવ અને સર્જન વિશે કેટલુંક સંભારવા જેવું ચિંતન કર્યું છે. એની સૂક્ષ્મતા, વ્યાપકતા, ગહરાઈ આજે ય સંતર્પક થાય એવી છે.

આપણી ભારતીય કાવ્ય-નાટચવિચારણાએ સૌંદર્યમીમાંસાની મુદ્દાની વાતો બરાબર સ્પષ્ટ કરી છે: કલા-સૌંદર્યસૃષ્ટિ અનન્યપરતંત્ર છે (મમ્મટ), એથી થતો આનંદ નિરતિશય અને લોકોત્તર છે, સૌંદર્ય-કલાનો ચમત્કાર-રસસાર ભાવાભિમુખ વ્યંજનામાં છે અને તે વિચાર-કલ્પનાની વ્યંજનાથી ય ઊંચી કક્ષાનો છે, સૌંદર્ય-કલાના રસાનુભવમાં મહત્ત્વ છે ભાવકનું. સૌંદર્ય, રમણીયત્વને 'લોકોત્તર આહ્લાદજનક જ્ઞાનગોચરતા' કહેનારે (જગન્નાથે) સૌંદર્યમીમાંસામાં ભાવને મહત્ત્વ આપ્યું છે, એ જ પ્રમાણે વિભાવનું ય યોગ્ય મૂલ્યાંકન સૂચવ્યું છે, આપણે ત્યાં પ્રાચીનોએ વિભાવચર્ચા એવી વીગતે કરી છે, કે ભારતીય સૌંદર્યવિચારણા બાહ્ય અને વસ્તુલક્ષી વિશેષ પ્રમાણમાં થઈ હોવાનું કહેવાયું છે. પરંતુ આપણા જાગૃત અગ્રિમ ચિંતકોએ ભાવકચિત્તને સૌંદર્ય-મીમાંસામાં પ્રાધાન્ય આપ્યું છે એ ભૂલવા જેવું નથી. એની મનોવૈજ્ઞાનિક કહેવાય એવી રસસિદ્ધાન્તની માંડણી એ પર જ છે. એ સિદ્ધાન્તે સૌંદર્યની અનેકરૂપતા અને તેના અનુભવની અનેક-દેશીયતા સમજાવી છે. એ સિદ્ધાન્તને ધ્વનિસિદ્ધાન્તમાં સમાવી આપણી મીમાંસાએ અનુભૂતિ અને અને અભિવ્યક્તિનું સમન્વિત મૂલ્ય ચીંધ્યું છે. સૌંદર્યવિભાવના પરત્વે વિભાવની ઝીણી ચિકિત્સા, ભાવની યથાર્થ કેન્દ્રસ્થ પ્રતિષ્ઠા, પ્રગટમાંના સૂચિત અપ્રગટની ચમત્કૃતિ વિશે ઊંડો વિચાર કરીને એણે એક હજાર જેવો ઈશારો ય કર્યો છે, કે 'ઔચિત્યમ્' એ જ આમાં 'જીવિતમ્' (ક્ષેમેન્દ્ર) છે.

સૌંદર્યબોધને 'ચિદાવરણભંગ' (જગન્નાથ) કહે, તેમ જ ભાવકચિત્તની આત્મવિશ્રાન્તિને સૌંદર્યોપલબ્ધિની શરત કહે (અભિનવગુપ્ત), એ મીમાંસા બહિર્લક્ષી રહી ન જ કહી શકાય. આ બેઉ કથન આધુનિક સૌંદર્યવિચારને પણ પોતામાં સમાવી લે તેમ છે. સૌંદર્યને અભિનવરૂપે સર્જનાર કલાકાર માટે ય એણે સ્વસ્થતા, અંતમુર્ખતા, વ્યુત્પત્તિ-નિપુણતા, ઉદ્યમપરાયણતાને અગત્યની જણાવી છે. એણે ભાવકસર્જકનાં વિઘ્નો તથા આદર્શોનો જે વિચાર ચર્ચ્યો છે તે આજે જૂનો કે ઉપલકિયો કહેવાય એમ છે ખરો? એ ધર્મ-અર્થ-કાલ-મોક્ષ સૌંદર્યમીમાંસામાં સંભારે છે, 'શબ્દબ્રહ્મ'—'રસબ્રહ્મ' આદિની આજે તો ક્યાંક અકળામણો જગાડે એવી પરિભાષા યોજે છે, છતાં એ સ્પષ્ટ સૂર પ્રગટ કરે છે, કે સૌંદર્ય-કલાનું સર્વોત્કૃષ્ટ પ્રયોજન '**विगलितवेद्यान्तरम्**', તેથી નિષ્પ્રયોજન અને અલૌકિક આનંદ જ છે. એ આનંદ બ્રહ્માસ્વાદ નહીં, બ્રહ્માસ્વાદના નિકટતમ સ્વજન સમો છે એમ એ ચીવટપૂર્વક કહે છે. જગત અને જીવનને કણે કણે અને અણુએ અણુએ નિરંતર નવલસૌંદર્યની રમણા જોઇ, એના મહાસર્જકને પહેલેથી એણે **रसो वै सः** કહ્યો, સૌંદર્યનો સાર લેખ્યો, એમાં આંતરલક્ષી ઉચ્ચ અભિગમ છે જ. ઉપરાંત એમાં જગત અને જીવનની પ્રત્યેક સ્થિતિ-સ્ફુરણાને રસક્ષમ, સૌંદર્યવ્યંજક લેખતી સમજ પણ છે જ. એની રગમાં તત્ત્વજ્ઞાન છે અને ભૌતિક એની નજર બહાર નથી.

વિભાવ-ભાવની એ સમન્વય દૃષ્ટિ છે. એની પરિભાષા પૂરતી સાબૂત છે, યથાર્થલક્ષી છે, સારવાહી છે. સૌંદર્યાનુભૂતિ અને સૌંદર્યનિર્મિતિનું સ્વાતંત્ર્ય એણે નથી થવા દીધું જીવનસંદર્ભ વિનાનું, કે નથી થવા દીધું શૃંખલાબદ્ધ. એનું કારણ એ છે, કે તત્ત્વજ્ઞાનની એની પીઠિકા છે. પશ્ચિમમાં પણ પ્લેટો-ઍરિસ્ટોટલ-ક્રોચેથી આધુનિક શ્રીમતી સુસાન લેંગર લગી તત્ત્વજ્ઞાનને આધારે જ સૌંદર્યમીમાંસા થઈ છે અને તે ઇતર સામયિક વલણો કરતાં વધુ વક્કર ધરાવતી જણાઈ છે. સૌંદર્યાનુભવ અને સૌંદર્યના નવનિર્માણ રૂપકલાના વ્યાપારને મનુષ્યની ચેતના સાથે સંબંધ છે, "બીજી ઇન્દ્રિયોની અપેક્ષાએ માણસની વધારે અક્કલવાળી ઇન્દ્રિયો (most intelligent senses)"[1] આંખ અને કાન દ્વારા પમાતી છતાં એના સમસ્ત આત્માથી જ[2] અનુભવાતી અને રચાતી એ પ્રવૃત્તિ છે, તેથી સૌંદર્યવિભાવના તત્ત્વજ્ઞાન સાથે ગાઢ સંકલિત રહેવાની જ. જે સામયિક બળોમાં આ હકીકત સ્વીકારાય છે, તેનો પ્રભાવ વધે છે એમાં શક નથી.

એ ય સાફ વાત છે, કે પ્રાચીનોની સૂઝ આપણે પછીથી એવી વીસર્યા, કે સારમાં કહેવું રહે, કે 'દિન પલટચો, પલટી ઘડી'. સૌંદર્યવૃત્તિ અને સૌંદર્યસૃષ્ટિ બહિર્લક્ષી, એકાંગી, ગતાનુગતિક થઈ. સૌંદર્યવિભાવના જાણે મૂર્છામાં પડી. એનો પ્રબોધ પશ્ચિમસ્પર્શે શકય થયો છે. પરંતુ આવો યુગપ્રબોધ હમેશાં કાળપલટાનું આવાહન લાવતો હોય છે. એવું આવાહન ઓછું ગટક દઈ જીરવી શકાય છે? આપણે જૂનું તપાસવા જતાં એને તરછોડવા—ઉખેડવા પણ ધાયા. એ મંથન પણ અનિવાર્ય લેખવું ઘટે. હજી એ મંથન પૂરું થયું નથી.

આ સંદર્ભમાં એ યાદ કરવું જરૂરી છે, કે પશ્ચિમ પોતાનાં સૌંદર્યવિભાવનાનાં વિવિધ પાસાં સતત ઉથલાવવમાં માને છે. સામયિક અંશોની પણ તાત્ત્વિક અને ઐતિહાસિક મૂલવણી ત્યાં અટકતી નથી. બીજું એ ય નોંધવા જેવું છે, કે ત્યાંનો સૌંદર્ય-કલાનો અભિગમ ત્યાંનાં કુદરત-પરિસ્થિતિ-ઇતિહાસાદિ સાથે સહજપણે સંબંધિત હોય જ. સૌંદર્યના આસ્વાદ–સર્જન પરત્વે જેમ વૈશ્વિકતા (universality) સંકલિત છે, તેમ પ્રત્યેક પ્રજાનો નિજી દૃષ્ટિ-પરંપરાનો વિશેષ (Particular) પણ સંકલિત છે. આંતરરાષ્ટ્રિય અસર વચ્ચે ય પશ્ચિમ આ વિવેક સમજે છે. સૌંદર્યની સમજ, અનુભૂતિ, કે નવરચના અંગે પરિસ્થિતિ અને પરંપરાનો વિવેક જરૂરી છે. આવો વિવેક સહૃદયતા અને પ્રતિભા હોય ત્યાં સધાય છે.

આજના મનુષ્ય સમક્ષ આ પ્રતિભા અને સહૃદયતા જાગૃત અને પ્રવૃત્ત રાખવાનો પ્રશ્ન વિકટ થયો જણાય છે. માણસની બુદ્ધિશક્તિએ આધુનિક જીવનને જાણે પરંપરાથી વિખૂટું પાડી દીધું છે. સૌંદર્યવૃત્તિ-પ્રવૃત્તિ પર આવા અભૂતપૂર્વ સાંપ્રતની છાયા પડી છે. એક વેળા વ્યવહાર અને નીતિબિચારને સૌંદર્યવિચારમાં લાગો લેતાં જોઈ નિષ્પ્રયોજન આનંદની વાત દઢપણે રજૂ કરાયેલી. પ્રાચીનોએ વ્યવહાર-નીતિને સૌંદર્યવિભાવનામાં અવગણ્યાં પણ નથી. એમણે 'शिवेतरक्षतये' અને 'व्यवहारविदे'નાં પ્રયોજનો સંભાર્યાં છે. પરંતુ 'मौलिभूतम्' પ્રયોજન તો પરમ આનંદ, એ મુદ્દો એમણે સ્થાપી આપ્યો. પશ્ચિમમાં પણ આવું તારતમ્ય દર્શાવાયું છે. પરંતુ વિજ્ઞાનપ્રેરિત આધુનિક પરિસ્થિતિમાં આ પ્રશ્ન વધુ સંકુલ થયો જણાય છે. એમ પણ કહી શકાય, કે એની આ સંકુલતા અપૂર્વ નીવડી છે.

---

૧ 'આનંદમીમાંસા': શ્રી. રસિકલાલ છો. પરીખ.

૨ 'કાવ્યતત્ત્વવિચાર': ડૉ. આનંદશંકર ધ્રુવ.

આજની ચિંતા કંઈક આવી છે: સૌંદર્યના નવસર્જન રૂપકલાના ઉચ્ચ આવિર્ભાવમાં રસ-સમજ ધરાવતો સમૂહ પહેલાંય ભલે મર્યાદિત હતો, પરંતુ એ મર્યાદિત સમૂહને એ પ્રત્યે આદર તો હતો જ. આધુનિક અમેરિકન કવિ-વિવેચક શ્રી. રેન્ડલ જેરેલના શબ્દોમાં, "...The people of the past were not repelled by this obscurity (seemed often foolishly to treasure it)...we belong to a culture whose old hierarchy of values—which demanded that a girl read Pope, just as it demanded that she should go to church and play the pianoforte—has virtually disappeared...a world whose newspapers and magazines and books and motion pictures and television stations have destroyed, in great many people, even the capacity for understanding real poetry, real art of any kind."[1] શ્રી. જેરેલની આ વેદના કાવ્યની દુર્બોધતાનો પ્રશ્ન ચર્ચવા નિમિત્તે પ્રગટ થઈ છે. વર્તમાનપત્રો, સામયિકો, પુસ્તકો, ચલચિત્રો કે ટેલિવિઝન મથકોનાં સમૂહમાધ્યમોએ કલાસમજ હણી છે એમ કહીને શ્રી. જેરેલ કાવ્ય-કલા અને ધર્મના મૂલ્યસ્વીકારનો જમાનો જ વીતી ગયાનું નોંધે છે. સુવિધા, સુઘડતા, સુશોભનથી સજ્જ ગૃહસજાવટ, અંગપ્રસાધનની વિપુલ વિવિધ આકર્ષક દે-માર વચ્ચેના કલારસના આ દુર્ભિક્ષનું જેરેલે દોર્યું ચિત્ર દર્દભર્યું અને વિચારપ્રેરક છે. સામાન્ય વિશાળ સમાજ કરતાં પણ સુશિક્ષિત-વિશ્વવિદ્યાલયના વિદગ્ધ વર્ગમાં પણ આ 'દુર્બોધતા' જોઈ એમને વધુ વ્યથા થઈ છે. આ વેદનાના ગર્ભમાં એ જ હકીકત પડી છે, કે હૃદયધર્મ પરના બૌદ્ધિક બળના આજના હલ્લા વચ્ચે માણસે 'આગળ જવાની' અને 'સુખી થવાની' વૃત્તિને એના સૂક્ષ્મ-ઉદાત્ત લક્ષ્યથી અળગી કરી નાખી છે. 'સુખ,' 'વિદ્યા,' 'સૌંદર્ય,' સર્વને ભૌતિક મૂલ્યે અપનાવવાનું આજે વ્યાપક વલણ છે.

શ્રી. રેન્ડલ જેરેલે આ પ્રશ્ન કવિતાની 'દુર્બોધતા' અંગે છણ્યો છે. એમણે કાવ્ય યોગ્ય રીતે વાંચવાની શક્તિ-સૂઝનો તેમ જ વાચનની ટેવનો અભાવ આ દુર્બોધતાના પાયામાં જોયો છે. એમની આ ચિકિત્સા સૌન્દર્ય-કલાની સમગ્ર વિભાવના પરત્વે પણ યથાર્થ લાગે છે. મમ્મટે સર્જકને અનુલક્ષીને 'काव्यज्ञशिक्षयाभ्यास'—કાવ્યજ્ઞ પાસે તાલીમ અને મહાવરાની જરૂર ચીંધી છે. ભાવકને પણ એ અમુક અંશે સ્પર્શે એવી વાત છે. જગન્નાથે રમણીયતાને 'અનુસંધાનાત્મક' કહી છે તે વિશાળતર વેદાન્તી સંદર્ભમાં, પરંતુ એને ય શ્રી. જેરેલે ચીંધેલી 'ટેવ'ના અર્થમાં ઘટાવી શકાય એમ છે. સૌન્દર્યના અનુભવ અને કલાત્મક આવિર્ભાવમાં પરંપરા અને પરિસ્થિતિનાં પ્રેરક-પોષક તત્ત્વોનું પુનઃ પુનઃ અનુસંધાન આવશ્યક હોઈ, સૌંદર્યને અનુસંધાનાત્મક અવશ્ય કહેવાય, કલાની સમજ કે અનુભૂતિમાં સૂઝ, સહૃદયતા, એકાગ્રતા અને પુનઃ પુનઃ સેવનની આવશ્યકતા છે. રાજશેખરે ભાવકની પ્રતિભાનાં વિવિધ પાસાં દાખવ્યાં છે, તે વિના હેતુ નથી. ભરત, અભિનવગુપ્તાદિ પણ ભાવકનાં ઇષ્ટ લક્ષણો વર્ણવે છે. ભવભૂતિ તો ભાવકને સર્જકનો સમાનધર્મા કહી, થોડે ઘણું કહી દે છે. સૌંદર્યના કલાસ્વરૂપે પ્રાગટ્યને ન કળી શકતો માણસ માણસ શેનો? એ તો પશુ: એ હદે પ્રાચીન ચિકિત્સા તો ગઈ છે.

---

1. 'Poetry And Aga' Randell Jarrel.

કુદરતનું અને બાહ્યાન્તર જીવનનું સૌંદર્ય સહુને ગમ્ય થાય છે, અને એમાં અપેક્ષિત હોય છે અનુકૂળ પળ અને અભિમુખતા. ઘરકામથી થાકેલી વહુ ઘોડિયે પોઢેલા બાળકના મોં પર સ્મિતની સોનારજ છવાયેલી જોઈ હરખી ઊઠે, સાયકલનું પંક્ચર સાંધતાં કંટાળેલો છોકરો નજીકના વૃક્ષમાં સંતાયેલ કોકિલના અવાજે તાજો-ચપળ થઈ જાય, ગલ્લે હિસાબમાં ડૂબેલો વેપારી નિશાળેથી ઘેર જતી બાલિકાને રસ્તે જોતાં ગણતરીની પારની રમ્યતા માણે, ગંધાતી ગણિકાની સેવામાં રોકાતા સંન્યાસીના ખયાલે તર્કવિદ્દ પણ ડોલી ઊઠે, લૂંટ-ખૂનનો પેંતરો પાર પાડવા જતા માણસની નજરે પડી જાય તુલસીક્યારે દીવો મૂકતી ગૃહિણી અને પડતોય મૂકે એ પોતાનો પેંતરો, ચૉકલેટ આપતી 'મમ્મી'ને પૂનમનો ચાંદો બતાવે બાબો,—કોને ક્યાંથી ક્યારે આવી મળે છે સૌંદર્યબોધની પળ, ક્યારે પ્રગટે છે પેલી અભિમુખતા, એનું વ્યાકરણ રચવું અઘરું છે. એ હકીકત છે, કે સહુને તે લભ્ય છે. જગત, કુદરત અને જીવનના આવા વિવિધ સૌંદર્યની ગમ્યતા સર્વસુલભ છતાં માણસ એને તાજી રાખવા સદા કાળજી રાખે છે. કલાની બાબતમાં તે, સૌંદર્ય ઉદ્‌બોધેલી પ્રતિભાશાળી વ્યક્તિની સંવેદના અને મનનશીલતાનું વ્યંજનાત્મક અને સમગ્રના સંદર્ભમાં સ્ફુરતું મૂર્તિમંત સ્વરૂપ હોવાથી, એના સૌંદર્યનો અવબોધ સહુ કોઈ આસ્વાદી કે પામી શકતાં નથી. એમાં અધિકાર, આંતરિક અધિકાર અપેક્ષિત છે. એમાં ભાવકે માત્ર ઝીલવાનું હોતું નથી, સર્જવાનું હોય છે; કલા અને તેનું શાસ્ત્ર એમાં સહાયક થાય છે.

સર્જકની જેમ ભાવકની પ્રતિભા નૈસર્ગિક છે, છતાં એમાં ફેર છે. એ ફેરની જાણકારી હોવાથી જ, ભાવક કલામાં રસ લે—કેળવે, સમજ ધરાવે એની કાગડોળે રાહ જોઈને માનવસમાજ બેસી રહ્યો નથી. ભાવકની પ્રતિભા બહાર લાવવા એણે ગૃહ, સમાજ, શાળા, ઉપરાંત વિવેચનાદિના પ્રયત્નો દ્વારા અનુકૂળ વાતાવરણ રચવા કોશિશ કર્યા કરી છે. રાજશેખરે સર્જકોના દર્શાવેલા પ્રકારો—સારસ્વત અને આભ્યાસિકી યાદ કરીને આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે આભ્યાસિક સર્જકો માટે વાતાવરણ ઊભું કરવાની જે હિમાયત[1] કરી છે, તે ભાવક માટે આજે વધુ યાદ કરવા જેવી લાગે છે. શિક્ષણ, માર્ગસૂચન, મહાવરો, વિવેચનાદિ ભાવકના સૌંદર્યબોધમાં કીમતી મદદ કરે તેમ છે. ભાવકની પ્રતિભા પ્રગટાવવા—બહલાવવાના વૈયક્તિક અને સામૂહિક પુરુષાર્થોમાં સાચી દૃષ્ટિ જરૂરી ખરી. આ સાચી દૃષ્ટિ, તે સૌંદર્યના સૂક્ષ્મ, સ્વાયત્ત, અલૌકિક દૈવતનો સ્વીકાર, એના સર્જક આનંદનો સ્વીકાર, એના વ્યંજનાત્મક રસાનુભવનો સ્વીકાર, ભાવકની સર્જકતા પ્રેરી એણે બાકીની બધી ચળ તજવી જ રહે છે.

આવી ચળ, નીતિને નામે, નવા સમાજની ક્રાન્તિને નામે, ભૌતિક યા બૌદ્ધિક પ્રગતિને નામે, વૈજ્ઞાનિકતા—માનસશાસ્ત્રીયતાથી માંડીને શાશ્વતતા—દિવ્યતાને નામે પણ ઊઠતી હોય છે. આ બધા, અભિનવગુપ્તની ભાષામાં, વિઘ્નો છે અને એ વિઘ્નોના શમનની એની વાત પણ મુદ્દાની છે, જમાને જમાને માનવા જેવી છે. એ વિઘ્નો બાહ્ય, આકસ્મિક કે યોજિત હોય, તે કરતાં ય આંતરિક હોય ત્યારે, વધુ વિકટ માયાવી નીવડતાં હોય છે. 'સૌંદર્ય-કલામાં વળી સમજ, એકાગ્રતા, મહાવરાની વાત ક્યાં લાવો છો ભલા? એ તો હોઠે માંડી કે અંદર ઊતરી જેવી વસ્તુ છે!'—એ વિઘ્ન દરેક જમાનાનું. 'કલા? સૌંદર્ય? અચ્છા ભાઈ, લાવો! પણ, એ ઉપયોગી

---

૧ 'સાહિત્યવિચાર'

તો છે ને? બાકી, જાણો છો ને, અહીં તો કામ વિનાની વાત માટે મિનિટે મળતી નથી!'—આ વલણ આજ-કાલ કરતાં હવે જૂનું છે. આવાં વિઘ્નો તો રજે-ના રજેની ઝાઝી ફિકર ન કરીએ. પણ 'સૌંદર્ય ને કલા તો, સાચું પૂછો તો, લાખોને ગમે તો રૂડાં!'—એ વાત, 'વાર્તા છે? લાવો! જો જો હં, ક્યાંય કવિતા માથે ન ફટકારતા!'—એ અરજ કે પછી 'સુંદર? મંગલ? શાશ્વત? એ બધું વળી શું કાઢયું છે તમે કલામાં?'—એ અણીઆળો સવાલ, અથવા 'જુઓ ભાઈ, સૌંદર્ય-કલા જે હોય તે ભલે હોય, પણ એ સારી રીતભાત શીખવે, સારા વિચાર આપે, એ તો જોજો જ, હો!' જેવી ચિંતાતુર ભલામણ, એવાં વિઘ્નો ઘણી વાર તો એવા મોભાદાર ખૂણાઓમાંથી આવે છે, કે એનો ખુલાસો ય ફરી ફરી કરવો પડે છે. સૌંદર્યમીમાંસાએ પશ્ચિમમાં તેમ અહીં પણ એ કામ કર્યા કર્યું છે. જમાને જમાને ઊભાં થતાં—કરાતાં આવાં વિઘ્નોથી ભાવક કેમ 'ઊફરો' રહે એ પ્રશ્ન જો કાયમનો છે, તો સૌંદર્યવિશ્વાસુ મનુષ્યનો એને ઉકેલતો પુરુષાર્થ પણ કાયમનો નીવડ્યો છે.

કલાનો રસ અને મર્મ ભાવક પામે એ કાજે થતા પ્રત્યેક પુરુષાર્થમાં મૂળ હકીકત એ પણ વિસરાવી ન ઘટે, કે જેમ કલા સર્જાય છે વ્યક્તિ દ્વારા, તેમ એ આસ્વાદાય—પમાય છે પણ વ્યક્તિ દ્વારા. સૌંદર્યની સાક્ષાત્કૃતિમાં એક માણસ બીજાને સ્વેચ્છાથી અને સમજદારીથી મળે એમાં કલાનું રહસ્ય છે. કલાકૃતિ અને ભાવકનો આ વૈયક્તિક સ્વભાવ-સંબંધ સચવાવો જોઈએ. સૌંદર્યની અનુભૂતિ, એની નવનિર્મિત રૂપકલાની સમજ અને આસ્વાદ્યતાનું ગણિત સાદું છે: એમાં એક ને એક મળી એક થાય છે. કલાકૃતિ એક, ભાવક અનેક, તોયે આ ગણિત સિદ્ધ થાય એમાં જ કલાની ખૂબી છે. કલાની નીતિ, કલાની ફિલસૂફી, કલાની વિધાયકતા, કલાનું અદ્વૈત, બધું આ સાદા ગણિતમાં સમાઈ જાય છે. ચિત્રપ્રદર્શન, સંગીતની મિજલસ, કવિ-સંમેલન, કે નાટ્યઘર–સિનેઘર, ગમે ત્યાં કલાકૃતિ સર્જક અને ભાવકને વૈયક્તિક રૂપે જ મેળવે છે. એવા મિલનને ભૂલનાર નથી રહેતો કલારચયિતા કે નથી રહેતો કલાભાવક.

સમજ્યા! પણ આ ગણિતનું ક્યાં મેળવવું ઠેકાણું? જોયો છે—વેઠ્યો છે આ સાંપ્રત? વ્યથા, સંઘર્ષ, અસહાયતા, ભગ્નતા, વિચ્છિન્નતા, અનૃતનો આ ભરડો! અસુંદરને સુંદર કરવાનું ખ્વાબ તો હવે જઈ પડયું છે ઇતિહાસને ચોપડે! કવિ ડબલ્યુ. બી. યેટ્સની પંક્તિ ઠીક જ છે, કે "Beauty is not natural in an age like this!"—(આ છે તેવા જમાનામાં સૌંદર્ય સ્વાભાવિક નથી). એમ પણ કહેવાય છે, કે ભૌતિકવાદના સુવર્ણમૃગે સૌંદર્ય-કલાનું અપહરણ કરવા ફાળ ભરી જ છે, ત્યાં લક્ષ્મણરેખા આંકવાથી ય શું? તો સૌંદર્ય-સત્કારની ભાવના ધરાવતો છતાં વસ્તુતઃ અમુક દિશા ભણી જ મીટને બાંધી બેઠેલો ભાવક પૂછે ય છે, કે 'આજના કલાસર્જકને જ પૂછો, કે એ મળવા માગે છે મને?'

સાચી કલાકૃતિ સ્વયં આનો જવાબ છે. ભાવકની શોધ જેની રગમાં નથી, એ કલાકૃતિ ભાગ્યે જ હોય. સુવર્ણમૃગ જાતે જ એનાથી દૂર રહેવા લક્ષ્મણરેખા આંકી લે એવું કલાકૃતિનું—સૌંદર્યનું સ્વરૂપ હોય છે. યુગે યુગે કલાએ એની બુલંદ સાક્ષી આપી છે. ઊંચી કલાકૃતિને રૂપે સૌંદર્યનો નવસર્જક કલાકાર એ સુવર્ણમૃગથી ત્રાસ્યો-મ્હાત થયો હોય એ બને. જીવનસંઘર્ષ વચ્ચે એ ય છે તો માણસ જ ને? આપણા કવિ બોટાદકરે કુટુમ્બ માટે અંતકાળે પોતે કંઈ મૂકી ન શકયાની વેદના વ્યક્ત કર્યાનું નોંધાયું છે.[1] પશ્ચિમી ચિત્રકાર હેઈડને (Haydon) પ્રભુનો

1 'બોટાદકરની કાવ્યસરિતા'—આમુખ: શ્રી. અનંતરાય મ. રાવળ.

પાડ માન્યાનું સંભારી આપ્યું છે[૧], કે એનું કોઈ બાળક કળાનો કક્કો ય જાણતું ન હતું. બીજી બાજુએ નોબેલ ઇનામ નમ્રતાપૂર્વક નકારતા સાર્ત્રે કે સર્જકતાને ખરીદવા માગનારને નમ્યા વિના સદેહે ચણાઈ જનારા હીરાધર શિલ્પી, મળે તો ખરા જ. ઉપર તરી આવે છે હંમેશાં એ તો કલાકૃતિની ખુમારી. એ અર્થમાં કલાકાર કરતાં કલાકૃતિ હમેશાં મહાન છે.

અને પેલી સંઘર્ષજન્ય ભગ્નતાની વાચા ? એ ચિત્ર, શિલ્પ, કાવ્યાદિ રૂપે પ્રગટ થાય છે, એ સૂચક નથી ? તમસ હઠાવતી સર્જક આરઝૂ એમાં નથી ? સૌંદર્યની વિરુદ્ધની એ દષ્ટિ છે ? એ શું આજની જ કહેવાય એવી વાચા છે ? મહત્ત્વ છે એની વ્યંજનાનું. એની આકૃતિ એ સાધી શકે તો બસ, કાળનિકષ એનું કુંદન કસે છે જ. આપણું કામ એને સમજવાનું છે. સાંપ્રત પરિસ્થિતિ વચ્ચે જો એનો સૂર દેખાદેખીનો કહેવો હોય, તો બીજું ઘણું એ રીતે તપાસવું રહે છે. એની કે ઇતર કોઈ સૂરની નિષ્ઠા છેવટ તો કલાધોરણે જ વિચારાય.

એ ય ભુલવું ઇષ્ટ કે શક્ય નથી, કે સૌંદર્ય નિરંતર તાજું જ રહે છે તેથી અને તેની નવનિર્મિતિ, રૂપ, કલા, પ્રતિભાશાળી વ્યક્તિ દ્વારા સર્જાતી હોવાથી, આજે પણ કલા એક જ અદા, સ્વભાવ, યા દષ્ટિથી પ્રવર્તે છે એમ ન કહેવાય. नया वाणी मुखे मुखेનું સત્ય સૌંદર્યવિભાવના પરત્વે હંમેશાં જીવતું સત્ય છે. યોકોહોમાને સીમાડેથી રવીન્દ્રનાથ કહે છે, "...પોતાનું દેવત્વ વીસરી ગયેલો માનવ ફરી એ વાતનું સ્મરણ કરશે જ, કે સ્વર્ગ આ સૃષ્ટિને સ્પર્શીને જ સદાકાળ વિસ્તરેલું છે..."[૨] પેલે છેડે કવિ વ્હીટમેનની વાણી ય ધબકે છે: "Uproot a blade of grass here, And a star would tremble there"—(અહીં એક તરણું તો ઊખેડો ! પણે ધ્રૂજી ઊઠવાનો છે કોઈ તારો !). સૃષ્ટિને સ્વર્ગનો સદાનો સ્પર્શ અને તરણે તોળાતો તારો, એ ય આધુનિક જાગૃત આત્માની જ વાણી છે ને ?

સૌંદર્યની વિભાવના અને તેની નવસર્જન રૂપ અભિવ્યક્તિ-કલામાં મનુષ્યની ચેતના વિવિધ સ્વરૂપે પ્રગટ થતી રહી છે. એ ક્યારેક એક, તો ક્યારેક અન્ય સ્વરૂપને વધુ ઉપસાવે છે. એની એ શક્તિ અક્ષય્ય અને અપાર છે. એ નિરંતર લક્ષે છે તો અખિલાઈનો અણસાર. એ અણસાર પામવા એ રહે છે હૃદયધર્મી. જીવનની બીજી શક્તિઓ સાથે સંવાદિત રહી શકે ત્યાં જ એનું એ હૃદયધર્મીપણું દીપે છે. સૌંદર્યનો ભાવક, ચિંતક અને સર્જક આ મર્મ જમાને જમાને પ્રમાણે છે.

---

૧ 'Literature and Psychology': F. L. Lucas.

૨ 'રવીન્દ્રદર્શન': સં. શ્રી. ભોગીલાલ ગાંધી.

વસંત નૃત્યગીતો

રેવાબહેન તડવી
શંકરભાઈ સોમાભાઈ તડવી

૧. પ્રાસ્તાવિક: કોઈ પણ પ્રજાની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક બાજુઓનો અભ્યાસ સમાજને ઉપકારક થાય છે. એવા અભ્યાસથી તે પ્રજા વિષે બંધાયેલા પૂર્વગ્રહો બદલાય છે. તેને કેવું શિક્ષણ આપી શકાય, તેની સામાજિક કે આર્થિક સુધારણા કેવી રીતે થઈ શકે તે એવા અભ્યાસથી જાણી શકાય છે. અહીં એવો અભ્યાસ રજૂ કરવાનો પ્રયાસ નથી થયો પણ લોકગીતો આપવાનો પ્રયત્ન થયો છે. લોકગીતોમાં પણ પ્રજાજીવનનો સાંસ્કૃતિક વારસો સચવાયેલો હોય છે. અહીં વડોદરા જિલ્લાના સંખેડા, નસવાડી, તિલકવાડા તાલુકાઓમાં વસતા તડવીઓ અને ભીલોમાં વસંતઋતુના કાળમાં ગવાતાં નૃત્ય-લોકગીતો આપવાનો પ્રયત્ન થયો છે. તડવીઓમાં ગવાતાં લોકગીતોનું સંપાદન શ્રી. રેવાબહેન તડવીએ ઈ. સ. ૧૯૫૦માં કર્યું હતું અને ભીલોમાં ગવાતાં ગીતોનું સંપાદન શ્રી. શંકરભાઈ તડવીએ ઈ. સ. ૧૯૪૬ થી ૧૯૪૯ના અરસામાં પોયંબા તા. નસવાડી ગામેથી કર્યું હતું.

૨. નૃત્ય-લોકગીતો: આ લોકગીતો નૃત્ય કરતી વખતે ગવાય છે, તેથી અહીં ‘ વસંત નૃત્યગીતો ’ એવું નામ આપવાનો અમે પ્રયાસ કર્યો છે. તડવીઓમાં આ ગીતોને ‘ રોળા ’ અને ભીલોમાં ‘ આલેણિયા ’—‘ હાલેણિયાં ’ કહે છે. શિયાળાની હાડગાળતી ઠંડી પડતી હોય છે ત્યારે રાત્રે સરખેસરખી યુવતીઓ ભેગી મળે છે. એકબીજીની કેડે હાથના કંદોરા ભીડી નાચતાં જઈ ગીતો ગાય છે. પોતાની યૌવનગુફામાં ગોંધાઈ રહેલા ભાવોને ગીતો દ્વારા વહેતા મૂકે છે. નૃત્યગીતોમાં કૌમાર્યજીવનનાં યૌવન-મસ્તી, સાંસારિક જીવનનાં સુખદ-દુઃખદ સ્મરણો, દાંપત્ય જીવન પ્રત્યેનો મીઠડો રોષ, સાહેલીઓની મશ્કરી, નણંદ કે ભાભી પ્રત્યેનો કટાક્ષ તથા મુક્ત જીવનનો પોતે માનેલો આનંદ ગવાયો છે.

તડવીઓમાં ગવાતાં ગીતો મુખ્યત્વે સંખેડાથી ઉત્તર-પૂર્વમાં વધારે ગવાય છે. પશ્ચિમ ભાગમાં ગવાવાં હવે બંધ થયાં છે. તેને બદલે એ ગીતો ગોરમાના વ્રત વખતે ગવાય છે. ભીલોમાં ગવાતાં ગીતો નસવાડી-તિલકવાડાના ભીલોમાં ગવાય છે. માગસરથી હોળી સુધીના ગાળામાં આ ગીતો ગવાયા કરે છે. પુરુષોમાં આ સમય દરમિયાન ડાંડિયા નૃત્ય થતાં પણ હવે તે બંધ પડી ગયાં છે.

ગીતોની બોલી મૂળ પ્રમાણે રાખવાનો બનતો પ્રયત્ન કર્યો છે કેમકે મૂળ ઉચ્ચારણ ધ્વનિ-મુદ્રણ સિવાય આપવું અશક્ય છે.

ગીતોના ઢાળ ઘણા નાજુક છે. એક ઢાળથી બીજા ઢાળ વચ્ચે બહુ નાજુક અંતર હોય છે. મોટા ભાગનાં ગીતોની પંક્તિઓમાં અંતે ‘ રે લોલ ’ આવે છે, પણ દરેક ગીતનો ઢાળ જુદો હોય છે.

આ ગીતોને જૂનાં ફાગુકાવ્યો સાથે સામ્ય અથવા ઇતર માહિતીની દૃષ્ટિએ સરખાવી જોવા જેવું છે.

તડવી નૃત્યગીતો

[૧]

ખાખેરાં ખમ્મ ખમ્મ બોલે રે
કુંમાળિયા[1] ધમ્મ ધમ્મ બોલે રે લોલ !

ચમચમિયા જોડાવાળો રે
તું મારી નજરે ના જોયે રે લોલ !

કેડે કંદોરાવાળો રે
તું મારી નજરે ના જોયે રે લોલ !

કાંને[2] ખૂંપાવાળો રે
તું મારી નજરે ના જોયે રે લોલ !

આથે[3] પોંચી'[4]વાળો રે
તું મારી નજરે ના જોયે રે લોલ !

[૨]

ઊંચો ગગનિયો માળો હો લે'રી છેલ !
ઊંચો ગગનિયો માળો હો લે'રી છેલ !
ઊંચો ગગનિયો માળો રે લોલ.

અટી-કટીનાં લાકડાં હો લે'રી છેલ !
અટી-કટીનાં લાકડાં હો લે'રી છેલ !
અટી-કટીનાં લાકડાં રે લોલ.

માળુલે[5] બેસવા આવે હો લે'રી છેલ !
માળુલે બેસવા આવે હો લે'રી છેલ !
માળુલે બેસવા આવે રે લોલ.

વાંની વાંનીનો પોંક લાવે હો લે'રી છેલ !
વાંની વાંનીનો પોંક લાવે હો લે'રી છેલ !
વાંની વાંનીનો પોંક લાવે રે લોલ.

ભેળાં બેસીને ખાઈશું હો લે'રી છેલ !
ભેળાં બેસીને ખાઈશું હો લે'રી છેલ !
ભેળાં બેસીને ખાઈશું રે લોલ.

માળો ડોલેણું[6] મારે હો લે'રી છેલ !
માળો ડોલેણું મારે હો લે'રી છેલ !
માળો ડોલેણું મારે રે લોલ.

---

૧ કુંવાડિયા (વર્ષાયુ પુંવાડિયા); ૨ કાને; ૩ હાથે; ૪ પહોંચી; ૫ માળે, ૬ ઝોલા ખાય.

[૩]

સાગની સોટી સીસમની ડાંડી રે
    ઓ શણગીવાળા !
    મારું દલ આંબલે ગુંજારા મારે રે લોલ.

પાંણી ભરવા જેલી[૭] બેડાનો ઝોલો લાયગોરે[૮]
    ઓ શણગીવાળા !
    મારું દલ આંબલે ગુંજારા મારે રે લોલ.

છાંણું[૯] વીણવા જેલી ટોપલેનો ઝોલો લાયગોરે
    ઓ શણગીવાળા !
    મારું દલ આંબલે ગુંજારા મારે રે લોલ.

લાકડાં લેવા જેલી ભારાનો ઝોલો લાયગોરે
    ઓ શણગીવાળા !
    મારું દલ આંબલે ગુંજારા મારે રે લોલ.

[૪]

આથોમે[૧૦] સગડું ને ગર ગળિયાળું નાળિયેર
    ઓ મારા લે'રી રે
        અંધારી રાઈતનો[૧૧] મેળો રે લોલ.

ડભોઈના ડાબડા ને ચાંદજના[૧૨] ચાંદલા
    ઓ મારા લે'રી રે
        અંધારી રાઈતનો મેળો રે લોલ.

મંમઈના[૧૩] મૂમલા ને અમદાવાતની[૧૪] ખીચડી
    ઓ મારા લે'રી રે
        અંધારી રાઈતનો મેળો રે લોલ.

હાલોલનો ઘાઘરો ને કાલોલની કોશડી
    ઓ મારા લે'રી રે
        અંધારી રાઈતનો મેળો રે લોલ.

સૂરજની[૧૫] સાડીઓ ને સૂરપણની[૧૬] જાતરા
    ઓ મારા લે'રી રે
        અંધારી રાઈતનો મેળો રે લોલ.

---

૭ ગયેલી, ૮ લાગ્યો, ૯ છાણાં. ૧૦ હાથોમાં; ૧૧ રાતનો; ૧૨ ચાંદોદના; ૧૩ મુંબઈના; ૧૪ અમદાવાદના; ૧૫ સૂરત; ૧૬ શૂલપાણેશ્વર.

[૫]

કૅાનમિયાં[૧૭] માંગાં આઈવાં માળી ![૧૮]
મારાં કૅાનમિયાં માંગાં આઈવાં રે લોલ.

એ માંગાં નખે ઝીલે માળી ![૧૯]
મારાં એ માંગાં નખે ઝીલે રે લોલ.

કૅાનમિયાં કોદરા ભેળાવે[૨૦] માળી !
મને કૅાનમિયાં કોદરા ભેળાવે રે લોલ.

કોદરા ભેળતાં ના આવડે માળી !
મને ખીલળે ખીલળે મારે રે લોલ.

મોવાસી[૨૧] માંગાં આઈવાં માળી !
મારાં મોવાસી માંગાં આઈવાં રે લોલ.

એ માંગાં નખે ઝીલે માળી !
મારાં એ માંગાં નખે ઝીલે રે લોલ.

મોવાસી ડાંગેરો ખંડાવે માળી !
મને ડાંગેરો ખંડાવે રે લોલ.

ડાંગેરો ખાંડતાં ના આવડે માળી !
મને સાંબેલે સાંબેલે મારે રે લોલ.

શોતરિયાં[૨૨] માંગાં આઈવાં માળી !
મારાં શોતરિયાં માંગાં આઈવાં રે લોલ.

એ માંગાં ઝીલી લીજ્જે[૨૩] માળી !
મારાં એ માંગાં ઝીલી લીજ્જે રે લોલ.

શોતરિયાં જાઈરો[૨૪] દળાવે માળી !
મને શોતરિયાં જાઈરો દળાવે રે લોલ.

એ જાઈરો સારીઓ લાગે માળી !
મને એ જાઈરો સારીઓ લાગે રે લોલ.

---

૧૭ કાનમનાં; ૧૮ આવ્યાં; ૧૯ માડી; ૨૦ ભરડાવે; ૨૧ મેવાસી; ૨૨ છોત્તર (સંખેડા તાલુકાનો ઉચ્છ અને ઓરસંગ વચ્ચેનો પટ્ટો); ૨૩ લેજો; ૨૪ જુવારો (બ. વ.).

[૬]

ચાંદન[૨૫] ઘળીયાળાં[૨૬] વાગે મારી રેવલી ભાભી !
ચાંદન ઘળીયાળાં વાગે રે લોલ.

ઘળીયાળાં કેટલી ઘળી[૨૭] વાગે મારા નાનાં દિયર !
ઘળીયાળાં કેટલી ઘળી વાગે રે લોલ.

ઘળીયાળાં ચાર ઘળી વાગે મારી રેવલી ભાભી !
ઘળીયાળાં ચાર ઘળી વાગે રે લોલ.

[૭]

ઘેટાંચારુલો આયવો ઘેટાવાળા
ઘેટાંચારુલો આયવો ઘેટાવાળા
ઘેટાંચારુલો આયવો રે લોલ.

વનમેં તરસેલી[૨૮] લાયગી ઘેટાવાળા
વનમેં તરસેલી લાયગી ઘેટાવાળા
વનમેં તરસેલી લાયગી રે લોલ.

વનમેં કુવલિયા ખોયદા ઘેટાવાળા
વનમેં કુવલિયા ખોયદા ઘેટાવાળા
વનમેં કુવલિયા ખોયદા રે લોલ.

વનમેં પાંણીલાં પીધાં ઘેટાવાળા
વનમેં પાંણીલાં પીધાં ઘેટાવાળા
વનમેં પાંણીલાં પીધાં રે લોલ.

વનમેં તરસેલી ભાંઈગી[૨૯] ઘેટાવાળા
વનમેં તરસેલી ભાંઈગી ઘેટાવાળા
વનમેં તરસેલી ભાંઈગી રે લોલ.

વનમેં ભૂખેલી[૩૦] લાયગી ઘેટાવાળા
વનમેં ભૂખેલી લાયગી ઘેટાવાળા
વનમેં ભૂખેલી લાયગી રે લોલ.

વનમેં ખીચળો[૩૧] મેઈલો[૩૨] ઘેટાવાળા
વનમેં ખીચળો મેઈલો ઘેટાવાળા
વનમે ખીચળો મેઈલો રે લોલ.

---

૨૫ ચાંદોદ; ૨૬ ઘડિયાળાં; ૨૭ ઘડી; ૨૮ તરસ; ૨૯ ભાંગી; મટાડી; ૩૦ ભૂખ; ૩૧ ખીચડો; ૩૨ મેલ્યો–મૂક્યો.

વનમેં ખીચળો ખાધો ઘેટાવાળા
વનમેં ખીચળો ખાધો ઘેટાવાળા
વનમેં ખીચળો ખાધો રે લોલ.

વનમેં ભૂખેલી ભાંઈગી ઘેટાવાળા
વનમેં ભૂખેલી ભાંઈગી ઘેટાવાળા
વનમેં ભૂખેલી ભાંઈગી રે લોલ.

[૮]

કેવું તને કાપળું[૩૩] જોયે[૩૪] હજી !
કેવું તને કાપળું જોયે હજી !
કેવું તને કાપળું જોયે રે લોલ.

ખીલકાપનું[૩૫] કાપળું જોયે હજી !
ખીલકાપનું કાપળું જોયે હજી !
ખીલકાપનું કાપળું જોયે રે લોલ.

કોસે ઘૂઘરીઓ મેલે દરજીળા વીરા !
કોસે ઘૂઘરીઓ મેલે દરજીળા વીરા !
કોસે ઘૂઘરીઓ મેલે રે લોલ.

કેવો તને ઘાઘરો જોયે હજી !
કેવો તને ઘાઘરો જોયે હજી !
કેવો તને ઘાઘરો જોયે રે લોલ.

પોપટીઓ ઘાઘરો જોયે હજી !
પોપટીઓ ઘાઘરો જોયે હજી !
પોપટીઓ ઘાઘરો જોયે રે લોલ.

કેવું તને લૂગળું[૩૬] જોયે હજી !
કેવું તને લૂગળું જોયે હજી !
કેવું તને લૂગળું જોયે રે લોલ.

મલમલિયું લૂગળું જોયે હજી !
મલમલિયું લૂગળું જોયે હજી !
મલમલિયું લૂગળું જોયે રે લોલ.

૩૩ કાપડું; ૩૪ જોઈએ; ૩૫ કીનખાપ; ૩૬ લૂગડું.

[૯]

કાચી ઇંટળીઓ[૩૭] પડાવે રે ગોરધનિયા વાણિયા
કાચી ઇંટળીઓ પડાવે રે લોલ.

ઇંટળી બંગલો બંધાવે રે ગોરધનિયા વાંણિયા
ઇંટળી બંગલો બંધાવે રે લોલ.

બંગલે બારીઓ મેલાવે રે ગોરધનિયા વાંણિયા
બંગલે બારીઓ મેલાવે રે લોલ.

બારીએ જાળીઓ મેલાવે રે ગોરધનિયા વાંણિયા
બારીએ જાળીઓ મેલાવે રે લોલ.

બારીએ બેઠી બેઠી રુવે રે શેઠાણી તેજલી
બારીએ બેઠી બેઠી રુવે રે લોલ.

શેનાં તને રોજલાં[૩૮] આવે રે શેઠાણી તેજલી ?
શેનાં તને રોજલાં આવે રે લોલ.

બે'નો મને સાંભળી આઈવીઓ રે ગોરધનિયા વાંણિયા
બે'નો મને સાંભળી આઈવીઓરે[૩૯] લોલ.

કાઈલે તને બે'નો બતાવું રે શેઠાણી તેજલી !
કાઈલે તને બે'નો બતાવું રે લોલ.

[૧૦]

ગોંદરે હેળ[૪૦] આવી પઈલી રે[૪૧] નેણા ચારણિયા !
ગોંદરે હેળ આવી પઈલી રે લોલ.

ભૂરી ભેંસોનાં મૂલ કરે રે નેણા ચારણિયા !
ભૂરી ભેંસોનાં મૂલ કરે રે લોલ.

કાળી ભેંસો ટાળી મેલે રે નેણા ચારણિયા !
કાળી ભેંસો ટાળી મેલે રે લોલ.

[૧૧]

ધોળી ધમાઈશનો[૪૨] વેલો કાકા રઘલા !
ધોળી ધમાઈશનો વેલો રે લોલ.

કાકા, કાકા, કોને કરે બેટા મનુળી ![૪૩]
ઉં[૪૪] તારા ઘરનો ઘણી રે લોલ.

કલિયાં[૪૫] જોયે તો કલિયાં આલુ બેટા મનુળી !
ઉં તારા ઘરનો ધણી રે લોલ.

---

૩૭ ઇંટો; ૩૮ રૂદન, રડવું; ૩૯ આવી (બ. વ.). ૪૦ ટોળું, ૪૧ પડી. ૪૨ ધમાસ, ૪૩ મનુડી, ૪૪ હું, ૪૫ પગમાં પહેરવાનાં કલ્લાં.

[૧૨–જીંગલી]

આજે તું કાં જવા કરે 'લી જીંગલી
આજે તું કાં જવા કરે રે લોલ.

પીપળીએ જવા કેરું 'લા જીંગલા માછીડા
હર પોઇરા પીપળીએ રળવા[46] જવું રે લોલ.

પનાઈમે બેસારતો જાને 'લા જીંગલા માછીડા
હર પોઈરી૦

પગનાં આંગોઠીયાં કાઢી લાવે 'લી જીંગલી
હર પોઈરી૦

કયો મારગ કયો દેશ 'લા જીંગલા માછીડા
હર પોઈરી૦

ડભોઈ મારગડે જવાં 'લી જીંગલી
હર પોઈરી૦

[૧૩]

ઓ ઝમકુંરે! ઝાડોમે ઝીંઝવો મો'રેલો રે
ઓ ઝમકુંરે ઝાડોમે ઝીંઝવો મો'રેલો રે લોલ.

ઓ પૂંજિયા રે! નાસી જવાની વાતો કરે રે
ઓ પૂંજિયા રે નાસી જવાની વાતો કરે રે લોલ.

ઓ પૂંજિયા રે! નાસી જઈશું ને શું યે ખાશું રે
ઓ પૂંજિયા રે નાસી જઈશું ને શુંયે ખાશું રે લોલ.

ઓ ઝમકુંરે! કોઠીમે જૂની જુવાર રે
ઓ ઝમકુંરે કોઠીમે જૂની જુવાર રે લોલ.

[૧૪]

તેજલી કોઈબામે[47] વાસીદાં ભરે રે
રાયલો ઉપરવાજે[48] ગોળા[49] નાખે રે લોલ.

રાયલા! એમે શું કરવા કરે રે
રાયલા! એમે શું કરવા કરે રે લોલ.

તેજલી નાસી જવાની વાતો કરે રે
તેજલી નાસી જવાની વાતો કરે રે લોલ.

---

૪૬ રડવા—કાણે જવું તે; ૪૭ કો'ઢ--(બ. વ.), ૪૮ ઉપરવાડે; ૪૯ ચેડાં.

રાયલા ! નાસી જઈશું ને શુંયે ખાઈશું રે
રાયલા ! નાસી જઈશું ને શુંયે ખાઈશું રે લોલ.

તેજલી ! બીની બાજરી દળી લીજો રે
તેજલી ! બીની બાજરી દળી લીજો રે લોલ.

રાયલા ! શેને ઉ[50] પાંનિયાં ચેંકું રે[51]
રાયલા ! શેને ઉં પાંનિયાં ચેંકું રે લોલ.

તેજલી ! ટકાનાં તેલળાં લાવે રે
તેજલી ! ટકાનાં તેલળાં લાવે રે લોલ.

રાયલા ! શેને ઉં પાંનિયાં બાંધું રે
રાયલા ! શેને ઉં પાંનિયાં બાંધું રે લોલ.

તેજલી ! વળગણીએ કોરો રૂમાલ રે
તેજલી ! વળગણીએ કોરો રૂમાલ રે લોલ.

રાયલા ! રૂમાલે ઝેળકો[52] જેલો રે
રાયલા ! રૂમાલે ઝેળકો જેલો રે લોલ.

તેજલી ! કયો મારગ કયો દેશ રે
તેજલી ! કયો મારગ કયો દેશ રે લોલ.

રાયલા ! ડભોઈ મારગ ડભોઈ દેશ રે
રાયલા ! ડભોઈ મારગ ડભોઈ દેશ રે લોલ.

રાયલા ! ડભોઈ મારગળે જવાં રે
રાયલા ! ડભોઈ મારગળે જવાં રે લોલ.

તેજલી ! વાઈટોનું ભોમિયું લીજો રે
તેજલી ! વાઈટોનું ભોમિયું લીજો રે લોલ.

રાયલા ! ભોમિયું મજૂરી માંગે રે
રાયલા ! ભોમિયું મજૂરી માંગે રે લોલ.

તેજલી ગજવામેં 'આથ [53]નાખી જુવે રે
તેજલી ગજવામેં આથ નાખી જુવે રે લોલ.

રાયલા ! આથ તો ખાલી પઈજો રે
રાયલા ! આથ તો ખાલી પઈજો રે લોલ.

તેજલી ! આથનો વેંળ[54] કાઢી આલે રે
તેજલી ! આથનો વેંળ કાઢી આલે રે લોલ.

---

૫૦ હું, ૫૧ શેકું, ૫૨ ચીરો, ૫૩ હાથ, ૫૪ વેઢ.

તેજલી ! ડભોઈનો કોટ ઝાલી રૂવે રે
તેજલી ! ડભોઈનો કોટ ઝાલી રૂવે રે લોલ.

તેજલી ! શેનાં તને રોજલાં આવે રે
તેજલી ! શેનાં તને રોજલાં આવે રે લોલ.

રાયલા ! બે'નો મને સાંભરી આઈવી ઓ રે
રાયલા ! બે'નો મને સાંભરી આઈવી ઓ રે લોલ.

તેજલી ! કાઈલે[૫૫] તને બે'નો બનાવું રે
તેજલી ! કાઈલે તને બે'નો બનાવું રે લોલ.

[૧૫]

નાસી જવાની વાતો કરે રે રૂપાળી સદલી !
નાસી જવાની વાતો કરે રે લોલ.

કે' પાહે[૫૬] નાસી જવું રે ઓ નથુવા પૂંજિયા !
કે' પાહે નાસી જવું રે લોલ.

મઈસાગર[૫૭] ઊતરી જવું રે રૂપાળી સદલી !
મઈસાગર ઊતરી જવું રે લોલ.

વાઈટાનો ભોમિયો લેજો રે ઓ નથુવા પૂંજિયા !
વાઈટાનો[૫૮] ભોમિયો લેજો રે લોલ.

ગાડીનો ટેંમ ચૂકી જેલો રે ઓ નથુવા પૂંજિયા !
ગાડીનો ટેંમ ચૂકી જેલો રે લોલ.

આંબાની લેનોમેં ઊભો રે ઓ નથુવા પૂંજિયા !
આંબાની લેનોમેં ઊભો રે લોલ.

કાચી કેરીની લૂંમ તોઈડી રે[૫૯] ઓ નથુવા પૂંજિયા !
કાચી કેરીની લૂંમ તોડી રે લોલ.

ભેળાં બેસી બંને જણે ખાધી રે ઓ નથુવા પૂંજિયા !
ભેળાં બેસી બંને જણે ખાધી રે લોલ.

ડભોઈનો ઝૂંડો ઝાલી રડે રે રૂપાળી સદલી !
ડભોઈનો ઝૂંડો ઝાલી રડે રે લોલ.

છાની શું કરવા રડે રે રૂપાળી સદલી !
છાની શું કરવા રડે રે લોલ.

---

૫૫ કાલે, ૫૬ પાસે-બાજુએ, ૫૭ મહીસાગર, ૫૮ વાટ (બ. વ.), ૫૯ તોડી.

સૈયેરો સાંભરી આવે રે ઓ નથુવા પૂંજિયા !
સૈયેરો સાંભરી આવે રે લોલ.

સૈયેરો સાથે ના આવે રે રૂપાળી સદલી !
સૈયેરો સાથે ના આવે રે લોલ.

કે' પાહે નાસી જવું રે ઓ નથુવા પૂંજિયા !
કે' પાહે નાસી જવું રે લોલ.

મઈસાગર ઊતરી જવું રે રૂપાળી સદલી !
મઈસાગર ઊતરી જવું રે લોલ.

ઓરસંગને આરલે નાવાં રે રૂપાળી સદલી !
ઓરસંગને આરલે નાવાં રે લોલ.

નજરબાગોમેં ફૂલાં વીણે રે રૂપાળી સદલી !
નજરબાગોમેં ફૂલાં વીણે રે લોલ. *

[૧૬] એકલાંની છાપરી

ભીલોનાં નૃત્યગીતો :

કાનમિયાં× માંગાં આઈવાં, હો રામ ઝરમરિયું
મા એ માંગાં નખે ઝોલે, રામ ઝરમરિયું
મા ડુંગરીએ એકલાની શાપરી, રામ ઝરમરિયું
મા દા'ળીની[૬૦] ડાંગેર ખંડાવે, રામ ઝરમરિયું
મા ડાંગેરો ખાંડતાં નૂં[૬૧] આવળે[૬૨], રામ ઝરમરિયું
મા સાંબેલે સાંબેલે મારી ! રામ ઝરમરિયું
મા દા'ળીના વાંસળા[૬૩] વળાવે,[૬૪] રામ ઝરમરિયું
મા વાંસેળા વાળતાં[૬૫] નૂં આવળે રામ ઝરમરિયું
મા વાંસેળે વાંસેળે મારી રામ ઝરમરિયું
મા દા'ળીના ટોપલા વણાવે રામ ઝરમરિયું
મા ટોપેલા ગૂંથતાં નૂં આવળે, દામ ઝરમરિયું
મા ટોપેલે ટોપેલે મારી રામ ઝરમરિયું
મા દા'ળીનાં દૈણુલાં દળાવે રામ ઝરમરિયું
મા દૈણેલાં દળતાં નૂં આવળે રામ ઝરમરિયું
મા ટોપેલે ટોપેલે મારી રામ ઝરમરિયું
મા દાળી'નાં પાણીલાં ભરાવે રામ ઝરમરિયું

---

* આ ગીતનું સંપાદન શ્રી. નટવરભાઈ તડવીએ કર્યું હતું.

× 'મા ડુંગરીએ એકલાની છાપરી' એમ પણ ગવાય છે.

૬૦ દા'ડી-દરરોજ, ૬૧ ના, ન, ૬૨ આવડે, ૬૩ વાંસડા (બ. વ.), ૬૪ વઢાવે, ૬૫ વાઢતાં.

મા પાંણીલાં ભરતાં નૂં આવજે રામ ઝરમરિયું
મા બેળુલે બેળુલે મારી રામ ઝરમરિયું
મા દા'ળીનાં વાસીદાં વળાવે રામ ઝરમરિયું
મા વાસીદાં વાળતાં નૂં આવજે રામ ઝરમરિયું
મા સારવણે[૬૬] સારવણે મારી રામ ઝરમરિયું

[૧૭] ગણેશનો ગોળ

સોંદજ[૬૭] ગનીયાળાં[૬૮] વાગે 'લી વેલકી !
સોંદજ ગનીયાળાં વાગે રે લોલ.
આજે ગણેશ મારે તંઈ[૬૯] સે[૭૦] 'લી વેલકી !
આજે ગણેશ મારે તંઈ સે રે લોલ.
ગણેશનો ગોળ ખાવા આવે 'લી વેલકી !
ગણેશનો ગોળ ખાવા આવે રે લોલ.
ગણેશનો ગોળ ખાવા આવે બામણીયા !
ગણેશનો ગોળ ખાવા આવે રે લોલ.
એ શાંનાં દાંડીયાં કરે બામણીયા !
એ શાંનાં દાંડીયાં કરે રે લોલ.
સીસમનાં દાંડીયાં કરું 'લી વેલકી !
સીસમનાં દાંડીયાં કરું રે લોલ.
ઢોલકનાં દાંડીયાં કરું રે 'લી વેલકી !
ઢોલકનાં દાંડીયાં કરું રે લોલ.
એ ઢોલકી કેવી કેવી વાગે બામણીયા !
એ ઢોલકી કેવી કેવી વાગે રે લોલ.
એ ઢોલકી બોવ સારી વાગે 'લી વેલકી !
એ ઢોલકી બોવ[૭૧] સારી વાગે રે લોલ.

[૧૮]

આજે વાળીએ[૭૨] જવા કરું ગોકળિયા ! ઓ પઈણા ![૭૩]
આજે વાળીએ જવા કરું રે લોલ.
ધની ગણેશળે[૭૪] બેઠેલી ગોકળિયા ! ઓ પઈણા !
ધની ગણેશળે બેઠેલી રે લોલ.

---

૬૬ સાવરણો. ૬૭ ચાંદોદ (ચ ને બદલે સ બોલાય છે.), ૬૮ ઘડિયાળાં, ૬૯ ત્યાં, ૭૦ છે, ૭૧ બહુ, ૭૨ વાડી, ૭૩ પરણ્યાજી ! ૭૪ ગણેશે—લગ્નને પહેલે દિવસે પીઠી ચોળે છે તેને ગણેશે બેસવું કહે છે.

વેવલીયેં નાસવા[૭૫] જે'લી ગોકળિયા ! ઓ પઈણા !
વેવલીયે નાસવા જે'લી રે લોલ.

બેડોશે[૭૬] બાંઈણાં બાંદે[૭૭] ગોકળિયા ! ઓ પઈણા !
બેડોશે બાંઈણાં બાંદે રે લોલ.

દાતીળાં[૭૮] તપાતાં મેલેલાં ગોકળિયા ! ઓ પઈણા !
દાતીળાં તપાતાં મેલેલાં રે લોલ.

તવેથો તપાવા મેલેલો ગોકળિયા ! ઓ પઈણા !
તવેથો તપાવા મેલેલો રે લોલ.

દાતીળાં શું કરવા તપાવે ગોકળિયા ! ઓ પઈણા !
દાતીળાં શું કરવા તપાવે રે લોલ.

કલોળું[૭૯] ડાંમવા કરું ઓ સોનકી ! ઓ પઈણી ![૮૦]
કલોળું ડાંમવા કરું રે લોલ.

ઘરમેં ફૂકાફૂક[૮૧] વાળે ! ઓ સોનકી ! ઓ પઈણી !
ઘરમેં ફૂકાફૂક વાળે રે લોલ.

[૧૯] કહુડી

ગલકાં વીણે કહુળી ! તારી બે'ન
વેલોમેં ગલકાં વીણે રે લોલ.

એ ગલકાં શું કરવા વીણે ? કહુળી ! તારી બે'ન
એ ગલકાં શું કરવા વીણે રે લોલ.

તીનાં તે ભજીયાં બનાવે કહુળી તારી બે'ન
તીનાં તે ભજીયાં બનાવે રે લોલ.

એ ભજીયાં કેવાં કેવાં લાગે કહુળી, તારી બે'નને
એ ભજીયાં કેવાં કેવાં લાગે રે લોલ.

એ ભજીયાં બોવ સારાં લાગે કહુળી ! તારી બે'નને
એ ભજીયાં બોવ સારાં લાગે રે લોલ.

[૨૦] બોરાં ખાવા આવે

તારી બોળનાં[૮૨] ખાટાં બોળાં
મારી બોળનાં મીઠાં બોળાં
બોળાં ખાવા આવે શોરીઓ[૮૩] બોળેલું બોળેલું
બોળે ઝીંટાઈલીઓ શોરીઓ બોળેલું બોળેલું
બોળે ઝીંટાઈલા **ભૂરી !** બોળેલું બોળેલું

---

૭૫ નાચવા, ૭૬ બેડોશે, ૭૭ બાંધે, ૭૮ દાતરડાં, ૭૯ કલોડુ-વાછરડું (હિંદીમાં આ શબ્દ છે), ૮૦ પરણેતર, ૮૧ બૂમા બૂમ, ૮૨ બોર, ૮૩ છોરીઓ, (છોકરીઓ).

[૨૧]

સણુાની[૮૪] ભાજી વીણુવા જવાં મોરી નણુદી !
સણુાની ભાજી વીણુવા જવાં રે લોલ.

મને તળસેલી ઘણી લાગી મોરી નણુદી !
મને તળસેલી ઘણી લાગી રે લોલ.

આઘેલી ઊભલી રી'જો મોરી નણુદી !
રેવા મે'[૮૫] પાણી પીવા જવાં રે લોલ.

ભાભી તે નાસી જેલી મોરા વીરા !
ભાભીને તેળવા જીજો રે લોલ.

શીણીની[૮૬] સોટી ભાંગે મોરા વીરા !
ભાભીને તેળવા જીજો રે લોલ.

[૨૨]

ટોપીવાળાનું રાજ સાલે રે[૮૭] ઓ ટોપીવાળા !
ટોપીવાળાનું રાજ સાલે રે લોલ.

અંગરેજી રાજ ડૂલી જે'લું રે ઓ ટોપીવાળા !
ટોપીવાળાનું રાજ સાલે રે લોલ.

[૨૩]

ઓટલે કોણ બેસી રે'લું મારી માળી !
ઓટલે કોણ બેસી રેલું રે લોલ.

જમાઈયું તેળવા આવેલું બેટા ધનજી !
જમાઈયું તેળવા આવેલું રે લોલ.

દુણેલી બાજરી દળે મોરી માળી !
દુણેલી બાજરી દળે રે લોલ.

[૨૪]

મારો મામો તો કાં જે'લો મારી મામી
મારો મામો તો કાં જેલો રે લોલ.

ઊસી[૮૮] મોવેળી[૮૯] નીસાં[૯૦] ડાળાં બેટા ઝમકું
મોટે ખેતર સૂવા જેલો રે લોલ.

---

૮૪ ચણાની ૮૫ નર્મદા, ૮૬ છીણી–પાણીમા થતી વનસ્પતિ–ઉનાળે ફૂલ આપે છે. ૮૭ ચાલે, ૮૮ ઊંચી, ૮૯ મહુડી, ૯૦ નીચાં.

[૨૫]

આજે તું કાં જવા કરે ભાભી !
આજે તું કાં જવા કરે.

પીપળીએ રળવા જવાં દિયેર
પીપળીએ રળવા જવા.

ખોળી ખોળી તે કંમ સાલે ભાભી
ખોળી ખોળી તે કંમ સાલે.

ગોખરવી કાંટો ભાંઈગો દિયેર
ગોખરવી કાંટો ભાંઈગો.

[૨૬]

[બે પક્ષ પડી ગાય છે.]

રે બંદાની માશી હોય તો રે
બંદાને આલા[૯૧] કરે રે.

રે બંદાની માશી હોય તો રે
બંદાને આલા કરે રે.

[૨૭]

સખી, સાંદેણી[૯૨] શી રાત, સાંદો કારે ઊગશે રે ?
......તારું દેવરિયું ઘેર કારે આવશે રે ?
જશે રાજાને દરબાર, પેરો ભરી આવશે રે.
જશે રાજાને દરબાર ગદેડે[૯૩] બેસી આવશે રે.
લાવશે ગરમાળાની શિંગ
તરવાર ઝાલી આવશે રે !

[૨૮]

મારા કોઠારિયામેં લીલો સાંદલો, પીળો સાંદલો.
ઊઠ રે બે'ની ભેટવા
દેવ દેવના દાજી આયવા
થાળીઓમેં રેજા લાયવા,
ઊઠ રે બે'ની ભેટવા.
ડગલોના કળકા લાયવા
ઊઠ રે બે'ની ભેટવા.

---

૯૧ હાલા, હાલરડાં ગાય, ૯૨ ચાંદેણી, ૯૩ ગધેડે.

[૨૯]

મોરિયું તું કંઈ થઈને સળિયું[૯૪]
ભંમરભઈનું મોરિયું રે.
મોરિયું તું **ખુશાલિયાને** પગે થઈને સળિયું
ભંમરભઈનું મોરિયું રે.
મોરિયું તું કંઈ થઈને ઉતરું
ભંમરભઈનું મોરિયું રે.
મોરિયું તું ખુશાલિયાને માથે થઈને ઊતરું
ભંમરભઈનું મોરિયું રે.

[૩૦]

[બે પક્ષ પડે છે.]

૧ — બોળે બોળેનાં રે ફૂલળાં મેં વેઈળાં
૨ — સંપાનાં રે ફૂલળાં મેં વેઈળાં
૧ — લટકાળો રે હાયરો મેં ગૂંઈથો
૨ — લટકાળો રે જોબો મેં ગૂંઈથો
૧ — હલી ભૂરી વણઝારીની કોટમેં મેં લાઈખો
૨ — હલી કમળી વણઝારીની કોટમેં મેં લાઈખો

[૩૧] ગરાસિયા—ગરાસણી

[ગાનારના બે પક્ષ પડે છે.]

૧—ગળાસિયા[૯૫] રે ભાય ગળાસિયા
અમે ધોતિયાંના પે'રનાર ગળાસિયા
ગળાસિયા રે ભાય ગળાસિયા
અમે પોતિયાંના પે'રનાર ગળાસિયા
૨—ગળહાંણિયો[૯૬] રે ભાય ગળહાંણિયો
અમે ઘાઘરીઓની પે'રનારી ગળહાંણિયો
૧—ગળાસિયા રે ભાય ગળાસિયા
અમે ભોરિયોના પે'રનાર ગળાસિયા
૨—ગળહાંણિયો રે ભાય ગળહાંણિયો
અમે કલિયોની પે'રનારી ગળહાંણિયો
૧—ગળાસિયા રે ભાય ગળાસિયા
અમે કંદોરાના પે'રનાર ગળાસિયા

---

૯૪ ચડિયું (ચઢયું), ૯૫ ગરાસિયા, ૯૬ ગરાસણીઓ.

૨—ગળહાંણિયો રે ભાય ગળહાંણિયો
અમે અંગોઠોની પે'રનારી ગળહાંણિયો

૧—ગળાસિયા રે ભાય ગળાસિયા
અમે અંગરખાંના પે'રનાર ગળાસિયા

૨—ગળહાંણિયો રે ભાય ગળહાંણિયો
અમે ઓઢણીઓની[૯૭] પે'રનારી ગળહાંણિયો

૧—ગળાસિયા રે ભાય ગળાસિયા
અમે ઢોળલાના પે'રનાર ગળાસિયા

૨—ગળહાંણિયો રે ભાય ગળહાંણિયો
અમે ટોળલાની પે'રનારી ગળહાંણિયો

[૩૨]

[ગાનાર છોકરીઓના બે પક્ષ પડે છે. એક પૂછે છે, બીજો ઉત્તર આપે છે. હાથથી મોં દબાવી બોલે છે.]

૧—કોણે લીધેલું મારું જમના વાજીરું રે
૨—મેં નથી લીધું તારું જમના વાજીરું રે
૧—લીધું હોય તો આલે મારું જમના વાજીરું રે
જોેળું હોય તો આલુ મારું જમના વાજીરું રે
૨—કોણે લીધેલું તારું જમના વાજીરું રે
૧—ભૂરકી લીધેલું મારું જમના વાજીરું રે

[૩૩]

[ગાનારના બે પક્ષ પડે છે]

૧—જોબન રે જોબન !
તમને શેની શી રેળ[૯૮] મારી જોબન !

૨—જોબન રે જોબન !
અમને ટોળલાની રેળ મારી જોબન !

૧—કાલમેં રસાવું મારી જોબન !
આવોને મલીએ મારી જોબન !
પાળેલે પળીએ મારી જોબન !

૯૭ ઓઢણીઓ, ૯૮ રઢ.

[૩૪]

વનવગળોમેં **સારે** ઘેટાંવાળો
વનવગળોમેં સારે ઘેટાંવાળો

વનમેં ઘેટુલાં સારે ઘેટાંવાળો
વનમેં ઘેટુલાં સારે ઘેટાંવાળો

વનમેં તરસેલી લાગી ઘેટાંવાળો
વનમેં તરસેલી લાગી ઘેટાંવાળો

વનમેં કુવલિયા ખોદે ઘેટાંવાળો
વનમેં કુવલિયા ખોદે ઘેટાંવાળો

વનમેં દૂદલિયાં કાળે ઘેટાંવાળો
વનમેં દૂદલિયાં કાળે ઘેટાંવાળો

વનમેં **સાસેલી** તાણે ઘેટાંવાળો
વનમેં સાસેલી તાણે ઘેટાંવાળો

વનમેં ભૂખેલી લાગી ઘેટાંવાળો
વનમેં ભૂખેલી લાગી ઘેટાંવાળો

વનમેં ખીસળીઓ મેલે ઘેટાંવાળો
વનમેં ખીસળીઓ મેલે ઘેટાંવાળો *

[૩૫] ચાકર બેચરિયો

[ખેડૂતો જુવાન છોકરાઓને ચાકર રાખે છે. ઘણી વાર ખેડૂતની પુત્રી ચાકર પ્રત્યે પોતાનો પ્રેમ ઢાલવે છે. આવા કિસ્સા હજુ બને છે. એવે વખતે પેલા ચાકરને ઘરજમાઈ—' ખંધોડ ' રાખી લે છે.]

મારીએ સાકર રે'વા આવે રે સાકર બેસરિયા
મારીએ સાકર રે'વા આવે રે લોલ.

મૈ'નાની શું સાકરી આલે રે, ઓ માસી સીતલી
મૈ'નાની શું સાકરી આલે રે લોલ.

મૈ'નાના દશ રૂપયા આલું રે સાકર બેસરિયા
મૈ'નાના દશ રૂપયા આલું રે લોલ.

જોળો પીસોળાં૯૯ લઈ આલું રે સાકર બેસરિયા
જોળો પીસોળાં લઈ આલું રે લોલ.

---

* તડવી ગીત માટે જુઓ ક્રમ. લીટી દોરેલા શબ્દો સ ને બદલે ચ, છ સમજવા.

૯૯ પીછોડા, પીછોડીઓ—(ચાદર)

[૩૬]–ભીમલો પારસી

ભેખોળમેં દારૂલો ગાળેલો રે ભીમલા પારસી !
જુલણિયા મોવળાનાં પાંનાં રે લોલ.

રાશી દારૂલો નખે ગાળે રે (૨) ઓ ભીમલા પારસી !
રાશીમેં ફૂલ ઘાલી લાવે રે (૨) ઓ ભીમલા પારસી૦
રાશીમેં ફૂલ ભેળી લાવે રે (૨) ઓ ભીમલા પારસી૦
પાંનાં તું લેતી આવે રે (૨) ઓ જાળી મનળી
પાંનાં તું લેતી આવે રે લોલ.

ડોઈલી[૧૦૦] તું લેતો આવે રે (૨) ઓ ભીમલા પારસી૦
ડોઈલી તું મોટી લાવે રે (૨) ઓ ભીમલા પારસી૦
ડોઈલી તું ખોંસી * લાવે રે (૨) ઓ ભીમલા પારસી૦

[૩૭] અગનગાડી

હલી અગનગાળી આવે રે
હલી અગનગાળી આવે રે
પાશી × ગાંડે પાછળ પૂછેટીયાં વાગે રે લોલ.

ગાળીમેં શું માલ ભળિયો રે (૨) પાછી૦
ગાળીમેં મશરુ ભરેલું રે (૨) પાછી૦
ગાળીનો કોણ આરી જેલો રે (૨) પાછી૦
ગાળીનો શાણો ભાય આરી જેલો રે (૨) પાછી૦
ગાળીમેં કોણ સે બેઠેલી રે (૨) પાછી૦
ગાળીમેં જીંગલી બેઠેલી રે (૨) પાછી૦

[૩૮]

પોપટીઓ ઘાઘરો લાવે દરજીળા વીરા
પોપટીઓ ઘાઘરો લાવે.

ઝીણી સીવણીએ સીવે દરજીળા વીરા
ઝીણી સીવણીએ સીવે.

લેફે[૧૦૧] ઘૂઘરીઓ મેલે દરજીળા વીરા
લેફે ઘૂઘરીઓ મેલે.

સાલે તો રમઝમ બોલે દરજીળા વીરા
સાલે તો રમઝમ બોલે.

---

* ખૂંપવી. × પાછી.

૧૦૦ ડોલી–દારૂ તાડી માપવાનું સાધન, ૧૦૧ નેફો (ઘાઘરાનો).

[૩૯]

લીલો સંદરમો પીળો સંદરમો
સાંદેણી તેજ ઘણી મારે કાનમિયા પારસી
જાંબુળી રેશમે આવેલી રે લોલ.

ટૂટી તારી ખાટલી ને ફાટી તારી ગોદળી
સાંસળિએ[૧૦૨] સટકો કઈશિ રે
કાનમિયા પારસી જાંબુળી રેશમે આવેલી રે લોલ.

[૪૦]

ઊંસો બંગેલો બનાવે રે શોટીલા[૧૦૩] વાનિયા
ઊંસો બંગેલો બનાવે રે લોલ.

બંગેલે જાળીઓ મેલાવે રે શોટીલા વાનિયા
બંગેલે જાળીઓ મેલાવે રે લોલ.

બારીએ બેઠી બેઠી જોવે રે શોટીલી વાનિયેણ
બારીએ બેઠી બેઠી જોવે રે લોલ.

તારાં કોપેરાં નથી ખાતી રે શોટીલા વાનિયા
તારાં કોપેરાં નથી ખાતી રે લોલ.

તારાં કોપેરાં ખોળાં લાગે રે શોટીલા વાનિયા
તારાં કોપેરાં ખોળાં લાગે રે લોલ.

કોપેરાં ખાય ખાય થાકી રે શોટીલા વાનિયા
કોપેરાં ખાય ખાય થાકી રે લોલ.

[૪૧]

માળેલો સીંકવા જજો નોકર ! (૨)
ઊંસો ડોલણિયો માળો નોકર ! (૨)
એ માળે કેમ કેમ બેસું નોકર ! (૨)
મારો સોટલો[૧૦૪] ઝાલે નોકર ! (૨)
વાંની વાંનીનો પોંક પાળે નોકર ! (૨)
ડોસરિયા[૧૦૫] તલિયા લાવે નોકર ! (૨)
ઝાલે તો ઝાલવા દેજો નોકર ! (૨)
ખૂંટીએ કાપળું ભૂલી નોકર ! (૨)

---

૧૦૨ ચાંચડિયે, ૧૦૩ છોટીલો, ૧૦૪ ચોટલો, ૧૦૫ ડોચરિયા-મોટા.

[૪૨] દલકી

તું કોનાં પાંણીલાં ભરે રે
તું કોનાં પાંણીલાં ભરે રે
ઓ દલકી સૂળો[૧૦૬]વાળી !
તું કોનાં પાણીલાં ભરે રે લોલ.

બાંમણિયું પાંણી ભરું રે
બાંમણિયું પાંણી ભરું રે
ઓ જીણીયા ઢોળાંવાળા !
બાંમણિયું પાંણી ભરું રે લોલ.

મારાં ધોતિયાં ધોઈ આલે રે
મારાં ધોતિયાં ધોઈ આલે રે
ઓ દલકી સૂળોવાળી !
મારાં ધોતિયાં ધોઈ આલે રે લોલ.

નથી ખાદું ને નથી પીદું રે
નથી ખાદું ને નથી પીદું રે
ઓ જીણીયા ઢોળાંવાળા !
ઉં કમ ધોતિયાં ધોઈ આલું રે લોલ.

ઘણું ખાદું ને ઘણું પીદું રે
ઓ દલકી સૂળોવાળી !
ઘણું ખાદું ને પીદું રે લોલ.

[૪૩] મેળો

ઝરીયે[૧] મેળેલો[૨] ભરાયેલો રે
ભાભી ! હેંડ સાલો[૩] મેળેલો જોવા જીયે રે લોલ.

તારાં કલિયાં મને આલે રે
ભાભી ! હેંડ સાલો મેળેલો જોવા જીયે રે લોલ.

તારાં સાંકેળાં[૪] મને આલે રે
ભાભી ! હેંડ સાલો મેળેલો જોવા જીયે રે લોલ.

તારી આંસેલી[૫] મને આલે રે
ભાભી ! હેંડ સાલો મેળેલો જોવા જીયે રે લોલ.

તારાં ઝાંઝેરાં[૬] મને આલે રે
ભાભી ! હેંડ સાલો મેળેલો જોવા જીયે રે લોલ.

---

૧૦૬ ચૂડોવાળી.

૧ સ્થળનું નામ, ૨ મેળો, ૩ ચાલો, ૪ સાંકળાં, ૫ હાંસડી, ૬ ઝાંઝર.

વાર્તાકાર શામળ: એક દૃષ્ટિ

સુમન શાહ

"શામળની લેખનપ્રવૃત્તિ ઈ. સ. ૧૭૧૮માં સૌથી વહેલી લખાયેલી કૃતિ 'પદ્માવતીની વાર્તા'થી આરંભાઈ. ત્યારની એની ઉમ્મર વીસેકની ધારીએ તો એનો જન્મસમય ઈ. સ. ૧૭૦૦ પહેલાં એક બે વર્ષ મૂકવો પડે. એની છેલ્લી ગણાતી કૃતિ 'સુડાબહોતેરી' ઈ. સ. ૧૭૬૫માં પૂરી થયાનો ઉલ્લેખ મળે છે. ત્યારપછી પાંચેક વર્ષ જીવ્યો એમ કલ્પીએ તો શામળનું મૃત્યુ ઈ. સ. ૧૭૭૦ આસપાસ થયું સંભવે."* આમ સ્પષ્ટપણે અઢારમા શતકનો શામળ કદાચ ન ઠેરવીએ તોપણ એનો કવનકાળ તો બેશક તે જ છે. ચાળીસેક વર્ષના ગાળામાં શામળે ગુજરાતી સાહિત્યને સંખ્યાબંધ વાર્તાઓ આપી છે. એના સર્જનનો મોટો ભાગ આ પદ્યવાર્તાઓનો છે અને જેથી તે આપણો વાર્તાકાર–વધારે સ્પષ્ટપણે કહીએ તો, પદ્યવાર્તાકાર છે.

વાર્તાકૃતિઓ

શામળની કેટલીક ઉપલબ્ધ વાર્તાકૃતિઓ હજી અપ્રકાશિત છે. જે પ્રકાશિત છે તેમાં મુખ્ય કૃતિઓ આ પ્રમાણે છે: 'સિંહાસનબત્રીસી,' 'સુડાબહોતેરી,' 'પદ્માવતી,' 'મદનમોહના,' 'નંદબત્રીસી,' અને 'વિદ્યાવિલાસિની'. આમાં 'સિંહાસનબત્રીસી' અને 'સુડાબહોતેરી' તો મોટા વાર્તાસંગ્રહો જાણે ન હોય! માત્ર 'સિંહાસનબત્રીસી'માં જ આવતી 'વેતાલપચીશી' અને 'પંચદંડ'ની વાર્તામાળાઓ એને મોટો દળદાર ગ્રન્થ બનાવે છે. 'સુડાબહોતેરી'માં તો એનું નામ જ સૂચવે છે તેમ બોતેર વાર્તાઓ છે. આ ઉપરાંત ઘણી ગૌણ પ્રકારમાં આવે એવી વાર્તાઓ છે, જેમાં કેટલીક 'બૃહદ કાવ્યદોહન'ના ભાગોમાં—જેવી કે 'લક્ષણબુદ્ધિની વાર્તા,' 'પાનની વાર્તા,' 'રૂપાવતીની વાર્તા' પ્રકટ થઈ છે. કેટલીક અપ્રકટ છે; હાથપ્રતોમાં જ રહી છે, તો કેટલીક સંશોધન માગતી પણ છે. એવી એવી કૃતિઓની યાદી 'શામળ'ના વડોદરા સાહિત્યકાર ગ્રન્થમાળાના 'કવિ શામળ' એ પુસ્તકમાં આપેલી છે. નોંધ ખાતર કેટલીકનાં શીર્ષક જોઈ જઈએ: 'અબોલા રાણીની વાર્તા,' 'અમરફળની૦,' 'કામધેનુની૦,' 'કાષ્ઠના ઘોડાની૦,' 'ગંધર્વસેનની૦,' 'ગુટિકાની૦,' 'ગુલબંકાવલીની૦,' 'ચન્દ્રચન્દ્રાવતીની૦,' 'ચંદનમલયાગિરની૦,' 'ચંપકસેનની૦,' 'જહાંદરશાહની૦,' 'જોગણીની૦,' 'ધનવંત શેઠની૦,' 'બરાસકસ્તુરીની૦,' 'ભરથરીની૦,' 'ભોજની૦,' 'માધવાનળની૦,' 'શુકસારિકાની૦,' 'સુંદર કામદારની૦,' વગેરે વગેરેની—અનેક વાર્તાઓ શામળની હોવાનું મનાય છે. એ સૌનું પ્રકાશન શામળના એક મધ્યકાલીન કવિ અને વાર્તાકાર તરીકેના અભ્યાસ પર સૂચક પ્રકાશ પાડે—એવું આ વિપુલ વાર્તારાશિ જોતાં લાગે છે.

---

* શ્રી અનંતરાય રાવળ

અહીં, પ્રમુખ વાર્તાઓના અનુલક્ષમાં વાર્તાકાર શામળને એટલે કે એની વાર્તાઓનાં અંગ અંગ અને એની રચનાકુશળતા, એની વાર્તાકાર તરીકેની શક્તિમર્યાદા જેવાં પાસાંઓનો અભ્યાસ રજૂ કરવાનો પ્રયાસ છે. ઉપરાંત, એની પાત્રસૃષ્ટિ, એની વાર્તાઓનાં અંગભૂત લક્ષણો જેવાં કે આડકથાઓ, સમસ્યાઓ વગેરે મુદ્દાઓને તપાસવાનો પણ અહીં ઉપક્રમ રાખ્યો છે.

સમસ્યાઓ, માહાત્મ્યગાનો તથા બુદ્ધિચાતુરીઓ

કથાવસ્તુના નિર્વહણની સાથે સાથે, તક મળતાં-અને ન મળતાં ઉપજાવીને પણ, શામળ, એની વાર્તાઓમાં સમસ્યાઓ અથવા ઊખાણાંમાં રજૂ થયેલી પ્રશ્નોત્તરીઓ, પોતાને ગમતા એવા કેટલાક વિષય પરનાં બોધવચનો, માહાત્મ્યગાનો વ્યવહારુ વ્યાખ્યાઓ વગેરે બુદ્ધિને કંઈક વ્યાપતી આપે, ખુશ કરે અને નીતિ-અભિમુખ કરે એવી એની 'આવડતો' આપે છે. જોકે આ લક્ષણ લોકવાર્તાનું છે; પણ રજુઆત અને તેના વસ્તુ પરત્વે શામળ મહંદશે મૌલિક છે એમ કહી શકાય ખરું.

'મદનમોહના'માં પેલો પંડિત મોહનાના જ્ઞાનનું પારખું જોવા ઇચ્છે છે અને ત્યારે શામળે લાંબી પ્રશ્નોત્તરી યોજી છે. ઉખાણા પુછાય છે અને તેના ઉત્તરો અપાય છે. 'પદ્માવતીની વાર્તા'માં સુલોચના-પુષ્પસેન વચ્ચે અનેકવાર સમસ્યા-ઉત્તર થાય છે. પોતાના આવાસને સુલોચના, પુષ્પસેનને સમસ્યાઓમાં ઓળખાવે છે. સ્પષ્ટતાથી ન ઓળખાવતાં આમ ઈંગિતોમાં વાત કરવી એ દેખીતી રીતે જ લોકવાર્તાનો અંશ છે. સુલોચનાથી વિદાય લેતી વખતે આ સમસ્યા-ઉત્તર કઢંગા લાગે છે. આ પ્રશ્નોત્તરીઓના વિષયો મોટે ભાગે સામાન્ય હોય છે: કાગળ, શીંગ, અરીસો, પાપડ, બીજનો ચન્દ્ર (મદનમોહના;) પલંગ, પાન, દર્પણ, સોગઠા, માળા, વીંટી (પદ્માવતીની વાર્તા), વગેરે. 'સિંહાસનબત્રીસી'ની ૩૧મી રૂપાવતીની વાર્તામાં રાજકન્યા અને ગુરુપુત્રનો પ્રણય ઊખાણાંવિષયક ચાતુરીપરીક્ષાથી જ થાય છે. ત્યાં 'પ્રથમ પાણી કે પવન, પ્રથમ કંથ કે કામની', 'પૃથ્વીથી પ્રૌઢ કોણ,' 'અણુથી નાનું કોણ' વગેરે પ્રશ્નો પૂછતા છપ્પા શામળે મૂકયા છે. નંદબત્રીશીમાં પોતાની ઓળખાણ માટે રાજા સમસ્યા મૂકે છે અને જવાબમાં ધોબી પણ સમસ્યાથી જ ઉત્તર વાળે છે.

સમસ્યાવિષયક સર્વ પ્રકારની વિશિષ્ટતાઓ ધરાવતી લાક્ષણિક કૃતિ 'નંદબત્રીસી' છે. વિષયલોલુપ રાજાની સાન ઠેકાણે લાવવા પ્રધાનપત્ની પંચરંગી ભાત પીરસે છે ('માત્ર દીઠાનું છે સુખ, ગળે ગયૂં તવ મોળું મુખ'). બાદમાં, પ્રધાનપત્ની અને પોપટ વચ્ચે નીતિવિષયક વિદ્વાનોની આતશબાજી ઊડે છે, પ્રસંગને આ ચર્ચા એક પ્રકારનો રંગ આપે છે ખરી. રાજા થઈને આમ કુદૃષ્ટિ કરે તે માટે, વાડ ચીભડાં ગળે, નવાણ જ નીર પીએ, સત્યવાદી થઈ ને આળ બોલે જેવાં અચરજ કટાક્ષ વચનોની લાંબી યાદી અપાય છે. પ્રતિહાર રાજાને વ્યવહાર સમજાવે છે, જ્યારે રાજા કામ ન પતવાથી ભેટ તરીકે આપેલાં કુંડળ પાછાં માગે છેઃ ગાયો ચારનાર ગોવાળ કોઈ ગાય ન ચરે તો શું કરે? ગામ આખું જમાડનાર ગામમાંથી કોઈ ન જમે તો શું કરે? ખેતર પડતર રહે કે ગમે તે થાય ભરણું લેનાર શું કરે? નોકર કામચોર નીકળે તો માલિક શું કરે? વર ભૂખે મરે તો વેવિશાળિયો શું કરે? શિષ્ય વેશ્યાગમન કરેતો ગુરુ શું કરે? વગેરે વગેરે. આ પછી, વૈલોચન

મૂરખ કોને કહેવાય એ વિષયની મોટી લક્ષણયાદી આપે છે. વ્યસનીની પ્રીતમાં માને, દ્યૂતમાં સત્યની વાત કરે, ગણિકાની લાજમાં, રાજાની મૈત્રીમાં, લંપટના કોલમાં, નાગરના સ્નેહમાં, જતિના જોગમાં, નપુંસકના નૂરમાં જે માને તેને મૂર્ખ જાણવો વગેરે. વસ્તુ વસ્તુમાં ફેર હોય છે એમ બતાવવા પણ વૈલોચન લાંબી યાદી આપે છે: જેમકે, એક જ પથ્થર, એક દેવ થઈ પૂજાય, બીજો શિલા થઈ પડ્યો રહે; એક જ નીર, એક સરોવરનું ને બીજું ગંગાનું વગેરે. 'પડ પાસા પોબાર' એમ જે ચાર જણ—રાજા, શેઠ, પદ્મિની અને વૈલોચન—પોતાની શુદ્ધતા પૂરવાર કરવા બોલે છે તે ઘણું સૂચક છે (જેમકે રાજા : 'હંસ પાણી વિના પાછો...' વગેરે.) બાદમાં વાવની ભીંત ઉપર પ્રધાન અને રાજા વચ્ચે દોહરાઓની જે સરસાઈ ચાલે છે તેમાં શામળની સમાજવિષયક જાણકારી છતી થાય છે. બંનેની સરસાઈમાં શામળ પોતાનું જ્ઞાન વ્યક્ત કરવાની તક મેળવી લે છે. 'સંસિમેરા'ની વાર્તામાં પણ શ્લોકોમાં ચાતુરી છે.

શામળને ગમતા કેટલા વિષયો પરનાં માહાત્મ્યગાનો 'મદનમોહના'માં ઠીક પ્રમાણમાં મળે છે. વિદ્યાનું માહાત્મ્ય : વિદ્યા ન મુકાવે હાટ...વગેરે; સહસા કર્મ ન કરવા વિશે; અતિશયતાના વિષય પર, આ પછી, વિપ્ર કેવો હોય, વણિક કેવો હોય તેની આદર્શરૂપ વ્યાખ્યાઓ મળે છે. તજ નારી, તજ તસ્કરસંગ, તજ લંપટ ગોર વગેરેનો તિરસ્કાર અને ત્યાગ કરવાની શિખામણો પણ શામળ આપે છે. પરિત્યાગ વિશે, અમુક વસ્તુઓ બાળીને નામશેષ કરવા વિશે, તેમ જ ધિક્કાર જેવા વિષયો પર શામળે આમાં અનેક પંક્તિઓ ખરચી છે. 'પદ્માવતીની વાર્તામાં, પદ્માવતીએ રાજાના મારાઓને લાંચ આપી અને તેથી પુષ્પસેન બચી ગયો. આ તકે, શામળ દામનો મહિમા ગાતી પંક્તિ મૂકે છે: 'દામ ઉગારે દેહને, દામથી દેવ ખુશ થાય, પરનારી સેવા કરે, ચતુરાઈને ડહાપણ વધે વગેરે.' રૂપાવતીની વાર્તામાં સદ્‌વિદ્યાનું માહાત્મ્ય ગાતા છપ્પા છે. 'વિદ્યાવિલાસિની'માં રિખવદંત કપૂત કોને કહેવાય અને સપૂત કોને કહેવાય તેની વ્યાખ્યાઓ છપ્પામાં કરે છે. મુરખચટની રાજા થવાની અને રાજકન્યા પરણવાની વાત સાંભળી ક્રોધે ભરાઈને રિખવદંત ધોલધપાટ કરે છે અને તેથી મુરખચટ નાસી જાય છે. આ સ્થળે, શામળ ક્રોધ વ્યાપે તો કેવાં નુકસાન થાય તેનો છપ્પો મૂકે છે: 'ક્રોધ પાપનું મૂળ છે, શાણા સમજજો.' વગેરે. મહેતાને ત્યાં મુરખચટ વિનય દાખવી વિનેચટ બને છે ત્યારે વિનયનું માહાત્મ્યગાન છપ્પામાં થવાનું જ હતું ! આ ઉપરાંત, વાળંદના ચુગલીખોર સ્વભાવ પર, મુર્ખાઈ પર અનેક વચનો આમાં જડી આવે છે.

'નંદબત્રીસી'માં પંચરંગી ભાતની અને વાવની ભીંત પરના દોહરાઓની જે બુદ્ધિચાતુરી છે તેવી જ બુદ્ધિચાતુરીઓ શામળ ઘણી વાર્તાઓમાં મૂકે છે. સસિમેરામાં 'સ'થી, 'સિ'થી, 'મે'થી અને 'રા'થી ચાર શ્લોક રજૂ થાય છે તે આનું ઉદાહરણ છે. વળી એ જ 'સિંહાસનબત્રીસી'ની ૨૪મી વાર્તામાં ચાર તાંબડીમાંથી માટી, કોલસો, હાડકું, ઘાસ નીકળ્યાં તેનો, શાલિવાહન, જમીન, સોનું, ઢોર ને ધાન્ય એમ જે અર્થ કરે છે તે પણ એક પ્રકારની ચાતુરી જ છે. 'વિદ્યાવિલાસી'માં મુરખચટની અવિદ્યાઓ (એકને અરડો કહે, બેને બાઉં; કકડાને કરડું કહે, ઘઘ્ઘાને ઘઉં કહે વગેરે.) બનાવનારી પંક્તિઓ પણ શામળને ફાવતી ચાતુરી દાખવવાનો પ્રસંગ મળતાં મૂકેલી છે, બાકી વાર્તારસમાં ભાગ્યે જ એનું કશું મહત્ત્વ હોય.

દૃષ્ટાન્તકથાઓ

દૃષ્ટાન્તકથાઓ જેમાં ભરચક હોય તેનાં ઉદાહરણોમાં 'સુડાબહોંતેરી', 'સિંહાસનબત્રીશી' અને 'મદનમોહના મુખ્ય છે. 'સુડાબહોંતેરી' તો આખી કથા વ્યભિચારનાં પરિણામોની નિર્દેશક એવી દૃષ્ટાન્તમાળા છે. ત્રણેમાં દૃષ્ટાન્ત મૂકવાના બહાને આડકથાઓ ઘણી છે; એ ત્રણે વાર્તાઓની દીર્ઘસૂત્રતાનું કારણ પણ આ ઉપવાર્તા છે. સમસ્યા અને ચાતુરીઓની જેમ આ દૃષ્ટાન્તકથાઓને આપણે શામળની વાર્તાનું આગન્તુક તત્ત્વ નથી ગણી શકતા કેમકે તે તો તેની વાર્તાનાં જ ઘણીવારે પાત્રોનાં મુખે આ દૃષ્ટાન્તકથાઓ કહેવાય છે. 'સુડા બહોંતેરી'માં ઘરનો પોપટ બોંતેર વાર્તાઓ કહે છે તે વ્યભિચારથી થતો વિનાશ સમજાવવા; 'સિંહાસનબત્રીસી'-માં પૂતળીઓ જે બત્રીશ વાર્તાઓ કહે છે તે વિક્રમનું ઔદાર્ય નિર્દેશવા; અને 'મદનમોહના'માં મદન, મોહન અને પંડિત જે કથાઓ સંભળાવે છે તે પણ પોતપોતાનાં મંતવ્યો અને માન્યતાઓ જ સ્પષ્ટ કરવા સંભળાવે છે; જેમ કે મદનને મોહના સાથે ભાગી જવાનું સાહસ નથી કરવું એટલે તે 'સહસા કર્મ ન કરવા વિશે'ની કથા સંભળાવે છે. 'સિંહાસનબત્રીશી'ની શરૂઆતમાં, ચમત્કારી ટીંબા પાસે મંત્રીની સલાહબુદ્ધિથી સિંહાસન ખસ્યું અને હળવું બન્યું તેથી ભોજરાજા મંત્રીબુદ્ધિને વખાણે છે, અને ત્યારે મંત્રીની કાર્યસાધકતા ઉપર મંત્રી સસિમેરાની દૃષ્ટાન્તકથા કહે છે. વળી એમાં જ આગળની એક વાર્તામાં, બધું ભાગ્યાધીન છે એમ સમજાવવા વિક્રમ પોતે એ અવધૂતને રાજશેખર રાજાની દૃષ્ટાન્તકથા કહે છે. આમ દૃષ્ટાન્તકથાઓ પાત્રોની માન્યતાનાં સમર્થનરૂપે અને વાર્તાના એક આવશ્યક એવા અવયરૂપે આવે છે.

વર્ણનો

શામળ જેવા લોકકથાશ્રિત વાર્તાકારને વર્ણનો ચીવટથી કરવાની ભાગ્યે જ પડી હોય. શામળને વાર્તાપ્રવાહમાં ઘણો રસ છે, વર્ણનને પોતીકી મુદ્રા આપવાની પણ એને ટેવ નથી, તેનામાં એવી ધીરજ જ નથી. એ તો અનેક મધ્યકાલીન કવિઓની જેમ પરંપરામાં ચાલ્યાં આવતાં ઉપમાનોની તૈયાર સામગ્રી ગોઠવી આપીને જ પોતાનાં નાયક-નાયિકાને ચીતરે છે. નગર અને વન કે ઉપવન કે સરોવરનાં વર્ણનો પણ એ જ પદ્ધતિએ કરે છે. આ મર્યાદા મધ્યકાલીન સાહિત્યની છે, નહિ કે શામળની. 'વર્ણક સમુચ્ચય'માં આવાં વર્ણનોની ઘણી યાદીઓ મળે છે, અને તેની રચના પણ આવા કવિઓ કાજે જ થઈ હોય એમ જણાય છે.

એની નાયિકાનાં અંગ-ઉપાંગો અને સૌન્દર્યનું વર્ણન શામળ આ રીતે જ કરે છે: જેમ કે મોહનાનું: દંત-દાડિમકળી, સ્વર-કોકિલવાણ, ભમર-ભમરાલી, નાસિકા-કીરવત્, અધર-પ્રવાળ, ગતિ-ગયંદ, કટિ-સિંહલંક, કર-કરિસૂંઢ વગેરે; અને આ જ ઉપમાનોની માળા 'નંદબત્રીશી'માં પ્રધાનપત્ની માટે વપરાય છે: ઉપર સિવાયનાં એનાં કેટલાંક બીજાં ઉપમાનો જોઈએ: વેણુ-અમૃત, ઉદર–ત્રિવલી, પેટ-પોયણપાન, ગ્રીવા-કપોત વગેરે તૈયાર વિશેષણો પણ પ્રધાનપત્નીને અપાયાં છે: ચંદ્રવદની, હંસગામિની, ઇન્દ્રની અપ્સરા, માનુનિ, કામિની, ભૂતળભામિની, સુરસુંદરી, રત્નાકરસુંદરી વગેરે. પદ્માવતીને પણ આવાં જ વિશેષણોથી શામળ નવાજે છે. ઉપર સિવાયનાં જોઈએ: શશિવદની, મૃગલોચની, હીરા સમાન દંત, નાગફેણ-અંબોડો, નાગણ જેવી ચાલ, ભ્રુકુટિ-ધનુષાકાર

વગેરે. વિદ્યાવિલાસી પણ આ જ રીતે વર્ણવાઈ છે; એની ફૂલ જેવી કોમળતા અને માર્દવ બતાવવા શામળ ઈન્દ્રવિજય છંદનું એક ચતુષ્ક યોજે છે, જેની ભાષા વ્રજ છે. આમ, નાયિકાના વર્ણન-વિષયમાં શામળનો કશો વિશેષ નથી.

નાયકનાં વર્ણનો પણ આ પ્રમાણે પરંપરામાં બેસતાં છે. દા. ત. મદન; કર્ણપર્યંત નેત્રવાળો, દાડિમ જેવા દંતવાળો. આ મદનની હસ્તરેખાઓનું શામળે ચીવટથી વર્ણન કર્યું છે. અનામિકા, હથેળી, તર્જની, વગેરે પરનાં ચિહ્નોનાં જ્યોતિષશાસ્ત્ર પ્રમાણેનાં વર્ણન છે. સ્ત્રીરેખા, ભક્તિરેખા, બુધરેખા, આયુરેખા, જાત્રારેખા વગેરે અનેક રેખાઓનું વર્ણન શામળ મન મૂકીને, વાચક થાકી જાય ત્યાં સુધી, કરે છે ત્યારે એની શાસ્ત્ર વિશેની મમતા અને શ્રદ્ધા વ્યક્ત થયા વિના રહેતી નથી.

શામળનાં નાયક અને નાયિકા હંમેશ બત્રીશલક્ષણાં અને ચતુરસુજાણ હોય છે. સ્ત્રીની આ જ ચતુરાઈને શામળ અને એનો નાયક 'નારીચરિત્ર' કહીને ક્યારેક ભાંડે પણ છે; તો બત્રીશલક્ષણાઓ પ્રણયભીરુ અને સાહસભીરુ પણ વર્ણવાતા હોય છે !

નગર અને વનનાં વર્ણનો પણ આ જ પ્રકારનાં ચીલાચાલુ છે. પદ્માવતીની વાર્તામાં કુંતીભોજ રાજાના નગરનું વર્ણન રાજસભા, પંડિતો, વારાંગના, જોષીઓ, પ્રધાન વગેરે વીગતોથી શામળ કરે છે તો ખરો પણ અચરજના ભાવને નિમિત્તે આમ ટુંકાવી પણ દે છે : "વર્ણન પુરનું શું કરું ? કે'તાં નાવે છેક." 'નંદબત્રીશી'માં નંદનગરનું વર્ણન પણ આવું જ ચીલાચાલુ છે. ત્યાં ચૌટા, ચોક, મહેલ, ગોખ, ગલીકૂંચી, શેરીઓ, પોળો, હાટ, દરવાજા, સહોદર વગેરે ઉલ્લેખો છે. 'વિદ્યાવિલાસિની'માં મુરખચટ જે રાન-વનમાં આવે છે તેનાં વૃક્ષોની યાદી આપીને શામળ વર્ણન પતાવે છે. મધ્યકાલીન સાહિત્યમાં આ પરત્વે ભાગ્યે જ (લગભગ કોઈ જ નહિ) કોઈ કવિએ શ્રમ ઉઠાવ્યો છે.

આ વર્ણનો પરંપરામાં આવતાં હોઈ ક્યારેક શામળ ઔચિત્યનો ભંગ થતો પણ જાણી શકતો નથી અને જ્યાં, એ પરંપરામાંથી જુદો પડી નવું ઉપમાન ખોળવા જાય છે ત્યારે કવિ તરીકેની હોવી જોઈતી સૂઝના અભાવે હાસ્યાસ્પદ વર્ણન કરી બેસે છે. ઉ. ત. વિદ્યાવિલાસિનીનાં આંગળાંને 'આંબામોર સરીખડાં,' શામળ કહે છે !

પાત્રસૃષ્ટિ

શામળ આમજનતાનો કવિ હોવાથી એ પાત્રસૃષ્ટિમાં જાણે કે 'અઢારેય વરણ'નો સમાસ છે. એ સૃષ્ટિમાં વિક્રમ જેવો મહાપ્રતાપી ઉદાર રાજા છે તો રાજા સામે છાર વળાવનારી દેવદમની જેવી ઘાંચણ પણ છે, ચંદ્રાવતી અને મણિમંજરી જેવી વેશ્યાઓ પણ અહીં મહત્ત્વનાં પાત્રો બની છે. રાજકુમારી અને પ્રધાનપુત્ર, પ્રધાનપત્ની અને રાજા, રાજગુરુ અને રાણી, રાજકુમારી અને ગુરુપુત્ર વગેરે દરજ્જાનાં જોડાં વચ્ચે પ્રણયની સંભાવનાઓ થતી હોય છે. નગરશેઠ અને તેનો દીકરો પણ અહીં પાત્ર બનીને આવે છે. આમ શામળની પાત્રસૃષ્ટિમાં વર્ણભેદ કે વર્ગભેદની કશી છોછ નથી. આ ઉપરાંત સિદ્ધલોક, જોગી-જોગણીઓ, હરસિદ્ધ માતા કે વેતાલ

જેવાં આ દુનિયાના નહીં તેવાં પણ પાત્ર બન્યાં છે, પોપટ જેવાં પંખીઓ, પશુઓ પણ વાર્તામાં મહત્ત્વનાં પાત્ર તરીકે અને જીવંત માનવી જેમ બોલતાં-વર્તતાં શામળે ચીતર્યાં છે.

પણ પાત્રાલેખનમાં શામળ બહુ શક્તિશાળી જણાતો નથી. નાયિકાઓને તે હંમેશ બત્રીશલક્ષણી અને ચતુરસુજાણ કહે છે. એ નાયિકાઓ મોટે ભાગે પ્રથમ દષ્ટિએ જ પ્રેમમાં પડતી હોય છે, પ્રેમ અને લગ્નનો પ્રસ્તાવ પણ એ નાયિકાઓ કોઈ પણ પ્રકારના સંકોચ કે પૂર્વભૂમિકા વિના મૂકે છે. આનાં ઉદાહરણો મોહના, સુલોચના, પદ્માવતી વગેરે શોધવાં જવાં પડે તેમ નથી. આ પ્રેમ અને લગ્નના પ્રસ્તાવને નાયકો પહેલીવાર તો નકારે છે, કેમકે તેઓને સમાજનો ડર છે; તેઓ લોકલાજ રાખનારા, માબાપની શાખઆબરૂનો વિચાર કરનારા, પ્રેમ કરતાં જીવને વધારે વહાલો ગણનારા, તેમ જ સામાજિક દરજ્જાની રીતે પણ પોતાની જાતને હીણી ગણનારા ડરપોક અને કાયર ચીતરાય છે. આ નાયિકાઓ પ્રેમના નકારથી હારી જતી નથી પણ, 'વરું તો તુજને વરું, નહિ તો પાડું શરીર' (પદ્માવતીની વાર્તા) એવી ધાકધમકી આપી હઠાગ્રહ કરનારી છે. આ દેખીતી રીતે જ લોકકથાનો અંશ છે. પદ્માવતી તો પ્રેમનો અસ્વીકાર થતાં ક્ષત્રિયને આ છાજતું નથી કહી, 'નપુંસકને નૂર નહીં, સંતોષીને નહીં દુઃખ' જેવાં કટાક્ષમય દષ્ટાંતોથી શૂર ચઢાવે છે. વિદ્યાવિલાસીનો જ્યારે પ્રધાનપુત્ર ઈન્કાર કરે છે અને લાચારી વ્યક્ત કરે છે ત્યારે વિદ્યાવિલાસી બહુ સ્થૂળ પ્રકારની ધમકી આપે છે કે ચંદ્રબુદ્ધે (પ્રધાનપુત્રે) નિશાળમાં તેની પાસે ખરાબ કામની માગણી કરી એમ જાહેર કરી તે તેને ફજેત કરશે અને એની જ વાત સાચી પડશે એવો એને વિશ્વાસ છે. બત્રીસલખણી અને ચતુરસુજાણ નારીનું આ 'ચરિત્ર' શામળથી અજાણ્યું નથી, બલકે તેને તેનો શોખ છે જાણે. પણ બીજી રીતે જોવા જઈએ તો આ પણ લોકકથાની સૃષ્ટિનો જ રંગ છે. લોકકથાની દુનિયાનો એક બીજો પણ સ્વભાવ આ નાયિકાઓ ધરાવે છે અને તે પોતાના પતિને બીજી સ્ત્રીઓ પરણવા દેવો; તેમાં મદદ કરવી, એટલું જ નહિ મોહના જેવી તો જાતે જ પાંચ પાંચ કન્યાઓ પુરુષવેશે પરણી લાવે છે તેમ પોતે જાતે જ સગવડ કરવી અને એ રીતે ખુશ થવું. જે પ્રિયતમ કાજે પોતે દેહ પાડવા તૈયાર થતી તે જ નાયિકા જ્યારે રાજીખુશીથી શોક્ય ઊભી થાય એમ ઇચ્છે ત્યારે વાચકે એના પ્રેમ વિશે કે સ્વભાવની ઉદારતા વિશે લોકકથાની સૃષ્ટિની નાયિકાઓને જ ધ્યાનમાં લેવી જોઈએ. નેણકમળ વેવારિયાની બત્રીસલક્ષણી અને ચતુરસુજાણ દીકરી સુલોચના (૫૦ વા૦) હજી દામ્પત્ય તો માણ્યું નથી અને વનવાસ જતા પુષ્પસેનને 'એક સ્ત્રી પરણી લાવજો, દેજો મુજને ઈનામ' એમ પરદેશ જતા પતિ પાસે શોક્યનું ઈનામ માગે અને તે જ સુલોચનાએ 'વરું તો તુજને વરું નહિ તો પાડું શરીર' એવી પ્રેમહઠ લીધી હોય એ બે અંશનો મેળ બેસાડવાનું, જો આ લોકકથા છે એમ યાદ ન હોય તો, બેશક મુશ્કેલ પડી જાય.

તત્કાલીનતા ?

નાયકોના સ્વભાવમાં જે સ્વસ્થતા, ધીરજ, શાંતિ, લોકલાજ, દૂરંદેશીપણું જોવા મળે છે તેમાં શામળની વૈયક્તિક છાપ હશે કે કંઈક બીજું તે કહેવું આપણા માટે મુશ્કેલ છે. સ્ત્રીઓની ઉદ્દંડતા જેવા અને શિથિલ લગ્નવ્યવસ્થા જેવા અંશો વિશે પણ આમ જ કહેવું પડે. શામળની વાર્તાસૃષ્ટિ લોકકથાની સૃષ્ટિ છે એટલું સ્પષ્ટ છે, પરંતુ એ સૃષ્ટિમાં, શામળના પોતાના સમાજ-

જીવનનું પ્રતિબિમ્બ કેટલુ', કલ્પનાનુ' ભરણું કેટલુ', કેટલુ' પરમ્પરામાં ચાલ્યુ' આવેલું ને કેટલું શામળનું મૌલિક—તે વિશે કોઈ નિર્ણય પર ન આવી શકાય. છતાં, શામળનું વલણ રૂઢિભંજક તો હશે જ ને એટલે અંશે એણે એના સમાજને આઘાત જરૂર આપ્યો હશે.

ઔચિત્ય અને મર્યાદાઓ

આ બધી વાર્તાઓમાં અદ્ભુતરસની પ્રબળતા અને પ્રામુખ્ય છે, એ લોકકથાને અનુરૂપ છે, પણ પાત્રોનાં મનોમંથન આલેખવાનું કે તેમનાં હૃદયનાં સંવેદનો નિરૂપવાનું શામળને મોટેભાગે નથી જ ફાવતું. બલકે એ પ્રસંગોને એ ટૂંકમાં પતાવે છે કે ઉડાવી દે છે એ વાત જાણીતી છે. એવાં ઘણાં ઉદાહરણો આ વાર્તાઓમાંથી મળે છે. 'પદ્માવતીની વાર્તા'માં પુષ્પસેને સુલોચનાને જાતીય સંબંધની ના પાડી છે. આવા વખતે સુલોચના કે પુષ્પસેનની લાગણીઓ, તેમના મનોભાવ અને તજ્જનિત વર્તનો નિરૂપવાનું શામળને ફાવતુ' નથી; તે તો કહે છે, "એ વાત રહી એટલે..." વિદાય વખતે પુષ્પસેન-સુલોચનાની વ્યથાનુ' નિરૂપણ કરવાને બદલે શામળ સમસ્યા-ઉત્તરની ચાતુરીઓમાં ખોવાઈ પડે છે. નાયિકા પદ્માવતીની ઉમ્મર બારની અને સાહેલી સુલેખાની સોળની આ પણ એક વીગતવિષયક અનૌચિત્ય છે કે લોકકથાંશ છે તે નક્કી કરવુ' મુશ્કેલ છે. 'વિદ્યાવિલાસિની'ની વાર્તામાં મૂરખચટને રામ પોતાની સાથે છે, રખવાળ છે, એ પ્રકારનુ' તેમ જ દંતધાવન અને મળસ્નાનનું ભાન છે એમ વર્ણવવામાં આવ્યો છે અને બીજી વખતે તે વસ્ત્રની શુદ્ધસાન વિનાનો 'માએ જણ્યા જેવી ગતિ'માં વર્ણવાય છે; આ પણ નોંધપાત્ર એવી ક્ષતિ છે. લાંબી લાંબી પ્રશ્નોત્તરીઓમાં કાળક્ષેપ અને રસ–હાનિ તેમ જ સમસ્યાદિ લક્ષણોનું અણધાર્યું આગમન એ શામળની કલાપક્ષે મોટી મર્યાદા છે. 'મદનમોહના'માં આનો સવિશેષ અનુભવ થાય છે. એકવાર મોહના, 'ભારે પૂછ કાંઈ બ્રાહ્મણા' એવુ' તોછડુ' ને બીજીવાર 'વદો વિપ્ર શુભ વારતા' એવું એવું વિનયભર્યું બોલે છે!

અલંકારવિષયક સૂજ શામળમાં છે નહિ. કેટલાંક સારાં ઉદાહરણ મળે છે પણ તે તો કેટલાંક જ અને અકસ્માતે. બાકી જ્ઞાન અને ચાતુરી બતાવવાની લ્હાયમાં ને લ્હાયમાં શામળ અવનવાં ઉપમાનો પકડી આણે છે તે વખતે એની જાણકારી સમજાય છે પણ પાત્રના વ્યક્તિત્વને હાનિ થતી હોય છે. મદન, મોહનાને લાયક નથી તે બતાવવા, હુ' રાજ તુ' ગજરાજ, તું સિંહ હુ' શિયાળ, તુ' નાગ હુ' અળસિયુ'! વગેરે બોલી જાય છે. ખાઉધરાપણાને વ્યક્ત કરનારી ખાદ્યપદાર્થોની ઉપમાઓ શામળમાં વારંવાર જડે છે. પ્રધાનપુત્રને બદલે મુરખચટ નીકળ્યો ત્યારે વિદ્યાવિલાસી કહે છે ઉજળુ' દૂધ જાણી પાસે ગઈ ત્યારે ખાટી છાશ નીકળી! પોતાના નાચની કોઈ વિસાત નહોતી એમ બતાવવા વિદ્યાવિલાસિની હીરા આગળ જેવો કાચ, તેલ આગળ તૂપ, બ્રાહ્મણ આગળ ભાટ એવાં ઉપમાનો આપે છે. પદ્માવતીને પ્રથમ દૃષ્ટિએ થયેલ પ્રેમની વેદનાને સાહેલી સુલેખા વીંછીની વેદના સાથે સરખાવે છે! જો કે આ ઉપમાઓમાં પૂર્વકાલીન પરંપરાનો ફાળો છે.

ત્યારે શામળની વાર્તા શુ' સિદ્ધ કરે છે? એક પ્રકારના બાલોચિત કૌતુકનુ' સાતત્ય જાળવી પ્રાથમિક કક્ષાનો આનંદ એટલે કે રંજન, અને થોડોક વ્યવહારુ બોધ–શાણા અને ડાહ્યા

થવાની થોડીક પ્રેરણા—આ બે એની વાર્તાની સિદ્ધિઓ છે. શામળનો શ્રોતા પ્રેમાનંદના શ્રોતાથી વધારે મુગ્ધ કલ્પવો જોઈએ, અને એ રીતે શામળ આમજનતાનો પ્રિય હશે. એની વાત છેલ્લા થરનો માણસ પણ સાંભળશે, અને માટે જ ભાષામાં સાદગી, સરળતા; વાતમાં અદ્‌ભુત સૃષ્ટિની આબોહવા; કુતૂહલ જળવાઈ રહે પ્રવાહ તૂટે નહિ તેની અચૂક તકેદારી; અને કવિ કહેવાયા તો નીતિ કે વ્યવહારબોધ જેવું કંઈક ગાંઠે બંધાવવું જોઈએ તેવી કવિકર્તવ્યની સમજ—આવાં આવાં શામળમાં પ્રમુખ વલણોનો આપણને ખુલાસો મળી રહે છે.

છતાં શામળ લોકકથાનો કથનારો છે એ કદી ન ભુલાવું જોઈએ. એનો પાંચપચીશ વિદ્વાનોનો પરિતોષ નથી, વિશાળ જનતાનો પરિતોષ છે. અખો, પ્રેમાનંદ અને શામળ એ કાલાનુક્રમ આપણા મધ્યકાલીન સાહિત્યમાં અનેક રીતે સૂચક છે.

વલભીની એક સુન્દર સ્ત્રીમૂર્તિ

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

વલભીમાંથી મળેલી, ભૂખરાલીલા પાષાણ(schist)માંથી કોતરેલી કોઈ નારી અથવા દેવીની પ્રતિમાનો ખંડિત અર્ધકાય (bust) ભાગ હાલ ભાવનગરના ગાંધી–સ્મૃતિ સંગ્રહાલયમાં સુરક્ષિત છે. થોડાંક જ વર્ષો ઉપર મળેલ આ સુંદર પ્રતિમાનો ફોટો આપવા માટે ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતાના શ્રી. જયેન્દ્ર નાણાવટી તથા શ્રી. મધુસૂદન ઢાંકીનો હું ઋણી છું. આ મૂર્તિના ફોટા લેવા દેવા માટે તેમ જ તેનો ઉપયોગ કરવા દેવા માટે ગાંધીસ્મૃતિના વ્યવસ્થાપકોનો પણ હું ઋણી છું. આ અંકના પહેલા પૂંઠા ઉપર આ ફોટો છાપ્યો છે.

આ સુંદર મૂર્તિનો ફક્ત આટલો જ ભાગ મળ્યો હોવાથી એ કોની પ્રતિમા છે તે કહેવું મુશ્કેલ છે. કોઈ દેવીની, સંભવતઃ કોઈ માતૃકાની પ્રતિમા પણ હોઈ શકે અથવા દેવીને બદલે કોઈ અન્ય સ્ત્રીપ્રતિમા પણ હોઈ શકે. શિલ્પનો બચેલો ભાગ છાપેલા ફોટાના કદ લગભગનો છે. આટલા નાના કદની મૂર્તિ કંડારી હોવા છતાં વેશભૂષાની યોગ્ય ઝીણવટ અને અંગભંગીનું લાલિત્ય, કે મુખના ભાવ અને સૌન્દર્યને હૂબહૂ રજૂ કરીને શિલ્પીએ એક એવું અનુપમ સર્જન કર્યું હતું કે જો આ શિલ્પ આખું ઉપલબ્ધ થયું હોત તો ભારતીય કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓમાં સ્થાન પામી તે ઘણો પ્રચાર પામત.

આ શિલ્પ ગુજરાત-રાજસ્થાનની(મારુગુર્જરપ્રદેશની) કલાના ઇતિહાસમાં અગત્યનું સ્થાન ધરાવે છે. માથા ઉપરનું કેશગુંફન કોટયર્ક–મહુડીની એક પ્રતિમા સાથે કેટલુંક સામ્ય ધરાવે છે.[૧]

મહુડીની પ્રતિમાનુ કેશગુંફન વધુ ઝીણવટભર્યું અને અલંકરણયુક્ત છે, પણ બેઉ એક જ જાતની પરિપાટી સૂચવે છે.

વલભીની આ પ્રતિમાની મુખાકૃતિ અજંટાની કેટલીક સ્ત્રીમૂર્તિઓની યાદ આપે છે. કપાળ ઉપર સુંદર ગોળ ચાંલ્લો કર્યો છે તે નોંધપાત્ર છે. ગળામાં ઝીણાં મોતીની ઘણી સેરોનો હાર શોભે છે. આ જાતના હાર, કેશગુંફન, મુખાકૃતિ વગેરે ઈ. સ. છઠ્ઠા સૈકા આસપાસના શિલ્પોમાં અને ચિત્રોમાં નજરે પડતાં હોવાથી આ શિલ્પને અનુમાને ઈ. સ.ના છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધમાં ખુશીથી મૂકી શકાય.

ગુજરાતની, વલભીની, મૈત્રક યુગની કલાના થોડા નમૂના આપણને મળ્યા છે, પણ તે બધામાં આ નમૂનો ઘણું ઊંચું સ્થાન ધરાવે છે. સદ્‌ગત ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે વલભીમાંથી મેળવેલી પાંચ જૈન ધાતુપ્રતિમાઓ, કે શ્રી. મહેન્દ્રસિંહજી ઠાકોરના સંગ્રહમાંથી વલભીમાંથી

૧. જુઓ, ઉમાકાન્ત શાહકૃત, સ્કલ્પ્ચર્સ ફ્રોમ શામળાજી એન્ડ રોડા, ચિત્ર ૨૯.

મળેલી બુદ્ધની પ્રતિમા[૧]ની શૈલી કરતાં આ શિલ્પની શૈલી ઘણી સુંદર છે. કેશીનો વધ કરતા કૃષ્ણની, મહિષાસુરમર્દિનીની, અને કોઈ લડવૈયાની સુંદર આકૃતિઓનાં ખંડિત શિલ્પો વલભીમાંથી મળેલાં તે ડૉ. દે. રા. ભાંડારકરે નોંધેલાં અને તેના ફોટા પાડેલા, પણ તે શિલ્પો હાલ ક્યાં છે તે ખબર નથી.[૨] આ શિલ્પોમાં કૃષ્ણની મૂર્તિ આશરે ઈ. સ. ૪૦૦ આસપાસની અને બીજી પ્રતિમાઓ આશરે પાંચમા સૈકાની લાગે છે. મૈત્રકોના સમયમાં ગુજરાતે શિલ્પકલામાં કરેલી પ્રગતિનાં દ્યોતક આ બધાં શિલ્પો, તેમ જ જૂના ઇડર રાજ્યમાંના શામળાજી, રોડા વગેરે સ્થળોએથી મળેલાં શિલ્પોના અભ્યાસ પરથી, આ લેખકે અન્યત્ર બતાવ્યું છે તેમ એ વાત સ્પષ્ટ થાય છે કે બૌદ્ધ ભિક્ષુ લામા તારાનાથે પશ્ચિમ ભારતની જે પ્રાચીન કલા શૈલીની નોંધ કરી છે તે, શિલ્પી શૃઙ્ધર (શાઙ્ર્ગધર?)ની સર્જેલી શૈલી ઈ. સ ના છઠ્ઠા સૈકામાં શરૂ થઈ હતી. આ શિલ્પીને આશ્રય આપનાર શીલ નામક રાજવી તે વલભીનો મૈત્રક રાજવી શીલાદિત્ય ૧લો (ઉર્ફે ધર્માદિત્ય) જ હોવો જોઈએ[૩]. વલભીની મળેલી, અહીં રજૂ કરેલી ખંડિત સ્ત્રીપ્રતિમાની કલાશૈલી આ છઠ્ઠા સૈકાની મૈત્રકકાલીન કલાશૈલી જ છે.[૪]

---

૧. જુઓ, સ્વાધ્યાય, પુસ્તક ૩, અંક ૧, પૂંઠા ઉપરનું ચિત્ર તથા લેખ; સદર, પૃ. ૧૩૪

૨. જુઓ, ઉમાકાન્ત પ્રે. શાહકૃત સ્કલ્પ્ચર્સ ફ્રૉમ શામળાજી ઍન્ડ રોડા, ચિત્ર ૧૨–૧૩.

૩. જુઓ, ઉમાકાન્ત શાહ, એ જન, પૃ. ૯ થી ૧૨.

૪. વલભીનાં ઉપર્યુક્ત શિલ્પોની વધુ ચર્ચા માટે જુઓ, જર્નલ ઑફ ધ ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરિએન્ટલ આર્ટ, સ્પેશીઅલ નંબર ઑન વેસ્ટર્ન ઈન્ડિયન આર્ટ (કલકત્તા, ૧૯૬૬).

ગ્રન્થાવલોકન

શંખપરાભવ વ્યાયોગ : (મહોપાધ્યાય હરિહરકૃત): સંપાદક—ડૉ. ભોગીલાલ સાંડેસરા; પ્રકાશક : પ્રાચ્ય વિદ્યામન્દિર, વડોદરા; મૂલ્ય ચાર રૂપિયા.

શંખપરાભવ વ્યાયોગ નામનું એકાંકી સંસ્કૃત નાટક વડોદરાના પ્રાચ્ય વિદ્યામન્દિરના વિદ્વાન, ઉત્સાહી અધ્યક્ષ શ્રી ભોગીલાલ સાંડેસરાએ ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝના ગ્રન્થાંક ૧૪૮ તરીકે હમણાં પ્રસિદ્ધ કર્યું છે. આ કૃતિની હસ્તપ્રત સંપાદકને મુનિશ્રી પુણ્યવિજયજી તરફથી મળેલી છે. સંપાદક મહાશયે પોતે સાત પાનાની અંગ્રેજી પ્રસ્તાવના આપેલી છે, જેમાં પોતાના વિપુલ સ્વાધ્યાયમાંથી પૂરક અવતરણો આપ્યાં છે. વ્યાયોગ સંસ્કૃત નાટ્યસાહિત્યનો એક જાણીતો પ્રકાર છે, અને પુરાતન કવિ ભાસે તેનો સારો પરિચય કરાવ્યો છે.

આ નાટકનો લેખક કવિ હરિહર અમાત્ય વસ્તુપાલનો સમકાલીન હતો અને ગૌડ દેશથી ગુજરાતમાં આવ્યો હતો. ઈ. સ. ૧૩૪૯માં રાજશેખરે પ્રબંધકોશ લખેલો છે તેમાં એક પ્રબંધ હરિહર કવિ વિશે છે. આ વ્યાયોગને અંતે હરિહર પોતાને કવિ સાર્વભૌમ–મહોપાધ્યાય કહેવડાવે છે, એથી એટલું ફલિત થઈ શકે કે એ કોઈ મોટી પાઠશાળાનો અધ્યક્ષ હશે. હરિહર ભારદ્વાજગોત્રનો, ગૌડ બ્રાહ્મણ, નૈષધચરિત મહાકાવ્યના કર્તા શ્રી હર્ષ કવિનો વંશજ હતો. ગૂજરાતમાં એક વાર એવી માન્યતા હતી કે ગૂજરાતને નૈષધચરિતનો પ્રથમ પરિચય કરાવનાર આ હરિહર હતો, પણ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંસ્કૃત વિદ્યાશાખાના અધ્યક્ષ શ્રી અરુણોદય જાનીના સંશોધન પ્રમાણે હરિહર અગાઉ, હેમચંદ્રસૂરિના શિષ્ય મહેન્દ્રસૂરિએ અનેકાર્થકોશની ટીકામાં નૈષધચરિતનાં અનેક અવતરણો આપ્યાં છે, જોકે એટલું ખરું છે કે નૈષધના જૂના ટીકાકારો, વિદ્યાધર અને ચંડુ પંડિત, બંને ગૂજરાતના હતા; તેમાં ચંડુ પંડિત ધોળકાનો નાગર બ્રાહ્મણ હતો; સમકાલીન વૈદિક વિદ્વાનોમાં એ સમ્રાટ-સ્થપતિ કહેવાતો હતો. એની ટીકામાં શ્રૌતસૂત્રોનાં અનેક અવતરણો મળે છે. એવાં અવતરણો આપવામાં તેનું સ્થાન અનન્ય ગણાય છે. હરિહર કવિએ સોમનાથની યાત્રા કરી હતી તે આપણે તેના પ્રસ્તુત વ્યાયોગના આરંભથી જાણી શકીએ પછીએ. પુરાતન પ્રબંધસંગ્રહ, કીર્તિકૌમુદી, સુરથોત્સવ, વગેરે સાહિત્યકૃતિઓ પ્રમાણે હરિહર કવિ સિદ્ધસારસ્વતનું બિરુદ ધરાવતો હતો અને તે મદન, સોમેશ્વર, વગેરે વિદ્વાનોનો પરમ મિત્ર થતો હતો. અહીં એટલું કહેવું જોઈએ કે નૈષધચરિતની રચના ઉપરથી જૈન કવિઓએ હીરસૌભાગ્ય કાવ્ય જેવી રચનાઓ કરવાની પ્રેરણા મેળવી હતી.

સંસ્કૃત શંખપરાભવ વ્યાયોગનું વસ્તુ, વસ્તુપાલ-વસંતપાલને હસ્તે ખંભાત પાસે થયેલો ભરૂચના રાજા શંખનો પરાજય, એ છે. તે વ્યાયોગ મંત્રીના સાન્નિધ્યમાં ખંભાત–સ્તંભતીર્થ મુકામે ભજવવામાં આવ્યો હતો. હરિહર કવિ વસ્તુપાલ મહામંત્રીનો બડો ગુણાનુવાદી હતો. નાટકમાં કવિએ તેને અનેક વાર વીરધવલના સચિવ-શેખર તરીકે વર્ણવ્યો છે.

નાટકને ભજવનારાઓ સ્તંભતીર્થના માગધો હતા જે લોકો પ્રાકૃતભાષી તરીકે દેખા દે છે, જ્યારે તેમનો અધ્યક્ષ-બંદી ચક્રવર્તી, સંસ્કૃત-ભાષી તરીકે દેખા દે છે. સંપાદકની પ્રસ્તાવના

પ્રમાણે આ પરાભવ વટકૂપ પાસે થયેલો, જે વટકૂપ હાલના વડવા સાથે મૂકી શકાય. આ વડવા મુકામે અત્યારે ગાંધીજીના સદ્ગુરુ, જૈન ફિલસૂફ-કવિ-સંત શ્રીમદ્ રાજચંદ્રનો સુંદર આશ્રમ આવેલો છે, અને તેની નજીક ગૂજરાતના સુલતાન મહેમુદ બેગડાના સમયની એક વાવ આવેલી છે. નાટકના વીસમા પાન ઉપરના ૬૮મા શ્લોક પ્રમાણે આ યુદ્ધ પંચગ્રામ સમીક સીમ પાસે થયેલું હતું. યુદ્ધમાં બંને પક્ષોના અનેક વીર સૈનિકો માર્યા ગયા હતા જેમાં ભુવનપાળ નામનો વસ્તુપાલનો પરમમિત્ર, ગોલા જ્ઞાતિનો, વીર પુરુષ હતો. પણ તેને નામે મંત્રીશ્વરે યુદ્ધના સ્થળે ભુવનપાલેશ્વર નામનું મંદિર બંધાવ્યું હતું. ભુવનપાળ ગોલા જ્ઞાતિનો હતો, તેથી આપણે અનુમાન કરી શકીએ કે એ સમયની, એટલે ઈસવી સન તેરમી સદીની શરૂઆતની ગૂર્જર સેનામાં એના બીજા જ્ઞાતિજનો પણ હશે. ભુવનપાળ ગૂર્જર સેનાનો મોટો અધિકારી હતો, શત્રુ સામે વીરહાક (હક્કપતિ) કરવામાં હરિહર કવિએ એને પ્રથમ મૂક્યો છે; ભુવનપાળને કવિએ વીરશ્રીવિશ્રામરૂપ સકલ ગોલાકુલ અલંકારરૂપ કહ્યો છે. વસ્તુપાલને ભુવનપાળનું શિર બતાવવામાં આવ્યું ત્યારે તેણે પોતાનું શિરોવેષ્ટન નીચે ઉતારી નાખ્યું હતું.

આ યુદ્ધ ભર ઉનાળામાં થયું હતું, કારણ કે હરિહર કવિએ વ્યાયોગના ત્રીજા શ્લોક દ્વારા નિદાઘ-ઉનાળાના દિવસોનું સુંદર વર્ણન કરેલું છે. તે કહે છે કે—**अयमेव प्रावृषां पूर्वरंगः**—હવે આ ઋતુ ચોમાસાના પૂર્વરંગરૂપે આવી રહી છે; યુદ્ધનો ખરો સમય, ૨૮-૨૯ શ્લોકો પ્રમાણે મધ્યાહ્નનો હતો. (ચંડમરીચિમંડલ = મધ્યાહ્નસમય-સુદુઃસહઃ સહસ્રભાનુઃ); કવિએ યુદ્ધનું વર્ષ કે તારીખ આપ્યાં નથી તે દિલગીરીની બાબત છે.

વ્યાયોગના જે ત્રણ વિભાગો પાડી શકાય તેમાં ભુવનપાળ અને શંખ, એમની વચ્ચેનું યુદ્ધ પ્રથમ વિભાગમાં આવી શકે છે; બીજા વિભાગમાં વસ્તુપાલે કરેલો શંખનો પરાભવ આવે છે, અને ત્રીજા વિભાગમાં, મહામાત્યના વિજયથી આનંદમગ્ન સ્તંભતીર્થ બંદરના પૌરજનોએ દુર્ગા સમક્ષ અને પૌરદૈવત એકલ્લવીરાદેવી સમક્ષ કરેલા ઉત્સવનું વર્ણન આવી શકે છે. (આ વિભાગો અવલોકનકારે કલ્પેલા વિભાગો છે.)

બીજા વિભાગમાં ગુર્જર સેનાનો મહારાષ્ટ્રની સેના સાથેનો તથા મરુ ભૂમિની સેના સાથેનો સંસર્ગ બતાવવામાં આવ્યો છે. હરિહર કવિએ ગૂર્જર શત્રુ શંખના પરાક્રમની સારી પ્રશંસા કરી છે; એ વીર પ્રતાપ હતો, જ્યારે વસ્તુપાલ-વસંતપાલ વીરશક્રપ્રતાપ, પ્રલયપાવકદારુણ હતો. શંખરાજે વસ્તુપાલને નિયોગી, વિદ્વાન તરીકે સંબોધ્યો છે. વણિકે બ્રાહ્મણત્વનો તથા ક્ષત્રિયત્વનો અંગીકાર કર્યો છે તેની મીઠી મજાક કરી છે, તથા ક્ષત્રિય ગુણોનો ત્યાગ કરવાનું નિમંત્રણ આપ્યું છે. શંખ પાસે અસંખ્ય પાયદળ હતું. સમર્થ હયદળ તથા હસ્તિદળ હતું, અને તેણે ખંભાતને ચોતરફ આવરી લીધું હતું; તેના સૈનિકો મહીસાગરના જળથી સિંચાઈ મદોન્મત્ત થઈ ગયા હતા. શંખનો ભાઈ શૂરપાળ પરાજય પામતાં, વસ્તુપાલ સમરભૂમિ ઉપર આવ્યો અને એણે ચોમેર નજર ફેરવી. તેની સાથે કળાનિપુણ ભાઈ તેજપાલ હતો, રાજા વીરધવલ હતો, પુત્ર જયસિંહ હતો. ઉપર કહ્યું તેમ શંખના ભ્રાતા, સિન્ધુરાજપુત્ર શૂરપાળને સમરભૂમિ–રણમેદાન ઊપર લડતાં લડતાં અશ્વ ઉપરથી પાડી નાખવામાં આવ્યો; શંખ પોતે, જીવ લઈ (જીવશેષ) ભરૂચ તરફ ભાગી ગયો, એના વીર સૈનિકો, જેવા કે વિક્રમસિંહ, સહજપાલ, કલ્હણ, વૈજલ, વગેરે માર્યા

ગયા. અહીં બીજો વિભાગ પૂરો થાય છે. શંખનું અપરનામ સંગ્રામસિંહ હતું; તે સિન્ધુરાજનો પુત્ર થતો હતો; લાટદેશનો કબજો ભોગવતો હતો; અને ચૌહાણ કુલનો હતો. ગૂજરાતના સોલંકી યુગની તવારીખનો એ વિવાદાસ્પદ--Controversial—રાજપુરુષ છે. વ્યાયોગ પ્રમાણે તે બાળપણથી જ પરાક્રમી હતો, રાજમંડળને ચમત્કારરૂપ હતો; એણે મહારાષ્ટ્ર રાજની સિંહણ સાથે સૌહાર્દ કર્યું હતું (શ્લોક, ૧૪). તેના ભાઈનું નામ સિંહરાજ હતું, એ સિંહનૃપતિ મૂર્તવીરરસ પ્રસન્નમહિમન્ હતો.

વ્યાયોગના ત્રીજા ખંડમાં સ્તંભતીર્થ બંદરના નગરજનોના ઉત્સવને વર્ણવવામાં આવ્યો છે. નાટકના પ્રારંભમાં એનું વર્ણન આવે છે, લોકોએ ઘરને તોરણોથી શણગાર્યાં છે. ઘેર ઘેર ગીત-નૃત્યો થઈ રહ્યાં છે, ભીંતો ઉપર ચિત્રો આલેખવામાં આવ્યાં છે, ઘેર ઘેર સ્વાદિષ્ટ રસોઈ કરવામાં આવી છે. આ ઉત્સવ ક્ષેત્રદેવતા દુર્ગા, અને વીરદેવતા એકલ્લવીરા સમક્ષ થયો હતો. વણિક જનોએ ગદ્‌ગદ્ કંઠે વિજેતાઓને અભિનંદન આપ્યાં હતાં જ્યારે બ્રાહ્મણોએ મંત્રોચ્ચારથી અભિનંદન આપ્યાં હતાં. છેવટે નગરશેઠ ભરતવાક્ય કહે છે, કે ગૂર્જરેશ્વરો સત્‌કવિઓનો આદર કરે. આ પ્રદેશમાં વિદ્વાનોને કશો સંતાપ નડે નહિ, સર્વ રંગસ્થળોએ લાસ્ય લીલાઓ મચી રહે, અને હરિહર કવિની સૂક્તિઓ યાવત્-ચંદ્ર દિવા કરો, પ્રસિદ્ધિને પામી રહે. આ ભરત-વાક્યને નગરદેવી આકાશવાણીથી કબૂલ કરે છે !!

નાન્દી પહેલાં હરિહરે **સર્વજ્ઞને** નમસ્કાર કર્યા છે, જે વસ્તુ ગુપ્ત જૈનત્વને પ્રકાશતી હોય. ખુદ નાન્દીમાં તેણે કમલાપતિ, વૈશ્વાનર, કાત્યાયની વલ્લભ એ દેવોની સ્તુતિ કરી છે.

આ વ્યાયોગમાં કેટલાક અજાણ્યા શબ્દપ્રયોગો આવે છે, જેમ કે, પંચેલિમ, વાટ, પિચ્છ, તાડંકિની ફેરક-ફેરક (ફરી ફરીને), નાસીર, વીટકપ્રસાદ, હક્કયન્ (હાક મારતો), પિંડીશૂર, વાચાટ (વાચાળ), ડંબર, વગેરે. એક સ્થળે જાણીતી ગૂજરાતી કહેવતનો ઉપયોગ કરવામાં આવ્યો છે—કેડે છોકરું, ગામમાં ગોત્યું : कक्षानिक्षिप्तबालकमिव अन्विष्यामि वाटके.

વસ્તુપાળે ખંભાત સર કરી ગૂર્જરદેશને સમૃદ્ધ બંદર પાછું અપાવ્યું, જે પરાક્રમગાથા તેના જૈનત્વથી તથા મંદિરોની શોભાથી, એકદમ ઢંકાઈ-આવૃત થઈ ગઈ છે; જેમ કુમારપાળનાં પરાક્રમોને તેના જૈનત્વે ઢાંકી દીધાં છે તેમ આ આવરણ માટે જૈન જનતા ઘણે અંશે જવાબદાર છે, એમ મારી નમ્ર માન્યતા છે. મુસ્લિમ યુગ સુધી ખંભાત બંદર ગૂજરાતનું નાક હતું. એટલે સુધી કે પોર્તુગીઝ સરકાર ગૂજરાતના સુલતાનોને ખંભાતના હાકેમો તરીકે સંબોધતી હતી.

આવા વ્યાયોગો ભાસ કવિના સમયથી, સેંકડો વર્ષોથી, દરબારોમાં, સમાજમાં, અને સંસ્કારી કુટુંબોમાં ભજવાતા હતા. એ રાજ્યાશ્રય ગયો, એ સમાજ-આશ્રય ગયો, અને એ સંસ્કારી કુટુંબોનો આશ્રય પણ ગયો.

હરિહર કવિ વિષે એક અગત્યનો નિર્દેશ હું મેળવી શક્યો છું. જો તે સંદર્ભ એ કવિ સાર્વભૌમ વિષેનો છે એમ સ્વીકારીએ તો એ કવિના પિતાનું નામ મોક્ષાર્ક-મોક્ષાદિત્ય હતું, અને એમણે ઈ. સ. ૧૨૬૪-વિક્રમ સંવત્ ૧૩૨૦માં એક પ્રશસ્તિ સંસ્કૃતમાં લખી હતી. એનો રચના-દિવસ જ્યેષ્ઠ શુદ ૪, બુધવાર હતો. મોક્ષાર્ક સામંત નામના મંત્રીનો આશ્રિત હતો. આ સામંત-સિંહ સૌરાષ્ટ્રના અધિકારી સ-લક્ષણનો ભાઈ થતો હતો, અને એક વાર તે લાટ દેશના અધિકારે સ્થાપિત થયો હતો. આ સમય મહારાજા વિશળદેવનો છે. સામંતસિંહે **સ-લક્ષણ-નારાયણ**

નામે રેવાતીરે હરિ–વિષ્ણુની પ્રતિમા ઊભી કરી હતી, અને દ્વારકાના માર્ગે જર્જરિત રેવતીકુંડને સમરાવ્યો હતો, અને ત્યાં સૂર્ય, બ્રહ્મા, ક્ષેત્રપાળ, માતૃઓ, મહેશ, વિષ્ણુ, રેવતી, અને બળદેવ, એમની મૂર્તિઓ વસાવી હતી; ઉપરાંત તેણે રૈવતક પર્વત ઉપર નેમિનાથના મંદિર પાસે પ્રાસાદ અને પાર્શ્વનાથબિંબ બનાવરાવ્યાં હતાં, ઉપર્યુક્ત પ્રશસ્તિ હરિહર કવિએ વૃદ્ધ વયે લખી હોવી જોઈએ. *

કેશવલાલ હિં. કામદાર

* * *

ભગવાન ઈસુનો શુભસંદેશ અને પ્રેષિતોનાં ચરિતો: અનુવાદકો: નગીનદાસ પારેખ અને ઈસુદાસ કવેલી. પ્ર. ઝેવિયર કેળવણી મંડળ; પ્રાપ્તિસ્થાન: બાલગોવિંદ કુબેરદાસની કંપની, ગાંધી માર્ગ–પુલ ઉપર, અમદાવાદ–૧; પૃ. ૧૬ + ૪૩૭ મૂલ્ય. રૂા. ત્રણ.

વીસમી સદીના વિજ્ઞાનયુગની બે મહાન વિભૂતિઓએ જુદે જુદે પ્રસંગે એક જ ભાવનું ભાવપૂર્વક ઉચ્ચારણ કરેલું કે, ધર્મ જીવનનો પ્રાણ હોઈ ધર્મના સમ્યક્ જ્ઞાનની જેટલી આવશ્યકતા આજે છે તેટલી ક્યારે ય ન હતી. આ દૃષ્ટિએ વિશ્વબંધુત્વ અને વિશ્વશાંતિના ઉદ્દેશનું પ્રસારણ કરવામાં રસ ધરાવતી કેટલીક સંસ્થાઓએ તો વિવિધ ધર્મો અને તેના તત્ત્વજ્ઞાનના તુલનાત્મક અભ્યાસની અગત્ય સ્વીકારી છે.

કેવળ અભ્યાસના આધારે બૌદ્ધિક સપાટી પર થતી તુલના ઘણી વાર અભ્યાસના વિષયના હાર્દને પૂરેપૂરું પ્રકટ થવા દેતી નથી, અને કેટલીક વાર તો ખોટા મતમતાન્તરો અને ભ્રામક ખ્યાલો-પૂર્વગ્રહો બંધાવા માટે તક પૂરી પાડે છે. ખાસ કરીને ધર્મના વિષયમાં આમ બનવાનો વિશેષ સંભવ રહે છે. તેમાં વૈયક્તિક લાગણી ઉપરાંત પરંપરા પ્રત્યેનો આદર પણ મોટો ભાગ ભજવે છે. આથી દુનિયાના પ્રચલિત અને પ્રતિષ્ઠિત મુખ્ય ધર્મપ્રવાહોનું સ્વરૂપ, તેના ધર્મ-પ્રવર્તક પુરુષોનાં જીવન તથા તેમની અસલ પ્રમાણભૂત ગણતરી ધર્મસંહિતાઓના પરિશીલન દ્વારા પ્રથમ જાણીને, પછીથી કરેલો તુલનાત્મક અભ્યાસ વધુ હિતાવહ નીવડી શકે તેમ છે. જે તે ધર્મનું આ પ્રકારનું સાહિત્ય મૂળ જે ભાષામાં હોય તે ભાષાનું જ્ઞાન તેના મર્મગ્રહણ માટે વધુ ઉપકારક નીવડે છે. વૈદિક-લૌકિક સંસ્કૃતનું જ્ઞાન ધરાવનાર પંડિત હિંદુ ધર્મનાં શાસ્ત્રોની ગલી-કુંચીઓમાં સહેલાઇથી વિહાર કરી-કરાવી શકે છે. તે જ રીતે બૌદ્ધ, જરથોસ્તી અને ઈસ્લામનાં રહસ્યો સમજવા માટે અનુક્રમે પાલિ, અવેસ્તા અને અરબી-ઉર્દૂના જ્ઞાનની ઉપયોગિતા રહેલી છે. ખ્રિસ્તી ધર્મનું બાઈબલ મૂળ ગ્રીક ભાષામાં છે, પરંતુ આજે તો જગતના ઘણાખરા મહાન ગ્રન્થોનો અંગ્રેજીમાં અનુવાદ થઈ, અંગ્રેજી દ્વારા દેશદેશની વિવિધ ભાષાઓમાં ભાષાન્તરો કે ભાવાનુવાદો ઉપલબ્ધ થતાં જાય છે. દુનિયાની ભિન્ન ભિન્ન ભાષાઓમાં મોટી સંખ્યામાં ભાષાન્તરો થયાં હોય તો તે બે પુસ્તકોનાં છે—બાઈબિલ અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતા.

ગીતા તો ભારતવર્ષનો—કદમાં નાનો છતાં પણ અનેકવિધ દૃષ્ટિએ ગૌરવપૂર્ણ ગણાતો—ગુરુગ્રંથ છે. તેના અનુવાદો અને તેના પરની સમાલોચનાઓનો તો પાર નથી. ભારતની બધી જ પ્રાન્તીય ભાષાઓએ—તેના કવિવિવેચકોએ ગીતા પર કળશ ઢોળ્યો છે. બાઈબલના અનુવાદને

---

* મોહનલાલ દલીચંદ દેસાઈ, **'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'**, પૃ. ૪૦૨–૪૦૩.

ભારતમાં વિશેષ મહત્ત્વ મળ્યું પ્રથમ તો બ્રિટિશ શાસનને લીધે. ત્યાર પછી તો ઉદાર હૃદયના ધર્માનુરાગી સાહિત્યપ્રેમી સમાજે તેનો સદ્દ્ભાવપૂર્વક સત્કાર કર્યો. છેક નર્મદના સમયથી સ્વાતંત્ર્યપ્રાપ્તિ પર્યંત ગુજરાતી ભાષામાં બાઈબિલનાં ભાષાન્તરો થયેલાં છે. પરંતુ મૂળના અર્થને સંપૂર્ણ રીતે વફાદાર રહીને શિષ્ટ સાહિત્યિક પ્રૌઢ ભાષામાં અનૂદિત થયેલી કૃતિ જાણવામાં નથી. શ્રી નગીનદાસ પારેખ અને ફા. ઈસુદાસ કવેલી જેવા બે વિદ્વાનોએ 'ભગવાન ઈસુનો શુભ-સંદેશ અને પ્રેષિતોનાં ચરિતો' એ શીર્ષક નીચે સંયુક્તપણે કરેલો ખંડશઃ અનુવાદ એક સ્તુત્ય સફળ પ્રયાસ છે. આ અનુવાદ ખંડશઃ છે, કારણ કે સમગ્ર બાઈબિલ તો મહાન ગ્રંથસાગર છે. ધર્મસિદ્ધાંતોની પૂર્વપીઠિકારૂપ તેનો પૂર્વાર્ધ જ ઉત્તરાર્ધથી લગભગ સાત-આઠ ગણો મોટો છે. પરંતુ ઉત્તરાર્ધમાં જ ઈસાઈ ધર્મશાસ્ત્રનું હાર્દ સમાઈ જાય છે. એ બાઈબિલની કરોડરજ્જુ છે એમ કહીએ તો ખોટું નથી. આ ઉત્તરાર્ધ પૈકી લગભગ અર્ધભાગ એટલે કે પ્રથમ પાંચ ખંડોનો અનુવાદ કરવાનું અનુવાદકોએ પસંદ કર્યું છે, કારણ કે તેઓ કહે છે તેમ "...એ ગ્રન્થો અને તેમાં ય ખાસ કરીને શુભ સંદેશ, સમગ્ર બાઈબિલનું મધ્યબિંદુ છે."

આ પવિત્ર ગ્રંથમાં ચાર સંત પુરુષોના શુભસંદેશ છે; તેમને માટે **સાક્ષી**[૧] શબ્દ પુસ્તકમાં વપરાયો છે. કારણ કે, ઈસુ પહેલાંના પયગંબરોનાં વચનો (જે પાછળથી ગ્રન્થસ્થ થઈ ધર્મસંહિતા સાથે યહૂદી ધર્મશાસ્ત્રના મહત્ત્વના ભાગરૂપ બની ગયાં હતાં) ઈસુના જીવનમાં સાચાં પડ્યાં છે એટલું જ નહીં પણ પિતાએ (પરમેશ્વરે) જે જગદુદ્ધારકને પૃથ્વી પર મોકલવાનું વચન આપ્યું હતું તે ઈસુ પોતે જ છે—એમ સાબિત કરવાની જવાબદારી આ સંતોની હતી. ઈ. સ.ના પહેલા સૈકામાં થઈ ગયેલા આ ચાર સાક્ષીઓ પૈકી **માથ્થી** (બીજું નામ લેવી) અને **યોહાન** તો ઈસુના શિષ્યો જ હતા. શ્રીમંત જકાતદાર માથ્થીએ વૈભવસુખનો ત્યાગ કરી ઈસુનું શરણ સ્વીકાર્યું હતું. તે સમયની પેલેસ્ટાઈનમાં બોલાતી અરામી ભાષામાં તેમણે શુભ સંદેશ રચ્યો હતો. ગ્રીકમાં અને પછીથી અંગ્રેજીમાં તેનું ભાષાન્તર થયું હતું. ગાલીલના વતની માછીમાર યોહાને પણ ઈસુના ઉપદેશની અસર નીચે વિરાગનો પંથ પકડ્યો. પોતાના જીવનનાં અંતિમ વર્ષોમાં તેમણે ઈસુના જીવનપ્રસંગો અને સંદેશનું સંકલન કરનારો શુભસંદેશ લખ્યો. તેમાં તેમના સ્વતંત્ર વ્યક્તિત્વ અને ચિંતનની મુદ્રા તરી આવે છે. યરુશાલેમના વતની તથા પીટરના મદદનીશ સંત **માર્ક** અને ધંધે વૈદ્ય પણ બિનયહૂદી સંત **લૂક** ઈસુ પ્રત્યે ગુરુવત્ આદરભાવ રાખનારા ઈસુના જીવનના મૂળ સાક્ષીઓના નિકટના સાથીદારો હતા. લૂકની લેખન-શૈલીમાં પણ આગવી પ્રતિભાદ્યુતિનાં દર્શન થાય છે.

ચારે ય સાક્ષીઓનો વિષય એક જ હોઈ તેમાં પ્રસંગોની, ઉક્તિઓની, વર્ણનની વીગતોની એકવિધતા આવે એ સ્વાભાવિક છે. તોપણ સત્ય હકીકતને પોતપોતાની રીતે સમજી-સંભારીને સાંકળવાની કલા દરેકની આગવી રહી છે. ખાસ કરીને માથ્થી અને માર્કનાં લખાણો લગભગ સમાંતર લાગે છે. તેમણે ઈસુનાં વચનોનું લગભગ સંપાદન જ કર્યું હોવાનો આભાસ થાય છે. જ્યારે બીજા બે સંતો માત્ર સંપાદકો રહ્યા નથી એમ એમના શુભસંદેશની લેખનધાટી પરથી વરતાઈ આવે છે. છેલ્લાં સો પાનમાં સંત લૂકે પીતર અને પાઉલની પ્રવૃત્તિઓનું વર્ણન કર્યું છે તેમાં ધર્મસંઘના ઉદય-વિકાસની આછી રૂપરેખા મળે છે.

---

૧. પૃ. ૪, પૃ. ૩૬૯.

ઈસુનું જીવન તો જગજાહેર છે, એટલે તે વિષે અહીં લખવાની જરૂર નથી, પરંતુ બેત્રણ બાબતોની ટૂંક નોંધ લેવાનું અહીં મને ઉચિત લાગે છે. અનુવાદકોએ તો ચારે ય સંતોના અસલ શુભસંદેશ—જેવા છે તેવા—રજૂ કર્યા છે. અનુવાદની ભાષા સ્વચ્છ, સરળ, પ્રાસાદિક અને મૂળ વિચારોને સ્વાભાવિક રીતે વહન કરતી હોય છે. ‘ગિરિપ્રવચન’માં અને અન્યત્ર ક્યાંક ક્યાંક મૂળની ભવ્યતા ગુજરાતીમાં ઝીલવાનો, તથા મૂળના અર્થનું સત્યઘટન કરવાનો પણ પ્રામાણિક અને સરળ કહી શકાય એવો પ્રયત્ન થયેલો જોવા મળે છે. બે અનુવાદકો પૈકી એક ફા. ઈસુદાસ ગ્રીક ભાષાના અને અંગ્રેજી-ગુજરાતીના વિદ્વાન છે તથા બીજા શ્રી નગીનદાસ પારેખ તો સંસ્કૃત, બંગાળી, અંગ્રેજી વગેરેમાંથી સિદ્ધહસ્ત અનુવાદ કરનાર તરીકે ખ્યાતિ પામેલ છે. વળી તેઓએ, અનુવાદની છેલ્લી પ્રત તૈયાર કરતી વખતે ગ્રીક-ગુજરાતી જાણનાર બીજી વ્યક્તિઓની સૂચનાઓ પર ધ્યાન આપવાની ઉદાર દૃષ્ટિ ખીલવી છે. કેટલેક સ્થળે તેઓએ પાદટીપમાં આ પંક્તિનો અર્થ આમ પણ કરી શકાય એમ જણાવીને વિકલ્પ પણ દર્શાવ્યો છે; તથા કેટલેક સ્થળે, અમુક હસ્તપ્રતોમાં આ કડી મળતી નથી કે આટલા શબ્દો મળતા નથી, એવા ઉલ્લેખો પણ કર્યા છે. આ તેમની કાર્યપદ્ધતિની ચોકસાઈ અને ચીવટાઈ દર્શાવે છે.

આ મહત્ત્વના મહાન ધર્મગ્રંથમાં વારંવાર આવતી કેટલીક સાંકેતિક પ્રતીકાત્મક અને કેટલીક ખ્રિસ્તીધર્મના અનુયાયીઓના જીવનવ્યવહારમાં રૂઢ અને ઓતપ્રોત થઈ ગયેલી—પણ વિધર્મીઓને અપરિચિત અને કેટલેક અંશે વિચિત્ર લાગે એવી—સંજ્ઞાક્રિયા, વિધિ તથા તેના સંદર્ભો વિષે અનુવાદકોએ પાદટીપમાં કે પાછળ પરિશિષ્ટરૂપે માહિતી અને સમજૂતી—થોડાક વિસ્તાર વેઠીને પણ—આપી હોત તો પ્રસ્તુત ગ્રંથની ઉપયોગિતામાં વધારો થાત, એમાં શંકા નથી. એના અભાવે સામાન્ય વાચકના મન ઉપર વિચિત્ર કે ગેરસમજૂતભરી છાપ ઊઠવાનો સંભવ રહે છે. દા. ત. પ્રથમ ખ્યાલ એ જ બંધાય કે ઈસુનું જીવન એટલે ચમત્કારોની પરંપરા. તેમાં ય કેટલાક પરચા તો વારંવાર પુનરુક્તિ પામે છે. બહેરા, આંધળા, લંગડા, લકવાગ્રસ્ત દર્દીઓના મંદવાડ મિનિટમાં જ મટી જાય છે. ત્રણ ચાર સ્થળે તો શબમાં સંજીવની છંટાય છે. કબરમાં દટાયેલા મુડદામાં પણ પુનઃ પ્રાણપ્રવેશ થાય છે. થોડાક રોટલાના ટુકડામાંથી હજારોની ક્ષુધા તૃપ્ત કરનારો ‘અક્ષય રોટી’નો પ્રસંગ વારંવાર આવે છે. અપદૂતથી ગ્રસ્ત લોકો વળગાડમાંથી મુક્તિ મેળવે છે. વળી જ્યાં ને ત્યાં આગાહીઓ, ભાવિકથનો, ચેતવણીઓ કાન પર અથડાયા જ કરે છે. ખુદ ઈસુનું પળે પળનું જીવન જ પયગંબરોએ ભૂતકાળમાં ભાખેલી ભવિષ્યવાણીને અક્ષરસઃ આકાર આપે છે.

વળી ઈસુની વાણી સર્વત્ર—અધિકારી શિષ્યોથી માંડી સામાન્ય આમજનો સમક્ષ—મહદંશે રૂપકાત્મક-ધ્વન્યાત્મક હોય છે. ઉપર ઉપરથી સાવ સરળ શબ્દોમાં ગૂંથાયેલી એ વાણીની ગૂઢતાને ઘણી વખત તો તેમના ખાસ શિષ્યો પણ કળી શકતા નથી. તેથી કેટલેક સ્થળે ખુદ ઈસુને પોતાને રૂપકનો રહસ્યસ્ફોટ કરવાની ફરજ પડે છે.[૧] વૃક્ષ, વનસ્પતિ, કૃષિ અને ગોપવિષયક રૂપકો અનેકવાર રૂપાન્તરે આવ્યા જ કરે છે.

---

૧. “અત્યાર સુધી હું રૂપકોમાં બોલતો આવ્યો છું”...પૃ. ૩૪૯

હું નમ્રપણે માનું છું કે હિંદુ ધર્મશાસ્ત્રોમાં કેવળ નિર્ભેળ કહી શકાય એવો જે તત્ત્વ-વિભાગ વિપુલ પ્રમાણમાં છે તે બાઈબલમાં સ્વલ્પ પ્રમાણમાં છે. રૂપકો અને પયગંબરો તથા જિસસ ક્રાઈસ્ટનાં ઉપદેશવચનોમાંથી તત્ત્વવિચારને તારવવાનો રહે છે. અલબત્ત, Thomas a Kempis, K. C. Verma, Dr. Beasant, Duncan Greenless, C. W. Leadbeater, C. Jinrajdas, W. Kingsland જેવા ઘણા વિદ્વાનોએ ખ્રિસ્તીધર્મના Esoteric Wisdom—રહસ્યજ્ઞાન પર પ્રકાશ નાખવાના પ્રયત્નો કર્યા છે. એ દૃષ્ટિએ, બાઈબલમાં વપરાતા મહત્ત્વના સિદ્ધાંતસૂચક પાયાના પારિભાષિક શબ્દો, શબ્દગુચ્છો અને સંદર્ભોની સાધારણ સમજૂતી પણ ભાષાન્તરગ્રંથોમાં અપાય તે વધુ ઇચ્છનીય છે. અત્રે બેત્રણ ઉદાહરણો પ્રતિ જ અંગુલિ-નિર્દેશ કરીશ.

સર્વ ધર્મોને માન્ય એ સિદ્ધાંત છે કે, ધર્મક્ષેત્રમાં ભયંકર અરાજકતા પ્રવર્તે ત્યારે પરમેશ્વર **પયગંબર** મોકલે છે. પયગંબર પુરુષ દૈવી પ્રેરણાથી માત્ર પ્રભુનો પયગામ પૃથ્વીવાસીઓને પહોંચાડે છે. પણ **ખ્રિસ્ત** (ગ્રીક 'ખ્રિસ્તોસ' પરથી) અને **મસીહ**નો અર્થ 'અભિષિક્ત,' "એટલે કે ઈશ્વરે અભિષેક કરી મોકલેલો પુરુષ, ઉદ્ધારક, મુક્તિદાતા" એવો થાય છે. પયગંબરની પેઠે ખ્રિસ્ત પુરુષ માત્ર પ્રભુનો પયગામ જ નથી આપતો પરંતુ પોતાનો અનુભવસિદ્ધ સંદેશ કે આદેશ પણ આપે છે. શ્રી કિશોરલાલ મશરૂવાળાએ કોઈક સ્થળે આ બે શબ્દો વચ્ચેના ભેદને શ્રુતિ-ઋષિ અને સ્મૃતિકાર વચ્ચેના ભેદ જેવો હોવાનું જણાવ્યું છે.

The Father (પિતા), Son (પુત્ર) and The Holy Spirit (Ghost) (પવિત્રાત્મા)—આ ત્રણ શબ્દો સમસ્ત બાઈબલમાં વ્યાપી ગયેલા છે. છતાં તેના અર્થ વિષે નિઃશંક એકવાક્યતા પ્રવર્તતી નથી–ખાસ કરીને છેલ્લા શબ્દ વિષે. 'શુભસંદેશ'માં પવિત્ર અને પતિત દેવદૂતોના ઉલ્લેખો આવે છે. પતિત પ્રકારના દૂતો માટે ભાષાન્તરકારોએ સર્વત્ર **'અપદૂત'** અને કોઈ કોઈ સ્થળે **'અશુદ્ધ આત્મા'** એ શબ્દો યોજ્યા છે. અનુવાદકોએ 'ભૂમિકા'માં ખુલાસો કર્યો છે કે આપણા દેશમાં ભૂત, પ્રેત જેવા શબ્દોનો જે અર્થ થાય છે અને તેની સાથે જે માન્યતાઓ સંકળાયેલી છે તેને બાઈબલની વિચારશ્રેણીમાં સ્થાન નથી. આ કથન સત્યથી સાવ વેગળું તો નહીં પણ અત્યુક્તિયુક્ત લાગે છે. વાસ્તવમાં બાઈબલના વાચકોને આ વિષય સંબંધમાં આપણી અને ત્યાંના લોકોની માન્યતાઓમાં તથા અનુભવોમાં (શબ્દાન્તર સિવાય) સહેજ પણ તફાવત જણાશે નહીં !

'શુભસંદેશ'માં સ્થળે સ્થળે 'સ્નાનસંસ્કાર'નું[૧] ગૌરવ ગાયું છે, તથા પવિત્ર આત્મા (Holy Spirit)ની પ્રાપ્તિ થઈ, પવિત્ર આત્માનો સંચાર થયો, અથવા પવિત્ર આત્મા અને શક્તિ વડે અભિષિક્ત કર્યા વગેરે વિધાનો સેંકડો વખત આવે છે. આ વિષે તથા વિશ્રાંતિવાર, રોટીની ભાંજણી, ઈશ્વરનું કે સ્વર્ગનું રાજ્ય, ક્રૂસાવરોહણ વગેરે વિષે સામાન્ય વાચકને રહસ્ય સમજવામાં સરળતા થાય એ રીતે થોડું ટિપ્પણ આપ્યું હોત તો સારું થાત.

અનુવાદકોએ ખ્રિસ્તી Church અથવા Temple માટે પ્રચલિત 'દેવળ' શબ્દ ન વાપરતાં સર્વત્ર 'મંદિર' શબ્દ યોજ્યો છે. Followers માટે પણ 'અનુયાયી'ને બદલે

---

૧. આપણો દીક્ષાક્રમ જેવો વિધિ.

‘ વિશ્વાસીઓ ’ તથા ‘ વિશ્વાસીઓનો સંઘ ’ શબ્દ વાપર્યો છે. તેની પાછળ શો હેતુ હોઈ શકે ? નીચેના વાક્યમાં ‘ બળશાળીઓ ’ શબ્દપ્રયોગ ખૂંચ્યા વિના નહિ રહે.

“ યોહાનના સમયથી તે આજ સુધી તો ઈશ્વરનું રાજ્ય બળપૂર્વક આગળ વધતું રહ્યું છે, અને બળશાળીઓ જ તેને આંચકી લે છે. ”[૨]

અનુવાદકો અને પ્રકાશક અભિનન્દનને પાત્ર છે. સમગ્ર બાઈબલનું તથા કુરાને શરીફ, ...જરથુષ્ટ્ર ધર્મની ગાથાઓ વગેરે અન્ય ધર્મસંહિતાઓનું પણ પ્રમાણભૂત ભાષાન્તર-સંપાદન, જરૂરી ટિપ્પણ સહ, અધિકારી માણસોને હાથે થાય એવી ઇચ્છા અસ્થાને નથી.

સત્ય, પ્રેમ, દયા, અહિંસા, અપરિગ્રહ, ત્યાગ, સમર્પણ, સેવા, સદાચાર, ક્ષમા અને આત્મનિરીક્ષણ જેવા સનાતન માનવમૂલ્યોનું ગૌરવ કરનાર ઈસુ-બાઈબલના શુભસંદેશની (બલ્કે એના અમલની) આજના અણુશસ્ત્રોની સ્પર્ધાના યુગમાં સૌથી વધારે જરૂર છે એ વાતનો ગાંધીજીના બલિદાન પછી પણ કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. અંતમાં, ‘ શુભસંદેશ ’માંની કેટલીક ઉદાત્તપ્રેરક વિચારકણિકાઓના સ્મરણથી મન ભલે પવિત્ર આંદોલન-ઉત્તેજના પામે :

તમારી જ ઇચ્છા પૂર્ણ થાઓ. Thy Will Be Done.

તમે પરમેશ્વરને અને પૈસાને એકી સાથે સેવી નહિ શકો.

પવિત્ર વસ્તુ કૂતરાને નાખશો નહિ અને ભૂંડ આગળ તમારાં મોતી વેરશો નહિ. રખે તેઓ તેને પગ તળે કચરી નાખે અને સામાં થઈને તમને ફાડી ખાય.

થોર ઉપરથી દ્રાક્ષ, અથવા આવળ ઉપરથી અંજીર ઊતરે ખરાં ?

તમે ધરતીનું લૂણ છો, પણ લૂણ જ જો અલૂણું થઈ જાય તો એને સલૂણું કરવું શાથી ? એ કશા કામનું રહેતું નથી.

તમે દુનિયાના દીવા છો...લોકો દીવો સળગાવીને ટોપલા નીચે નથી મૂકતા પણ દીવી ઉપર મૂકે છે; ત્યારે જ તે ઘરનાં બધાંને અજવાળું આપે છે.

આત્મ તો તૈયાર છે પણ દેહ દૂબળો છે.

વૈદ્યની જરૂર સાજાને નથી હોતી, માંદાને હોય છે...બલિદાન કરતાં દયા મને વધુ ઇષ્ટ છે.

જ્યાં બે કે ત્રણ જણ મારે નામે ભેગા થયા હોય ત્યાં હું તેમની સાથે હોવાનો જ.

માગો એટલે મળશે, શોધો એટલે જડશે, ખખડાવો એટલે બારણાં ખૂલી જશે.

જે કોઈ માણસ કોઈ સ્ત્રી પ્રત્યે વાસનાભરી નજર નાખે છે, તે મનથી તેની સાથે વ્યભિચાર કરી ચૂક્યો છે.

જે કોઈ પોતાની પત્નીને છૂટાછેડા આપે છે અને બીજીને પરણે છે તે વ્યભિચાર કરે છે.

જે જીવન સાચવી રાખે છે તે ખુએ છે અને મારે ખાતર જે જીવન ખુએ છે તે સાચવી રાખે છે.

ચકલી પૈસાની બબ્બે નથી વેચાતી ?...ઢગલાબંધ ચકલીઓ કરતાં તમારી કિંમત વધારે છે.

જે મોઢામાં જાય છે તેનાથી માણસ અભડાતો નથી, પણ જે મોઢામાંથી બહાર નીકળે છે તેનાથી તે અભડાય છે.

---

૨. પૃ, ૩૪.

સોયના નાકામાંથી ઊંટને પસાર થવું સહેલું છે, પણ ઈશ્વરના રાજ્યમાં ધનવાનને દાખલ થવું મુશ્કેલ છે.

ઈશ્વરનું રાજ્ય રાઈના દાણા જેવું છે....ઈશ્વરનું રાજ્ય ખમીર જેવું છે....ઈશ્વરનું રાજ્ય ખેતરમાં દાટેલા ભંડાર જેવું છે. ...ઈશ્વરનું રાજ્ય દરિયામાં નાખેલી મોટી જાળ જેવું છે.

લોકો તમારી સાથે જે રીતે વર્તે એમ તમે ઇચ્છતા હો તે જ રીતે તમે પણ તેમની સાથે વર્તો.

તમે જે માપે માપશો તે જ માપે તમને પણ માપી આપવામાં આવશે.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

સાભાર સ્વીકાર

(૧) Non-urban Graduates in Gujarat—કર્તા પ્રો. આર. ડી. પરીખ; પ્રકાશક—ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; કિંમત રૂા. ૨ = ૦૦, પૃ. ૧-૬૬ + ૮

(૨) नेमिरंगरत्नाकर छंद—સંપાદક ડૉ. શિવલાલ જેસલપુરા; પ્રકાશક—લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર, અમદાવાદ—૯; કિંમત રૂા. ૬=૦૦, પૃ. ૧–૧૦૯

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂ. ન.પૈ.
૧	**કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી	૬=૫૦
૨	**પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા	૪=૭૫
૩	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪	**આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર	૬=૮૦
૫	**આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ	૩=૦૦
૬	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૭	**મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર	૬=૭૫
૮	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૯	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૧૦	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૪=૦૦
૧૧	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦
૧૨	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૮=૦૦
૧૩	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૨=૪૦
૧૪	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—નાગરદાસ અમરજી પંડ્યા	૬=૦૦
૧૫	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા**	૭=૦૦
૧૬	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૭=૦૦

શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

૧	**ઘઉં**—માર્તંડ શિવભદ્ર પંડ્યા	૩=૦૦
૨	**આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ	૧=૭૫
૩	**લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર	૧=૨૦
૪	**ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ સી. પટવા	૨=૩૦
૫	**સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ	૨=૮૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,

રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,

વડોદરા

વિકાસનું માપ કઈ રીતે કાઢશો ?

બધી વસ્તુઓ વયની સાથે વધે છે—પરન્તુ બહુ જ થોડી કદ અને વિસ્તારમાં પણ વિકસે છે. આપણે એક નાનકડો રોપો રોપીએ છીએ; એના પર ફૂટતાં પાંદડાં અને મહોરતી ડાળીઓ વડે એના વિકાસનું માપ કાઢી શકીએ છીએ. પરન્તુ એક બૅન્કના વિકાસનું માપ આપણે કઈ રીતે કાઢીશું ? ઉદાહરણ તરીકે આપણે બરોડા બૅન્કની જ વાત કરીએ.

એક રસ્તો આંકડાઓ સરખાવી જોવાનો છે. બરોડા બૅન્ક ૧૯૦૮માં સ્થપાઈ હતી; ત્યારે માત્ર વડોદરામાં તેની એક જ કચેરી હતી. આજે દેશવિદેશમાં મળી એની ૨૩૫ જેટલી શાખાઓ છે, અને તેની ડિપોઝીટની રકમ રૂ. ૧૭૦ કરોડથી પણ વધારે છે.

બરોડા બૅન્ક ૫૫થી વધુ વર્ષનો અનુભવ ધરાવતી સંગીન અને પ્રગતિશીલ સંસ્થા છે. એણે શાખાઓને વિસ્તારતો કાર્યક્રમ સફળતાપૂર્વક અમલમાં મૂક્યો છે; અને એનું કાર્યક્ષેત્ર સતત વિસ્તાર પામતું રહ્યું છે. સાચે જ, બૅન્કના ખાતેદારોની સગવડતા સાચવવા માટે પોતાની બૅન્કિંગ સેવાઓનો વિસ્તાર અને અવકાશ વધારવો એ જ બૅન્કનો સર્વોપરી ઉદ્દેશ છે.

ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ

(સ્થાપના : ૧૯૦૮) હેડ ઑફિસ : વડોદરા

હવે દેશવિદેશમાં મળીને કુલ ૨૩૫ થી વધુ શાખાઓ છે અને ડિપોઝીટની રકમ રૂ. ૧૭૦ કરોડ કરતાં વધારે છે.

અમારી બધી જ સેવાઓ વિષે માહિતી આપતી પુસ્તિકા **'આપની સેવા કરવા સદા તત્પર'** મફત મેળવવા માટે લખો.

શિક્ષણ, સાહિત્ય, કળા અને સંસ્કારવિષયક અભ્યાસપૂર્ણ લેખો પ્રસિદ્ધ કરતું તથા લોકસભાના પ્રથમ અધ્યક્ષ સદ્‌ગત દાદાસાહેબ માવળંકરની અપ્રગટ 'રોજનીશી'માંથી; 'વિચારાંકુર;' 'મધપૂડો' જેવા નિયમિત વિભાગો પ્રગટ કરતું અને ઇતિહાસ, રાજકારણ તથા અન્ય સમાજવિદ્યાઓ–વિષયક મનનીય વાચનસામગ્રી પીરસતું વિચાર અને વિવેચનતું સામયિક

અભ્યાસ

સંપાદક : **પુરુષોત્તમ ગણેશ માવળંકર**

'અભ્યાસ'માં પ્રગટ થયેલ વિવિધ લેખમાળાઓને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરતા હોઈ આજ દિન સુધી પ્રગટ થયેલ 'અભ્યાસ' પુષ્પ તરીકે ઓળખાતાં નીચેનાં પુસ્તકો ઉપલબ્ધ છે :

		રૂ. પૈ.
* ભારતમાં આંકડાશાસ્ત્ર (બીજી આવૃત્તિ)	ડી. એસ. સેવક	૪=૦૦
* ભારતમાં સાંસ્કૃતિક ઇતિહાસની રૂપરેખા	જયદેવ મો. શુકલ	૪=૫૦
* સામાન્ય મનોવિજ્ઞાન	વિ. સ. વણીકર	૨=૫૦
* ભારતીય અર્થકારણની રૂપરેખા	ન. ઉ. રાજગુરુ	૪=૦૦

* 'અભ્યાસ' ૧૯૬૧ થી દર મહિનાની છેલ્લી તારીખે પ્રસિદ્ધ થાય છે.

* અગાઉના ચાર વર્ષના પૂરા સેટની દરેકની કિં. રૂપિયા બાર. ટપાલખર્ચ, સેટ દીઠ રૂપિયા બે.

* વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦/-. પરદેશમાં રૂા. ૧૫/- અગર શિલિંગ ૨૦/-. મ. ઑ. યા ચેકથી નીચેના સરનામે જ મોકલશો :

'અભ્યાસ' કાર્યાલય, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧

ખાંસીને
દૂર
કરો!

ખાંસી

માટે સત્વર, સચોટ, હાનિરહિત ઈલાજ

ગ્લાયકોડીન

ટર્પ વસાકા

આ ૬ વિશિષ્ટતાઓને લીધે ગ્લાયકોડીન ખાંસીનો શ્રેષ્ઠ ઈલાજ છે:



૧. વિવિધ પ્રકારની ખાંસીમાં એકધારી રીતે અસરકારક
૨. ડૉક્ટરોએ માન્ય રાખેલી સુયોજિત 'ફોર્મ્યુલા'
૩. બાળકો સહિત સૌને મનપસંદ મધુર સ્વાદ
૪. સૂચિત પ્રમાણમાં હાનિરહિત
૫. ચાર કિફાયત 'સાઈઝ'માં વેચાણ
૬. એલેમ્બિકની વિશ્વસનીય ઉત્કૃષ્ટતા

Alembic

૩૦ ઉપરાંત વર્ષોથી ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ

GTV 1282 GUJ EVEREST

વાચકોને પુસ્તકોની સૃષ્ટિમાં રમમાણ રાખનારું માસિક

"ગ્રંથ"

તંત્રી : યશવંત દોશી

"ગ્રંથ"ના કેટલાક વિભાગો

* પ્રગટ થતાં લગભગ તમામ ગુજરાતી પુસ્તકોની સમીક્ષા
* મહત્ત્વનાં અંગ્રેજી પુસ્તકોની સમીક્ષા
* હિન્દી અને બીજી ભારતીય ભાષાઓનાં અત્યંત મહત્ત્વનાં પુસ્તકોની સમીક્ષા
* અંગ્રેજીમાં લખનારા ભારતીય લેખકોનાં લખાણોનું વિવેચન
* આધુનિક યુરોપીય સાહિત્યના વિકાસ વિષે અભ્યાસયુક્ત લેખમાળા
* વિવિધ વિષયો ઉપર વાંચવા જેવાં પુસ્તકોની સંદર્ભસૂચિ
* ઇતિહાસ-સર્જક પુસ્તકો
* એક વર્તમાન ગુજરાતી નવલકથાકારના લેખનની સમીક્ષા કરતી લેખમાળા
* જગતની એક શ્રેષ્ઠ સાહિત્યકૃતિ અને તેના લેખક વિષે વિવેચનાત્મક લેખ
* એક ઉત્તમ અથવા અત્યંત લોકપ્રિય અથવા અતિશય ચર્ચાસ્પદ બનેલી કૃતિનો સાર
* ગ્રંથપાલો જેની ઉપરથી સીધાં કાર્ડ બનાવી શકે તેવી વર્ગીકૃત પદ્ધતિએ અપાતી નવાં પુસ્તકોની યાદી

ઉપરના વિભાગો જોતાં પ્રત્યેક પુસ્તકપ્રેમીને ખાતરી થશે કે 'ગ્રંથ'નું વાચન શાથી અનિવાર્ય છે.

વાર્ષિક લવાજમ ૧૦ રૂપિયા
પરદેશમાં ૨૦ શિલિંગ

પરિચય ટ્રસ્ટ
૧૯-૨૧, હમામ સ્ટ્રીટ,
મુંબઈ-૧

જ્યોતિ

પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દ્રષ્ટિએ **જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ** ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિ: કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવ: ૩૦૧ ફૂટ સુધી.

Quality is our Creed

જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩

JY-884-GJ EVEREST



સંઘરી રાખેલું સોનું

દેશના
વિકાસ-કાર્ય માટે
ઉછીનું આપો

દેશને સોનાની જરૂર છે—ઉદ્યોગ માટે, ખેતી માટે અને સંરક્ષણ માટે. તમારું પડતર સોનું દેશને ઉપયોગમાં આવતું નથી, રાષ્ટ્રના ઉજ્જવલ ભાવિ અર્થે તેનું રોકાણ કરો— સુવર્ણ બૉન્ડમાં રોકો. રાષ્ટ્ર-નિર્માણ અર્થે તમારું સોનું વપરાય છે ત્યારે તે વધુ ઝળહળે છે. સુવર્ણ બૉન્ડના રૂપમાં તે વિશેષ મૂલ્યવાન બને છે.

સ્ટેટ બૅન્ક
આપની સેવામાં

LPE Aiyars. S. 91 GJ

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષય-તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉકસ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉકસ નં. ૭૫,
વડોદરા.

સંપાદક

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, સપ્ટેમ્બર ૧૯૬૬.

અહલ્યાઉદ્ધાર

દેવગઢ–દશાવતારમંદિરનું શિલ્પફલક (ઈ. સ. છઠ્ઠો સૈકો)

[ભારતીય પુરાતત્ત્વ ખાતાના સૌજન્યથી]